# શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન

## : લઘુવૃત્તિ-વિવરણ :

(ભાગ - આઠમો)

: વિવરણકાર :

આચાર્ય વિજય ચન્દ્રગુપ્ત સૂરિ

-: આર્થિક સહકાર :-

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ રાજકોટ,

હજુર પેલેસ પ્લોટ, (વર્ધમાનનગર)

રાજકોટ.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યવિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન

## : લઘુવૃત્તિ-વિવરણ :

[ભાગ - આઠમો]

**: વિવરણકાર :**

પૂ. પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ.
રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર પૂજ્યપાદ સ્વ. આ.ભ.શ્રી.
વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન પૂજ્યપાદ આ.ભ.
શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્ય

આ.વિ. ચન્દ્રગુપ્ત સૂરિ

**: આર્થિક સહકાર :**

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ રાજકોટ,
હજુર પેલેસ પ્લૉટ, (વર્ધમાનનગર)
રાજકોટ.

# શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન
## : લઘુવૃત્તિ-વિવરણ :

ભા. ૮ મો
પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦ નકલ :

વિ. સં. : ૨૦૫૩

❖ પ્રાપ્તિ-સ્થાન ❖

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ. પો. મુરબાડ
જિ. ઠાણે

શાહ મુકુંદભાઈ રમણલાલ
૫, 'નવરત્ન' ફ્લેટ્સ
નવા વિકાસગૃહ માર્ગ,
પાલડી અમદાવાદ-૩૮૦ ૦૦૭.

વિજયકરભાઈ કાંતિલાલ ઝવેરી
'પ્રેમવર્ધક' ફ્લેટ્સ
નવા વિકાસગૃહ માર્ગ,
પાલડી અમદાવાદ-૭.

જતીનભાઈ હેમચંદ શાહ
કબૂતરખાનાની સામે, 'કોમલ'
છાપરીયાશેરીઃ મહીધરપુરા
સુરત - ૩.

: મુદ્રણ :
**કુમાર ગ્રાફીક**
૧૩૮/બી, ચંદાવાડી, બીજે માળે, સી.પી.ટેંક રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ✆ : ૩૮૮૬૩૨૦/૩૮૭૯૬૫૯

## : પૂર્ણતાની પળે :

વિ.સં. ૨૦૪૭ માં આ વ્યાકરણવિવરણનો પ્રથમભાગ પ્રકાશિત થયો. આજે વિ.સં. ૨૦૫૨માં એનો આઠમો અને છેલ્લો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. આ વિવરણ લખતાં જે પરિશ્રમ પડ્યો છે, તેનો ખ્યાલ અભ્યાસીઓને આવી શકે એમ છે. આ વિવરણમાં અનુભવાયેલા પરિશ્રમને કારણે વ્યાકરણના રચયિતા મહાપુરુષની વિદ્વત્તા અને આપણા જેવા પામરો ઉપર એ મહાપુરુષે કરેલા ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતા અને અહોભાવનો સતત અનુભવ થતો રહ્યો છે.

બિહારના સ્વ૦ પંડિતવર્ય શ્રી તૃપ્તિનારાયણ ઝા પાસે વર્ષો પહેલાં મેં વ્યાકરણનો અભ્યાસ શરૂ કરેલો. તેઓ ન્યાયવ્યાકરણ-સાહિત્યશાસ્ત્રના પ્રકાંડ પંડિત હતા. પણ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાના 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નો એમને કશો જ પરિચય હોય નહિ તે તો સ્વાભાવિક જ હતું. પરંતુ તેમના જેવા પ્રખરપ્રતિભાશાળીને આવા ગ્રન્થનો સંપૂર્ણ પરિચય મેળવી લેતાં જરાય સમય ન લાગ્યો, અને અમારા અભ્યાસની અનુકૂળતા માટે તેમણે 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ના સાતેય અધ્યાયોનું હિંદીમાં સરળ વિવરણ લખી આપેલું. મુખ્યત્વે તે હિંદી વિવરણનો આધાર લઈને ઉપયોગી સુધારા-વધારા સાથે આ ગુજરાતી વિવરણ કરવામાં આવ્યું છે.

આ વિવરણના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં આપણે એક એવા વિવરણકારની વાત કરેલી કે જેણે પોતાના વિવરણમાં વ્યાકરણકાર મહાપુરુષનીય 'ભૂલ' બતાવવાનો પ્રયત્ન કરેલો. એ જૈન વિદ્વાને પોતાનાં આગમસંબંધિત લખાણોમાં શ્રી તીર્થંકર પરમાત્મા, ગણધર ભગવંતો કે પૂર્વાચાર્યોની આશાતના કરવામાં કશો સંકોચ અનુભવ્યો નહિ હોવાથી તે આ વ્યાકરણકાર મહાપુરુષની ભૂલ કાઢવાનો પ્રયત્ન કરે તેમાં કશું આશ્ચર્ય નથી. પોતાને આખી દુનિયાથી વધુ પંડિત માનનારાને બીજાની ભૂલ સિવાય બીજું દેખાય પણ શું ? આવા વિદ્વાનોએ વિવરણ લખવાને બદલે નવું વ્યાકરણ જ રચી બતાવવું જોઈએ જેથી એમની વિદ્વત્તાનો એમને અને બીજાઓને સાચો ખ્યાલ આવી જાય.

અગાઉ આપણે જે પંડિતવરની વાત કરી તે વિદ્વાન, જૈનેતર અને ન્યાય-વ્યાકરણ-સાહિત્ય વગેરેના પ્રકાંડ પંડિત હોવા છતાં શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના આ વ્યાકરણથી તેઓ ભારે પ્રભાવિત થયા હતા અને જૈનાચાર્યોની વિદ્વત્તા પ્રત્યે તેમને ભારે અહોભાવ હતો. જ્યારે આ જૈન વિવરણકારને કલિકાલસર્વજ્ઞ કરતાં પોતાની જાત વધુ હોંશિયાર લાગી હતી. આ વિષમતાનો વિચાર કરીએ ત્યારે લાગે છે કે જૈનશાસનના આચાર્ય થવા માટે તો પર્વત જેટલી પુણ્યાઈ જોઈએ જ, પણ તેઓશ્રી પ્રત્યે અહોભાવ જાગવાય ઘણા પુણ્યની જરૂર છે. અભાગિયા, આચાર્ય તો ન જ બને, પણ તેમને ઓળખીયે ન શકે.

પ્રથમ ભાગની પ્રસ્તાવનામાંની એક બીજી અગત્યની વાત પણ ફરી યાદ કરી લઈએ. હાલમાં કેટલાક જૈન શ્રાવકો પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને ભણાવીને આજીવિકા ચલાવતા હોય છે-આ ઉચિત નથી. તેઓ બીજી રીતે આજીવિકા ન રળી શકે તોય આ રીતે આજીવિકા રળવાનું ખોટું તો છે જ-એમ માને તોય તેમનો દોષ હળવો બને. આ વિવરણનો આવો દુરુપયોગ ન થાય એવી અપેક્ષા રાખું છું.

આસો વદ ૮ : રવિવાર — આ. વિ. ચન્દ્રગુપ્ત સૂરિ

તા. ૩-૧૧-૯૬

રાજકોટ : વર્ધમાનનગર :

## अथ प्रारभ्यते सप्तमेऽध्याये प्रथमः पादः ।

### यः ७।१।१॥

આ અધિકારસૂત્ર છે. અપવાદના વિષયને છોડીને, ईय પ્રત્યયના અધિકાર સુધી [૭-૧-૨૭ સુધી] અર્થાદ્ ईय પ્રત્યયનો અધિકાર શરૂ ન થાય ત્યાં સુધી य પ્રત્યયનો અધિકાર સમજવો. ॥૧॥

### वहति रथ–युग–प्रासङ्गात् ७।१।२॥

દ્વિતીયાન્ત रथ, युग અને प्रासङ्ग નામને 'वहति' અર્થમાં य પ્રત્યય થાય છે. द्वौ रथौ वहति, युगं वहति અને प्रासङ्गं वहति આ અર્થમાં द्विरथ, युग અને प्रासङ्ग નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विरथ्यः, युग्यः અને प्रासङ्ग्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બે રથને વહન કરનાર. યુગ–ધૂંસરીને વહન કરનાર. પ્રાસઙ્ગ [વાછરડાનું દમન કરવા સ્કન્ધમાં લગાડાતું કાષ્ઠ]ને વહન કરનાર. યદ્યપિ द्विरथ અને रथ નામને 'रथात्० ६-३-१७५' થી य પ્રત્યય પ્રાપ્ત હતો જ, પરન્તુ દ્વિગુના વિષયમાં 'द्विगोरन० ६-१-२४' થી તે य પ્રત્યયનો લોપ થતો હોવાથી य પ્રત્યયનો લોપ ન થાય – એ માટે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य પ્રત્યયનું વિધાન કર્યું છે. આ સૂત્રથી વિહિત य પ્રત્યયનો સૂ. નં. '૬-૧-૨૪'થી લોપ થતો નથી. કારણ કે આ સૂત્ર 'प्राग् जितार्थ' ની બહાર છે. આથી સ્પષ્ટ છે કે द्विरथः અને द्विरथ्यः આ બે પ્રયોગો દ્વિગુના વિષયમાં સિદ્ધ છે. ॥૨॥

## धुरो यैयण् ७।१।३॥

દ્વિતીયાન્ત धुर् નામને 'वहति' અર્થમાં य અને एयण् પ્રત્યય થાય છે. धुरं वहति આ અર્થમાં धुर् નામને આ સૂત્રથી य અને एयण् [एय] પ્રત્યય. एयण् પ્રત્યયની પૂર્વેના धुर् નામના उ ને 'वृद्धिः० ७–४–१' થી વૃદ્ધિ औ આદેશ–વગેરે કાર્ય થવાથી धुर्यः અને धौरेयः આવો પ્રયોગ થાય છે. અર્થ–ધુરાને વહન કરનાર. યદ્યપિ આ સૂત્રથી વૈકલ્પિક एयण् પ્રત્યયનું વિધાન કર્યું હોત તોપણ વિકલ્પપક્ષમાં य પ્રત્યય થાત; પરન્તુ इदम् અર્થની વિવક્ષામાં अण् પ્રત્યયનો वहति અર્થમાં બાધ કરવા માટે આ સૂત્રમાં य નું ઉપાદાન છે. ॥३॥

## वामाद्यादेरीनः ७।१।४॥

वामादि ગણપાઠમાંનાં वाम વગેરે નામ જેનું પૂર્વપદ છે એવા દ્વિતીયાન્ત धुर् નામને वहति અર્થમાં ईन પ્રત્યય થાય છે. वामधुरां [वामा धूर्वामधुरा; 'धुरोऽन० ७-३-७७' થી સમાસાન્ત अ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન] वहति આ અર્થમાં वामधुरा નામને અને सर्वधुरां वहति આ અર્થમાં सर्वधुरा નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી वामधुरीणः અને सर्वधुरीणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-પ્રતિકૂલ ભારને વહન કરનાર. સર્વ ભારને વહન કરનાર. ॥४॥

## अश्चैकादेः ७।१।५॥

एक નામ જેનું પૂર્વપદ છે એવા દ્વિતીયાન્ત धुर् નામને वहति આ અર્થમાં अ અને ईन પ્રત્યય થાય છે. एकधुरां [एका, एकस्य

वा धूरेकधुरा ताम्] वहति આ અર્થમાં एकधुरा નામને આ સૂત્રથી अ અને ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી एकधुरः અને एकधुरीणः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે एकधुरं [एका धूरस्मिन्]वहति આ અર્થમાં एकधुर् નામને આ સૂત્રથી अ અને ईन પ્રત્યયાદિ કાર્ય થવાથી एकधुरः અને एकधुरीणः આવો પ્રયોગ થાય છે. અર્થ–એક ધુરા [એક અથવા એકની ધુરાને; તેમ જ એક ધુરાવાળાને]ને વહન કરનાર. ॥५॥

हल–सीरादिकण् ७।१।६॥

દ્વિતીયાન્ત हल અને सीर નામને वहति આ અર્થમાં इकण् [इक] પ્રત્યય થાય છે. हलं वहति અને सीरं वहति આ અર્થમાં हल અને सीर નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ અને ई ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हालिकः અને सैरिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – હલને વહન કરનાર. સીર-હલને વહન કરનાર. ॥६॥

शकटादण् ७।१।७॥

દ્વિતીયાન્ત शकट નામને वहति આ અર્થમાં अण् [अ] પ્રત્યય થાય છે. शकटं वहति આ અર્થમાં शकट નામને આ સૂત્રથી अण् પ્રત્યયાદિ કાર્ય [જુઓ સૂ.નં. ७-१-६] થવાથી शाकटो गौः આવો પ્રયોગ થાય છે. અર્થ– ગાડાને વહન કરનાર બળદ. અહીં યાદ રાખવું જોઈએ કે, પૂર્વસૂત્રથી વિહિત इकण् અને આ સૂત્રથી વિહિત अण् પ્રત્યયના વિષયમાં 'हल० ६-३-१६१' થી इकण्

પ્રત્યય અને 'तस्ये० ६-३-१६०' થી अण् પ્રત્યય સિદ્ધ જ હતો; પરંતુ સૂ.નં. ૭-૧-૨ માં જણાવ્યા મુજબ દ્વિગુના વિષયમાં તેનો લોપ વિહિત હોવાથી તે મુજબ તેનો લોપ ન થાય એ માટે તેનું ફરીથી ઉપર જણાવ્યા મુજબ વિધાન કર્યું છે. જેથી દ્વિગુના વિષયમાં **द्विहलः द्विसीरः द्विशकटः** અને **द्वैहलिकः द्वैसीरिकः द्वैशकटः** આ પ્રમાણે બંન્ને પ્રયોગ થાય છે. ॥૭॥

## विध्यत्यनन्येन ७।१।८॥

દ્વિતીયાન્ત નામને **विध्यति** આ અર્થમાં; વેધક્રિયાનું સાધન–કરણ, કર્ત્તાથી ભિન્ન ન હોય તો, **य** પ્રત્યય થાય છે. **पादौ विध्यन्ति** આ અર્થમાં **पाद** નામને આ સૂત્રથી **य** પ્રત્યય. **'अवर्णे० ७-४-६८'** થી અન્ત્ય **अ** નો લોપ. **'हिम० ३-२-९६'** થી **पाद्** ને **पद्** આદેશ વગેરે કાર્ય થવાથી **पद्याः शर्कराः** આવો પ્રયોગ થાય છે. અર્થ–પગને વીંધનાર કાંકરી. અહીં વેધક્રિયાની કર્તા રેતી પોતે જ વેધક્રિયાનું સાધન છે. **अनन्येनेति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વેધક્રિયાનું સાધન કર્ત્તાથી અભિન્ન હોય તો જ દ્વિતીયાન્ત નામને **विध्यति** આ અર્થમાં **य** પ્રત્યય થાય છે. તેથી **चौरं विध्यति चैत्रः** અહીં વેધક્રિયાના સાધનભૂત બાણાદિથી અભિન્ન કર્ત્તા ન હોવાથી **चौर** નામને આ સૂત્રથી **य** પ્રત્યય થતો નથી. અર્થ–ચૈત્ર ચોરને વીંધે છે. ॥૮॥

## धन–गणाल्लब्धरि ।७।१।९॥

દ્વિતીયાન્ત **धन** અને **गण** નામને **लब्धा** આ અર્થમાં **य** પ્રત્યય થાય છે. **धनं लब्धा** અને **गणं लब्धा** આ અર્થમાં **धन** અને **गण** નામને આ સૂત્રથી **य** પ્રત્યય. **'अवर्णेव० ७-४-६८'** થી અન્ત્ય **अ**

નો લોપ વગેરે કાર્ય થવાથી **धन्यः** અને **गण्यः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ધનનો લાભ કરનાર. ગણનો લાભ કરનાર. અહીં **धन** અને **गण** નામને વાક્યમાં ષષ્ઠી થતી નથી. કારણ કે **लब्धृ** નામ **तृन्** પ્રત્યયાન્ત છે. ॥૧॥

## णोऽन्नात् ७।१।१०॥

દ્વિતીયાન્ત **अन्न** નામને **लब्धा** અર્થમાં **ण** [**अ**] પ્રત્યય થાય છે. **अन्नं लब्धा** આ અર્થમાં **अन्न** નામને આ સૂત્રથી **ण** પ્રત્યય. '**वृद्धिः**० ૭-૪-૧' થી આદ્યસ્વર **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. '**अवर्णे**० ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **आन्नः** આવો પ્રયોગ થાય છે. અર્થ–અન્નનો લાભ કરનાર. ॥૧૦॥

## हृद्य-पद्य-तुल्य-मूल्य-वश्य-पथ्य-वयस्य-धेनुष्या-गार्हपत्य-जन्य-धर्म्यम् ७।१।११॥

**हृद्य पद्य तुल्य मूल्य वश्य पथ्य वयस्य धेनुष्या गार्हपत्य जन्य** અને **धर्म्य** આ **य** પ્રત્યયાન્ત નામોનું તે તે અર્થમાં નિપાતન કરાય છે. **हृदयस्य प्रियमौषधम्** [અથવા **हृदयस्य बन्धनो वशीकरणमन्त्रः**] આ અર્થમાં **हृदय** નામને આ સૂત્રથી **य** પ્રત્યય. **हृदय** નામને '**हृदयस्य**० ૩-૨-૯૪' થી **हृद्** આદેશ વગેરે કાર્ય થવાથી **हृद्यमौषधम्** [**हृद्यो मन्त्रः**] આવો પ્રયોગ થાય છે. વિવક્ષિત અર્થમાં જ નિપાતન હોવાથી **हृदयस्य प्रियः पुत्रः** આ અર્થમાં આ સૂત્રથી **हृदय** નામને **य** પ્રત્યય થતો નથી. અર્થ– હૃદયને પ્રિય ઔષધ. [વશીકરણમન્ત્ર]

**पदमस्मिन् दृश्यम्** આ અર્થમાં **पद** નામને આ સૂત્રથી **य** પ્રત્યય. '**अवर्णे**० ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **पद्यः पङ्कः** આવો પ્રયોગ થાય છે. અર્થ - જેમાં પગલાં દેખી શકાય

એવો–તદ્દન સૂકો પણ નહિ અને ભીનો પણ નહિ એવો કાદવ.

**तुलया संमितं भाण्डम्** આ અર્થમાં **तुला** નામને આ સૂત્રથી **य** પ્રત્યય. '**अवर्णे० ७-४-६८**' થી અન્ત્ય **आ** નો લોપ વગેરે કાર્ય થવાથી **तुल्यं भाण्डम्** આવો પ્રયોગ થાય છે. નિપાતન વિવક્ષિત અર્થવિષયક હોવાથી વિવક્ષિત અર્થથી ભિન્ન સદૃશાર્થક પણ **तुल्य** શબ્દ છે. અર્થ-ભાજનવિશેષ. સમાન.

**मूलमस्योत्पाद्यम्** અથવા **मूलेन समम्** આ અર્થમાં **मूल** નામને આ સૂત્રથી **य** પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી **मूल्यं धान्यं पटादिविक्रयाल्लभ्यं च** આવો પ્રયોગ થાય છે. અર્થ–અનાજ અથવા કિંમત.

**वशं गतः** આ અર્થમાં **वश** નામને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી **य** પ્રત્યયાદિ કાર્ય થવાથી **वश्यो गौः** આવો પ્રયોગ થાય છે. નિપાતન વિવક્ષિત અર્થમાં જ હોવાથી **वशं गतः** અર્થાદ્ **इच्छां प्राप्तः** આ અર્થમાં **वश्यः** આવો પ્રયોગ થતો નથી. અર્થ-વશ થયેલો બળદ.

**पथोऽनपेतम्** આ અર્થમાં **पथिन्** નામને આ સૂત્રથી **य** પ્રત્યય. '**नोऽपद० ७-४-६१**' થી અન્ત્ય **इन्** નો લોપ વગેરે કાર્ય થવાથી **पथ्यमोदनादि** આવો પ્રયોગ થાય છે. અહીં પણ નિપાતન વિવક્ષિત અર્થમાં જ હોવાથી **पथोऽनपेतं शकटादि** અહીં **पथ्यं शकटादि** આવો પ્રયોગ થતો નથી. અર્થ-પથ્ય ભાત વગેરે.

**वयसा तुल्यः** આ અર્થમાં **वयस्** નામને આ સૂત્રથી **य** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **वयस्यः सखा** આવો પ્રયોગ થાય છે. વિવક્ષિતાર્થક નિપાતનના કારણે **वयसा तुल्यः शत्रुः** અહીં **वयस्यः** આવો પ્રયોગ થતો નથી. અર્થ–મિત્ર.

**धेनु** નામને વિશિષ્ટ **धेनु** અર્થમાં આ સૂત્રથી **य** પ્રત્યય અને **धेनु** નામના અન્તે **ष्** નો આગમ. '**आत् २-४-१८**' થી **धेनुष्य** નામને **आप्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **धेनुष्या पीतदुग्धा गौः** આવો

પ્રયોગ થાય છે. અર્થ– માત્ર દૂધ પીવા અપાતી ગાય- ગાયના સ્વામીએ ગોવાળને આપેલી અથવા લેણદારને દેવું પૂરું ન થાય ત્યાં સુધી આપેલી ગાય.

गृहपतिना संयुक्तः આ અર્થમાં गृहपति નામને ञ्य [य] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી गार्हपत्यो नामाग्निः આવો પ્રયોગ થાય છે. અર્થ–અગ્નિવિશેષ. નિપાતનના કારણે અગ્નિભિન્નાર્થમાં गार्हपत्य નામ નિપાતિત નથી.

जनीं वहन्ति આ અર્થમાં जनी નામને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી जन्या वरवयस्याः આવો પ્રયોગ થાય છે. નિપાતનના કારણે વરવયસ્યભિન્નાર્થમાં जन्य નામ નિપાતિત નથી. અર્થ–વરના મિત્રો. जनस्य जल्पः આ અર્થમાં પણ जन्यः [કોલાહલ]આવો પ્રયોગ થાય છે.

धर्मेण प्राप्यम् [અથવા धर्मादनपेतम्] આ અર્થમાં धर्म નામને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી धर्म्यम् सुखम् [यद् धर्ममनुवर्त्तते तद्] આવો પ્રયોગ થાય છે. અન્ય અર્થમાં નિપાતન નથી. અર્થ– સુખ. [ધર્માનુસારી.] ॥૧૧॥

## नौ-विषेण तार्य–वध्ये ૭।૧।૧૨॥

તૃતીયાન્ત नौ નામને તાર્ય– પાર કરવાયોગ્ય અર્થમાં અને તૃતીયાન્ત विष નામને વધ્ય અર્થમાં य પ્રત્યય થાય છે. नावा तार्या અને विषेण वध्यः આ અર્થમાં આ સૂત્રથી नौ અને विष નામને य પ્રત્યય. 'य्यक्ये ૧-૨-૨૫' થી नौ નામના औ ને आव् આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. नाव्य નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી नाव्या नदी અને विष्यो

गजः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—નાવથી પાર કરવાયોગ્ય નદી. વિષથી મારવાયોગ્ય હાથી. ॥૧૨॥

## न्यायाऽर्थादनपेते ७।१।१३॥

પઞ્ચમ્યન્ત न्याय અને अर्थ નામને અનપેત અર્થમાં य પ્રત્યય થાય છે. न्यायादनपेतम् અને अर्थादनपेतम् આ અર્થમાં न्याय અને अर्थ નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णेव० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી न्याय्यम् અને अर्थ्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—ન્યાયસંગત. અર્થસંગત. ॥૧૩॥

## मत-मदस्य करणे ७।१।१४॥

ષષ્ઠ્યન્ત मत [ઈષ્ટ, સામ્ય, જ્ઞાન અથવા મતિ અર્થ मत શબ્દથી જણાવાય છે] અને मद નામને કરણ [સાધકતમ અથવા કૃતિ] અર્થમાં य પ્રત્યય થાય છે. मतस्य करणम् અને मदस्य करणम् આ અર્થમાં मत અને मद નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मत्यम् અને मद्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - મતનું કરણ અથવા કૃતિ. મદનું કરણ અથવા કૃતિ. ॥૧૪॥

## तत्र साधौ ७।१।१५॥

સાધુ અર્થમાં સપ્તમ્યન્ત નામને य પ્રત્યય થાય છે. सभायां साधुः [प्रवीणो योग्य उपकारको वा] આ અર્થમાં सभा નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી सभ्यः આવો પ્રયોગ થાય છે. અર્થ—સભામાં પ્રવીણ. ॥૧૫॥

## पथ्यतिथि-वसति-स्वपतेरेयण् ७।१।१६॥

સપ્તમ્યન્ત पथिन्, अतिथि, वसति અને स्वपति નામને સાધુ અર્થમાં एयण् પ્રત્યય થાય છે. पथि साधु, अतिथौ साधु, वसतौ साधु અને स्वपतौ साधु આ અર્થમાં पथिन्; अतिथि, वसति અને स्वपति નામને આ સૂત્રથી एयण् [एय] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો લોપ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી पाथेयम्, आतिथेयम्; वासतेयम् અને स्वापतेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-રસ્તામાં ઉપકારક. અતિથિયોગ્ય. નિવાસયોગ્ય. સ્વપતિ-દ્રવ્યસ્વામીયોગ્ય. ॥१६॥

## भक्ताण्णः ७।१।१७॥

સપ્તમ્યન્ત भक्त નામને સાધુ અર્થમાં ण [अ] પ્રત્યય થાય છે. भक्ते साधुः આ અર્થમાં भक्त નામને આ સૂત્રથી ण પ્રત્યય. આદ્યસ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી भाक्तः शालिः આવો પ્રયોગ થાય છે. અર્થ-ધાન્ય. ॥१७॥

## पर्षदो ण्य-णौ ७।१।१८॥

સપ્તમ્યન્ત पर्षद् નામને સાધુ અર્થમાં ण्य અને ण પ્રત્યય થાય છે. पर्षदि साधुः આ અર્થમાં पर्षद् નામને આ સૂત્રથી ण्य [य] અને ण [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી पार्षद्यः અને पार्षदः આવો પ્રયોગ થાય છે. અર્થ-પર્ષદામાં યોગ્ય. ॥१८॥

## सर्वजनाण्ण्येनञौ ७।१।१९॥

सप्तम्यन्त सर्वजन नामने साधु अर्थमां ण्य [य] अने ईनञ् [ईन] प्रत्यय थाय छे. सर्वजने साधुः आ अर्थमां सर्वजन नामने आ सूत्रथी ण्य अने ईनञ् प्रत्यय. आद्य स्वर अ ने 'वृद्धिः० ७-४-१ थी वृद्धि आ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी सार्वजन्यः अने सार्वजनीनः आवो प्रयोग थाय छे. अर्थ-सर्वजनयोग्य. ॥१९॥

## प्रतिजनादेरीनञ् ७।१।२०॥

प्रतिजनादि गणपाठमांनां सप्तम्यन्त प्रतिजन वगेरे नामने साधु अर्थमां ईनञ् [ईन] प्रत्यय थाय छे. प्रतिजने साधुः अने अनुजने साधुः आ अर्थमां प्रतिजन अने अनुजन नामने आ सूत्रथी ईनञ् प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्य स्वर अ ने वृद्धि आ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी प्रातिजनीनः अने आनुजनीनः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- दरेक जनने उपकारक. दरेक जनने उपकारक. ॥२०॥

## कथादेरिकण् ७।१।२१॥

कथादि गणपाठमांनां सप्तम्यन्त कथा वगेरे नामने साधु अर्थमां इकण् [इक] प्रत्यय थाय छे. कथायां साधुः अने विकथायां साधुः आ अर्थमां कथा अने विकथा नामने आ सूत्रथी इकण् प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्य स्वर अ अने इ ने वृद्धि आ अने ऐ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य आ नो लोप वगेरे कार्य थवाथी काथिकः अने वैकथिकः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः–कथामां योग्य. विकथामां योग्य. ॥२१॥

## देवतान्तात् तदर्थे ७।१।२२॥

देवता નામ છે અન્તમાં જેના એવા ચતુર્થ્યન્ત નામને તદર્થમાં य પ્રત્યય થાય છે. अग्निदेवतायै इदम् આ અર્થમાં अग्निदेवता નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી अग्निदेवत्यं हविः આવો પ્રયોગ થાય છે. અર્થ- અગ્નિદેવતા માટેનું ઘી. ॥૨૨॥

## पाद्या-ऽर्घ्ये ७।१।२३॥

તદર્થમાં य પ્રત્યયાન્ત पाद्य અને अर्घ्य નામનું નિપાતન કરાય છે. पादार्थमुदकम् આ અર્થમાં पाद નામને અને अर्घार्थमिदम् આ અર્થમાં अर्घ નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पाद्यं जलम् અને अर्घ्यं रत्नम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—પગ ધોવા માટે પાણી. રત્ન. અહીં 'हिम - हंति० ३-२-९६' થી पाद् ને पद् આદેશની પ્રાપ્તિ હતી પણ નિપાતનના કારણે તે થતો નથી. ॥૨૩॥

## ण्योऽतिथेः ७।१।२४॥

ચતુર્થ્યન્ત अतिथि નામને; તદર્થમાં ण्य [य] પ્રત્યય થાય છે. अतिथये इदम् આ અર્થમાં अतिथि નામને આ સૂત્રથી ण्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી आतिथ्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ—અતિથિ માટેનું. ॥૨૪॥

## सादेश्चा तदः ७।१।२५॥

આ સૂત્રથી આગળ, 'तद् ७-१-५०' સુધીના તે તે સૂત્રોથી જે જે નામને જે જે પ્રત્યયનું વિધાન કરાયું છે; તે તે પ્રત્યયો તે તે સૂત્રોથી કેવલ તે તે નામને તેમ જ તે તે નામ જેના અન્તે છે એવા નામને પણ થાય છે. ॥૨૫॥

## हलस्य कर्षे ७।१।२६॥

ષષ્ઠ્યન્ત हल નામને [તેમ જ સૂ.નં. ૭-૧-૨૫ માં જણાવ્યા મુજબ हल નામ છે અન્તમાં જેના એવા નામને] કર્ષ અર્થમાં य પ્રત્યય થાય છે. **हलस्य कर्षः** અને **द्वयो र्हल्योः कर्षः** આ અર્થમાં हल અને **द्विहल** નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી **हल्या** અને **द्विहल्या** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—એક હળથી ખેડેલો માર્ગ. બે હળથી ખેડેલો માર્ગ. ॥૨૬॥

## सीतया संगते ७।१।२७॥

તૃતીયાન્ત सीता નામને [તેમ જ સૂ.નં. ૭-૧-૨૫ માં જણાવ્યા મુજબ सीता નામ જેના અન્તે છે એવા નામને] સઙ્ગત અર્થમાં य પ્રત્યય થાય છે. **सीतया सङ्गतम्** અને **तिसृभिः सीताभिः सङ्गतम्** આ અર્થમાં सीता અને त्रिसीता નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી **सीत्यम्** અને **त्रिसीत्यम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-એક ફાલથી યુક્ત. ત્રણ ફાલથી યુક્ત. य પ્રત્યયનો અધિકાર અહીં પૂર્ણ થાય છે. ॥૨૭॥

## ईयः ७।१।२८॥

અહીંથી માંડીને 'तद् ૭-૧-૫૦' સુધીનાં સૂત્રોમાં ईय પ્રત્યયનો અધિકાર જાણવો. ॥૨૮॥

## हविरन्नभेदा-ऽपूपादे र्यो वा ७।१।२९॥

हविस् વિશેષવાચક અને અન્નવિશેષવાચક નામને તેમ જ अपूपादि ગણપાઠમાંનાં अपूप વગેરે નામને; 'तद् ૭-૧-૫૦' સુધીના અર્થમાં વિકલ્પથી य પ્રત્યય અધિકૃત છે. [આ સૂત્રમાં પણ સૂત્ર નં. ૭-૧-૨૫ માં જણાવ્યા મુજબ યથાસંભવ તદન્તવિધિ જાણવો.] आमिक्षायै इदम्; ओदनाय इमे અને अपूपाय इदम् તેમ જ यवापूपाय इदम् આ અર્થમાં हविस् વિશેષવાચક आमिक्षा નામને અન્નવિશેષવાચક ओदन નામને અને अपूप તેમ જ તદન્ત यवापूप નામને આ સૂત્રથી य પ્રત્યય; વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य પ્રત્યય ન થાય ત્યારે ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી आमिक्ष्यम् आमिक्षीयम्; ओदन्या ओदनीयास्तण्डुलाः; अपूप्यम् अपूपीयम्; અને यवापूप्यम् यवापूपीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– આમિક્ષા [દહીંયુક્ત ગરમ દૂધ] માટેનું દહીં. ભાત માટેના ચોખા. માલપૂડા માટેનું ઘી વગેરે. જવના પૂડલા માટેનું ઘી વગેરે. સૂત્રમાં अन्नभेदનું ગ્રહણ હોવા છતાં अपूपादिનું પૃથગ્ ગ્રહણ કર્યું છે તેનું પ્રયોજન બૃહદ્વૃત્તિથી જાણવું. યજ્ઞાદિમાં હવન માટેના માખણ વગેરેને हविस् કહેવાય છે. ॥૨૯॥

## उवर्ण–युगादे र्यः ७।१।३०॥

उ વર્ણ [उ ऊ]જેના અન્તમાં છે એવા નામને તેમ જ युगादि ગણપાઠમાંનાં युग વગેરે નામને 'तद्र ७-१-५०' સુધીના અર્થમાં य પ્રત્યય થાય છે. शङ्कवे इदम्, युगाय हितम् અને हविषे इदम् આ અર્થમાં ઉવર્ણાન્ત शङ्कु નામને તેમ જ युगादि ગણપાઠમાંના युग અને हविस् નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી शङ्कु ના उ ને अव् આદેશ... વગેરે કાર્ય થવાથી शङ्कव्यं दारु; युग्यम् અને हविष्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– શઙ્કુ માટે લાકડું. યુગ [કાલવિશેષ] માટે હિતકર. ઘી વગેરે માટેનું દૂધ વગેરે. ॥૩૦॥

## नाभे र्नभ् चादेहांशात् ७।१।३१॥

શરીરના અંશવાચક નામથી ભિન્ન એવા नाभि નામને 'तद्र ७-१-५०' સુધીના અર્થમાં य પ્રત્યય થાય છે અને ત્યારે नाभि નામને नभ् આદેશ થાય છે. नाभ्यै नाभये वा हितम् આ અર્થમાં नाभि નામને આ સૂત્રથી य પ્રત્યય અને नाभि નામને नभ् આદેશ વગેરે કાર્ય થવાથી नभ्योऽक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ–ચક્રના અન્દરનો દંડ.

अदेहांशादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શરીરના અંશ–અવયવનું વાચક ન હોય તો જ नाभि નામને આતદર્થમાં [સૂ.નં. ७-१-५० સુધીના અર્થમાં] य પ્રત્યય થાય છે; અને ત્યારે नाभि નામને नभ् આદેશ થાય છે. તેથી नाभये हितम् અહીં દેહાંશવાચક नाभि નામને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य પ્રત્યયાદિ કાર્ય ન થવાથી 'प्राण्यङ्गा० ७-१-३७' થી य પ્રત્યય.

'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી नाभ्यं तैलम् આવો પ્રયોગ થાય છે. અર્થ—નાભિને હિતકર તેલ. ॥૩૧॥

## नू चोधसः ७।१।३२॥

'तद् ७-१-५०' સુધીના અર્થમાં ऊधस् નામને य પ્રત્યય થાય છે, અને ત્યારે ऊधस् નામના અન્ત્ય स् ને न् આદેશ થાય છે. ऊधसे हितम् આ અર્થમાં ऊधस् નામને આ સૂત્રથી य પ્રત્યય અને ऊधस् નામના અન્ત્ય स् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી ऊधन्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ-સ્તનને હિતકર. ॥૩૨॥

## शुनो वश्चोदूत् ७।१।३३॥

'तद् ७-१-५०' સુધીના અર્થમાં श्वन् નામને य પ્રત્યય થાય છે અને ત્યારે श्वन् નામના व ને उ અને ऊ આદેશ થાય છે. शुने हितम् આ અર્થમાં श्वन् નામને આ સૂત્રથી य પ્રત્યય અને श्वन् નામના व ને અનુક્રમે उ અને ऊ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે शुन्यम् અને शून्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ – કૂતરાને હિતકર. ॥૩૩॥

## कम्बलान्नाम्नि ७।१।३४॥

સંજ્ઞાના વિષયમાં कम्बल નામને 'तद् ७-१-५०' સુધીના અર્થમાં य પ્રત્યય થાય છે. कम्बलोऽस्य स्यात् આ અર્થમાં कम्बल નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कम्बल्यम् ऊर्णापलशतम् આવો પ્રયોગ થાય છે. અર્થ-પરિમાણવિશેષ; જેનો પર્યાયવાચક શબ્દ ऊर्णापलशत

છે. नाम्नीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ कम्बल નામને આતદર્થમાં [સૂ. નં. ૭-૧-૫૦ સુધીના અર્થમાં] य પ્રત્યય થાય છે. તેથી कम्बलोऽस्याः स्यात् આ અર્થમાં; સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી य પ્રત્યય ન થવાથી 'ईयः ૭-૧-૨૮' થી कम्बल નામને ईय પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી कम्बलीया ऊर्णा આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થ–કામળીની ઊન. ॥३४॥

## तस्मै हिते ७।१।३५॥

ચતુર્થ્યન્ત નામને હિત અર્થમાં યથાપ્રાપ્ત य અને ईय પ્રત્યય થાય છે. वत्सेभ्यो हितः; आमिक्षायै हितः અને युगाय हितः આ અર્થમાં वत्स નામને આ સૂત્રની સહાયથી 'ईयः ૭-૧-૨૮' થી ईय પ્રત્યય. आमिक्षा નામને આ સૂત્રની સહાયથી 'हविर० ૭-૧-૨૯' થી य અને ईय પ્રત્યય તેમ જ युग નામને આ સૂત્રની સહાયથી 'उवर्ण० ૭-૧-૩૦' થી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી वत्सीयः; आमिक्ष्यः, आमिक्षीयः અને युग्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– વત્સને હિતકર. આમિક્ષાને [હવિર્વિશેષ] હિતકર. યુગ [કાલવિશેષ ને હિતકર. ॥३५॥

## न राजाऽऽचार्य–ब्राह्मण–वृष्णः ७।१।३६॥

ચતુર્થ્યન્ત राजन्, आचार्य, ब्राह्मण અને वृषण् નામને હિત અર્થમાં અધિકૃત य અને ईय પ્રત્યય થતો નથી. राज्ञे, आचार्याय, ब्राह्मणे वृष्णे वा हित इति वाक्यमेव । અહીં राजन्, आचार्य, ब्राह्मण અને वृषण् નામને હિતાર્થમાં 'तस्मै हिते ૭-૧-૩૫' ની સહાયથી

य અને ईय પ્રત્યયની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ વાક્ય જ રહે છે. અર્થ–રાજાને, આચાર્યને, બ્રાહ્મણને અથવા વૃષણ્–અણ્ડકોષને હિતકર. ॥૩૬॥

## प्राण्यङ्ग-रथ–खल-तिल-यव-वृष–ब्रह्म–माषाद् यः ७।१।३७॥

ચતુર્થ્યન્ત પ્રાણીના અઙ્ગવાચક નામને, તેમ જ ચતુર્થ્યન્ત रथ खल तिल यव वृष ब्रह्मन् અને माष નામને હિત અર્થમાં य પ્રત્યય થાય છે. दन्तेभ्यो हितम्; रथाय हिता; खलाय हितम्; तिलेभ्यो हितम्; यवेभ्यो हितम्; वृषाय हितम्; ब्रह्मणे हितः; माषेभ्यो हितः અને राजमाषेभ्यो हितः આ અર્થમાં અનુક્રમે પ્રાણ્યઙ્ગવાચક–दन्त નામને તેમ જ रथ खल तिल यव वृष ब्रह्मन् माष અને राजमाष નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. रथ्य નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે दन्त्यम्; रथ्या भूमिः; खल्यम्; तिल्यम्; यव्यम्, वृष्यं क्षीरम्; ब्रह्मण्यो देशः; माष्यः અને राजमाष्यः [જુઓ सू.नं. ૭-૧-૨૫] આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–દાંતને હિતકારક. રથને યોગ્ય ભૂમિ. ખલને હિતકર. તલને હિતકર. જવને હિતકર. બળદને હિતકર-દૂધ. બ્રાહ્મણને હિતકારક-દેશ. અડદને હિતકારક. રાજાના અડદને હિતકારક. ॥૩૭॥

## अव्यजात् थ्यप् ७।१।३८॥

ચતુર્થ્યન્ત अवि અને अज નામને હિત અર્થમાં थ्यप् [थ्य] પ્રત્યય થાય છે. अविभ्यो हितम् અને अजेभ्यो हिता આ અર્થમાં अवि અને अज નામને આ સૂત્રથી थ्यप् પ્રત્યય. अजथ्य નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી अविथ्यम् અને

**अजथ्या यूतिः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ઘેટાઓને હિતકર. બકરાઓને હિતકર-મળવું તે. ॥૩૮॥

**चरक–माणवादीनञ् ७।१।३९॥**

ચતુર્થ્યન્ત **चरक** અને **माणव** નામને હિતાર્થમાં **ईनञ्** [**ईन**] પ્રત્યય થાય છે. **चरकेभ्यो हितः** અને **माणवेभ्यो हितः** આ અર્થમાં **चरक** અને **माणव** નામને આ સૂત્રથી **ईनञ्** પ્રત્યય. '**वृद्धिः०** ૭-૪-૧' થી આદ્યસ્વર **अ** ને **वृद्धि आ** આદેશ. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **चारकीणः** અને **माणवीनः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ચરકોને [ચરકપ્રોક્ત વેદના જાણકારોને] હિતકારક. માણવોને હિતકારક. ॥૩૯॥

**भोगोत्तरपदाऽऽत्मभ्यामीनः ७।१।४०॥**

**भोग** નામ છે ઉત્તરપદ જેનું એવા ચતુર્થ્યન્ત નામને તેમ જ ચતુર્થ્યન્ત **आत्मन्** નામને **ईन** પ્રત્યય થાય છે. **मातृभोगाय हितः** અને **आत्मने हितः** આ અર્થમાં **मातृभोग** અને **आत्मन्** નામને આ સૂત્રથી **ईन** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ....વગેરે કાર્ય થવાથી **मातृभोगीणः** અને **आत्मनीनः** આવો પ્રયોગ થાય છે. **आत्मनीनः** અહીં '**नोऽपद०** ૭-૪-૬૧' થી પ્રાપ્ત **अन्** ના લોપનો '**ईनेऽध्वा०** ૭-૪-૪૮' થી નિષેધ થાય છે. અર્થ ક્રમશઃ– માતૃભોગને હિતકારક. પોતાના માટે હિતકારક. ॥૪૦॥

**पञ्च–सर्व–विश्वाज्जनात् कर्मधारये ७।१।४१॥**

**पञ्चन्**, **सर्व** અને **विश्व** નામ છે પૂર્વપદ જેનું અને **जन** નામ

છે ઉત્તરપદ જેનું એવા કર્મધારયસમાસભૂત ચતુર્થ્યન્ત નામને હિત અર્થમાં ईन પ્રત્યય થાય છે. **पञ्चजनेभ्यो हितः, सर्वजनेभ्यो हितः** અને **विश्वजनेभ्यो हितः** આ અર્થમાં **पञ्चजन, सर्वजन** અને **विश्वजन** નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **पञ्चजनीनः, सर्वजनीनः** અને **विश्वजनीनः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ –પાંચ જનોને હિતકર. સર્વજનોને હિતકર. સર્વજનોને હિતકર.

**कर्मधारय इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **पञ्चन्, सर्व** અને **विश्व** નામથી પરમાં રહેલું **जन** નામ છે અન્તમાં જેના એવા કર્મધારયસમાસભૂત જ ચતુર્થ્યન્ત નામને હિત અર્થમાં ईन પ્રત્યય થાય છે. તેથી **पञ्चानां जनाय हितः** અહીં ષષ્ઠી તત્પુરુષસમાસભૂત **पञ्चजन** નામને આ સૂત્રથી ईन પ્રત્યય ન થવાથી; 'ईयः ७-१-२८' થી [तस्मै हिते ७-१-३५ ની સહાયથી] ईय પ્રત્યયાદિ કાર્ય થવાથી **पञ्चजनीयः** આવો પ્રયોગ થાય છે. અર્થ–પાંચસંબન્ધી જનને હિતકર. ॥४१॥

### महत्सर्वादिकण् ७।१।४२॥

**महत्** અને **सर्व** નામ છે પૂર્વપદ જેનું અને **जन** નામ છે ઉત્તરપદ જેનું એવા ચતુર્થ્યન્ત કર્મધારય સમાસભૂત નામને હિત અર્થમાં इकण् પ્રત્યય થાય છે. **महाजनाय हितः** અને **सर्वजनाय हितः** આ અર્થમાં **महाजन** અને **सर्वजन** નામને આ સૂત્રથી इकण् [इक] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **माहाजनिकः** અને **सार्वजनिकः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–મહાજનને હિતકર. સર્વજનને હિતકર. ॥४२॥

## सर्वाण्णो वा ७।१।४३॥

ચતુર્થ્યન્ત सर्व નામને હિત અર્થમાં વિકલ્પથી ण [अ] પ્રત્યય થાય છે. सर्वस्मै हितः આ અર્થમાં सर्व નામને આ સૂત્રથી ण પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सार्वः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ण પ્રત્યય ન થાય ત્યારે 'तस्मै हिते ७-१-३५' ની સહાયથી 'ईयः ७-१-२८' થી ईय પ્રત્યયાદિ કાર્ય થવાથી सर्वीयः આવો પ્રયોગ થાય છે. અર્થ–બધાને હિતકર. ॥४३॥

## परिणामिनि तदर्थे ७।१।४४॥

ચતુર્થ્યન્ત નામને પરિણામીકારણસ્વરૂપ ચતુર્થીના અર્થમાં યથાધિકૃત ईय વગેરે પ્રત્યય થાય છે. अङ्गारायेमानि અને शङ्कवे इदम् આ અર્થમાં આ સૂત્રની સહાયથી अङ्गार નામને 'ईयः ७-१-२८' થી ईय પ્રત્યય અને शङ्कु નામને 'उवर्ण० ७-१-३०' થી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી अङ्गारीयाणि काष्ठानि અને शङ्कव्यं दारु આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–અંગારાનાં પરિણામીકારણ લાકડાં. શઙ્કુનું પરિણામી-કારણ લાકડું. ॥४४॥

## चर्मण्यञ् ७।१।४५॥

ચતુર્થ્યન્ત નામને પરિણામીકારણસ્વરૂપ ચર્મ અર્થમાં अञ् [अ] પ્રત્યય થાય છે. वर्ध्रायेदं चर्म આ અર્થમાં वर्ध्र નામને આ

સૂત્રથી अञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वार्ध्रं चर्म આવો પ્રયોગ થાય છે. અર્થ-કવચ માટેનું ચામડું. ॥૪૫॥

## ऋषभोपानहाञ्ञ्यः ૭।૧।૪૬॥

ચતુર્થ્યન્ત ऋषभ અને उपानह् નામને પરિણામીસ્વરૂપ હેત્વર્થમાં ञ्य [य] પ્રત્યય થાય છે. ऋषभायायम् અને उपानद्भ्यामयम् આ અર્થમાં ऋषभ અને उपानह् નામને આ સૂત્રથી ञ्य [य] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ऋ અને उ ને વૃદ્ધિ आर् અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आर्षभ्यो वत्सः અને औपानह्यो मुञ्जः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—બળદરૂપે પરિણમનારું વાછરડું. જોડાં માટેનું મુંજ. ॥૪૬॥

## छदिर्बलेरेयण् ૭।૧।૪૭॥

ચતુર્થ્યન્ત छदिस् અને बलि નામને પરિણામી હેત્વર્થમાં एयण् [एय] પ્રત્યય થાય છે. छदिषे इदम् અને बलये इमे આ અર્થમાં छदिस् અને बलि નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી छादिषेयं तृणम् અને बालेयास्तण्डुलाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ઊલટીનો હેતુ તૃણ. બળિના હેતુ ચોખા. ॥૪૭॥

## परिखाऽस्य स्यात् ७।१।४८॥

પ્રથમાન્ત परिखा નામને, ષષ્ઠ્યર્થ પરિણામીસ્વરૂપ હેત્વર્થમાં પ્રથમાન્ત પદાર્થ [परिखा] સમ્ભાવ્ય હોય તો एयण् [एय] પ્રત્યય થાય છે. परिखा आसां स्यात् આ અર્થમાં परिखा નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१ થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન पारिखेय નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી पारिखेय्य इष्टकाः આવો પ્રયોગ થાય છે. અર્થ - આ ઈંટોથી ખાઈ થઈ શકશે. ॥૪૮॥

## अत्र च ७।१।४९॥

પ્રથમાન્ત परिखा નામને સપ્તમ્યર્થમાં, પ્રથમાન્ત પદાર્થ [परिखा] સમ્ભાવ્ય હોય તો एयण् [एय] પ્રત્યય થાય છે. परिखा अत्र स्यात् આ અર્થમાં परिखा નામને આ સૂત્રથી एयण् પ્રત્યયાદિ કાર્ય થવાથી [જુઓ सू.नं. ७-१-४८] पारिखेयी भूमिः આવો પ્રયોગ થાય છે. અર્થ–જ્યાં ખાઈ થઈ શકશે એવી ભૂમિ. આ સૂત્રનો પૃથગ્યોગ હોવાથી અહીં परिणामिनि નો સંબંધ નથી. સૂત્રમાં च નું ઉપાદાન આગળના સૂત્રમાં परिणामिनि અને अस्य स्यात् ની અનુવૃત્તિ માટે છે. ॥૪૯॥

## तद् ७।१।५०॥

પ્રથમાન્ત નામને, પરિણામીહેતુસ્વરૂપ ષષ્ઠ્યર્થમાં તેમ જ સપ્તમ્યર્થમાં; પ્રથમાન્ત પદાર્થ સમ્ભાવ્ય હોય તો યથાધિકૃત ईय વગેરે પ્રત્યય થાય છે. प्राकार आसां स्यात्; परशुरस्य स्यात् અને

प्रासादोऽत्र स्यात् આ અર્થમાં આ સૂત્રથી प्राकार અને प्रासाद નામને 'ईयः ૭-૧-૨૮' ની સહાયથી તથા परशु નામને 'उवर्ण० ૭-૧-૩૦' ની સહાયથી અનુક્રમે ईय અને य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ૭-૪-૭૦' થી અન્ત્ય उ ને अव् આદેશ. प्राकारीय નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्राकारीया इष्टकाः; परशव्यमयः અને प्रासादीयो देशः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–કિલ્લો થઈ શકે એવી ઈંટો. પરશુ થઈ શકે એવું લોઢું. જ્યાં પ્રાસાદ થઈ શકે–એવો દેશ. અહીં ईय નો અધિકાર પૂર્ણ થાય છે. ॥૫૦॥

## तस्याऽर्हे क्रियायां वत् ७।१।५१॥

षष्ठ्यन्त નામને ક્રિયાસ્વરૂપ अर्ह [अर्हति] અર્થમાં वत् પ્રત્યય થાય છે. राज्ञोऽर्हं वृत्तमस्य આ અર્થમાં राजन् નામને આ સૂત્રથી वत् પ્રત્યય. 'नाम्नो नो० ૨-૧-૯૧' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી राजवद् वृत्तं राज्ञः આવો પ્રયોગ થાય છે. અર્થ–રાજાને યોગ્ય આચરણ આ રાજાનું છે. क्रियायामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अर्ह અર્થ ક્રિયા હોય તો જ ષષ્ઠ્યન્ત નામને અર્હ [अर्हति] અર્થમાં वत् પ્રત્યય થાય છે. તેથી राज्ञोऽर्हो मणिः અહીં ક્રિયાત્મક अर्ह અર્થ ન હોવાથી આ સૂત્રથી राजन् નામને वत् પ્રત્યય થતો નથી. આ સૂત્રના વિષયમાં ઉત્તર [૭-૧-૫૨] સૂત્રથી જે રીતે वत् પ્રત્યય થતો નથી; તેનું અનુસંધાન બૃહદ્વૃત્તિમાં કરવું. ॥૫૧॥

## स्यादेरिवे ७।१।५२॥

સ્યાદિ વિભક્ત્યન્ત નામને ક્રિયાવિષયક इव-અર્થ-સાદૃશ્યાર્થમાં

वत् પ્રત્યય થાય છે. **अश्व इव चैत्रो याति** આ અર્થમાં **अश्व** નામને આ સૂત્રથી वत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી **अश्ववद् याति चैत्रः** આવો પ્રયોગ થાય છે. અર્થ–ઘોડાની જેમ ચૈત્ર જાય છે. અહીં અશ્વની ગમનક્રિયાનું સાદૃશ્ય ચૈત્રની ગમનક્રિયામાં જણાય છે. **देवमिव पश्यन्ति मुनिम्** આ અર્થમાં **देव** નામને આ સૂત્રથી वत् પ્રત્યયાદિ કાર્ય થવાથી **देववत् पश्यन्ति मुनिम्** આવો પ્રયોગ થાય છે. અર્થ– દેવની જેમ મુનિને જુએ છે. અહીં દેવકર્મક દર્શનક્રિયાનું સાદૃશ્ય મુનિકર્મક દર્શનક્રિયામાં જણાય છે. આથી સમજી શકાશે કે ઉપમાન-ઉપમેયમાં જ્યાં ભેદ છે ત્યાં આ સૂત્રનો અવકાશ છે, અને જ્યાં આવો ભેદ નથી ત્યાં '**तस्या०** ૭-૧-૫૧' નો વિષય છે. ॥૫૨॥

## तत्र ७।१।५३॥

સપ્તમ્યન્ત નામને इव - અર્થ-સાદૃશ્યમાં वत् પ્રત્યય થાય છે. **स्रुघ्ने इव** આ અર્થમાં **स्रुघ्न** નામને આ સૂત્રથી वत् પ્રત્યયાદિ કાર્ય થવાથી **स्रुघ्नवत् साकेते परिखा** આવો પ્રયોગ થાય છે. અર્થ–સ્રુઘ્ન દેશમાં જેવી ખાઈ છે તેવી ખાઈ સાકેતમાં છે. ॥૫૩॥

## तस्य ७।१।५४॥

ષષ્ઠ્યન્ત નામને इव-અર્થ-સાદૃશ્યમાં वत् પ્રત્યય થાય છે. **चैत्रस्य इव** આ અર્થમાં **चैत्र** નામને આ સૂત્રથી वत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી **चैत्रवद् मैत्रस्य भूः** આવો પ્રયોગ થાય છે. અર્થ-ચૈત્રની ભૂમિ જેવી મૈત્રની ભૂમિ છે. ક્રિયાભિન્ન સાદૃશ્યાર્થમાં वत् પ્રત્યયના વિધાન માટે સૂ. નં. ૭-૧-૫૩ અને ૫૪ છે. ॥૫૪॥

## भावे त्व–तल् ७।१।५५॥

षष्ठ्यन्त નામને ભાવમાં त्व અને तल् [त] પ્રત્યય થાય છે. શબ્દના કારણભૂત ગુણ-ધર્મવિશેષને ભાવ કહેવાય છે. જે જાતિ....વગેરે સ્વરૂપ અનેકવિધ છે. જિજ્ઞાસુઓએ એના સવિસ્તર જ્ઞાન માટે બૃહદ્વૃત્તિનું અધ્યયન કરવું જોઈએ. गो र्भावः અને शुक्लस्य [पटादेः] भावः આ અર્થમાં गो નામને તેમ જ शुक्ल નામને આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય. गोत અને शुक्लत નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી गोत्वम् गोता અને शुक्लत्वम् शुक्लता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ગોત્વ જાતિ. શુક્લરૂપ. ॥५५॥

## प्राक् त्वादगडुलादेः ७।१।५६॥

गडुलादि ગણપાઠમાંનાં गडुल વગેરે નામને છોડીને અન્યત્ર 'ब्रह्मणस्त्वः ७-१-७७' સુધીનાં સૂત્રોમાં त्व અને तल् પ્રત્યયનો અધિકાર જાણવો. આ અંગેનાં ઉદાહરણો તે તે સ્થાને જણાવાશે. गडुलादिवर्जनम् किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गडुलादि ગણપાઠમાંનાં નામોને त्व અને तल् પ્રત્યયનો અધિકાર ન હોવાથી गडुलस्य भावः અને कमण्डलो र्भावः આ અર્થમાં गडुल અને कमण्डलु નામને આ સૂત્રની સહાયથી त्व અને तल् પ્રત્યય ન થવાથી गडुल નામને 'पति - राजा० ७-१-६०' થી ट्यण् [य] અને कमण्डलु નામને 'प्वृवर्णा० ७-१-६१' થી अण् [अ] પ્રત્યયાદિ કાર્ય તે તે સૂત્રમાં જણાવ્યા મુજબ થવાથી गाडुल्यम् અને कामण्डलवम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ઘેટાપણું. કમંડલુવૃત્તિ જાતિવિશેષ. ॥५६॥

'ब्रह्मणस्त्वः ७-१-७७' સુધીનાં સૂત્રોમાં; बुधादि ગણપાઠમાંનાં बुध વગેરે નામ જેના અન્તે છે એવા નઞ્તત્પુરુષસમાસને છોડીને અન્ય નઞ્તત્પુરુષસમાસને ભાવમાં त्व અને तल् પ્રત્યય જ અધિકૃત છે. अशुक्लस्य भावः અને अपते र्भावः આ અર્થમાં अशुक्ल અને अपति નામને [તે તે તત્પુરુષસમાસને] આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય જ અધિકૃત હોવાથી अशुक्लत्वम् અને अशुक्लता; अपतित्वम् અને अपतिता [જુઓ સૂ. નં. ૭-૧-૫૫] આવો પ્રયોગ થાય છે. અહીં અનુક્રમે 'वर्णदृढा० ७-१-५९' થી ट्यण् વગેરેની અને 'पतिराजा० ७-१-६०' થી ट्यण् પ્રત્યયની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ કરીને त्व અને तल् પ્રત્યય જ થાય છે. અર્થ ક્રમશઃ–શુક્લવર્ણનો ભેદ. પતિનો ભેદ.

अबुधादेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'ब्रह्मण० ७-१-७७' સુધીનાં સૂત્રોમાં; बुधादि ગણપાઠમાંનાં बुध વગેરે નામ જેના અન્તે છે એવા नञ्तत्पुरुष સમાસને છોડીને જ અન્ય તત્પુરુષસમાસને ભાવમાં त्व અને तल् પ્રત્યય જ અધિકૃત છે. તેથી अबुधस्य भावः અને अचतुरस्य भावः અહીં બુધાદ્યન્ત નઞ્તત્પુરુષસમાસ–अबुध અને अचतुर નામને આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય અધિકૃત ન હોવાથી 'पतिराजा० ७-१-६०' થી ट्यण् [य] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आबुध्यम् અને आचतुर्यम् ['अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ.] આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– મૂર્ખત્વ. અચતુરનો સ્વભાવ. ॥૫૭॥

## पृथ्वादेरिमन् वा ७।१।५८॥

પૃથ્વાદિ ગણપાઠમાંનાં पृथु વગેરે નામને ભાવમાં इमन् પ્રત્યય વિકલ્પથી થાય છે. पृथो र्भावः અને मृदो र्भावः આ અર્થમાં पृथु અને मृदु નામને આ સૂત્રથી इमन् પ્રત્યય. 'पृथुमृदु० ७-४-३९' થી ऋ ને र આદેશ. 'त्र्यन्त्य० ७-४-४३' થી અન્ત્ય સ્વર उ નો લોપ વગેરે કાર્ય થવાથી प्रथिमा અને म्रदिमा આવો પ્રયોગ થાય છે. 'ब्रह्मण० ७-१-७७' સુધી त्व અને तल् પ્રત્યયનો અધિકાર હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पृथुत्वम्; पृथुता અને मृदुत्वम्; मृदुता આવો પ્રયોગ થાય છે. તેમ જ આ સૂત્રમાં वा નું ગ્રહણ હોવાથી વિકલ્પપક્ષમાં 'य्वृवर्णा० ७-१-६९' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી पार्थवम् અને मार्दवम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પહોળાઈ. કોમલતા. ॥૫૮॥

## वर्णदृढादिभ्यष्ट्यण् च वा ७।१।५९॥

વર્ણ–વિશેષ[શુક્લાદિ]વાચક નામને તેમ જ दृढादि ગણપાઠમાંનાં दृढ વગેરે નામને વિકલ્પથી ट्यण् અને इमन् પ્રત્યય થાય છે. शुक्लस्य भावः; शिते र्भावः; दृढस्य भावः અને विमते र्भावः આ અર્થમાં शुक्ल, शिति, दृढ અને विमति નામને આ સૂત્રથી ट्यण् [य] અને इमन् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ इ અને ऋ ને ट्यण् પ્રત્યયની પૂર્વે વૃદ્ધિ औ ऐ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ અને इ નો લોપ...વગેરે કાર્ય થવાથી शौक्ल्यम्; शैत्यम्; दार्ढ्यम् અને वैमत्यम् આવો પ્રયોગ થાય છે. 'पृथु० ७-४-३९' થી दृढ નામના ऋ ને इमन् ની પૂર્વે र આદેશ

થવાથી शुक्लिमा; शितिमा, द्रढिमा અને विमतिमा આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય વગેરે કાર્ય થવાથી शुक्लत्वम्, शितित्वम्, दृढत्वम् અને विमतित्वम् તેમ જ शुक्लता, शितिता, दृढता અને विमतिता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ट्यण् વગેરે પ્રત્યય ન થાય ત્યારે 'ऋवर्णा० ૭-૧-૬૧' થી विमति નામને अण् [अ] પ્રત્યય વગેરે કાર્ય થવાથી वैमतम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– સફેદાઈ. સફેદાઈ. દૃઢતા. વિમતિત્વ. ॥૫૧॥

### पति–राजान्त–गुणाङ्ग-राजादिभ्यः कर्मणि च ७।१।६०॥

पति અને राजन् નામ છે અન્તમાં જેના એવા નામને; ગુણ-પ્રવૃત્તિનિમિત્તક નામને તેમ જ राजादि ગણપાઠમાંનાં राजन् વગેરે નામને ભાવમાં તથા કર્મમાં ट्यण् [य] પ્રત્યય થાય છે. अधिपते र्भावः कर्म वा; अधिराजस्य भावः कर्म वा; मूढस्य भावः कर्म वा; राज्ञो भावः कर्म वा અને कवे र्भावः कर्म वा આ અર્થમાં પત્યન્ત अधिपति; રાજાન્ત अधिराज, ગુણપ્રવૃત્તિનિમિત્તક मूढ અને રાજાદિ ગણપાઠમાંના राजन् અને कवि નામને આ સૂત્રથી ट्यण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ તથા ऊ ને વૃદ્ધિ आ તથા औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી आधिपत्यम्; आधिराज्यम्; मौढ्यम्; राज्यम् અને काव्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– સ્વામીનો સ્વભાવ અથવા કર્મ. મહારાજાનો સ્વભાવ અથવા કર્મ. મૂઢનો સ્વભાવ અથવા કર્મ. રાજાનો સ્વભાવ અથવા કર્મ. કવિનો સ્વભાવ અથવા કર્મ. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર હોવાથી આ સૂત્રથી त्व

અને तल् પ્રત્યય થવાથી अधिपतित्वम् अधिपतिता; अधिराजत्वम् अधिराजता, मूढत्वम् मूढता; राजत्वम् राजता અને कवित्वम् कविता આવો પ્રયોગ પણ થાય છે. સૂત્રમાં 'च' સમુચ્ચયાર્થક છે. તેથી ભાવ અને કર્મ બંન્નેનો સંગ્રહ છે. ॥૬૦॥

### अर्हतस्तोन्त् च ७।१।६१॥

अर्हत् નામને ભાવમાં અને કર્મમાં ट्यण् પ્રત્યય થાય છે, અને ત્યારે अर्हत् નામના त् ને न्त् આદેશ થાય છે. अर्हतो भावः कर्म वा આ અર્થમાં अर्हत् નામને આ સૂત્રથી ट्यण् [य] પ્રત્યય અને त् ને न्त् આદેશ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आर्हन्त्यम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી त्व અને तल् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अर्हत्त्वम् અને अर्हत्ता આવો પ્રયોગ થાય છે. અર્થ—અરિહન્તપણું અથવા અરિહન્ત પરમાત્માઓનું કર્મ. ॥૬૧॥

### सहायाद् वा ७।१।६२॥

सहाय નામને ભાવમાં અને કર્મમાં વિકલ્પથી ट्यण् [य] પ્રત્યય થાય છે. सहायस्य भावः कर्म वा આ અર્થમાં सहाय નામને આ સૂત્રથી ट्यण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી साहाय्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ट्यण् પ્રત્યય ન થાય ત્યારે 'योपान्त्यात्० ७-१-७२' થી अकञ् [अक] પ્રત્યય થવાથી ઉપર જણાવ્યા મુજબ साहायकम् આવો પ્રયોગ થાય છે. તેમ જ त्व અને तल् પ્રત્યયનો અધિકાર

ચાલુ હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય થવાથી सहायत्वम् અને सहायता આવો પ્રયોગ થાય છે. અર્થ–સહાયતા અથવા સહાયનું કર્મ. ॥६२॥

## सखि–वणिग्–दूताद् यः ७।१।६३॥

सखि, वणिज् અને दूत નામને ભાવમાં તથા કર્મમાં य પ્રત્યય થાય છે. सख्यु र्भावः कर्म वा; वणिजो भावः कर्म वा અને दूतस्य भावः कर्म वा આ અર્થમાં सखि, वणिज् અને दूत નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. वणिज्य નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી सख्यम्, वणिज्या અને दूत्यम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય થવાથી सखित्वम् सखिता, वणिक्त्वम् वणिक्ता અને दूतत्वम् दूतता આવો પ્રયોગ થાય છે. તેમ જ 'पतिराजा० ७-१-६०' થી वणिज् અને दूत નામને ट्यण् પ્રત્યય.'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ અને ऊ ને વૃદ્ધિ आ અને औ આદેશ વગેરે કાર્ય થવાથી वाणिज्यम् અને दौत्यम् આવો પણ પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મિત્રનો ભાવ અથવા કર્મ. વાણિયાનો ભાવ અથવા કર્મ. દૂતનો ભાવ અથવા કર્મ. ॥६३॥

## स्तेनान्नलुक् च ७।१।६४॥

स्तेन નામને ભાવમાં અને કર્મમાં य પ્રત્યય થાય છે, અને ત્યારે स्तेन નામના न નો લોપ થાય છે. स्तेनस्य भावः कर्म वा આ અર્થમાં स्तेन નામને આ સૂત્રથી य પ્રત્યય અને न નો લોપ વગેરે કાર્ય થવાથી स्तेयम् આવો પ્રયોગ થાય છે. त्व અને तल्

પ્રત્યયના અધિકારના કારણે આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય થાય ત્યારે स्तेनत्वम् અને स्तेनता આવો પ્રયોગ થાય છે. તેમ જ 'पतिराजा० ૭-૧-૬૦' થી स्तेन નામને ट्यण् [य] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી स्तैन्यम् આવો પણ પ્રયોગ થાય છે. અર્થ–ચોરનો ધર્મ અથવા કર્મ. ॥૬૪॥

## कपि - ज्ञातेरेयण् ૭।૧।૬૫॥

कपि અને ज्ञाति નામને ભાવમાં અને કર્મમાં एयण् [एय] પ્રત્યય થાય છે. कपे र्भावः कर्म वा અને ज्ञाते र्भावः कर्म वा આ અર્થમાં कपि અને ज्ञाति નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ... વગેરે કાર્ય થવાથી कापेयम् અને ज्ञातेयम् આવો પ્રયોગ થાય છે. त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય થાય ત્યારે कपित्वम् कपिता અને ज्ञातित्वम् ज्ञातिता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વાનરનો સ્વભાવ અથવા કર્મ. જાતિનો સ્વભાવ અથવા કર્મ. ॥૬૫॥

## प्राणि–जाति–वयोऽर्थादञ् ૭।૧।૬૬॥

પ્રાણીસ્વરૂપ જાતિવાચક નામને અને વય [ઉમર] અર્થવાળા નામને ભાવમાં અને કર્મમાં अञ् [अ] પ્રત્યય થાય છે. अश्वस्य भावः कर्म वा અને कुमारस्य भावः कर्म वा આ અર્થમાં પ્રાણી જાતિવાચક अश्व નામને અને વયોઽર્થક कुमार નામને આ સૂત્રથી अञ् [अ] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ અને

उ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आश्वम् અને कौमारम् આવો પ્રયોગ થાય છે. त्व અને तल् પ્રત્યય અધિકૃત હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अश्वत्वम् अश्वता અને कुमारत्वम् कुमारता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અશ્વત્વ જાતિ અથવા અશ્વનું કર્મ. કુમારાવસ્થા અથવા કુમારનું કર્મ. ॥६६॥

## युवादेरण् ७।१।६७॥

युवादि ગણપાઠમાંનાં युवन् વગેરે નામને ભાવમાં અને કર્મમાં अण् [अ] પ્રત્યય થાય છે. यूनो भावः कर्म वा અને स्थविरस्य भावः कर्म वा આ અર્થમાં युवन् નામને અને स्थविर નામને આ સૂત્રથી अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી यौवनम् અને स्थाविरम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી युवत्वम् युवता અને स्थविरत्वम् स्थविरता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—યુવાવસ્થા અથવા યુવાનનું કર્મ. વૃદ્ધાવસ્થા અથવા વૃદ્ધોનું કર્મ. સૂ. નં. ७-१-६६ અને ६७ માં अञ् ના સ્થાને अण् અથવા अण् ના સ્થાને अञ् નું વિધાન ન કરવાનું તાત્પર્ય, ભણાવનાર પાસેથી સમજી લેવું. ॥६७॥

## हायनान्तात् ७।१।६८॥

हायन નામ જેના અન્તમાં છે; એવા નામને ભાવમાં અને

કર્મમાં अण् [अ] પ્રત્યય થાય છે. द्विहायनस्य भावः कर्म वा આ અર્થમાં द्विहायन નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्वैहायनम् આવો પ્રયોગ થાય છે. त्व અને तल् પ્રત્યયના અધિકારથી द्विहायन નામને આ સૂત્રથી त्व અને तल् પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विहायनत्वम् અને द्विहायनता આવો પ્રયોગ થાય છે. અર્થ- બે વર્ષના બાળકનો સ્વભાવ અથવા કર્મ. ॥૬૮॥

## य्वृवर्णाल्लघ्वादेः ૭।૧।૬૯॥

જેની અવ્યવહિત પૂર્વે [વ્યંજનનું વ્યવધાન ચાલશે.] લઘુ સ્વર છે એવા इ વર્ણ [इ ई] उ વર્ણ [उ ऊ] અને ऋ વર્ણ [ऋ ॠ] છે અન્તમાં જેના એવા નામને ભાવમાં અને કર્મમાં अण् પ્રત્યય થાય છે. शुचे र्भावः कर्म वा, हरीतक्या भावः कर्म वा; पटो र्भावः कर्म वा, वध्वा भावः कर्म वा અને पितु र्भावः कर्म वा આ અર્થમાં અનુક્રમે शुचि, हरीतकी, पटु, वधू અને पितृ નામને આ સૂત્રથી अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ अ અને इ ને વૃદ્ધિ औ आ અને ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ તથા ई નો લોપ. 'अस्वय० ૭-૪-૭૦' થી અન્ત્ય उ અને ऊ ને अव् આદેશ. 'ऋतो र० १-२-२६' થી અન્ત્ય ऋ ને र् આદેશ વગેરે કાર્ય થવાથી शौचम्, हारीतकम्, पाटवम्, वाधवम् અને पैत्रम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી शुचि વગેરે નામને त्व અને तल् પ્રત્યયાદિ કાર્ય થવાથી शुचित्वम् અને शुचिता.....વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–પવિત્રતા અથવા પવિત્રનું કર્મ. હરડેનો સ્વભાવ અથવા કર્મ. પટુતા અથવા પટુનું કર્મ. વધૂનો

સ્વભાવ અથવા વધૂનું કર્મ. પિતાનો સ્વભાવ અથવા પિતાનું કર્મ.

**लघ्वादेरिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેની અવ્યવહિત પૂર્વે લઘુ જ સ્વર છે એવા **इ उ** કે **ऋ**-વર્ણાન્ત નામને ભાવમાં અને કર્મમાં **अण्** પ્રત્યય થાય છે. તેથી **पाण्डोर्भावः कर्म वा** આ અર્થમાં ગુરુ સ્વર છે અવ્યવહિત પૂર્વમાં જેને એવા **उ** વર્ણાન્ત **पाण्डु** નામને આ સૂત્રથી **अण्** પ્રત્યય ન થવાથી '**भावे त्व–तल्** ૭-૧-૫૫' થી **त्व** પ્રત્યયાદિ કાર્ય થવાથી **पाण्डुत्वम्** આવો પ્રયોગ થાય છે. આ વગેરે દીર્ઘ સ્વરો અને સંયુક્ત વ્યંજનની પૂર્વેનો સ્વર ગુરુ મનાય છે. અર્થ–પાણ્ડુનો સ્વભાવ અથવા તેનું કર્મ. ॥૬૯॥

## पुरुष–हृदयादसमासे ७।१।७०॥

સમાસના વિષય ન હોય એવા **पुरुष** અને **हृदय** નામને ભાવમાં અને કર્મમાં **अण्** પ્રત્યય થાય છે. **पुरुषस्य भावः कर्म वा** અને **हृदयस्य भावः कर्म वा** આ અર્થમાં **पुरुष** અને **हृदय** નામને આ સૂત્રથી **अण्** પ્રત્યય. '**हृदय०** ३-२-९४' થી **हृदय** નામને **हृद्** આદેશ. '**वृद्धिः०** ७-४-१' થી આદ્યસ્વર **उ** અને **ऋ** ને વૃદ્ધિ **औ** અને **आर्** આદેશ. '**अवर्णे०** ७-४-६८' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **पौरुषम्** અને **हार्दम्** આવો પ્રયોગ થાય છે. **त्व** અને **तल्** પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી **त्व** અને **तल्** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **पुरुषत्वम्** અને **पुरुषता** વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-પુરુષનો ભાવ અને કર્મ. હૃદયનો ભાવ અને કર્મ. **असमास इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસનો વિષય ન હોય તો જ **पुरुष** અને **हृदय** નામને ભાવમાં અને કર્મમાં **अण्** પ્રત્યય થાય છે. તેથી **परमस्य**

पुरुषस्य भावः कर्म वा અહીં કર્મધારયસમાસના વિષયમાં આ સૂત્રથી- पुरुष નામને अण् પ્રત્યય ન થવાથી परमपौरुषम् આવો પ્રયોગ થતો નથી. પરન્તુ पुरुष નામને 'भावे० ७-१-५५' થી त्व પ્રત્યયાદિ કાર્ય થવાથી परमपुरुषत्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ- શ્રેષ્ઠ પુરુષનો ભાવ અથવા કર્મ. અહીં યાદ રાખવું કે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસ ન હોય તો જ પ્રત્યયનું વિધાન કરવા દ્વારા સમાસના વિષયમાં નિષેધ કરીને જણાવ્યું છે કે અન્યત્ર સાપેક્ષ નામને પણ ભાવમાં પ્રત્યય વિહિત છે. તેથી काकस्य कार्ष्ण्यम् ઈત્યાદિ પ્રયોગો થાય છે. ॥७०॥

## श्रोत्रियाद् यलुक् च ७।१।७१॥

श्रोत्रिय નામને ભાવમાં અને કર્મમાં अण् પ્રત્યય થાય છે; અને ત્યારે श्रोत्रिय નામના य નો લોપ થાય છે. श्रोत्रियस्य भावः कर्म वा આ અર્થમાં આ સૂત્રથી श्रोत्रिय નામને अण् પ્રત્યય; અને य નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી श्रौत्रम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી અધિકૃત त्व અને तल् પ્રત્યયાદિ કાર્ય થવાથી श्रोत्रियत्वम् અને श्रोत्रियता આવો પ્રયોગ થાય છે. તેમ જ 'चौरादेः ७-१-७३' થી अकञ् [अक] પ્રત્યય વગેરે કાર્ય થવાથી श्रौत्रियकम् આવો પણ પ્રયોગ થાય છે. અર્થ–શ્રોત્રિયનો ભાવ અથવા કર્મ. [શ્રોત્રિય બ્રાહ્મણવિશેષ છે.] ॥७१॥

## योपान्त्याद् गुरूपोत्तमादसुप्रख्यादकञ् ७।१।७२॥

य् ઉપાન્ત્ય છે જેમાં અને ગુરુ સ્વર ઉપોત્તમ [ ત્રણ-

ચાર....વગેરે જેટલા સ્વર હોય એમાંના અન્ત્યસ્વરની અવ્યવહિત પૂર્વ સ્વરને ઉપોત્તમ સ્વર કહેવાય છે.] છે જેમાં એવા; **सुप्रख्य** નામથી ભિન્ન નામને ભાવમાં અને કર્મમાં **अकञ्** [**अक**] પ્રત્યય થાય છે. **रमणीयस्य भावः कर्म वा** આ અર્થમાં તેમ જ **आचार्यस्य भावः कर्म वा** આ અર્થમાં **रमणीय** અને **आचार्य** નામને [આ બન્ને નામમાં ઉપાન્ત્ય **य्** છે અને ઉપોત્તમ **ई** અને **आ** સ્વર ગુરુ છે] આ સૂત્રથી **अकञ्** પ્રત્યય. '**वृद्धिः**० ૭-૪-૧' થી આદ્ય સ્વર **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. '**अवर्णे**० ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **रामणीयकम्** અને **आचार्यकम्** આવો પ્રયોગ થાય છે. તેમ જ આ સૂત્રથી અધિકૃત **त्व** અને **तल्** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **रमणीयत्वम्** અને **रमणीयता** વગેરે પ્રયોગ પણ થાય છે. અર્થ ક્રમશઃ–રમણીયતા અથવા રમણીયનું કર્મ. આચાર્યનો ભાવ અથવા આચાર્યનું કર્મ.

**गुरूपोत्तमादिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सुप्रख्य** નામથી ભિન્ન–યોપાન્ત્ય અને ગુરૂપોત્તમ જ [લઘુસ્વર ઉપોત્તમ હોય અથવા ગુરુસ્વર ઉપાન્ત્ય હોય તો નહિ] નામને ભાવમાં અને કર્મમાં **अकञ्** પ્રત્યય થાય છે. તેથી **क्षत्रियस्य भावः कर्म वा** અને **कायस्य भावः कर्म वा** આ અર્થમાં **क्षत्रिय** અને **काय** નામને [આ બંન્ને નામમાં **य्** ઉપાન્ત્ય છે પરન્તુ તે નામ અનુક્રમે લઘુસ્વર **इ** ઉપોત્તમવાળું અને ગુરુસ્વર **आ** ઉપાન્ત્યવાળું છે. ઉપોત્તમ ગુરુસ્વરવાળું એક પણ નામ નથી] આ સૂત્રથી **अकञ्** પ્રત્યય ન થવાથી '**भावे**० ૭-૧-૫૫' થી **त्व** પ્રત્યયાદિ કાર્ય થવાથી **क्षत्रियत्वम्** અને **कायत्वम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ક્ષત્રિયનો ભાવ અથવા તેનું કર્મ. શરીરનો ભાવ અથવા તેનું કર્મ.

**असुप्रख्यादिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सुप्रख्य** નામમાં **य्** ઉપાન્ત્ય હોવા છતાં અને ઉપોપાન્ત્ય **अ**

સ્વર ગુરુ હોવા છતાં તેને ભાવ અને કર્મમાં अकञ् પ્રત્યય થતો નથી. તેથી सुप्रख्य નામને 'भावे० ७-१-५५' થી त्व પ્રત્યયાદિ કાર્ય અને 'पति-राजा० ७-१-६०' થી ट्यण् પ્રત્યયાદિ કાર્ય તે સૂત્રમાં [७-१-६०માં] જણાવ્યા મુજબ થવાથી सुप्रख्यत्वम् અને सौप्रख्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ-સુપ્રખ્યનો [શોભાવાનનો] ભાવ અથવા તેનું કર્મ. ॥૭૨॥

## चौरादेः ७।१।७३॥

चौरादि ગણપાઠમાંનાં चौर વગેરે નામને ભાવમાં અને કર્મમાં अकञ् [अक] પ્રત્યય થાય છે. चौरस्य भावः कर्म वा અને धूर्त्तस्य भावः कर्म वा આ અર્થમાં चौर અને धूर्त નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. चौरक અને धौर्तक નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય. 'अस्या० २-४-१११' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી चौरिका અને धौर्तिका આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યયાદિ કાર્ય થવાથી चौरत्वम् અને चौरता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ચોરનો ભાવ અથવા તેનું કર્મ. ધૂર્ત્તનો ભાવ અથવા તેનું કર્મ. ॥૭૩॥

## द्वन्द्वाल्लित् ७।१।७४॥

द्वन्द्व સમાસને ભાવ અને કર્મમાં લિદ્ अकञ् [अक] પ્રત્યય થાય છે. विन्नोर्भावः कर्म वा [विश्च पक्षी ना च नरस्तयो र्विन्नोः] આ અર્થમાં विनृ નામને આ સૂત્રથી अकल्ञ् [अक] પ્રત્યય.

'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'ऋतो० ૧-૨-૨૬' થી અન્ત્ય ऋ ને र् આદેશ. वैत्रक નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી वैत्रिका [જુઓ સૂ.નં. ૭-૧-૭૩] આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ त्व અને तल् પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી त्व અને तल् પ્રત્યયાદિ કાર્ય થવાથી विनृत्वम् અને विनृता આવો પ્રયોગ થાય છે. અર્થ–પક્ષી અને મનુષ્યનો ભાવ અથવા કર્મ. ॥૭૪॥

## गोत्र-चरणाच्श्लाघाऽत्याकार–प्राप्त्यवगमे ૭।૧।૭૫॥

ગોત્રાર્થક અને ચરણાર્થક નામને ભાવ અર્થમાં તેમ જ કર્મ અર્થમાં; શ્લાઘા [પ્રશંસા], અત્યાકાર [નિંદા], પ્રાપ્તિ અને અવગમ [જાણવું] અર્થ ગમ્યમાન હોય તો લિત્-अकञ् [अकल्ञ्] પ્રત્યય થાય છે. गार्ग्यस्य भावः कर्म वा અને कठस्य भावः कर्म वा આ અર્થમાં ગોત્રાર્થક गार्ग्य નામને અને ચરણાર્થક कठ નામને આ સૂત્રથી अकल्ञ् [अक] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'तद्धित० ૨-૪-૧૨' થી गार्ग्य નામના य् નો લોપ. गार्गक અને काठक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી गार्गिका અને काठिका નામ બને છે. જેથી गार्गिकया श्लाघते; अत्याकुरुते वा અને गार्गिकां प्राप्तोऽवगतो वा... ઈત્યાદિ પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગર્ગના ગોત્રાપત્યના સ્વભાવ અથવા કર્મ દ્વારા પ્રશંસા કરે છે અથવા નિંદા કરે છે. ગર્ગના ગોત્રાપત્યના સ્વભાવ અથવા કર્મને પ્રાપ્ત કરે છે અથવા જાણે છે. આવી જ

રીતે કઠ [વેદની શાખાને ભણનાર]ના સ્વભાવ અથવા કર્મ દ્વારા પ્રશંસા કરે છે... ઈત્યાદિ અર્થ જાણવો.

**श्लाघादिष्विति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શ્લાઘાદિ અર્થ ગમ્યમાન હોય તો જ ગોત્રાર્થક અને ચરણાર્થક નામને ભાવમાં અને કર્મમાં **अकञ्** પ્રત્યય થાય છે. તેથી શ્લાઘાદિ અર્થનો વિષય ન હોય ત્યારે **गार्ग्यस्य भावः कर्म वा** અને **कठस्य भावः कर्म वा** આ અર્થમાં **गार्ग्य** અને **कठ** નામને આ સૂત્રથી **अकञ्** પ્રત્યય ન થવાથી **'प्राणिजाति० ७-१-६६'** થી **अञ्** [**अ**] પ્રત્યય...ઉપર જણાવ્યા મુજબ આદ્ય સ્વર **अ** ને વૃદ્ધિ, અન્ત્ય **अ** નો લોપ. અને **गार्ग्य** નામના **य्** નો લોપ વગેરે કાર્ય થવાથી **गार्गम्** અને **काठम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ગર્ગના ગોત્રાપત્યનો સ્વભાવ અને કર્મ. કઠનો સ્વભાવ અને કર્મ. આ સૂત્રમાં **त्व** અને **तल्** પ્રત્યયનો અધિકાર ચાલુ હોવાથી **गार्ग्यत्वम्** અને **गार्ग्यता**...ઈત્યાદિ પ્રયોગ પણ જાણવા. ॥૭૫॥

## होत्राभ्य ईयः ७।१।७६॥

હોત્રાર્થક [ઋત્વિગ્-વિશેષાર્થક] નામને ભાવમાં અને કર્મમાં **ईय** પ્રત્યય થાય છે. **मैत्रावरुणस्य भावः कर्म वा** આ અર્થમાં **मैत्रावरुण** નામને આ સૂત્રથી **ईय** પ્રત્યય. **'अवर्णे० ७-४-६८'** થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **मैत्रावरुणीयम्** આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પણ **त्व तल्** પ્રત્યયનો અધિકાર હોવાથી આ સૂત્રથી **त्व** અને **तल्** પ્રત્યય પણ થાય છે. અર્થ–મૈત્રાવરુણનો ભાવ અથવા તેનું કર્મ. સૂત્રમાં બહુવચનનો નિર્દેશ તદર્થ નામોના સંગ્રહ માટે છે. અન્યથા માત્ર **होत्रा** નામને જ પ્રત્યય થાત. ॥૭૬॥

## ब्रह्मणस्त्वः ७।१।७७॥

ऋत्विग्-વિશેષાર્થક ब्रह्मन् નામને ભાવમાં અને કર્મમાં त्व પ્રત્યય થાય છે. ब्रह्मणो भावः कर्म वा આ અર્થમાં ब्रह्मन् નામને આ સૂત્રથી त्व પ્રત્યય. [सू. नं. ૭-૧-૭૬ થી વિહિત ईय નો અપવાદ છે.] 'नाम्नो० ૨-૧-૯૧' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી ब्रह्मत्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ–બ્રહ્મનો સ્વભાવ અથવા કર્મ. ॥૭૭॥

## शाकट–शाकिनौ क्षेत्रे ७।१।७८॥

આ સૂત્રમાં सू. नं. ૭-૧-૫૪માંના तस्य ની અનુવૃત્તિ ચાલુ છે. ષષ્ઠ્યન્ત નામને ક્ષેત્ર અર્થમાં शाकट અને शाकिन પ્રત્યય થાય છે. इक्षूणां क्षेत्रम् અને शाकस्य क्षेत्रम् આ અર્થમાં इक्षु અને शाक નામને આ સૂત્રથી અનુક્રમે शाकट અને शाकिन પ્રત્યય વગેરે કાર્ય થવાથી इक्षुशाकटम् અને शाकशाकिनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– શેલડીનું ખેતર. શાકનું ખેતર. ॥૭૮॥

## धान्येभ्य ईनञ् ७।१।७९॥

ધાન્યાર્થક ષષ્ઠ્યન્ત નામને ક્ષેત્રાર્થમાં ईनञ् [ईन] પ્રત્યય થાય છે. मुद्गानां क्षेत्रम् અને कोद्रवाणां क्षेत्रम् આ અર્થમાં मुद्ग અને कोद्रव નામને આ સૂત્રથી ईनञ् પ્રત્યય. 'वृद्धिः स्व० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ અને ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मौद्गीनम् અને कौद्रवीणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મગનું ખેતર. કોદરીનું ખેતર. ॥૭૯॥

## व्रीहि–शालेरेयण् ७।१।८०॥

ષષ્ઠ્યન્ત व्रीहि અને शालि નામને ક્ષેત્ર અર્થમાં एयण् [एय] પ્રત્યય થાય છે. व्रीहीणां क्षेत्रम् અને शालीनां क्षेत्रम् આ અર્થમાં व्रीहि અને शालि નામને આ સૂત્રથી एयण् પ્રત્યય.'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ई ને વૃદ્ધિ ऐ આદેશ...વગેરે કાર્ય થવાથી व्रैहेयम् અને शालेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-વ્રીહિનું ખેતર. શાલિનું ખેતર. ॥૮૦॥

## यव–यवक–षष्टिकाद् यः ७।१।८१॥

ષષ્ઠ્યન્ત यव, यवक અને षष्टिक નામને ક્ષેત્ર અર્થમાં य પ્રત્યય થાય છે. यवानां क्षेत्रम्; यवकानां क्षेत्रम् અને षष्टिकानां क्षेत्रम् આ અર્થમાં यव, यवक અને षष्टिक નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી यव्यम्, यवक्यम् અને षष्टिक्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–યવનું ખેતર. યવનું ખેતર. ષષ્ટિક [સાઈઠ રાતમાં તૈયાર થનાર વ્રીહિ] નું ખેતર. ॥૮૧॥

## वाऽणु-माषात् ७।१।८२॥

ષષ્ઠ્યન્ત अणु અને माष નામને ક્ષેત્ર અર્થમાં વિકલ્પથી य પ્રત્યય થાય છે. अणूनां क्षेत्रम् અને माषाणां क्षेत्रम् આ અર્થમાં अणु અને माष નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ...વગેરે કાર્ય થવાથી अणव्यम् અને माष्यम् આવો પ્રયોગ

થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य પ્રત્યય ન થાય ત્યારે 'धान्येभ्य० ૭-૧-૭૯' થી ईनञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી आणवीनम् અને माषीणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–અણુ [ધાન્યવિશેષ]નું ખેતર. અડદનું ખેતર. ॥૮૨॥

## वोमा-भङ्गा–तिलात् ૭।૧।૮૩॥

ષષ્ઠ્યન્ત उमा, भङ्गा અને तिल નામને ક્ષેત્ર અર્થમાં य પ્રત્યય વિકલ્પથી થાય છે. उमानां क्षेत्रम्; भङ्गानां क्षेत्रम् અને तिलानां क्षेत्रम् આ અર્થમાં उमा, भङ्गा અને तिल નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ તથા अ નો લોપ વગેરે કાર્ય થવાથી उम्यम्; भङ्ग्यम् અને तिल्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य પ્રત્યય ન થાય ત્યારે 'धान्येभ्य० ૭-૧-૭૯' થી ईनञ् [ईन] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ अ અને इ ને વૃદ્ધિ औ आ અને ऐ આદેશ...વગેરે કાર્ય થવાથી औमीनम्, भाङ्गीनम् અને तैलीनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ઉમા નામના ધાન્યનું ક્ષેત્ર. ભઙ્ગા નામના ધાન્યનું ક્ષેત્ર. તિલ નામના ધાન્યનું ક્ષેત્ર. ॥૮૩॥

## अलाब्वाश्च कटो रजसि ૭।૧।૮૪॥

ષષ્ઠ્યન્ત अलाबू, उमा, भङ्गा અને तिल નામને રજ [ધૂળ] અર્થમાં कट પ્રત્યય થાય છે. अलाबूनां रजः; उमानां रजः; भङ्गानां रजः અને तिलानां रजः આ અર્થમાં अलाबू, उमा, भङ्गा અને तिल નામને આ સૂત્રથી कट પ્રત્યય વગેરે કાર્ય થવાથી अलाबूकटम्, उमाकटम्, भङ्गाकटम् અને तिलकटम् આવો પ્રયોગ થાય છે.

અર્થ ક્રમશઃ- અલાબૂ [ફળવિશેષ]ની રજ. ઉમાની રજ. ભઙ્ગાની રજ. તિલની રજ. ઉમા વગેરે અનાજવિશેષ છે. ॥૮૪॥

## अह्ना गम्येऽश्वादीनञ् ७।१।८५॥

ષષ્ઠ્યન્ત अश्व નામને 'એક દિવસમાં જવાયોગ્ય' અર્થમાં ઈનञ् પ્રત્યય થાય છે. अश्वस्यैकेनाह्ना गम्यः આ અર્થમાં अश्व નામને આ સૂત્રથી ઈનञ् [ईन] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ....વગેરે કાર્ય થવાથી आश्वीनोऽध्वा આવો પ્રયોગ થાય છે. અર્થ-ઘોડાનો એક દિવસમાં જવાનો માર્ગ. ॥૮૫॥

## कुलाज्जल्पे ७।१।८६॥

ષષ્ઠ્યન્ત कुल નામને જલ્પ અર્થમાં ईनञ् [ईन] પ્રત્યય થાય છે. कुलस्य जल्पः આ અર્થમાં कुल નામને આ સૂત્રથી ईनञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौलीनः આવો પ્રયોગ થાય છે. અર્થ-કુલની પ્રશંસા. ॥૮૬॥

## पील्वादेः कुणः पाके ७।१।८७॥

पील्वादि ગણપાઠમાંનાં पीलु વગેરે षष्ठ्यन्त નામને પાક અર્થમાં कुण પ્રત્યય થાય છે. पीलूनां पाकः અને शमीनां पाकः આ અર્થમાં पीलु અને शमी નામને આ સૂત્રથી कुण પ્રત્યય વગેરે કાર્ય થવાથી पीलुकुणः અને शमीकुणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પીલુપાક. શમીપાક. ॥૮૭॥

## कर्णादि मूले जाहः ७।१।८८॥

कर्णादि ગણપાઠમાંનાં कर्ण વગેરે षष्ठ्यन्त નામને મૂલ અર્થમાં जाह પ્રત્યય થાય છે. कर्णस्य मूलम् અને अक्ष्णो मूलम् આ અર્થમાં कर्ण અને अक्षि નામને આ સૂત્રથી जाह પ્રત્યય વગેરે કાર્ય થવાથી कर्णजाहम् અને अक्षिजाहम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાનનું મૂલ. આંખનું મૂલ. ॥૮૮॥

## पक्षात् तिः ७।१।८९॥

ષષ્ઠ્યન્ત पक्ष નામને મૂલ અર્થમાં ति પ્રત્યય થાય છે. पक्षस्य मूलम् આ અર્થમાં पक्ष નામને આ સૂત્રથી ति પ્રત્યય વગેરે કાર્ય થવાથી पक्षतिः આવો પ્રયોગ થાય છે. અર્થ-પાંખનું મૂલ અથવા એકમ–પ્રતિપદાતિથિ. ॥૮૯॥

## हिमादेलुः सहे ७।१।९०॥

ષષ્ઠ્યન્ત हिम નામને सह [સહન કરનાર] અર્થમાં एलु પ્રત્યય થાય છે. हिमस्य सहः [हिमं सहमानः] આ અર્થમાં हिम નામને આ સૂત્રથી एलु પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हिमेलुः આવો પ્રયોગ થાય છે. અર્થ–હિમ સહન કરનાર. ॥૯૦॥

## बल–वातादूलः ७।१।९१॥

ષષ્ઠ્યન્ત बल અને वात નામને [સહન કરનાર] અર્થમાં ऊल પ્રત્યય થાય છે. बलस्य सहः [बलं सहमानः] અને वातस्य सहः [वातं सहमानः]આ અર્થમાં बल અને वात નામને આ સૂત્રથી ऊल પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય

થવાથી बलूलः અને वातूलः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–બલને સહન કરનાર. વાતને સહન કરનાર. ॥૧૧॥

## शीतोष्ण-तृप्रादालुरसहे ७।१।१२॥

ષષ્ઠ્યન્ત शीत, उष्ण અને तृप्र નામને असह [સહન નહિ કરનાર] અર્થમાં आलु પ્રત્યય થાય છે. शीतस्यासहः, उष्णस्यासहः અને तृप्रस्यासहः આ અર્થમાં शीत, उष्ण અને तृप्र નામને આ સૂત્રથી आलु પ્રત્યય વગેરે કાર્ય થવાથી शीतालुः, उष्णालुः અને तृप्रालुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શીતને સહન નહિ કરનાર. ઉષ્ણને સહન નહિ કરનાર. દુઃખને સહન નહિ કરનાર. ॥૧૨॥

## यथामुख–संमुखादीनस्तद् दृश्यतेऽस्मिन् ७।१।१३॥

પ્રથમાન્તાર્થ दृश्यते હોય તો પ્રથમાન્ત यथामुख અને संमुख નામને સપ્તમીના અર્થમાં ईन પ્રત્યય થાય છે. यथामुखं दृश्यतेऽस्मिन् અને संमुखं दृश्यतेऽस्मिन् આ અર્થમાં यथामुख નામને અને संमुख નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી यथामुखीन आदर्शः અને संमुखीनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - દર્પણ. દર્પણ. मुखस्य सदृशोऽर्थः [प्रतिबिम्बः] આ અર્થમાં સૂત્રમાં यथामुख આવો નિર્દેશ હોવાથી 'यथाऽथा ३-१-४१' થી અવ્યયીભાવસમાસનો નિષેધ હોવા છતાં यथामुखम् આવો પ્રયોગ નિષ્પન્ન છે. આવી જ રીતે संमुख આ પ્રમાણે સૂત્રમાં નિર્દેશ હોવાથી समं मुखमस्यानेन वा આ અર્થમાં सम ના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી संमुखम् આવો પ્રયોગ થયો છે. ॥૧૩॥

## सवादेः पथ्यङ्ग-कर्म-पत्र-पात्र-शरावं व्याप्नोति ७।१।९४॥

सर्व નામ છે પૂર્વપદ જેનું અને पथिन् अङ्ग कर्मन् पत्र पात्र તથા शराव નામ છે ઉત્તરપદ જેનું એવા દ્વિતીયાન્ત નામને व्याप्नोति અર્થમાં ईन પ્રત્યય થાય છે. सर्वपथं व्याप्नोति; सर्वाङ्गं व्याप्नोति; सर्वकर्माणि व्याप्नोति; सर्वपत्राणि व्याप्नोति; सर्वपात्राणि व्याप्नोति અને सर्वशरावान् व्याप्नोति આ અર્થમાં सर्वपथ सर्वाङ्ग सर्वकर्मन् सर्वपत्र सर्वपात्र અને सर्वशराव નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી सर्वपथीनो रथः; सर्वाङ्गीणस्तापः; सर्वकर्मीणो ना; सर्वपत्रीणो यन्ता; सर्वपात्रीणं भक्तम् અને सर्वशरावीणमोदनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સર્વ માર્ગને વ્યાપ્ત કરનાર રથ. સર્વાઙ્ગી તાવ. સર્વકાર્ય કરનાર મનુષ્ય. સર્વવાહનોને ચલાવનાર સારથી. બધા પાત્રમાં રહેલ ખાવાનું. બધાં કોડિયામાં રહેલ ભાત. [सर्वश्चासौ पन्थाश्च આ વિગ્રહમાં કર્મધારયસમાસ. 'ऋक्पू० ७-३-७६' થી अ સમાસાન્ત પ્રત્યય વગેરે કાર્ય થવાથી सर्वपथ નામ બને છે.] ॥९४॥

## आप्रपदम् ७।१।९५॥

आ प्रपदात् [पदाग्राद्] આ અર્થમાં અવ્યયીભાવસમાસાદિ કાર્યથી आप्रपद નામ બને છે. દ્વિતીયાન્ત आप्रपद નામને व्याप्नोति અર્થમાં ईन પ્રત્યય થાય છે. आप्रपदं व्याप्नोति આ અર્થમાં आप्रपद નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आप्रपदीनः पटः આવો પ્રયોગ થાય છે. અર્થ–પદના અગ્રભાગ સુધી અથવા પદના અગ્રભાગથી સંબન્ધ છે જેનો એવું કપડું. ॥९५॥

## अनुपदं बद्धा ७।१।९६॥

દ્વિતીયાન્ત **अनुपद** નામને **बद्धा** અર્થમાં **ईन** પ્રત્યય થાય છે. **अनुपदं बद्धा** આ અર્થમાં **अनुपद** નામને આ સૂત્રથી **ईन** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **अनुपदीना उपानत्** આવો પ્રયોગ થાય છે. અર્થ–પગના પ્રમાણોપેત જોડાં. ॥૯૬॥

## अयानयं नेयः ७।१।९७॥

દ્વિતીયાન્ત **अयानय** નામને નેય અર્થમાં **ईन** પ્રત્યય થાય છે. **अयानयं नेयः** આ અર્થમાં **अयानय** નામને આ સૂત્રથી **ईन** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **अयानयीनः** આવો પ્રયોગ થાય છે. અર્થ-જમણી અને ડાબી બાજુએ લઈ જવા યોગ્ય પાસો. જુગારમાં જમણી બાજુએ જે પાસાની ગતિ છે તેને **अय** કહેવાય છે. અને ડાબી બાજુની ગતિને **अनय** કહેવાય છે. અયસહિત **अनय** ને **अयानय** કહેવાય છે. ॥૯૭॥

## सर्वान्नमत्ति ७।१।९८॥

દ્વિતીયાન્ત **सर्वान्न** નામને **अत्ति** અર્થમાં **ईन** પ્રત્યય થાય છે. **सर्वान्नमत्ति** આ અર્થમાં **सर्वान्न** નામને આ સૂત્રથી **ईन** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **सर्वान्नीनो भिक्षुः** આવો પ્રયોગ થાય છે. અર્થ-બધું અન્ન ખાનાર–નિયમરહિત ભિક્ષુ. ॥૯૮॥

## परोवरीण–परम्परीण–पुत्रपौत्रीणम् ७।१।९९॥

अनुभवति–આ અર્થમાં परोवरीण, परम्परीण અને पुत्रपौत्रीण આ ईन પ્રત્યયાન્ત નામોનું નિપાતન કરાય છે. परावरान् अनुभवति આ અર્થમાં परावर નામને; परान् परतराञ्चानुभवति આ અર્થમાં परपरतर નામને અને पुत्रान् पौत्रांश्चानुभवति આ અર્થમાં पुत्रपौत्र નામને આ સૂત્રથી ईन પ્રત્યય. अवर નામના આદ્યસ્વર अ ને उ આદેશ. परपरतर નામને परंपर આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી परोवरीणः; परम्परीणः અને पुत्रपौत्रीणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પર [શ્રેષ્ઠ] અવર [નીચા]ને જાણનાર. પરપરતરને જાણે છે. પુત્ર-પૌત્રને જાણે છે-જુએ છે. ॥૯૯॥

## यथाकामाऽनुकामाऽत्यन्तं गामिनि ७।१।१००॥

દ્વિતીયાન્ત यथाकाम, अनुकाम અને अत्यन्त નામને गामिन् અર્થમાં ईन પ્રત્યય થાય છે. यथाकामं गामी, अनुकामं गामी અને अत्यन्तं गामी આ અર્થમાં यथाकाम, अनुकाम અને अत्यन्त નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી यथाकामीनः; अनुकामीनः અને अत्यन्तीनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઈચ્છા મુજબ ગમન કરનાર. ઈચ્છા મુજબ ગમન કરનાર. અત્યન્ત ગમન કરનાર.

## पारावारं व्यस्त–व्यत्यस्तं च ७।१।१०१॥

દ્વિતીયાન્ત સમસ્ત વ્યસ્ત અને વ્યત્યસ્ત पारावार નામને [पारावार पार अवार અને अवारपार નામને] गामिन् અર્થમાં ईन

પ્રત્યય થાય છે. पारावारं गामी; पारं गामी; अवारं गामी અને अवारपारं गामी આ અર્થમાં पारावार, पार, अवार અને अवारपार નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पारावारीणः, पारीणः, अवारीणः અને अवारपारीणः આવો પ્રયોગ થાય છે. અર્થ [બધાનો]– સમુદ્રમાં જનાર. ॥૧૦૧॥

अनुग्वलम् ७।१।१०२॥

દ્વિતીયાન્ત अनुगु નામને अलंगामिन् અર્થમાં ईन પ્રત્યય થાય છે. अनुगु अलंगामी આ અર્થમાં अनुगु નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अस्वय० ૭-૪-૭૦' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી अनुगवीनो गोपः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગાયની પાછળ અત્યધિક જનાર ગોવાળિયો. ॥૧૦૨॥

अध्वानं येनौ ७।१।१०३॥

દ્વિતીયાન્ત अध्वन् નામને अलंगामिन् અર્થમાં य અને ईन પ્રત્યય થાય છે. अध्वानमलंगामी આ અર્થમાં अध्वन् નામને આ સૂત્રથી य અને ईन પ્રત્યય વગેરે કાર્ય થવાથી अध्वन्यः અને अध्वनीनः આવો પ્રયોગ થાય છે. અર્થ—અત્યધિક માર્ગમાં જનાર. अध्वन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ 'ईने० ૭-૪-૪૮' થી નિષિદ્ધ છે. ॥૧૦૩॥

अभ्यमित्रमीयश्च ७।१।१०४॥

દ્વિતીયાન્ત अभ्यमित्र નામને अलंगामिन् અર્થમાં ईय य અને

ईन પ્રત્યય થાય છે. अभ्यमित्रमलंगामी આ અર્થમાં अभ्यमित्र નામને આ સૂત્રથી ईय य અને ईन પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अभ्यमित्रीयः; अभ्यमित्र्यः અને अभ्यमित्रीणः આવો પ્રયોગ થાય છે. અર્થ-સતત શત્રુની સામે જનાર. ॥૧૦૪॥

## समांसमीनाऽद्यश्वीनाऽद्यप्रातीनाऽऽगवीन-साप्तपदीनम् ७।१।१०५॥

ईन પ્રત્યયાન્ત समांसमीन, अद्यश्वीन, अद्यप्रातीन અને आगवीन આ નામોનું તેમ જ ईनञ् પ્રત્યયાન્ત साप्तपदीन નામનું નિપાતન કરાય છે. समां समां ['काला० ૨-૨-૪૨' થી દ્વિતીયા] गर्भं धारयति આ અર્થમાં समांसमा નામને આ સૂત્રથી ईन પ્રત્યય. નિપાતનના કારણે પૂર્વપદોત્તર વિભક્તિનો લોપ થતો નથી. તેથી 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી समांसमीना ['आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય.]गौः આવો પ્રયોગ થાય છે. અર્થ–પ્રતિવર્ષે ગર્ભ ધારણ કરનારી ગાય. अद्य श्वो वा विजनिष्यमाणा આ અર્થમાં अद्यश्वस् નામને આ સૂત્રથી ईन પ્રત્યય. તેમ જ अद्य प्रातर्वा भविष्यति આ અર્થમાં अद्यप्रातर् નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'प्रायो० ૭-૪-૬૫' થી અન્ત્ય अस् અને अर् નો લોપ...વગેરે કાર્ય થવાથી अद्यश्वीना गौः અને अद्यप्रातीनो लाभः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-આજકાલમાં પ્રસવ પામનારી ગાય. આજકાલમાં પ્રાપ્ત થનારો લાભ. आगोप्रतिदानं कारी આ અર્થમાં आगोप्रतिदान નામને આ સૂત્રથી ईन પ્રત્યય તથા प्रतिदान નામનો લોપ...વગેરે કાર્ય થવાથી आगवीनः कर्मकृत् આવો પ્રયોગ થાય છે. અર્થ–ગાયના પ્રતિદાન સુધી કામ કરનાર. सप्तभिः पदैरवाप्यम् આ અર્થમાં सप्तपद નામને આ સૂત્રથી ईनञ् [ईन] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને

वृद्धि આ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી साप्तपदीनम् सख्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ—સાત પગલાંથી પ્રાપ્ય મૈત્રી. ॥૧૦૫॥

अषडक्षाऽऽशितंग्वलङ्कर्माऽलंपुरुषादीनः ७।१।१०६॥

अषडक्ष, आशितंगु, अलंकर्मन् અને अलंपुरुष નામને સ્વાર્થમાં ईन પ્રત્યય થાય છે. अविद्यमानानि षडक्षीणि આ અર્થમાં નિષ્પન્ન બહુવ્રીહિસમાસને 'सक्थ्यक्ष्णः० ७-३-१२६' થી સમાસાન્ત ट પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अषडक्ष નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अषडक्षीणो मन्त्रः આવો પ્રયોગ થાય છે. અર્થ—જેમાં છ આંખ નથી એવો મન્ત્ર. आशिता गावोऽस्मिन् આ અર્થમાં નિષ્પન્ન आशितंगु [સૂત્ર- નિર્દેશ હોવાથી પૂર્વપદના અન્તે म् નો આગમ.]નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अस्वय० ७-४-७०' થી उ ને अव् આદેશ... વગેરે કાર્ય થવાથી आशितंगवीनमरण्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ-આશિત [ચરાવાયેલી] ગાયો છે જેમાં એવું અરણ્ય. अलं कर्मणे અને अलं पुरुषाय આ અર્થમાં નિષ્પન્ન अलङ्कर्मन् નામને અને अलंपुरुष નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अलङ्कर्मीणः અને अलंपुरुषीणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કામ માટે સમર્થ. પુરુષ માટે સમર્થ. ॥૧૦૬॥

अदिक्स्त्रियां वाऽञ्चः ७।१।१०७॥

સ્ત્રીલિઙ્ગ દિશાવાચક નામથી અન્ય—अञ्च् નામ છે

અન્તમાં જેના એવા નામને સ્વાર્થમાં વિકલ્પથી **ईन** પ્રત્યય થાય છે. **प्राच्** નામને આ સૂત્રથી **ईन** પ્રત્યયાદિ કાર્ય થવાથી **प्राचीनम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **ईन** પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે **प्राक्** આવો પ્રયોગ થાય છે. અર્થ–પ્રાચીન. **प्राची** નામને આ સૂત્રથી **ईन** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય ઈ નો લોપ. **प्राचीन** નામને સ્ત્રીલિંગમાં '**आत्** ૨-૪-૧૮'થી **आप्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **प्राचीना** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **ईन** પ્રત્યય વગેરે કાર્ય ન થાય ત્યારે **प्राची** આવો પ્રયોગ થાય છે. અર્થ–જૂની શાખા. **अदिक्स्त्रियामिति किम्** ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **अञ्च्** નામ જેના અંતમાં છે એવા સ્ત્રીલિંગ દિશાવાચક નામને સ્વાર્થમાં **ईन** પ્રત્યય થતો નથી. તેથી **प्राची दिक्** આવો પ્રયોગ થાય છે....ઈત્યાદિ બૃહદ્‌વૃત્તિમાં જોવું. અર્થ–પૂર્વ દિશા. ॥૧૦૭॥

### तस्य तुल्ये कः संज्ञाप्रतिकृत्योः ७।१।१०८॥

ષષ્ઠ્યન્ત નામને સંજ્ઞા અને પ્રતિકૃતિના વિષયમાં તુલ્ય અર્થમાં **क** પ્રત્યય થાય છે. **अश्वस्य तुल्यः** આ અર્થમાં **अश्व** નામને આ સૂત્રથી **क** પ્રત્યયાદિ કાર્ય થવાથી **अश्वकः** આવો પ્રયોગ થાય છે. અને **अश्वस्य तुल्यम्** આ અર્થમાં **अश्व** નામને આ સૂત્રથી **क** પ્રત્યયાદિ કાર્ય થવાથી **अश्वकं रूपम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ઘોડાના જેવો જીવવિશેષ. ઘોડાના જેવું રૂપ. ॥૧૦૮॥

### न नृपूजार्थध्वजचित्रे ७।१।१०९॥

તુલ્યાર્થ જો મનુષ્ય, પૂજાર્થ [પૂજ્ય પ્રતિમા]; ધ્વજ અને ચિત્ર હોય તો **क** પ્રત્યય ['૭-૧-૧૦૮' થી વિહિત]થતો નથી.

चञ्चायास्तुल्यः; अर्हतः सदृशः; सिंहस्य सदृशः અને भीमस्य सदृशः આ અર્થમાં ક્રમશઃ પુરુષ, પૂજાર્થ, ધ્વજ અને ચિત્રવિષયમાં चञ्चा, अर्हत्, सिंह અને भीम નામને 'तस्य० ૭-૧-૧૦૮' થી क પ્રત્યયની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી चञ्चा ना, अर्हत्, सिंहः અને भीमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ચંચા [ચાડિયો]પુરુષ. અરિહન્તપ્રતિમા. સિંહસમાન ધ્વજા. ભીમનું ચિત્ર. ॥૧૦૯॥

### अपण्ये जीवने ७।१।११०॥

તુલ્યાર્થ વિક્રેયભિન્ન જીવિકાની વસ્તુ હોય તો; 'तस्य० ૭-૧-૧૦૮' થી પ્રાપ્ત क પ્રત્યય થતો નથી. शिवस्य तुल्यः આ અર્થમાં પ્રતિકૃતિના વિષયમાં 'तस्य० ૭-૧-૧૦૮' થી शिव નામને પ્રાપ્ત क પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી शिवः આવો પ્રયોગ થાય છે. અર્થ-શિવની પ્રતિમા જે દેવલકોની જીવિકાનું સાધન છે. अपण्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુલ્યાર્થ વિક્રેયસ્વરૂપ જીવિકાની વસ્તુ હોય તો क પ્રત્યયનો નિષેધ થતો નથી. તેથી हस्तिनः सदृशाः આ અર્થમાં हस्तिन् નામને 'तस्य० ૭-૧-૧૦૮' થી क પ્રત્યય. 'नाम्नो० ૨-૧-૯૧' થી न् નો લોપ વગેરે કાર્ય થવાથી हस्तिकान् विक्रीणीते આવો પ્રયોગ થાય છે. અર્થ–માટીના હાથીઓને વેચે છે. અહીં જીવિકાની વસ્તુ હાથીનાં રમકડાં વિક્રેય છે. ॥૧૧૦॥

### देवपथादिभ्यः ७।१।१११॥

देवपथादि ગણપાઠમાંનાં देवपथ વગેરે નામને તુલ્યાર્થમાં સંજ્ઞા અને પ્રતિકૃતિના વિષયમાં क પ્રત્યય થતો નથી. देवपथस्य तुल्यः

અને हंसपथस्य तुल्यः આ અર્થમાં देवपथ અને हंसपथ નામને 'तस्य० ૭-૧-૧૦૮' થી क પ્રત્યયની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી देवपथः અને हंसपथः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દેવમાર્ગસદૃશ. હંસમાર્ગસદૃશ. ||૧૧૧||

### वस्तेरेयञ् ७|१|११२||

ષષ્ઠ્યન્ત वस्ति નામને તુલ્યાર્થમાં एयञ् [एय] પ્રત્યય થાય છે. वस्तेस्तुल्या આ અર્થમાં वस्ति નામને આ સૂત્રથી एयञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન वास्तेय નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી वास्तेयी प्रणालिका આવો પ્રયોગ થાય છે. અર્થ–મૂત્રાશયની સમાન નળી. ||૧૧૨||

### शिलाया एयच्च ७|१|११३||

ષષ્ઠ્યન્ત शिला નામને તુલ્યાર્થમાં एयच् અને एयञ् પ્રત્યય થાય છે. शिलायाः सदृशम् આ અર્થમાં शिला નામને આ સૂત્રથી एयच् [एय] અને एयञ् [एय] પ્રત્યય. एयञ् પ્રત્યયની પૂર્વે 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી બંન્ને સ્થાને અન્ત્ય आ નો લોપ.....વગેરે કાર્ય થવાથી शिलेयम् અને शैलेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ–પથ્થર જેવું દહીં. ||૧૧૩||

### शाखादेर्यः ७|१|११४||

शाखादि ગણપાઠમાંનાં शाखा વગેરે ષષ્ઠ્યન્ત નામને તુલ્યાર્થમાં

य પ્રત્યય થાય છે. शाखायास्तुल्यः અને मुखस्य तुल्यः આ અર્થમાં शाखा અને मुख નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી शाख्यः અને मुख्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શાખાતુલ્ય. મુખસમાન -મુખ્ય. ॥૧૧૪॥

## द्रो र्भव्ये ७।१।११५॥

ષષ્ઠ્યન્ત द्रु નામને ભવ્યસ્વરૂપ તુલ્ય અર્થમાં य પ્રત્યય થાય છે. અભિપ્રેત અર્થના પાત્રને ભવ્ય કહેવાય છે. द्रोस्तुल्यम् આ અર્થમાં द्रु નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી द्रव्यमयं ना स्वर्णादि च આવો પ્રયોગ થાય છે. અર્થ–વૃક્ષની જેમ ઉન્નતત્વાદિ ગુણયુક્ત આ પુરુષ. વિશિષ્ટ લાભપ્રદ સુવર્ણ વગેરે. ॥૧૧૫॥

## कुशाग्रादीयः ७।१।११६॥

ષષ્ઠ્યન્ત कुशाग्र નામને તુલ્ય અર્થમાં ईय પ્રત્યય થાય છે. कुशाग्रस्य तुल्या આ અર્થમાં कुशाग्र નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'आत् २-४-१८' થી कुशाग्रीय નામને आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી कुशाग्रीया बुद्धिः આવો પ્રયોગ થાય છે. અર્થ-કુશાગ્ર જેવી તીક્ષ્ણ બુદ્ધિ. ॥૧૧૬॥

## काकतालीयादयः ७।१।११७॥

काकतालीयादि ગણપાઠમાંનાં काकतालीय વગેરે ईय પ્રત્યયાન્ત નામો તુલ્યાર્થમાં સાધુ મનાય છે. काकतालस्य सदृशम् અને खलतिबिल्वस्य सदृशम् આ અર્થમાં काकताल અને खलतिबिल्व

નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી काकतालीयम् અને खलतिबिल्वीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાગડાનું બેસવું અને તાડવૃક્ષનું નમવું એના જેવી આકસ્મિક ઘટના. બિલ્વફળના ખાવાથી ટાલનો રોગ દૂર થવા જેવી ઘટના. ॥૧૧૭॥

## शर्करादेरण् ૭।૧।૧૧૮॥

શર્કરાદિ ગણપાઠમાંનાં शर्करा વગેરે ષષ્ઠ્યન્ત નામને તુલ્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. शर्करायास्तुल्यम् અને कपालिकायास्तुल्यम् આ અર્થમાં शर्करा અને कपालिका નામને આ સૂત્રથી अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી शार्करं दधि અને कापालिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સાકરની જેમ મીઠું દહીં. કપાલિકા જેવી તુચ્છ વસ્તુ. ॥૧૧૮॥

## अः सपत्न्याः ૭।૧।૧૧૯॥

ષષ્ઠ્યન્ત सपत्नी નામને તુલ્યાર્થમાં अ પ્રત્યય થાય છે. सपत्न्यास्तुल्यः આ અર્થમાં सपत्नी નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી सपत्नः આવો પ્રયોગ થાય છે. અર્થ–શત્રુ. ॥૧૧૯॥

## एकशालाया इकः ૭।૧।૧૨૦॥

ષષ્ઠ્યન્ત एकशाला નામને તુલ્યાર્થમાં इक પ્રત્યય થાય છે. एकशालायास्तुल्यम् આ અર્થમાં एकशाला નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય

થવાથી एकशालिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ–એક ઘર જેવું. ॥૧૨૦॥

## गोण्यादेश्चेकण् ७।१।१२१॥

गोण्यादि ગણપાઠમાંનાં गोणी વગેરે ષષ્ઠ્યન્ત નામને તુલ્યાર્થમાં તેમ જ ષષ્ઠ્યન્ત एकशाला નામને તુલ્યાર્થમાં इकण् પ્રત્યય થાય છે. गोण्यास्तुल्यम्, अङ्गुल्यास्तुल्यम् અને एकशालायास्तुल्यम् આ અર્થમાં गोणी, अङ्गुली અને एकशाला નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ओ, अ અને ए ને વૃદ્ધિ औ आ તથા ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई તથા आ નો લોપ વગેરે કાર્ય થવાથી गौणिकम्; आङ्गुलिकम् અને ऐकशालिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ગોણીસદૃશ. અઙ્ગુલીસદૃશ. એક ઘર જેવું. ॥૧૨૧॥

## कर्कलोहिताट्टीकण् च ७।१।१२२॥

ષષ્ઠ્યન્ત कर्क અને लोहित નામને તુલ્યાર્થમાં टीकण् તેમ જ इकण् પ્રત્યય થાય છે. कर्कस्य तुल्यः અને लोहितस्य तुल्यः આ અર્થમાં कर्क અને लोहित નામને આ સૂત્રથી टीकण् [ईक]તેમ જ इकण् [इक] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ અને ओ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી कार्कीकः कार्किकः અને लौहितीकः लौहितिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કર્ક [શુક્લ અશ્વ] સદૃશ. સ્ફટિક–જે લાલ નહિ હોવા છતાં લાલ દેખાય છે. ॥૧૨૨॥

## वेर्विस्तृते शाल–शङ्कटौ ७।१।१२३॥

वि નામને વિસ્તૃત અર્થમાં शाल અને शङ्कट પ્રત્યય થાય છે. वि નામને આ સૂત્રથી વિસ્તૃત અર્થમાં शाल અને शङ्कट પ્રત્યય વગેરે કાર્ય થવાથી विशालः અને विशङ्कटः આવો પ્રયોગ થાય છે. અર્થ–વિશાલ. ॥૧૨૩॥

## कटः ७।१।१२४॥

वि નામને વિસ્તૃત અર્થમાં कट પ્રત્યય થાય છે. वि નામને વિસ્તૃત અર્થમાં આ સૂત્રથી कट પ્રત્યય વગેરે કાર્ય થવાથી विकटः આવો પ્રયોગ થાય છે. અર્થ–વિશાલ. ॥૧૨૪॥

## सं-प्रोन्नेः संकीर्ण–प्रकाशाऽधिक–समीपे ७।१।१२५॥

सम्, प्र, उद् અને नि નામને અનુક્રમે सङ्कीर्ण, प्रकाश [પ્રગટ], अधिक અને समीप અર્થમાં कट પ્રત્યય થાય છે. સઙ્કીર્ણ અર્થમાં सम्, પ્રકાશ અર્થમાં प्र, અધિક અર્થમાં उद् અને સમીપ અર્થમાં नि નામને આ સૂત્રથી कट પ્રત્યયાદિ કાર્ય થવાથી सङ्कटः; प्रकटः; उत्कटः અને निकटः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– સઙ્કીર્ણ. પ્રગટ. અધિક. સમીપ. ॥૧૨૫॥

## अवात् कुटारश्चावनतेः ७।१।१२६॥

અવનત અર્થમાં अव નામને कुटार અને कट પ્રત્યય થાય છે. અવનત અર્થમાં अव નામને આ સૂત્રથી कुटार અને कट પ્રત્યય વગેરે કાર્ય થવાથી अवकुटारः અને अवकटः આવો પ્રયોગ થાય છે. અર્થ-નીચે નમેલો. ॥૧૨૬॥

## नासानति-तद्वतोष्टीट-नाट-भ्रटम् ७।१।१२७॥

अव नामने नासानति अने नासानतिमद् अर्थमां टीट, नाट अने भ्रट प्रत्यय थाय छे. नासाया नमनम् अने नासानति विंद्यते यस्मिन् आ अर्थमां अव नामने आ सूत्रथी टीट नाट अने भ्रट प्रत्यय वगेरे कार्य थवाथी अवटीटम्, अवनाटम् अने अवभ्राटम् आवो प्रयोग थाय छे. अर्थ-नाकनुं दबाई जवुं-चीचुं नाक अथवा तेवा नाकवाळो पुरुष. ॥१२७॥

## नेरिन-पिट-काश्चिकु-चि-चिकश्चास्य ७।१।१२८॥

नासानति अने नासानतिमद् अर्थमां नि नामने इन, पिट अने क प्रत्यय थाय छे; अने त्यारे नि नामने अनुक्रमे चिक्, चि अने चिक् आदेश थाय छे. नासाया नमनम् अने नासानति विंद्यते यस्मिन् आ अर्थमां नि नामने इन प्रत्यय अने नि ने चिक् आदेश; पिट प्रत्यय अने नि ने चि आदेश; तेम ज क प्रत्यय अने नि ने चिक् आदेश वगेरे कार्य थवाथी चिकिनम्; चिपिटम् अने चिक्कम् नासानमनम् नासादि च आवो प्रयोग थाय छे. अर्थ—नासिकानुं दबाई जवुं; अथवा तद्वद् नासिकादि. ॥१२८॥

## बिड—बिरीसौ नीरन्ध्रे च ७।१।१२९॥

नीरन्ध्र [गीच], नासानति अने नासानतिमद् अर्थमां नि नामने बिड अने बिरीस प्रत्यय थाय छे. नीरन्ध्र; नासानति अने नासानतिमद् अर्थमां आ सूत्रथी नि नामने बिड अने बिरीस प्रत्यय वगेरे कार्य थवाथी निबिडाः, निबिरीसाः केशाः अने निबिडम्, निबिरीसम् नासानमनम् नासादि च आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- घन-गीच वाळ. नासिकानुं बेसी जवुं अथवा तेवा प्रकारनी नासिका वगेरे. ॥१२९॥

क्लिन्नाल्लश्चक्षुषि चिल्-पिल्-चुल् चाऽस्य ७।१।१३०॥

क्लिन्न નામને ચક્ષુ અર્થમાં ल પ્રત્યય થાય છે. અને ત્યારે क्लिन्न નામને चिल्, पिल् અને चुल् આદેશ થાય છે. क्लिन्न નામને ચક્ષુ અર્થમાં આ સૂત્રથી ल પ્રત્યય અને क्लिन्न નામને चिल्, पिल् તથા चुल् આદેશ વગેરે કાર્ય થવાથી चिल्लम् पिल्लम् અને चुल्लम् આવો પ્રયોગ થાય છે. અર્થ—ભીની આંખ. ॥૧૩૦॥

उपत्यकाऽधित्यके ७।१।१३१॥

उप અને अधि નામને त्यक પ્રત્યયનું અનુક્રમે પર્વતાસન્ન ભૂમિ અને પર્વતાધિરૂઢ ભૂમિસ્વરૂપ અર્થમાં નિપાતન કરાય છે. उप નામને પર્વતાસન્ન ભૂમિ અર્થમાં અને अधि નામને પર્વતાધિરૂઢ ભૂમિ અર્થમાં આ સૂત્રથી त्यक પ્રત્યય. उपत्यक અને अधित्यक નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી उपत्यका गिर्यासन्ना भूः અને अधित्यका पर्वताऽधिरूढा भूः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પર્વતની નજીકની ભૂમિ. પર્વતની ઉપરની ભૂમિ. ॥૧૩૧॥

अवेः सङ्घात-विस्तारे कट—पटम् ७।१।१३२॥

ષષ્ઠ્યન્ત अवि નામને સઙ્ઘાત અને વિસ્તાર અર્થમાં અનુક્રમે कट અને पट પ્રત્યય થાય છે. अवीनां सङ्घातः આ અર્થમાં આ સૂત્રથી अवि નામને कट પ્રત્યય. તેમ જ अवीनां विस्तारः આ અર્થમાં अवि નામને આ સૂત્રથી पट પ્રત્યય વગેરે કાર્ય થવાથી अविकटः सङ्घातः અને अविपटो विस्तरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઘેટાંઓનો સમુદાય. ઘેટાંઓનો વિસ્તાર. ॥૧૩૨॥

**पशुभ्यः स्थाने गोष्ठः ७।१।१३३॥**

षष्ठ्यन्त पशुवायક નામને સ્થાન અર્થમાં गोष्ठ પ્રત્યય થાય છે. गवां स्थानम् આ અર્થમાં गो નામને તેમ જ अश्वानां स्थानम् આ અર્થમાં अश्व નામને આ સૂત્રથી गोष्ठ પ્રત્યય વગેરે કાર્ય થવાથી गोगोष्ठम् અને अश्वगोष्ठम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ગૌશાલા. અશ્વશાલા. ॥૧૩૩॥

**द्वित्वे गोयुगः ७।१।१३४॥**

*પશુવાચક ષષ્ઠ્યન્ત નામને દ્વિત્વ અર્થમાં गोयुग પ્રત્યય થાય* છે. गवो द्वित्वम् આ અર્થમાં गो નામને આ સૂત્રથી गोयुग પ્રત્યય વગેરે કાર્ય થવાથી गोगोयुगम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ગાયોનું દ્વિત્વ [બે ગાય.] ॥૧૩૪॥

**षट्त्वे षड्गवः ७।१।१३५॥**

પશુવાચક ષષ્ઠ્યન્ત નામને ષટ્ત્વ અર્થમાં षड्गव પ્રત્યય થાય છે. हस्तिनां षट्त्वम् આ અર્થમાં हस्तिन् નામને આ સૂત્રથી षड्गव પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી हस्तिन् ના न् નો લોપ વગેરે કાર્ય થવાથી हस्तिषड्गवम् આવો પ્રયોગ થાય છે. અર્થ-હાથીઓનું ષટ્ત્વ [છ હાથી]. ॥૧૩૫॥

**तिलादिभ्यः स्नेहे तैलः ७।१।१३६॥**

ષષ્ઠ્યન્ત तिलादि ગણપાઠમાંનાં तिल વગેરે નામને સ્નેહ અર્થમાં तैल પ્રત્યય થાય છે. तिलानां स्नेहः અને सर्षपानां स्नेहः

આ અર્થમાં तिल અને सर्षप નામને આ સૂત્રથી तैल પ્રત્યય વગેરે કાર્ય થવાથી तिलतैलम् અને सर्षपतैलम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તલનું તેલ. સરસિયાનું તેલ. ॥૧૩૬॥

### तत्र घटते कर्मणष्ठः ७।१।१३७॥

સપ્તમ્યન્ત कर्मन् નામને घटते અર્થમાં ठ પ્રત્યય થાય છે. कर्मणि घटते આ અર્થમાં कर्मन् નામને આ સૂત્રથી ठ પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી कर्मन् ના न् નો લોપ વગેરે કાર્ય થવાથી कर्मठः આવો પ્રયોગ થાય છે. અર્થ-કર્મમાં યોગ્ય. ॥૧૩૭॥

### तदस्य सञ्जातं तारकादिभ्य इतः ७।१।१३८॥

પ્રથમાન્ત तारकादि ગણપાઠમાંનાં तारका વગેરે નામને પ્રથમાન્ત પદાર્થ સંજાત હોય તો ષષ્ઠ્યર્થમાં इत પ્રત્યય થાય છે. तारकाः सञ्जाता अस्य અને पुष्पाणि सञ्जातान्यस्य આ અર્થમાં तारका અને पुष्प નામને આ સૂત્રથી इत પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ તથા अ નો લોપ વગેરે કાર્ય થવાથી तारकितं नभः અને पुष्पितस्तरुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– જેમાં તારાઓનો ઉદય થયો છે તે આકાશ. જેમાં ફૂલો આવી ગયાં છે તે વૃક્ષ. ॥૧૩૮॥

### गर्भादप्राणिनि ७।१।१३९॥

પ્રથમાન્ત गर्भ નામને; પ્રથમાન્ત પદાર્થ સઞ્જાત હોય તો પ્રાણીભિન્ન ષષ્ઠ્યર્થમાં इत પ્રત્યય થાય છે. गर्भः सञ्जातोऽस्य આ અર્થમાં गर्भ નામને આ સૂત્રથી इत પ્રત્યય. 'अवर्णे० ७-४-६८'

થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गर्भितो व्रीहिः આવો પ્રયોગ થાય છે. અર્થ–જેમાં ગર્ભ આવી ગયો છે એવું ધાન્ય. ॥૧૩૯॥

## प्रमाणान्मात्रट् ७।१।१४०॥

પ્રથમાન્ત પ્રમાણાર્થક નામને ષષ્ઠ્યર્થમાં मात्रट् પ્રત્યય થાય છે. जानु प्रमाणमस्य આ અર્થમાં जानु નામને આ સૂત્રથી मात्रट् [मात्र] પ્રત્યય વગેરે કાર્ય થવાથી जानुमात्रं जलम् આવો પ્રયોગ થાય છે. અર્થ–ઢીંચણ સુધી ઊંડું પાણી. तन्मानमस्याः આ અર્થમાં तद् નામને આ સૂત્રથી मात्रट् પ્રત્યય. तन्मात्र નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી तन्मात्री भूः આવો પ્રયોગ થાય છે. અર્થ–તેટલી લાંબી ભૂમિ. આયામ પ્રમાણ સ્વરૂપ છે, જેના ઊર્ધ્વમાન અને તિર્યગ્માન એવા બે ભેદ છે, જેનાં અનુક્રમે ઉપર ઉદાહરણ આપ્યાં છે. ॥૧૪૦॥

## हस्ति-पुरुषाद् वाऽण् ७।१।१४१॥

પ્રથમાન્ત પ્રમાણાર્થક हस्तिन् અને पुरुष નામને ષષ્ઠ્યર્થમાં વિકલ્પથી अण् પ્રત્યય થાય છે. हस्ती प्रमाणमस्य અને पुरुषः प्रमाणमस्य આ અર્થમાં हस्तिन् નામને અને पुरुष નામને આ સૂત્રથી अण् [अ]પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અને उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हास्तिनम् અને पौरुषम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યય ન થાય ત્યારે 'प्रमाणा० ७-१-१४०' થી मात्रट् પ્રત્યય તથા 'वोर्ध्वं० ७-१-१४२' થી दघ्नट् [दघ्न]અને द्वयसट् [द्वयस]પ્રત્યય,

'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી हस्तिमात्रम्, पुरुषमात्रम्; हस्तिदघ्नम्, पुरुषदघ्नम् અને हस्तिद्वयसम्, पुरुषद्वयसम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હાથીપ્રમાણ ઊંડું પાણી. પુરુષપ્રમાણ ઊંડું પાણી. ॥૧૪૧॥

## वोर्ध्वं दघ्नट् द्वयसट् ७।१।१४२॥

ઊર્ધ્વપ્રમાણાર્થક પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં વિકલ્પથી दघ्नट् [दघ्न] અને द्वयसट् [द्वयस]પ્રત્યય થાય છે. ऊरुः प्रमाणमस्य આ અર્થમાં ऊरु નામને આ સૂત્રથી दघ्नट् અને द्वयसट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી ऊरुदघ्नम् અને ऊरुद्वयसम् जलम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दघ्नट् અને द्वयसट् પ્રત્યય ન થાય ત્યારે 'प्रमाणा० ७-१-१४०' થી मात्रट् પ્રત્યયાદિ કાર્ય થવાથી ऊरुमात्रं जलम् આવો પ્રયોગ થાય છે. અર્થ-જંઘાપ્રમાણ ઊંડું પાણી. ऊर्ध्वमिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમાન્ત ऊर्ध्व પ્રમાણાર્થક જ [તિર્યક્પ્રમાણાર્થકને પણ નહિ] નામને ષષ્ઠ્યર્થમાં વિકલ્પથી दघ्नट् અને द्वयसट् પ્રત્યય થાય છે. તેથી रज्जुः प्रमाणमस्याः આ અર્થમાં પ્રથમાન્ત તિર્યક્પ્રમાણાર્થક रज्जु નામને આ સૂત્રથી दघ्नट् કે द्वयसट् પ્રત્યય ન થવાથી 'प्रमाणा० ७-१-१४०' થી मात्रट् પ્રત્યયાદિ કાર્ય તેમાં જણાવ્યા મુજબ થવાથી रज्जुमात्री भूः આવો પ્રયોગ થાય છે. અર્થ-રજ્જુપ્રમાણ ભૂમિ. ॥૧૪૨॥

## मानादसंशये लुप् ७।१।१४३॥

સાક્ષાત્ માનાર્થક પ્રથમાન્ત પ્રમાણવાચક हस्त वितस्ति વગેરે જે પ્રસિદ્ધ છે તે નામને [रज्जु વગેરે નામો લક્ષણાથી પ્રમાણ-

વાચક તરીકે પ્રયોજાય છે તેને નહિ] વિહિત मात्रट् વગેરે પ્રત્યયનો અસંશયાર્થ ગમ્યમાન હોય તો લુપ્ [લોપ]થાય છે. हस्तः प्रमाणमस्य અને वितस्तिः प्रमाणमस्य આ અર્થમાં 'प्रमाणा० ૭-૧-૧૪૦' થી हस्त અને वितस्ति નામથી વિહિત मात्रट् પ્રત્યયનો આ સૂત્રથી લુપ્ વગેરે કાર્ય થવાથી हस्तः અને वितस्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– હાથપ્રમાણ. વેંતપ્રમાણ. मानादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંશય અર્થ ગમ્યમાન હોય તો સાક્ષાત જ [લક્ષણાથી નહિ] માનાર્થક પ્રથમાન્ત પ્રમાણવાચક નામથી ષષ્ઠ્યર્થમાં વિહિત मात्रट् વગેરે પ્રત્યયનો લુપ્ થાય છે. તેથી ऊरुः प्रमाणमस्य આ અર્થમાં 'प्रमाणा० ૭-૧-૧૪૦' થી ऊरु નામથી વિહિત मात्रट् પ્રત્યયનો આ સૂત્રથી લુપ્ થતો નથી. [કારણ કે ऊरु નામ સાક્ષાદ્ માનાર્થક નથી.] તેથી ऊरुमात्रं जलम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઊરુપ્રમાણ જલ. असंशय इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સાક્ષાદ્ માનાર્થક પ્રથમાન્ત પ્રમાણવાચક નામથી વિહિત मात्रट् વગેરે પ્રત્યયનો, અસંશય અર્થ ગમ્યમાન હોય તો જ લુપ્ થાય છે. તેથી शममात्रं स्यात् અહીં સંશય અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शमः प्रमाणमस्य આ અર્થમાં शम નામથી વિહિત मात्रट् પ્રત્યયનો લુપ્ થતો નથી. અર્થ-એક હાથપ્રમાણ હશે. ॥૧૪૩॥

## द्विगोः संशये च ७।१।१४४॥

માનવાચક નામ છે અન્તમાં જેના એવા દ્વિગુસમાસથી વિહિત मात्रट् વગેરે પ્રત્યયનો સંશય અને અસંશય અર્થ ગમ્યમાન હોય તો લુપ્ થાય છે. द्वौ [द्वे] वितस्ती प्रमाणमस्य स्यात् અને द्वौ प्रस्थौ प्रमाणमस्य स्यात् આ અર્થમાં द्विवितस्ति અને द्विप्रस्थ નામને

'मात्रट् ૭-૧-૧૪૫' થી मात्रट् [मात्र] પ્રત્યય. તેનો આ સૂત્રથી લુપ્ વગેરે કાર્ય થવાથી द्विवितस्तिः અને द्विप्रस्थः स्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-બે વેંતપ્રમાણ હશે. બે પ્રસ્થપ્રમાણ હશે. ॥૧૪૪॥

## मात्रट् ૭।૧।૧૪૫॥

પ્રથમાન્ત માનાર્થક નામને સંશય અર્થ ગમ્યમાન હોય તો ષષ્ઠ્યર્થમાં मात्रट् [मात्र] પ્રત્યય થાય છે. प्रस्थो मानमस्य स्यात् આ અર્થમાં प्रस्थ નામને આ સૂત્રથી मात्रट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रस्थमात्रं स्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ–પ્રસ્થ જેટલું હશે. ॥૧૪૫॥

## शन्–शद्-विंशतेः ૭।૧।૧૪૬॥

शन् અને शद् જેના અન્તમાં છે એવા સંખ્યાવાચક તેમ જ विंशति–આ પ્રથમાન્ત માનાર્થક નામને સંશય અર્થ ગમ્યમાન હોય તો ષષ્ઠ્યર્થમાં मात्रट् પ્રત્યય થાય છે. दश मानमेषां स्यात्; त्रिंशद् मानमेषां स्यात् અને विंशतिर्मानमेषां स्यात् આ અર્થમાં दशन्; त्रिंशद् અને विंशति નામને આ સૂત્રથી मात्रट् [मात्र] પ્રત્યય. 'नाम्नो० ૨-૧-૯૧' થી दशन् નામના न् નો લોપ વગેરે કાર્ય થવાથી दशमात्राः त्रिंशन्मात्राः અને विंशतिमात्राः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– દશ હશે. ત્રીશ હશે. વીશ હશે. ॥૧૪૬॥

## डिन् ૭।૧।૧૪૭॥

પ્રથમાન્ત માનાર્થક–शन् અને शद् અન્તમાં છે જેના એવા સઙ્ખ્યાવાચક નામને તેમ જ विंशति નામને ષષ્ઠ્યર્થમાં डिन् [इन्]

પ્રત્યય થાય છે. पञ्चदश परिमाणमस्य, त्रिंशत् परिमाणमस्य અને विंशतिः परिमाणमेषाम् આ અર્થમાં पञ्चदशन्, त्रिंशत् અને विंशति નામને આ સૂત્રથી डिन् પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્યસ્વરાદિનો [અનુક્રમે अन् અને अत् નો] લોપ. 'विंशते० ૭-૪-૬૭' થી विंशति ના ति નો લોપ. ત્યારબાદ ઉપર જણાવ્યા મુજબ અન્ત્યસ્વરાદિ [अ] નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चदशी अर्धमासः; त्रिंशी मासः અને विंशिनो भवनेन्द्राः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પંદર દિવસનો અર્ધમાસ. ત્રીશ દિવસનો માસ. વીશ ભવનપતિના ઈન્દ્રો. ॥૧૪૭॥

## इदं-किमोऽतुरिय-किय् चास्य ७।१।१४८॥

પ્રથમાન્ત માનાર્થક इदम् અને किम् નામને ષષ્ઠ્યર્થ मेय સ્વરૂપ અર્થમાં अतु [अत्] પ્રત્યય થાય છે; અને ત્યારે इदम् નામને इय् અને किम् નામને किय् આદેશ થાય છે. इदं मानमस्य અને किम् मानमस्य આ અર્થમાં આ સૂત્રથી इदम् અને किम् નામને अतु [अत्] પ્રત્યય તથા इदम् ને इय् અને किम् ને किय् આદેશ વગેરે કાર્ય થવાથી इयान् पटः અને कियान् पटः આવો પ્રયોગ થાય છે. પ્રમાણ, પરિમાણ, ઉન્માન અને સઙ્ખ્યા-આ ચાર પ્રકારે માન ચતુર્વિધ છે. ઉપર પ્રમાણનું ઉદાહરણ આપ્યું છે. इयद् धान्यम्, कियद् धान्यम् એ પરિમાણનું ઉદાહરણ છે. इयत् सुवर्णम्, कियत् सुवर्णम् આ ઉન્માનનું ઉદાહરણ છે. અને इयन्तो गुणिनः, कियन्तो गुणिनः આ સઙ્ખ્યાનું ઉદાહરણ છે. અર્થ ક્રમશઃ- આટલું કપડું. કેટલું કપડું. ॥૧૪૮॥

## यत्-तदेतदो डावादिः ७।१।१४९॥

માનાર્થક પ્રથમાન્ત यद्, तद् અને एतद् નામને ષષ્ઠ્યર્થ મેય સ્વરૂપ અર્થમાં डावतु[आवतु] પ્રત્યય થાય છે. यत्परिमाणमस्य, तत्परिमाणमस्य અને एतत्परिमाणमस्य આ અર્થમાં यद्, तद् અને एतद् નામને આ સૂત્રથી डावतु પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્યસ્વરાદિ [अद्]નો લોપ વગેરે કાર્ય થવાથી यावान् तावान् અને एतावान् धान्यराशिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– જેટલો, તેટલો, આટલો-ધાન્યરાશિ. ॥१४९॥

## यत्-तत्-किमः सङ्ख्याया डति र्वा ७।१।१५०॥

પ્રથમાન્ત સઙ્ખ્યાસ્વરૂપ માનાર્થક यद्, तद् અને किम् નામને સંખ્યેય [સઙ્ખ્યાવિશિષ્ટ] સ્વરૂપ ષષ્ઠ્યર્થમાં વિકલ્પથી डति [अति] પ્રત્યય થાય છે. या सङ्ख्या मानमेषाम्; सा सङ्ख्या मानमेषाम् અને का सङ्ख्या मानमेषाम् આ અર્થમાં यद्, तद् અને किम् નામને આ સૂત્રથી डति [अति] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अद् અને इम् નો લોપ વગેરે કાર્ય થવાથી यति, तति અને कति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી डति પ્રત્યય ન થાય ત્યારે यद् તથા तद् નામને 'यत्-तदो० ७-१-१४९' થી डावतु પ્રત્યય; અને किम् નામને 'इदं-किमो० ७-१-१४८' થી अतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી यावन्तः, तावन्तः અને कियन्तः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– જેટલા. તેટલા. કેટલા. ॥१५०॥

## अवयवात् तयट् ७।१।१५१॥

અવયવાર્થક સંખ્યાવાચક પ્રથમાન્ત નામને અવયવીસ્વરૂપ ષષ્ઠ્યર્થમાં तयट् [तय] પ્રત્યય થાય છે. पञ्च अवयवा यस्य આ અર્થમાં पञ्चन् નામને આ સૂત્રથી तयट् [तय] પ્રત્યય. 'नाम्नो० ૨-૧-૯૧' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चतयो यमः આવો પ્રયોગ થાય છે. અર્થ–પાંચ પ્રકારનો યમ [મહાવ્રત]. ॥૧૫૧॥

## द्वि-त्रिभ्यामयट् वा ७।१।१५२॥

અવયવાર્થક પ્રથમાન્ત द्वि અને त्रि નામને અવયવીસ્વરૂપ ષષ્ઠ્યર્થમાં વિકલ્પથી अयट् પ્રત્યય થાય છે. द्वाववयवावस्य અને त्रयोऽवयवा अस्य આ અર્થમાં द्वि અને त्रि નામને આ સૂત્રથી अयट् [अय]પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्वयम् અને त्रयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બેનો સમુદાય. ત્રણનો સમુદાય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अयट् પ્રત્યય ન થાય ત્યારે 'अवय० ७-१-१५१' થી तयट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्वितयम् અને त्रितयम् આવો પ્રયોગ થાય છે. ॥૧૫૨॥

## द्व्यादे र्गुणान्मूल्य–क्रेये मयट् ७।१।१५३॥

સંખ્યાર્થક પ્રથમાન્ત ગુણવાચક द्वि વગેરે નામને, તે નામો મૂલ્ય અથવા ક્રેયસ્વરૂપ અર્થના વાચક હોય તો ષષ્ઠ્યર્થમાં मयट् [मय] પ્રત્યય થાય છે. द्वौ गुणौ मूल्यमस्य અને त्रयो गुणा मूल्यमस्य આ અર્થમાં द्वि અને त्रि નામને આ સૂત્રથી मयट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विमयम् અને त्रिमयम् उदश्विद् यवानाम् આવો પ્રયોગ

થાય છે. તેમ જ द्वौ गुणौ क्रेयौ एषाम् અને त्रयो गुणाः क्रेया एषाम् આ અર્થમાં द्वि અને त्रि નામને આ સૂત્રથી मयट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विमयाः અને त्रिमया यवा उदश्वितः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– યવના બે ગુણ મૂલ્યવાળી છાસ. યવના ત્રણ ગુણ મૂલ્યવાળી છાસ. તક્રના બે ગુણ મૂલ્યથી ખરીદાતા યવ. તક્રના ત્રણ ગુણ મૂલ્યથી ખરીદાતા યવ. गुणादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંખ્યાર્થક પ્રથમાન્ત ગુણવાચક જ નામને, તે નામ મૂલ્ય અથવા ક્રેયવાચક હોય તો ષષ્ઠ્યર્થમાં मयट् પ્રત્યય થાય છે. તેથી द्वौ व्रीहि-यवौ मूल्यमस्य અહીં ગુણાર્થક द्वि નામ ન હોવાથી द्वि નામને આ સૂત્રથી मयट् પ્રત્યય થતો નથી. અર્થ–વ્રીહિ અને યવ બે છે મૂલ્ય જેનું. વિશેષજિજ્ઞાસુઓએ બૃહદ્વૃત્તિ જોવી જોઈએ. ॥૧૫૩॥

## अधिकं तत्सङ्ख्यमस्मिन् शतसहस्रे शति-शद्-दशान्ताया डः ७।१।१५४॥

शति, शद् અને दशन् છે અન્તમાં જેના એવા પ્રથમાન્ત સઙ્ખ્યાવાચક નામને; પ્રથમાન્ત પદાર્થ अधिक તથા शत અને सहस्र સંખ્યાવિશિષ્ટ જે પદાર્થ છે તે વસ્તુ હોય તો સપ્તમ્યર્થ શત અને સહસ્ર અર્થમાં ड [अ] પ્રત્યય થાય છે. योजनानां विंशतिरधिकाऽस्मिन् योजनशते योजनसहस्रे वा આ અર્થમાં विंशति નામને આ સૂત્રથી ड [अ] પ્રત્યય. 'विंशते० ૭-૪-૬૭' થી विंशति ના ति નો લોપ. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી विंश ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી विंशं योजनशतं योजनसहस्रम् वा આવો પ્રયોગ થાય છે. त्रिंशद् योजनानि अधिकानि अस्मिन् योजनशते योजनसहस्रे वा અને एकादश योजनानि अधिकानि अस्मिन् योजनशते योजनसहस्रे वा આ અર્થમાં त्रिंशद् અને एकादशन् નામને આ સૂત્રથી ड પ્રત્યય. 'डित्यन्त्य० ૨-

૧-૧૧૪' થી અન્ત્ય अद् અને अन् નો લોપ વગેરે કાર્ય થવાથી त्रिंशं योजनशतम् योजनसहस्रम् वा અને एकादशं योजनशतम् योजनसहस्रम् वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ૧૨૦ યોજન, ૧૦૨૦ યોજન. ૧૩૦ યોજન, ૧૦૩૦ યોજન. ૧૧૧ યોજન, ૧૦૧૧ યોજન. અહીં સમજી શકાય છે કે પ્રથમાન્ત પદાર્થ વીશ ત્રીશ કે અગ્યાર અધિક છે અને શત કે સહસ્ર વિશિષ્ટ તે વસ્તુ છે. [યોજન છે.]

तत्संख्यमिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શત્યાદ્યન્ત સઙ્ખ્યાવાચક પ્રથમાન્ત નામને; પ્રથમાન્તાર્થ અધિક અને તત્સંખ્ય [शत અને सहस्र સંખ્યાવિશિષ્ટ જે પદાર્થ છે તે ] જ હોય તો સપ્તમ્યર્થ शत અને सहस्र અર્થમાં ड પ્રત્યય થાય છે. તેથી विंशति र्दण्डा अधिका अस्मिन् योजनशते આ અર્થમાં विंशति નામને આ સૂત્રથી ड પ્રત્યય થતો નથી. કારણ કે અહીં પ્રથમાન્ત પદાર્થ વીશ, અધિક દંડસ્વરૂપ છે પરન્તુ તત્સંખ્ય [યોજન] નથી. અર્થ – વીશ દંડ અધિક છે જેમાં એવા સો યોજન. ॥૧૫૪॥

## सङ्ख्यापूरणे डट् ७।१।१५५॥

ષષ્ઠ્યન્ત સંખ્યાવાચક નામને સઙ્ખ્યાના પૂરણ અર્થમાં डट् પ્રત્યય થાય છે. एकादशानां पूरणी આ અર્થમાં एकादशन् નામને આ સૂત્રથી डट् [अ] પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્યસ્વરાદિ अन् નો લોપ. एकादश નામને 'अणञे० ૨-૪-૨૦ થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી एकादशी આવો પ્રયોગ થાય છે. અર્થ–અગ્યારસ. सङ्ख्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ષષ્ઠ્યન્ત સંખ્યાવાચક નામને સઙ્ખ્યાના જ પૂરણ અર્થમાં डट् [अ] પ્રત્યય થાય છે. તેથી एकादशानामुष्ट्रिकाणां पूरणो

घटः આ અર્થમાં एकादशन् નામને આ સૂત્રથી डट् [अ] પ્રત્યય થતો નથી. કારણ કે અહીં घट સંખ્યાનો પૂરણ નથી. પરન્તુ ઉષ્ટ્રિકાઓનો પૂરણ છે. અર્થ- અગ્યાર ઉષ્ટ્રિકાઓનો પૂરણ ઘટ. ઉષ્ટ્રિકા-દારૂ માટેનું માટીનું પાત્ર. ॥૧૫૫॥

## विंशत्यादे र्वा तमट् ७।१।१५६॥

ષષ્ઠ્યન્ત विंशति વગેરે સઙ્ખ્યાવાચક નામને સઙ્ખ્યા-પૂરણ અર્થમાં વિકલ્પથી तमट् [तम] પ્રત્યય થાય છે. विंशतेः पूरणः અને त्रिंशतः पूरणः આ અર્થમાં विंशति અને त्रिंशत् નામને આ સૂત્રથી तमट् [तम] પ્રત્યય વગેરે કાર્ય થવાથી विंशतितमः અને त्रिंशत्तमः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तमट् પ્રત્યય ન થાય ત્યારે 'सङ्ख्या० ७-१-१५५' થી डट् [अ] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अत् નો લોપ. 'विंशते० ७-४-६७' થી विंशति ના ति નો લોપ વગેરે [विंश ના अ નો 'डित्यन्त्य० २-१-११४' થી લોપ]કાર્ય થવાથી विंशः અને त्रिंशः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વીશમો. ત્રીશમો. ॥૧૫૬॥

## शतादि–मासाऽर्द्धमास–संवत्सरात् ७।१।१५७॥

ષષ્ઠ્યન્ત शत વગેરે સઙ્ખ્યાવાચક નામને તેમ જ मास, अर्द्धमास અને संवत्सर નામને સંખ્યાપૂરણ અર્થમાં तमट् [तम] પ્રત્યય થાય છે. शतस्य पूरणी; सहस्रस्य पूरणी; मासस्य पूरणः; अर्द्धमासस्य पूरणः અને संवत्सरस्य पूरणः આ અર્થમાં शत, सहस्र मास, अर्द्धमास અને संवत्सर નામને આ સૂત્રથી तमट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી शततमी; सहस्रतमी ['अणञे० २-४-२०' થી ङी પ્રત્યય.]; मासतमः, अर्द्धमासतमः અને संवत्सरतमः આવો પ્રયોગ

થાય છે. અર્થ ક્રમશઃ- સોમી. હજારમી. મહિનાનો છેલ્લો દિવસ. પક્ષનો છેલ્લો દિવસ. વર્ષનો છેલ્લો દિવસ. ॥૧૫૭॥

## षष्ट्यादेरसङ्ख्यादेः ७।१।१५८॥

સઙ્ખ્યાવાચક નામ જેની આદિમાં નથી–એવા षष्टि વગેરે ષષ્ઠ્યન્ત નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં तमट् પ્રત્યય થાય છે. षष्टेः पूरणः અને सप्ततेः पूरणः આ અર્થમાં षष्टि અને सप्तति નામને આ સૂત્રથી तमट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી षष्टितमः અને सप्ततितमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– સાઠમો. સિત્તેરમો. असङ्ख्यादेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સઙ્ખ્યાવાચક નામ જેની આદિમાં નથી એવા જ षष्टि વગેરે ષષ્ઠ્યન્ત નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં तमट् પ્રત્યય થાય છે. તેથી एकषष्टेः पूरणः આ અર્થમાં एकषष्टि નામને આ સૂત્રથી तमट् પ્રત્યય ન થવાથી 'सङ्ख्या० ૭-૧-૧૫૫' થી डट् [अ] પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્યસ્વરાદિનો લોપ...વગેરે કાર્ય થવાથી एकषष्टः આવો પ્રયોગ થાય છે. અર્થ-એકસઠમો. ॥૧૫૮॥

## नो मट् ७।१।१५९॥

સંખ્યાવાચક નામ જેની આદિમાં નથી એવા न् અન્તવાળા સઙ્ખ્યાવાચક ષષ્ઠ્યન્ત નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં मट् પ્રત્યય થાય છે. पञ्चानां पूरणी આ અર્થમાં पञ्चन् નામને આ સૂત્રથી मट् [म] પ્રત્યય. 'नाम्नो० ૨-૧-૯૧' થી અન્ત્ય न् નો લોપ. 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चमी આવો પ્રયોગ થાય છે. અર્થ-પચ્ચમી. असङ्ख्यादेरित्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંખ્યાદિ જ न् અન્તવાળા સંખ્યાવાચક

ષષ્ઠ્યન્ત નામને સંખ્યાપૂરણ અર્થમાં મટ્ પ્રત્યય થાય છે. તેથી द्वादशानां पूरणः અહીં द्वादशन् નામને આ સૂત્રથી મટ્ પ્રત્યય વગેરે કાર્ય ન થવાથી 'सङ्ख्या० ૭-૧-૧૫૫' થી डट् પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્યસ્વરાદિ अन् નો લોપ વગેરે કાર્ય થવાથી द्वादशः આવો પ્રયોગ થાય છે. અર્થ–બારમો. ॥૧૫૯॥

## पित्-तिथट् बहु-गण-पूग-सङ्घात् ૭।૧।૧૬૦॥

ષષ્ઠ્યન્ત बहु, गण, पूग અને सङ्घ નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં પિત્ तिथट् પ્રત્યય થાય છે. बह्वीनां पूरणी, गणस्य पूरणः, पूगस्य पूरणः અને सङ्घस्य पूरणः આ અર્થમાં बह्वी, गण, पूग અને सङ्घ નામને આ સૂત્રથી પિત્ तिथट् [तिथ] પ્રત્યય. 'क्यङ्-मानि० ३-૨-૫૦' થી बह्वी નામને પુંવદ્ભાવ' થવાથી ङी પ્રત્યયની નિવૃત્તિ...વગેરે કાર્ય થવાથી बहुतिथी ['अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય] गणतिथः, पूगतिथः અને सङ्घतिथः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઘણી વસ્તુઓની પૂરણ. ગણનો પૂરણ. પૂગનો પૂરણ. સંઘનો પૂરણ. ॥૧૬૦॥

## अतोरिथट् ૭।૧।૧૬૧॥

अतु પ્રત્યયાન્ત સઙ્ખ્યાવાચક ષષ્ઠ્યન્ત નામને સંખ્યાપૂરણ અર્થમાં પિત્ इथट् પ્રત્યય થાય છે. इयतां पूरणः અને तावतां पूरणी આ અર્થમાં इयत् અને तावत् નામને આ સૂત્રથી પિત્ इथट् પ્રત્યય. तावतिथ નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી इयतिथः અને तावतिथी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– આટલાનો પૂરણ. તેટલાની પૂરણ. ॥૧૬૧॥

## षट्-कति-कतिपयात् थट् ७।१।१६२॥

ષષ્ઠ્યન્ત षष्, कति અને कतिपय નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં पित् थट् [थ] પ્રત્યય થાય છે. षण्णां पूरणी, कतीनां पूरणः અને कतिपयानां पूरणी આ અર્થમાં આ સૂત્રથી षष् નામને, कति નામને અને कतिपय નામને थट् પ્રત્યય. 'तवर्ग० १-३-६०' થી षष् થી પરમાં રહેલા थ् ને ठ् આદેશ વગેરે કાર્ય થવાથી षष्ठी ['अणञे० २-४-२०' થી ङी પ્રત્યય] कतिथः અને कतिपयथी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ષષ્ઠી. કેટલાનો પૂરણ. કેટલાની પૂરણ. ॥१६२॥

## चतुरः ७।१।१६३॥

ષષ્ઠ્યન્ત चतुर् નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં पित् थट् [थ] પ્રત્યય થાય છે. चतुर्णां पूरणी આ અર્થમાં चतुर् નામને આ સૂત્રથી पित् थट् પ્રત્યય. 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી चतुर्थी આવો પ્રયોગ થાય છે. અર્થ-ચતુર્થી. ॥१६३॥

## येयौ च-लुक् च ७।१।१६४॥

ષષ્ઠ્યન્ત चतुर् નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં य અને ईय પ્રત્યય થાય છે; અને ત્યારે च નો લોપ થાય છે. चतुर्णां पूरणः આ અર્થમાં चतुर् નામને આ સૂત્રથી य અને ईय પ્રત્યય તેમ જ च નો લોપ વગેરે કાર્ય થવાથી तुर्यः અને तुरीयः આવો પ્રયોગ થાય છે. અર્થ-ચતુર્થ. ॥१६४॥

## द्वेस्तीयः ७।१।१६५॥

ષષ્ઠ્યન્ત द्वि નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં तीय પ્રત્યય થાય છે. द्वयोः पूरणः આ અર્થમાં द्वि નામને આ સૂત્રથી तीय પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्वितीयः આવો પ્રયોગ થાય છે. અર્થ—બીજો. ॥૧૬૫॥

## त्रेस्तृ च ७।१।१६६॥

ષષ્ઠ્યન્ત त्रि નામને સઙ્ખ્યાપૂરણ અર્થમાં तीय પ્રત્યય થાય છે, અને ત્યારે त्रि નામને तृ આદેશ થાય છે. त्रयाणां पूरणी આ અર્થમાં त्रि નામને આ સૂત્રથી तीय પ્રત્યય તેમ જ त्रि નામને तृ આદેશ. 'आत् ૨-૪-૧૮' થી आप् [आ]પ્રત્યય વગેરે કાર્ય થવાથી तृतीया આવો પ્રયોગ થાય છે. અર્થ—ત્રીજી. ॥૧૬૬॥

## पूर्वमनेन सादेश्चेन् ७।१।१६७॥

દ્વિતીયાન્ત કેવલ पूर्व નામને અથવા કોઈ પણ પૂર્વપદથી યુક્ત पूर्व નામને; તૃતીયાર્થ કર્ત્તા અર્થમાં इन् પ્રત્યય થાય છે. कृतं पूर्वमनेन આ અર્થમાં कृतपूर्व નામને અને पीतं पूर्वमनेन આ અર્થમાં पीतपूर्व નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कृतपूर्वी कटम् અને पीतपूर्वी पयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વે ચટઈ બનાવનાર. પૂર્વે દૂધ પીનાર. [કેવલ पूर्व નામને इन् પ્રત્યયાદિ કાર્ય થવાથી पूर्वी આવો પ્રયોગ થાય છે...ઈત્યાદિ બૃહદ્વૃત્તિમાં જોવું.] ॥૧૬૭॥

## इष्टादेः ७।१।१६८॥

इष्टादि ગણપાઠમાંનાં इष्ट વગેરે નામને [પ્રથમાન્ત નામને]; તૃતીયાન્ત કર્ત્તા અર્થમાં इन् પ્રત્યય થાય છે. इष्टमनेन અને पूर्त्तमनेन આ અર્થમાં इष्ट અને पूर्त्त નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી इष्टी यज्ञे અને पूर्त्ती श्राद्धे આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યજ્ઞ કરનાર. શ્રાદ્ધ કરનાર. અહીં 'व्याप्ये क्तेनः २-२-९९' થી यज्ञ અને श्राद्ध નામને સપ્તમી વિહિત છે. ॥१६८॥

## श्राद्धमद्यभुक्तमिकेनौ ७।१।१६९॥

પ્રથમાન્ત श्राद्ध નામને अद्यभुक्तम् આ વિશેષણથી વિશેષિત હોય તો તૃતીયાર્થ કર્ત્તામાં इक અને इन् પ્રત્યય થાય છે. श्राद्धमद्यभुक्तमनेन આ અર્થમાં श्राद्ध નામને આ સૂત્રથી इक અને इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી श्राद्धिकः અને श्राद्धी આવો પ્રયોગ થાય છે. અર્થ–આજે શ્રાદ્ધનું અન્ન ખાનાર. ॥१६९॥

## अनुपद्यन्वेष्टा ७।१।१७०॥

इन् પ્રત્યયાન્ત अनुपदिन् નામનું, પ્રત્યયાર્થ अन्वेष्टा હોય તો નિપાતન કરાય છે. अनुपदमन्वेष्टा આ અર્થમાં अनुपद નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अनुपदी गवाम् આવો પ્રયોગ થાય છે. અર્થ–ગાયોની ગવેષણા કરનાર. ॥१७०॥

दाण्डाजिनिकाऽऽयःशूलिक-पार्श्वकम् ७।१।१७१॥

प्रत्ययार्थ अन्वेष्टा હોય તો इकण् प્રત્યયાન્ત दाण्डाजिनिक અને आयःशूलिक નામનું તથા क પ્રત્યયાન્ત पार्श्वक નામનું નિપાતન કરાય છે. दण्डाजिनेन [दम्भेन] अन्वेष्टा અને अयःशूलेन [तीक्ष्णोपायेन] अन्वेष्टा આ અર્થમાં दण्डाजिन અને अयःशूल નામને આ સૂત્રથી इकण् [इक] પ્રત્યય. તેમ જ पार्श्वेन [अनृजूपायेन] अन्वेष्टा આ અર્થમાં पार्श्व નામને આ સૂત્રથી क પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. इकण् પ્રત્યયની પૂર્વેના અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી दाण्डाजिनिको=दाम्भिकः; आयःशूलिकः= तीक्ष्णोपायोऽर्थान्वेष्टा અને पार्श्वकः=अनृजूपायः स एव [तीक्ष्णोपायोऽर्थान्वेष्टा] આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચર્મ અને દંડને ધારણ કરી લોકોને ઠગનાર. સરલોપાયને છોડીને તીક્ષ્ણોપાયથી અર્થને ઈચ્છનાર. સરલોપાયને છોડીને તીક્ષ્ણોપાયથી અર્થને ઈચ્છનાર. ॥૧૭૧॥

क्षेत्रेऽन्यस्मिन् नाश्य इयः ७।१।१७२॥

અન્ય વિશેષણથી વિશેષિત સપ્તમ્યન્ત क्षेत्र નામને નાશ્ય અર્થમાં इय પ્રત્યય થાય છે. अन्यस्मिन् [जन्मान्तरशरीरे परदारेषु वा] क्षेत्रे नाश्यः આ અર્થમાં આ સૂત્રથી क्षेत्र નામને इय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી क्षेत्रियो व्याधिः, जारश्च આવો પ્રયોગ થાય છે. અર્થ-અસાધ્ય રોગ અથવા જારપુરુષ. ॥૧૭૨॥

## छन्दोऽधीते श्रोत्रश्च वा ७।१।१७३॥

द्वितीयान्त छन्दस् नामने अधीते अर्थमां विकल्पथी इय प्रत्यय थाय छे अने त्यारे छन्दस् नामने श्रोत्र आदेश थाय छे. छन्दोऽधीते आ अर्थमां छन्दस् नामने आ सूत्रथी इय प्रत्यय अने छन्दस् नामने श्रोत्र आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी श्रोत्रियः आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी इय प्रत्यय न थाय त्यारे 'तद्वे० ६-२-११७' थी अण् [अ] प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्य स्वर अ ने वृद्धि आ आदेश वगेरे कार्य थवाथी छान्दसः आवो प्रयोग थाय छे. अर्थ—छन्द भणनार. ॥१७३॥

## इन्द्रियम् ७।१।१७४॥

इन्द्र नामने यथायोग [अर्थविशेषनी विवक्षामां] अर्थमां इय प्रत्ययनुं निपातन कराय छे. इन्द्रस्य [आत्मनः] लिङ्गादि आ अर्थमां इन्द्र नामने आ सूत्रथी इय प्रत्यय. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी इन्द्रियम् आवो प्रयोग थाय छे. अर्थ-चक्षु वगेरे ईन्द्रिय. ॥१७४॥

## तेन वित्ते चञ्चु-चणौ ७।१।१७५॥

तृतीयान्त नामने वित्त [ज्ञात-प्रकाश]अर्थमां चञ्चु अने चण प्रत्यय थाय छे. विद्यया वित्तः अने केशै र्वित्तः आ अर्थमां विद्या अने केश नामने आ सूत्रथी अनुक्रमे चञ्चु अने चण प्रत्यय वगेरे कार्य थवाथी विद्याचञ्चुः अने केशचणः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- विद्याथी विज्ञात. वाळथी ओळखायेल. ॥१७५॥

## पूरणाद् ग्रन्थस्य ग्राहके को लुक् चाऽस्य ७।१।१७६॥

તૃતીયાન્ત પૂરણપ્રત્યયાન્ત નામને ग्रन्थस्य ग्राहकः આ અર્થમાં क પ્રત્યય થાય છે; અને ત્યારે પૂરણાર્થક પ્રત્યયનો લોપ થાય છે. द्वितीयेन रूपेण ग्रन्थस्य ग्राहकः આ અર્થમાં द्वितीय નામને આ સૂત્રથી क પ્રત્યય; અને પૂરણાર્થક तीय પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી द्विकः शिष्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-બીજીવાર ગ્રન્થને ગ્રહણ કરનાર શિષ્ય. ॥૧૭૬॥

## ग्रहणाद् वा ७।१।१७७॥

જેનાથી ગ્રહણ કરાય તેને ગ્રહણ કહેવાય છે. જે રૂપાદિ સ્વરૂપ છે. પૂરણપ્રત્યયાન્ત ગ્રન્થગ્રહણાર્થક નામને સ્વાર્થમાં क પ્રત્યય થાય છે. અને ત્યારે પૂરણાર્થક પ્રત્યયનો વિકલ્પથી લોપ થાય છે. द्वितीयं ग्रन्थग्रहणम् આ અર્થમાં द्वितीय નામને આ સૂત્રથી क પ્રત્યય અને ત્યારે द्वितीय ના तीय પ્રત્યયનો લોપ.. વગેરે કાર્ય થવાથી द्विकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तीय પ્રત્યયનો લોપ ન થાય ત્યારે द्वितीयकम् આવો પ્રયોગ થાય છે. અર્થ–બીજી વારનું ગ્રન્થનું ગ્રહણ. ॥૧૭૭॥

## सस्याद् गुणात् परिजाते ७।१।१७८॥

તૃતીયાન્ત ગુણવાચક सस्य નામને પરિજાત [सर्वतो भावेन सम्पत्तिः] અર્થમાં क પ્રત્યય થાય છે. सस्येन परिजातः આ અર્થમાં सस्य નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી सस्यकः शालिर्देशो वा આવો પ્રયોગ થાય છે. અર્થ- બધા ગુણોથી બધી રીતે સમ્પન્ન ધાન્ય અથવા ઋદ્ધિ આદિ સર્વ ગુણોથી યુક્ત, રોગાદિ

રહિત દેશ. गुणादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તૃતીયાન્ત ગુણવાચક જ सस्य નામને પરિજાત અર્થમાં क પ્રત્યય થાય છે. તેથી सस्येन परिजातं क्षेत्रम् અહીં सस्य નામને આ સૂત્રથી क પ્રત્યય થતો નથી. કારણ કે અહીં सस्य નામ ગુણવાચક નથી; પરન્તુ દ્રવ્યવાચક છે. અર્થ–સર્વ ધાન્યથી નિષ્પન્ન ક્ષેત્ર. ॥૧૭૮॥

## धन-हिरण्ये कामे ૭।૧।૧૭૯॥

સપ્તમ્યન્ત धन અને हिरण्य નામને काम [અભિલાષ]અર્થમાં क પ્રત્યય થાય છે. धने कामः અને हिरण्ये कामः આ અર્થમાં धन અને हिरण्य નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી धनकः અને हिरण्यको मैत्रस्य આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મૈત્રની ધનની ઈચ્છા. મૈત્રની સુવર્ણની ઈચ્છા. ॥૧૭૯॥

## स्वाङ्गेषु सक्ते ૭।૧।૧૮૦॥

સ્વાઙ્ગવાચક સપ્તમ્યન્ત નામને सक्त [તત્પર]અર્થમાં क પ્રત્યય થાય છે. नखेषु सक्तः, केशनखेषु सक्तः અને दन्तौष्ठे सक्तः આ અર્થમાં नख केशनख અને दन्तौष्ठ નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી नखकः केशनखकः અને दन्तौष्ठकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નખ સજાવવામાં તત્પર. વાળ અને નખ સજાવવામાં તત્પર. દાંત અને હોઠ સજાવવામાં તત્પર. સૂત્રમાં બહુવચનનો નિર્દેશ હોવાથી સ્વાઙ્ગ સમુદાયવાચક केशनखादि નામને પણ આ સૂત્રથી क પ્રત્યય થાય છે. ॥૧૮૦॥

## उदरे त्विकणाद्यूने ७।१।१८१॥

સપ્તમ્યન્ત ઉદર નામને આદ્યૂન [ભૂખથી અત્યન્ત પીડિત] અર્થ સ્વરૂપ સક્તાર્થમાં इकण् પ્રત્યય થાય છે. उदरे सक्तः [आद्यूनः] આ અર્થમાં उदर નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औदरिकः [आद्यूनः] આવો પ્રયોગ થાય છે. અર્થ-માત્ર પેટની પાછળ પડેલો [ક્ષુધાતુર]. સક્તાર્થ આદ્યૂન ન હોય તો उदर નામને આ સૂત્રથી इकण् પ્રત્યય ન થવાથી 'स्वाङ्गेषु० ७-१-१७९' થી क પ્રત્યયાદિ કાર્ય થવાથી उदरकः આવો પ્રયોગ થાય છે. અર્થ-પેટ ભરનાર. સૂત્રસ્થ तु પદગ્રહણથી પૂર્વસૂત્રાવશિષ્ટ અર્થનું જ આ સૂત્ર વિધાન કરે છે. તેથી આ સૂત્રથી વિહિત इकण् પ્રત્યયથી क પ્રત્યયના અધિકારનો બાધ થતો નથી. ॥१८१॥

## अंशं हारिणि ७।१।१८२॥

દ્વિતીયાન્ત अंश નામને हारिन् અર્થમાં क પ્રત્યય થાય છે. अंशं हारी [अवश्यं हरिष्यति આ અર્થમાં हृ ધાતુને 'णिन्० ५-४-३६' થી णिन् પ્રત્યય.] આ અર્થમાં अंश નામને क પ્રત્યય...વગેરે કાર્ય થવાથી अंशको दायादः આવો પ્રયોગ થાય છે. અર્થ-અવશ્ય ભાગને ગ્રહણ કરનાર-દાયાદ [ભાગીદાર]. ॥१८२॥

## तन्त्रादचिरोद्धृते ७।१।१८३॥

પઞ્ચમ્યન્ત तन्त्र નામને અચિરોદ્ધૃત અર્થમાં क પ્રત્યય થાય છે. तन्त्रादचिरोद्धृतः આ અર્થમાં तन्त्र નામને આ સૂત્રથી क પ્રત્યય

વગેરે કાર્ય થવાથી तन्त्रकः આવો પ્રયોગ થાય છે. અર્થ-तन्त्र [સાળ]થી તુરત ઉતારેલું કપડું-નવું કપડું. ॥૧૮૩॥

### ब्राह्मणान्नाम्नि ૭।૧।૧૮૪॥

પઞ્ચમ્યન્ત ब्राह्मण નામને अचिरोद्धृत અર્થમાં સંજ્ઞાના વિષયમાં क પ્રત્યય થાય છે. ब्राह्मणादचिरोद्धृतः આ અર્થમાં ब्राह्मण નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી ब्राह्मणको नाम देशः આવો પ્રયોગ થાય છે. અર્થ- સદાચારી બ્રાહ્મણોથી તુરતમાં જ જુદા કરેલા અસદાચારી બ્રાહ્મણનો દેશ. ॥૧૮૪॥

### उष्णात् ૭।૧।૧૮૫॥

પઞ્ચમ્યન્ત उष्ण નામને અચિરોદ્ધૃત અર્થમાં क પ્રત્યય થાય છે. उष्णादचिरोद्धृता આ અર્થમાં उष्ण નામને આ સૂત્રથી क પ્રત્યય. 'आत् २-४-१८' થી आप् પ્રત્યય. 'अस्या० २-४-१११' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી उष्णिका यवागूः આવો પ્રયોગ થાય છે. અર્થ-ઉષ્ણ અગ્નિથી તુરતમાં જ ઉતારેલી રાબ. ॥૧૮૫॥

### शीताच्च कारिणि ૭।૧।૧૮૬॥

દ્વિતીયાન્ત उष्ण અને शीत નામને कारिन् [अवश्यं करोति આ અર્થમાં कृ ધાતુને 'णिन्० ५-४-३६' થી णिन् પ્રત્યય.]અર્થમાં क પ્રત્યય થાય છે. शीतं [मन्दम्] करोति અને उष्णं [क्षिप्रम्] करोति આ અર્થમાં शीत અને उष्ण નામને આ સૂત્રથી क પ્રત્યય...વગેરે કાર્ય થવાથી शीतकोऽलसः અને उष्णको दक्षः આવો પ્રયોગ થાય

છે. અર્થ ક્રમશઃ-મંદ કામ કરનાર-આળસુ. શીઘ્ર કામ કરનાર નિપુણ. ॥૧૮૬॥

## अधेरारूढे ७।१।१८७॥

આરૂઢાર્થક अधि નામને સ્વાર્થમાં क પ્રત્યય થાય છે. आरूढ નામ કર્તા અથવા કર્મમાં क्त પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન છે. કર્ત્તામાં વિહિત क्त પ્રત્યયાન્ત આરૂઢનામાર્થક अधि નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી अधिको द्रोणः खार्याः આવો પ્રયોગ થાય છે. કર્મમાં વિહિત क्त પ્રત્યયાન્ત આરૂઢનામાર્થક अधि નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી अधिका ['आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય.]खारी द्रोणेन આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ -દ્રોણ [૧૦ શેરનું માપ] ખારી ઉપર આરૂઢ છે. દ્રોણથી અધિક ખારી છે. ॥૧૮૭॥

## अनोः कमितरि ७।१।१८८॥

પ્રત્યયાન્ત પદાર્થ कमिता હોય તો अनु નામને क પ્રત્યય થાય છે. अनुकामयते આ અર્થમાં अनु નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી अनुकः આવો પ્રયોગ થાય છે. અર્થ-પાછળથી ઈચ્છા કરનાર. ॥૧૮૮॥

## अभेरीश्च वा ७।१।१८९॥

પ્રત્યયાન્ત પદાર્થ कमिता હોય તો अभि નામને क પ્રત્યય થાય છે. અને ત્યારે अभि નામના અન્ત્ય इ ને વિકલ્પથી ई આદેશ થાય છે. अभिकामयते આ અર્થમાં अभि નામને આ

સૂત્રથી **क** પ્રત્યય તથા અન્ત્ય **इ** ને **ई** આદેશ.... વગેરે કાર્ય થવાથી **अभीकः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં **ई** આદેશ ન થાય ત્યારે **अभिकः** આવો પ્રયોગ થાય છે. અર્થ–પૂર્ણ ઈચ્છા કરનાર. ॥૧૮૯॥

**सोऽस्य मुख्यः ७।१।१९०॥**

પ્રથમાન્ત પદાર્થ મુખ્ય હોય તો; પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં **क** પ્રત્યય થાય છે. **देवदत्तो मुख्योऽस्य** આ અર્થમાં **देवदत्त** નામને આ સૂત્રથી **क** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **देवदत्तकः सङ्घः** આવો પ્રયોગ થાય છે. અર્થ-દેવદત્ત જેનો મુખ્ય છે તે સંઘ. ॥૧૯૦॥

**शृङ्खलकः करभे ७।१।१९१॥**

**करभ** અર્થમાં **क** પ્રત્યયાન્ત **शृङ्खलक** નામનું નિપાતન કરાય છે. **शृङ्खलं** [કરભના પગનું લાકડાનું બંધન] **बन्धनमस्य** આ અર્થમાં **शृङ्खल** નામને આ સૂત્રથી **क** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **शृङ्खलकः करभ उष्ट्रशिशुः** આવો પ્રયોગ થાય છે. અર્થ-ઊંટનું બચ્ચું. ॥૧૯૧॥

**उदुत्सोरुन्मनसि ७।१।१९२॥**

**उन्मनस्** અર્થમાં **उत्** અને **उत्सु** નામને **क** પ્રત્યય થાય છે. **उद्गतं मनोऽस्य** આ અર્થમાં **उत्** અને **उत्सु** નામને **क** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **उत्कः** અને **उत्सुकः** આવો પ્રયોગ થાય છે. અર્થ–ઊંચા મનવાલો–ઉત્કંઠિત. ॥૧૯૨॥

## काल–हेतु-फलाद् रोगे ७।१।१९३॥

પ્રથમાન્ત કાલવિશેષવાચક, હેતુવાચક અને ફલવાચક નામને ષષ્ઠ્યર્થ રોગસ્વરૂપ અર્થમાં क પ્રત્યય થાય છે. **द्वितीयो दिवसोऽस्याविर्भावाय; पर्वतो हेतुरस्य** અને **शीतं फल [कार्य]मस्य** આ અર્થમાં **द्वितीय पर्वत** અને **शीत** નામને આ સૂત્રથી **क** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **द्वितीयकः, पर्वतकः** અને **शीतकः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બીજો દિવસ છે જેની ઉત્પત્તિમાં એવો તાવ. પર્વત છે કારણ જેનું એવો રોગ. ઠંડી છે કાર્ય જેનું એવો તાવ. ॥૧૯૩॥

## प्रायोऽन्नमस्मिन् नाम्नि ७।१।१९४॥

પ્રથમાન્ત પદાર્થ અધિક–પ્રાયઃ અન્ન હોય તો પ્રથમાન્ત નામને સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યર્થમાં **क** પ્રત્યય થાય છે. **गुडापूपाः प्रायेण प्रायो वाऽन्नमस्याम्** આ અર્થમાં **गुडापूप** નામને આ સૂત્રથી **क** પ્રત્યય. 'आत् २-४-१८' થી **आप्** પ્રત્યય. 'अस्या० २-४-१११' થી **क** ની પૂર્વેના **अ** ને **इ** આદેશ વગેરે કાર્ય થવાથી **गुडापूपिका पौर्णमासी** આવો પ્રયોગ થાય છે. અર્થ-ગોળના માલપૂઆ જેમાં અધિક [પ્રાયઃ-મોટા ભાગે]હોય છે તે પૂનમ. ॥૧૯૪॥

## कुल्माषादण् ७।१।१९५॥

પ્રથમાન્ત પદાર્થ અધિક–પ્રાયઃ અન્ન હોય તો સંજ્ઞાના વિષયમાં પ્રથમાન્ત **कुल्माष** [બૃહદ્વૃત્તિમાં **कुल्मास**]નામને સપ્તમ્યર્થમાં **अण्** [**अ**] પ્રત્યય થાય છે. **कुल्माषाः प्रायेण प्रायो वाऽन्नमस्याम्** આ અર્થમાં **कुल्माष** નામને આ સૂત્રથી **अण्** [**अ**] પ્રત્યય. 'वृद्धिः

स्वरे० ७-४-१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कौल्माषी [कौल्मासी] पौर्णमासी આવો પ્રયોગ થાય છે. અર્થ-કુલ્માષ [ખરાબ અડદ, અદ્ર્ધપક્વ ઘઉં–ખીચડી વગેરે] જેમાં અધિકતયા [પ્રાયઃ]હોય છે તે પૂર્ણિમા. ॥૧૧૫॥

## वटकादिन् ७।१।११६॥

પ્રથમાન્ત પદાર્થ અધિક–પ્રાયઃ અન્ન હોય તો પ્રથમાન્ત वटक નામને સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યર્થમાં इन् પ્રત્યય થાય છે. वटकानि प्रायेण प्रायो वाऽन्नमस्याम् આ અર્થમાં वटक નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. वटकिन् નામને 'स्त्रियां० २-४-१' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી वटकिनी पौर्णमासी આવો પ્રયોગ થાય છે. અર્થ–વટક [અન્નવિશેષ] અધિક–પ્રાયઃ જેમાં છે તે પૂનમ. ॥૧૧૬॥

## साक्षाद् द्रष्टा ७।१।११७॥

साक्षाद् નામને द्रष्टा અર્થમાં સંજ્ઞાના વિષયમાં इन् પ્રત્યય થાય છે. साक्षाद् द्रष्टा આ અર્થમાં साक्षाद् નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'प्रायो० ७-४-६५' થી आद् નો લોપ વગેરે કાર્ય થવાથી साक्षी આવો પ્રયોગ થાય છે. અર્થ-સાક્ષીદાર. ॥૧૧૭॥

इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
सप्तमस्याध्यायस्य प्रथमः पादः ।

लब्धलक्षा विपक्षेषु....हे सिद्धेन्द्र ! मार्गणाः= याञ्चाः; विपक्षेषु= शत्रुषु; लब्धलक्षाः = प्राप्तलक्षरूप्यकाः, विलक्षाः= अप्राप्तलक्षरूप्यकाः, तथाऽपि= शत्रौ दातृत्वाधिक्येऽपि; दाता=दानवीरः; उक्तिधरम्=याचकगण-प्रख्यापितम्;

હે સિદ્ધેન્દ્ર ! યાચકોની યાચનાઓ આપના શત્રુઓમાં લાખ રૂપિયા મેળવી ચૂકી છે. અને આપને વિશે લાખ રૂપિયા મેળવ્યા નથી; તોપણ [શત્રુઓએ અધિક આપવા છતાં પણ]યાચકગણ આપને દાતા કહીને આપની કીર્તિને ફેલાવે છે.

વિરોધના પરિહાર-પક્ષમાં–मार्गणाः=बाणाः; लब्धलक्षाः= प्राप्तसाफल्याः; विलक्षाः=विफलाः; दाता=खण्डयिता; उक्तिधरम्= सर्वजनख्यापितम्;

હે સિદ્ધેન્દ્ર ! આપના બાણ શત્રુઓને વિશે ઠીક ઠીક ઘા કરી ચૂક્યા છે; અને શત્રુઓના બાણો આપને વિશે વિફલ જ છે. તેથી લોકો આપને દાતા એટલે સંહારકર્ત્તા કહીને આપનો યશ વિસ્તારે છે. ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ प्रारभ्यते सप्तमेऽध्याये द्वितीयः पादः ॥

### तदस्याऽस्त्यस्मिन्निति मतुः ७।२।१॥

પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં અથવા સપ્તમ્યર્થમાં; પ્રથમાન્તાર્થ વર્ત્તમાનકાલીનસત્તાવિશિષ્ટ હોય તો, मतु [मत्] પ્રત્યય થાય છે. गावोऽस्य सन्ति અને वृक्षाः सन्त्यस्मिन् આ અર્થમાં गो અને वृक्ष નામને અનુક્રમે ષષ્ઠ્યર્થમાં અને સપ્તમ્યર્થમાં આ સૂત્રથી मतु પ્રત્યય. वृक्ष નામથી પરમાં રહેલા मतु ના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી गोमान् અને वृक्षवान् गिरिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જેની પાસે ગાયો અધિક છે-તે. જેમાં વૃક્ષો અધિક છે તે પર્વત. अस्तीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમાન્ત પદાર્થ વર્ત્તમાનકાલીન જ સત્તાવિશિષ્ટ હોય તો પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં અથવા સપ્તમ્યર્થમાં मतु પ્રત્યય થાય છે. તેથી गावोऽस्यासन् આ અર્થમાં; પ્રથમાન્ત પદાર્થ ભૂતકાલીનસત્તાવિશિષ્ટ હોવાથી આ સૂત્રથી गो નામને मतु પ્રત્યય થતો નથી. અર્થ-એની પાસે ગાયો અધિક હતી.

इतः प्रायो भूमादौ मत्वादयः= આશય એ છે કે, સામાન્યતઃ વર્ત્તમાનકાલીનસત્તાવિશિષ્ટાર્થક નામને मतु વગેરે પ્રત્યયનું વિધાન કર્યું હોવા છતાં સૂત્રમાં इति નું ગ્રહણ કર્યું હોવાથી भूम–निन्दा–प्रशंसासु नित्ययोगेऽतिशायने । संसर्गेऽस्ति विवक्षायां प्रायो मत्वादयो मताः ॥–આ શ્લોકથી સંગૃહીત भूमन् [અધિક]; निन्दा; प्रशंसा, नित्ययोग; अतिशायन; અને संसर्ग [સંબન્ધ]- આ અર્થ ગમ્યમાન હોય તો પ્રાયઃ मतु વગેરે પ્રત્યય થાય છે. જેનાં ક્રમશઃ ઉદાહરણો નીચે જણાવ્યા મુજબ છે. गोमान्; ककुदावर्त्ती; रूपवती; क्षीरिणो वृक्षाः, बलवान् मल्लः અને दण्डी ॥ આ વિષયમાં અધિક વિવરણ બૃહદ્વૃત્તિમાં જોવું. ॥१॥

## आ यात् ७।२।२॥

य પ્રત્યયના વિધિ સુધી અર્થાદ્ 'रूपात्० ७-२-५४' સુધીનાં સૂત્રો સુધીનાં સૂત્રો દ્વારા જે જે પ્રત્યયોનું જે જે પ્રકૃતિઓને [નામોને] વિધાન કરાયું છે તે તે પ્રકૃતિઓને તે તે પ્રત્યયોની જેમ ષષ્ઠ્યર્થ અને સપ્તમ્યર્થમાં मतु પ્રત્યય પણ થાય છે. कुमार्यः सन्त्यस्य અને व्रीहयः सन्त्यस्मिन् આ અર્થમાં कुमारी નામને 'नावादे० ७-२-३' થી इक પ્રત્યય વિહિત છે અને व्रीहि નામને 'व्रीह्यादि० ७-२-५' થી इक અને इन् પ્રત્યય વિહિત છે. આ સૂત્રથી कुमारी નામને અને व्रीहि નામને मतु [मत्] પ્રત્યય વગેરે કાર્ય થવાથી कुमारीमान् અને व्रीहिमान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ઘણી કુમારિકાઓ છે જેને તે. ઘણું અનાજ છે જેમાં તે. ॥२॥

## नावादेरिकः ७।२।३॥

नावादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત नौ વગેરે નામને મત્વર્થમાં ['तदस्या० ७-२-१' થી જે અર્થમાં मतु પ્રત્યય વિહિત છે તે અર્થને મત્વર્થ કહેવાય છે.] इक પ્રત્યય થાય છે. नावः सन्त्यस्य અને कुमार्यः सन्त्यस्य આ અર્થમાં नौ અને कुमारी નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી नाविकः અને कुमारिकः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી नौमान् અને कुमारीमान् આવો પણ પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નાવ છે જેની પાસે તે. કુમારિકાઓ છે જેની પાસે તે. ॥३॥

## शिखादिभ्य इन् ७।२।४॥

शिखादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત शिखा વગેરે નામને મત્વર્થમાં इन् પ્રત્યય થાય છે. शिखाऽस्त्यस्य અને मालाऽस्त्यस्य આ અર્થમાં शिखा અને माला નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ...વગેરે કાર્ય થવાથી शिखी અને माली આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય પણ થાય ત્યારે 'मावर्णा० ૨-૧-૯૪' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી शिखावान् અને मालावान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– શિખાવાળો. માળાવાળો. ॥૪॥

## व्रीह्यादिभ्यस्तौ ७।२।५॥

व्रीह्यादि ગણપાઠમાંનાં व्रीहि વગેરે પ્રથમાન્ત નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય થાય છે. व्रीहयः सन्त्यस्य આ અર્થમાં व्रीहि નામને આ સૂત્રથી इक અને इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી व्रीहिकः અને व्रीही આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી व्रीहिमान् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે मायास्त्यस्मिन् આ અર્થમાં माया નામને આ સૂત્રથી इक અને इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ...વગેરે કાર્ય થવાથી मायिकः અને मायी આવો પ્રયોગ થાય છે. ઉપર જણાવ્યા મુજબ माया નામને मतु પ્રત્યય. 'मावर्णा० ૨-૧-૯૪' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી मायावान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ઘણા ધાન્યવાળો. માયાવી. ॥૫॥

## अतोऽनेकस्वरात् ७।२।६॥

પ્રથમાન્ત અનેકસ્વરવાળા અકારાન્ત નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય થાય છે. दण्डोऽस्त्यस्य અને छत्रमस्त्यस्य આ અર્થમાં दण्ड અને छत्र નામને આ સૂત્રથી इक તથા इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दण्डिकः અને दण्डी તથા छत्रिकः અને छत्री આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય પણ થાય ત્યારે 'मावर्णा० २-१-९४' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી दण्डवान् અને छत्रवान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– દણ્ડવાળો. છત્રવાળો. अनेकस्वरादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમાન્ત અનેકસ્વરવાળા જ અકારાન્ત નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય થાય છે. તેથી खमस्त्यस्य આ અર્થમાં અકારાન્ત પણ એકસ્વરી ख નામને આ સૂત્રથી इक અને इन् પ્રત્યય ન થવાથી 'तदस्त्य० ७-२-१' થી मतु પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી खवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-ख [शून्य] થી યુક્ત. અહીં યાદ રાખવું કે 'तदस्त्य० ७-२-१' માં 'इति' શબ્દ ગૃહીત છે. તેના સંબંધના કારણે આ સૂત્રથી વિહિત इक અને इन् પ્રત્યય કૃદન્તનામને થતા નથી. તેમ જ સપ્તમ્યર્થમાં પણ થતા નથી. તેથી दण्डोऽस्त्यस्मिन् આ અર્થમાં दण्डवद् गृहादि આવો જ પ્રયોગ થાય છે. दण्डिकम् गृहादि ઈત્યાદિ પ્રયોગ થતો નથી. ॥६॥

## अशिरसोऽशीर्षश्च ७।२।७॥

પ્રથમાન્ત अशिरस् નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય થાય છે. તેમ જ 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય પણ થાય

છે. અને ત્યારે अशिरस् નામને अशीर्ष આદેશ થાય છે. अशिरोऽस्त्यस्य આ અર્થમાં अशिरस् નામને આ સૂત્રથી इक અને इन् પ્રત્યય. अशिरस् ને अशीर्ष આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી अशीर्षिकः અને अशीर्षी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય. આ સૂત્રથી अशिरस् ને अशीर्ष આદેશ. 'मावर्णा० ૨-૧-૯૪' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી अशीर्षवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-માથા વિનાનો. ॥૭॥

### अर्थाऽर्थान्ताद् भावात् ૭।૨।૮॥

ભાવાર્થક પ્રથમાન્ત अर्थ [ઉપયાચનાર્થક अर्थ]નામને તેમ જ अर्थ શબ્દ છે અન્તમાં જેના એવા નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય થાય છે. આ સૂત્ર નિયમસૂત્ર છે ['अतो० ૭-૨-૬' થી આ સૂત્રના વિષયમાં પ્રત્યય સિદ્ધ જ હતો.] તેથી બે રીતે નિયમ થાય છે. ભાવાર્થક अर्थ નામને અને તદન્ત નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય જ થાય છે, मतु પ્રત્યય નહિ. ભાવાર્થક જ अर्थ નામને અને તદન્ત નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય થાય છે, ધનાદિ દ્રવ્યાર્થક अर्थ નામને કે તદન્ત નામને નહિ. अर्थोऽस्त्यस्य અને प्रत्यर्थोऽस्त्यस्य આ અર્થમાં अर्थ અને प्रत्यर्थ નામને આ સૂત્રથી इक અને इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अर्थिकः અને अर्थी; प्रत्यर्थिकः અને प्रत्यर्थी આવો પ્રયોગ થાય છે. ઉપર જણાવેલા નિયમના કારણે 'आ यात् ૭-૨-૨' થી પ્રાપ્ત પણ मतु પ્રત્યય થતો નથી. અર્થ ક્રમશઃ- પ્રાર્થના કરનાર. વિરુદ્ધ યાચના કરનાર. भावादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમાન્ત ભાવાર્થક જ अर्थ નામને તેમ જ તદન્ત [અર્થાન્ત]

નામને મત્વર્થમાં इक અને इन् પ્રત્યય થાય છે. તેથી अर्थो [धनम्]ऽस्त्यस्य આ અર્થમાં ધનાર્થક अर्थ નામને આ સૂત્રથી તેમ જ 'अतोऽनेक० ७-२-६' થી પણ इक અને इन् પ્રત્યય થતો નથી. જેથી 'तदस्त्य० ७-२-१' થી मतु પ્રત્યય. 'मावर्णा० २-१-९४' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી अर्थवान् આવો જ પ્રયોગ થાય છે. અર્થ-ધનવાન. ॥८॥

## व्रीह्यर्थ-तुन्दादेरिलश्च ७।२।९॥

પ્રથમાન્ત-व्रीहि વાચક નામને અને तुन्दादि ગણપાઠમાંનાં तुन्द વગેરે નામને મત્વર્થમાં इल, इक અને इन् પ્રત્યય થાય છે. शालयः सन्त्यस्य, तुन्दमस्त्यस्य અને उदरमस्त्यस्य આ અર્થમાં વ્રીહ્યર્થક शालि નામને અને तुन्दादि ગણપાઠમાંના तुन्द અને उदर નામને આ સૂત્રથી इल, इक અને इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शालिलः, शालिकः અને शाली; तुन्दिलः, तुन्दिकः અને तुन्दी તેમ જ उदरिलः, उदरिकः અને उदरी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય પણ થાય ત્યારે 'मावर्णा० २-१-९४' થી अ થી પરમાં રહેલા मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી शालिमान्, तुन्दवान् અને उदरवान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધાન્યવાન. મોટા પેટવાળો. મોટા પેટવાળો. ॥९॥

## स्वाङ्गाद् विवृद्धात् ते ७।२।१०॥

વિવૃદ્ધ વિશેષણથી વિશિષ્ટ સ્વાઙ્ગવાચક પ્રથમાન્ત નામને મત્વર્થમાં इल, इक અને इन् પ્રત્યય થાય છે. विवृद्धौ [महान्तौ]कर्णावस्य આ અર્થમાં कर्ण નામને આ સૂત્રથી इल, इक

અને इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कर्णिलः, कर्णिकः અને कर्णी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે मतु પ્રત્યયના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી कर्णवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-જેના કાન અધિક વધ્યા છે તે. ॥૧૦॥

## वृन्दादारकः ७।२।११॥

પ્રથમાન્ત वृन्द નામને મત્વર્થમાં आरक પ્રત્યય થાય છે. वृन्दमस्यास्ति આ અર્થમાં वृन्द નામને આ સૂત્રથી आरक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वृन्दारकः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી वृन्दवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-સમુદાયવાળો. ॥૧૧॥

## शृङ्गात् ७।२।१२॥

પ્રથમાન્ત शृङ्ग નામને મત્વર્થમાં आरक પ્રત્યય થાય છે. शृङ्गमस्त्यस्य આ અર્થમાં शृङ्ग નામને આ સૂત્રથી आरक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शृङ्गारकः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે 'मावर्णा० २-१-९४' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી शृङ्गवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-શિંગડાવાળો. ॥૧૨॥

## फल-बर्हाच्चेनः ७।२।१३॥

પ્રથમાન્ત फल, बर्ह અને शृङ्ग નામને મત્વર્થમાં इन પ્રત્યય થાય છે. फलमस्त्यस्य बर्होऽस्त्यस्य અને शृङ्गमस्त्यस्य આ અર્થમાં फल, बर्ह અને शृङ्ग નામને આ સૂત્રથી इन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી फलिनः, बर्हिणः અને शृङ्गिणः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે 'मावर्णा० २-१-९४' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી फलवान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—ફળવાળો. પીંછાવાળો. શિંગડાવાળો. ॥૧૩॥

## मलादीमसश्च ७।२।१४॥

પ્રથમાન્ત मल નામને મત્વર્થમાં ईमस અને इन પ્રત્યય થાય છે. मलमस्त्यस्य આ અર્થમાં मल નામને આ સૂત્રથી ईमस અને इन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मलीमसः અને मलिनः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે मतु પ્રત્યયના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી मलवान् આવો પ્રયોગ થાય છે. અર્થ—મેલો. ॥૧૪॥

## मरुत्-पर्वणस्तः ७।२।१५॥

પ્રથમાન્ત मरुत् અને पर्वन् નામને મત્વર્થમાં त પ્રત્યય થાય છે. मरुतः सन्त्यस्य અને पर्वाणि सन्त्यस्य આ અર્થમાં मरुत् અને पर्वन् નામને આ સૂત્રથી त પ્રત્યય. 'नाम्नो नो० २-१-९१' થી न् નો લોપ વગેરે કાર્ય થવાથી मरुत्तः અને पर्वतः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યયાદિ કાર્ય થાય ત્યારે

मरुत्वान् અને पर्ववान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઈન્દ્ર. પર્વત. मरुत्वान् અહીં 'न स्तं० १-१-२३' થી પદસંજ્ઞાનો નિષેધ હોવાથી त् ને 'धुटस्तृ० २-१-७६' થી द् આદેશ થતો નથી. ॥૧૫॥

## वलि-वटि-तुण्डे र्भः ७।२।१६॥

પ્રથમાન્ત वलि, वटि અને तुण्डि નામને મત્વર્થમાં भ પ્રત્યય થાય છે. वलिरस्त्यस्य, वटिरस्त्यस्य અને तुण्डिरस्त्यस्य આ અર્થમાં वलि, वटि અને तुण्डि નામને આ સૂત્રથી भ પ્રત્યય વગેરે કાર્ય થવાથી वलिभः, वटिभः અને तुण्डिभः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી वलिमान् વગેરે પ્રયોગ થાય છે. [મુદ્રિત પુસ્તકમાં वलिवान् પાઠ અશુદ્ધ છે.]અર્થ ક્રમશઃ- વૃદ્ધાવસ્થાના કારણે ચામડીમાં સંકોચવાળો. ઉન્નતનાભિવાળો. વધેલી નાભિવાળો. ॥૧૬॥

## ऊर्णा-ऽहं-शुभमो युस् ७।२।१७॥

પ્રથમાન્ત ऊर्णा, अहम् અને शुभम् નામને મત્વર્થમાં युस् પ્રત્યય થાય છે. ऊर्णास्त्यस्य, अहमस्त्यस्य અને शुभमस्त्यस्य આ અર્થમાં ऊर्णा, अहम् અને शुभम् નામને આ સૂત્રથી युस् પ્રત્યય વગેરે કાર્ય થવાથી ऊर्णायुः, अहंयुः અને शुभंयुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઘેટો. અહઙ્કારી. કલ્યાણબુદ્ધિવાળો. ॥૧૭॥

## कं-शंभ्यां युस्-ति-यस्-तु-त-व-भम् ७।२।१८॥

પ્રથમાન્ત कम् અને शम् નામને મત્વર્થમાં युस् तिं यस् तु त व અને भ પ્રત્યય થાય છે. कमस्त्यस्य અને शमस्त्यस्य આ

અર્થમાં कम् અને शम् નામને આ સૂત્રથી युस् ति यस् तु त व અને भ પ્રત્યય વગેરે કાર્ય થવાથી कंयुः शंयुः; कंतिः शंतिः; कंयः शंयः, कंतुः शंतुः; कंतः शंतः; कंवः शंवः અને कंभः शंभः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– સુખી. સુખી. ॥૧૮॥

## बल–वात–दन्त–ललाटादूलः ७।२।१९॥

પ્રથમાન્ત बल, वात, दन्त અને ललाट નામને મત્વર્થમાં ऊल પ્રત્યય થાય છે. बलमस्त्यस्य, वातोऽस्त्यस्य, दन्तोऽस्त्यस्य અને ललाटोऽस्त्यस्य આ અર્થમાં बल, वात, दन्त અને ललाट નામને આ સૂત્રથી ऊल પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી बलूलः, वातूलः, दन्तूलः અને ललाटूलः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી बलवान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-બળવાન. વાયુના રોગવાળો. લાંબા દાંતવાળો. વિશાલ કપાળવાળો. ॥૧૯॥

## प्राण्यङ्गादातो लः ७।२।२०॥

પ્રાણ્યઙ્ગાર્થક પ્રથમાન્ત આકારાન્ત નામને મત્વર્થમાં ल પ્રત્યય થાય છે. चूडास्त्यस्य આ અર્થમાં चूडा નામને આ સૂત્રથી ल પ્રત્યય વગેરે કાર્ય થવાથી चूडालः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી चूडावान् આવો પ્રયોગ થાય છે. અર્થ-ચોટલીવાળો. प्राण्यङ्गादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આકારાન્ત પ્રાણ્યઙ્ગાર્થક જ પ્રથમાન્ત નામને મત્વર્થમાં ल પ્રત્યય થાય છે. તેથી जङ्घाऽस्त्यस्य

[प्रासादस्य]આ અર્થમાં जङ्घा નામ પ્રાણ્યઙ્ગાર્થક ન હોવાથી તેને આ સૂત્રથી ल પ્રત્યય ન થવાથી 'तदस्या० ૭-૨-૧' થી मतु પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી जङ्घावान् प्रासादः આવો પ્રયોગ થાય છે. અર્થ–અધોભાગવાળો પ્રાસાદ. ॥૨૦॥

## सिध्मादि–क्षुद्रजन्तु-रुग्भ्यः ૭।૨।૨૧॥

પ્રથમાન્ત-सिध्मादि ગણપાઠમાંનાં सिध्म વગેરે નામને; ક્ષુદ્ર જન્તુવાચક નામને અને રોગાર્થક નામને મત્વર્થમાં ल પ્રત્યય થાય છે. सिध्मानि सन्त्यस्य; वर्ध्मानि सन्त्यस्य, यूकास्त्यस्य અને मूर्च्छास्त्यस्य આ અર્થમાં सिध्म અને वर्ध्मन् નામને તેમ જ यूका અને मूर्च्छा નામને આ સૂત્રથી ल પ્રત્યય. 'नाम्नो० ૨-૧-૯૧' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી सिध्मलः; वर्ध्मलः; यूकालः અને मूर्च्छालः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० ૨-૧-૯૪' થી व् આદેશાદિ કાર્ય થવાથી सिध्मवान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કોઢરોગવાળો. વધરાવળ રોગવાળો. જૂવાળો. મૂર્ચ્છારોગવાળો. ॥૨૧॥

## प्रज्ञा-पर्णोदक-फेनाल्लेलौ ૭।૨।૨૨॥

પ્રથમાન્ત प्रज्ञा, पर्ण, उदक અને फेन નામને મત્વર્થમાં ल અને इल પ્રત્યય થાય છે. प्रज्ञास्त्यस्य, पर्णमस्त्यस्य, उदकमस्त्यस्य અને फेनोऽस्त्यस्य આ અર્થમાં प्रज्ञा, पर्ण, उदक અને फेन નામને આ સૂત્રથી ल અને इल પ્રત્યય. इल પ્રત્યયની પૂર્વે અન્ત્ય आ તથા अ નો લોપ...વગેરે કાર્ય થવાથી प्रज्ञालः प्रज्ञिलः; पर्णलः पर्णिलः; उदकलः उदकिलः અને फेनलः फेनिलः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને

'मावर्णा० २-१-९४' थी व् આદેશ વગેરે કાર્ય થવાથી फेनवान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-બુદ્ધિમાન.પાંદડાવાળો. પાણીવાળો. ફીણવાળો. ॥૨૨॥

## काला-जटा-घाटात् क्षेपे ७।२।२३॥

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો પ્રથમાન્ત काला, जटा અને घाटा નામને મત્વર્થમાં ल અને इल પ્રત્યય થાય છે. कालास्त्यस्य, जटास्त्यस्य અને घाटास्त्यस्य આ અર્થમાં काला, जटा અને घाटा નામને આ સૂત્રથી ल અને इल પ્રત્યય. इल પ્રત્યયની પૂર્વેના અન્ત્ય आ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ વગેરે કાર્ય થવાથી कालालः कालिलः; जटालः जटिलः અને घाटालः घाटिलः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કાલા [પગની મોટી નાડી]વાળો. લોકોને ઠગવા માટેની જટાવાળો. ડોક-ગરદનમાં ઉન્નત ભાગવાળો. क्षेप इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્ષેપ-નિન્દા અર્થ ગમ્યમાન હોય તો જ પ્રથમાન્ત काला, जटा અને घाटा નામને મત્વર્થમાં ल અને इल પ્રત્યય થાય છે. તેથી નિન્દાનો વિષય ન હોય ત્યારે काला નામને આ સૂત્રથી ल અને इल પ્રત્યય વગેરે કાર્ય ન થવાથી 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય. તેના म् ને 'मावर्णा० २-१-९४' थी व् આદેશ વગેરે કાર્ય થવાથી कालावान् આવો પ્રયોગ થાય છે. અર્થ-કાલી વનસ્પતિવિશેષવાળો. ॥૨૩॥

## वाच आलाऽऽटौ ७।२।२४॥

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો પ્રથમાન્ત वाच् નામને आल અને आट પ્રત્યય મત્વર્થમાં થાય છે. वागस्त्यस्य આ અર્થમાં वाच् નામને આ સૂત્રથી आल અને आट પ્રત્યયાદિ કાર્ય થવાથી वाचालः

અને वाचाटः આવો પ્રયોગ થાય છે. અર્થ-વ્યર્થ અધિક બોલનાર. આ અંને પૂર્વસૂત્રમાં 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યયનો સંબન્ધ નથી. કારણ કે मतु પ્રત્યયથી कालादि નામો દ્વારા નિંદા ગમ્યમાન થતી નથી. ॥૨૪॥

## ग्मिन् ૭।૨।૨૫॥

પ્રથમાન્ત वाच् નામને ग्मिन् પ્રત્યય મત્વર્થમાં થાય છે. वागस्त्यस्मिन् આ અર્થમાં वाच् નામને આ સૂત્રથી ग्मिन् પ્રત્યય...વગેરે કાર્ય થવાથી वाग्मी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० ૨-૧-૧૪' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી वाग्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ- સારો વક્તા. ॥૨૫॥

## मध्वादिभ्यो रः ૭।૨।૨૬॥

मध्वादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત मधु વગેરે નામને મત્વર્થમાં र પ્રત્યય થાય છે. मध्वस्त्यस्य અને खम् [महत् कण्ठविवरम्] अस्त्यस्य આ અર્થમાં मधु અને ख નામને આ સૂત્રથી र પ્રત્યયાદિ કાર્ય થવાથી मधुरो रसः અને खरो गर्दभः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-મધુર રસ. [અહીં मधु નામ રસવૃત્તિસ્વાદુત્વજાતિપરક છે.] ગધેડો. ॥૨૬॥

## कृष्यादिभ्यो वलच् ૭।૨।૨૭॥

कृष्यादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત कृषि વગેરે નામને મત્વર્થમાં वलच् [वल] પ્રત્યય થાય છે. कृषिरस्यास्ति અને आसुतिरस्यास्ति આ

અર્થમાં कृषि અને आसुति નામને આ સૂત્રથી वलच् પ્રત્યય. 'वलच्य० ३-२-८२' થી અન્ત્ય इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી कृषीवलः कुटुम्बी અને आसुतीवलः कल्यपालः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી आसुतिमान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ખેતી ઉપર જીવનાર. દારૂ વેચનાર. ॥૨૭॥

## लोम–पिच्छादेः शेलम् ७।२।२८॥

लोमन् આદિ ગણપાઠમાંનાં लोमन् વગેરે પ્રથમાન્ત નામને મત્વર્થમાં श પ્રત્યય થાય છે. અને पिच्छादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત पिच्छ વગેરે નામને મત્વર્થમાં इल પ્રત્યય થાય છે. लोमानि सन्त्यस्य, गिरिरस्त्यस्य, पिच्छमस्त्यस्य અને उरोऽस्त्यस्य આ અર્થમાં लोमन् અને गिरि નામને આ સૂત્રથી श પ્રત્યય. તથા पिच्छ અને उरस् નામને આ સૂત્રથી इल પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી न् નો લોપ.....વગેરે કાર્ય થવાથી लोमशः, गिरिशः, पिच्छिलः અને उरसिलः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશાદિ કાર્ય થવાથી लोमवान् અને पिच्छवान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–અધિક રોમયુક્ત. પર્વતવાળો. પીંછાવાળો. શ્રેષ્ઠ છાતીવાળો. ॥૨૮॥

## नोऽङ्गादेः ७।२।२९॥

अङ्गादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત अङ्ग વગેરે નામને મત્વર્થમાં न પ્રત્યય થાય છે. अङ्गानि सन्त्यस्याः અને पामास्त्यस्य આ અર્થમાં अङ्ग અને पामन् નામને આ સૂત્રથી न પ્રત્યય.

अङ्गन નામને ‘आत् २-४-१८’ થી आप् પ્રત્યય. ‘नाम्नो० २-१-९१ થી पामन् ના न् નો લોપ વગેરે કાર્ય થવાથી अङ्गना અને पामनः આવો પ્રયોગ થાય છે. ‘आ यात् ७-२-२’ થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને ‘मावर्णा० २-१-९४’ થી व् આદેશ વગેરે કાર્ય થવાથી पामवान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—સુંદર અંગવાળી સ્ત્રી. ખણજવાળો પુરુષ. ॥२९॥

## शाकी-पलाली-दर्द्रुवा ह्रस्वश्च ७।२।३०॥

પ્રથમાન્ત शाकी, पलाली અને दर्द्रू નામને મત્વર્થમાં न પ્રત્યય થાય છે, અને ત્યારે નામના અન્ત્ય સ્વરને હ્રસ્વ આદેશ થાય છે. સારા શાક અને ઘાસવિશેષને ક્રમશઃ शाकी અને पलाली કહેવાય છે. दर्द्रू રોગવિશેષ છે. शाक्यस्त्यस्य, पलाल्यस्त्यस्य અને दर्द्रूस्त्यस्य આ અર્થમાં शाकी, पलाली અને दर्द्रू નામને આ સૂત્રથી न પ્રત્યય; અને અન્ત્ય ई ને इ આદેશ તેમ જ અન્ત્ય ऊ ને उ આદેશ વગેરે કાર્ય થવાથી शाकिनः, पलालिनः અને दर्द्रुणः આવો પ્રયોગ થાય છે. ‘आ यात् ७-२-२’ થી मतु પ્રત્યયાદિ કાર્ય થાય ત્યારે शाकीमान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—સારાશાકવાળો. સારાઘાસવાળો. દાદરરોગવાળો. ॥३०॥

## विष्वचो विषुश्च ७।२।३१॥

પ્રથમાન્ત विष्वक् નામને મત્વર્થમાં न પ્રત્યય થાય છે અને ત્યારે विष्वक् ને विषु આદેશ થાય છે. विष्वञ्चो [रश्मयो]यस्य અથવા विष्वग् गतानि यस्य આ અર્થમાં विष्वक् નામને આ સૂત્રથી न પ્રત્યય; અને विष्वग् નામને विषु આદેશ વગેરે કાર્ય થવાથી विषुणः આવો પ્રયોગ થાય છે. ‘आ यात् ७-२-२’ થી मतु પ્રત્યય

થાય ત્યારે તેના म् ને 'मावर्णा० ૨-૧-૯૪' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી विष्वग्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ-સૂર્ય અથવા વાયુ. ॥૩૧॥

## लक्ष्म्या अनः ७।२।३२॥

પ્રથમાન્ત लक्ष्मी નામને મત્વર્થમાં अन પ્રત્યય થાય છે. लक्ष्मीरस्त्यस्य આ અર્થમાં लक्ष्मी નામને આ સૂત્રથી अन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી लक्ष्मणः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે 'मावर्णा० ૨-૧-૯૪' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી लक्ष्मीवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-શોભાવાળો. ॥૩૨॥

## प्रज्ञा–श्रद्धाऽर्चा-वृत्ते र्णः ७।२।३३॥

પ્રથમાન્ત प्रज्ञा, श्रद्धा, अर्चा અને वृत्ति નામને મત્વર્થમાં ण [अ] પ્રત્યય થાય છે. प्रज्ञास्त्यस्य, श्रद्धास्त्यस्य, अर्चास्त्यस्य અને वृत्तिरस्त्यस्य આ અર્થમાં प्रज्ञा, श्रद्धा, अर्चा અને वृत्ति નામને આ સૂત્રથી ण પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ અને ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ તથા इ નો લોપ વગેરે કાર્ય થવાથી प्राज्ञः, श्राद्धः, आर्चः અને वार्त्तः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે યથાપ્રાપ્ત 'मावर्णा० ૨-૧-૯૪' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી प्रज्ञावान्, श्रद्धावान्, अर्चावान् અને वृत्तिमान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બુદ્ધિમાન. શ્રદ્ધાળુ. પૂજારી. આજીવિકાવાળો. ॥૩૩॥

## ज्योत्स्नादिभ्योऽण् ७।२।३४॥

ज्योत्स्ना વગેરે પ્રથમાન્ત નામને મત્વર્થમાં अण् [अ] પ્રત્યય થાય છે. ज्योत्स्नाऽस्त्यस्याम् અને तमिस्राऽस्त्यस्याम् આ અર્થમાં ज्योत्स्ना અને तमिस्रा નામને આ સૂત્રથી अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ અને अ ને વૃદ્ધિ औ તથા आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ. ज्यौत्स्न અને तामिस्र નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી ज्यौत्स्नी અને तामिस्री આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અજવાળી રાત. અંધારી રાત. ॥૩૪॥

## सिकता–शर्करात् ७।२।३५॥

પ્રથમાન્ત सिकता અને शर्करा નામને મત્વર્થમાં अण् પ્રત્યય થાય છે. सिकताः सन्त्यस्य અને शर्कराः सन्त्यस्य આ અર્થમાં सिकता અને शर्करा નામને આ સૂત્રથી अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ...વગેરે કાર્ય થવાથી सैकतः અને शार्करः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશાદિ કાર્ય થવાથી सिकतावान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–રેતીવાળો પ્રદેશ. સાકરથી યુક્ત ભાત વગેરે. ॥૩૫॥

## इलश्च देशे ७।२।३६॥

પ્રથમાન્ત सिकता અને शर्करा નામને દેશસ્વરૂપ મત્વર્થમાં इल અને अण् [अ] પ્રત્યય થાય છે. सिकताः सन्त्यस्मिन् देशे અને

शर्करः सन्त्यस्मिन् देशे આ અર્થમાં सिकता અને शर्करा નામને આ સૂત્રથી इल અને अण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ... વગેરે કાર્ય થવાથી सिकतिलः सैकतः; અને शर्करिलः शार्करः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થાય ત્યારે सिकतावान् અને शर्करावान् देशः આવો પ્રયોગ થાય છે. [જુઓ સૂ.નં. ૭-૨-૩૫]અર્થ ક્રમશઃ –રેતાળ દેશ. કાંકરાવાળો દેશ. ॥३६॥

## द्यु–द्रोर्मः ૭।૨।३७॥

પ્રથમાન્ત द्यु અને द्रु નામને મત્વર્થમાં म પ્રત્યય થાય છે. द्युरस्त्यस्य અને द्रूणि सन्त्यस्य આ અર્થમાં द्यु અને द्रु નામને આ સૂત્રથી म પ્રત્યયાદિ કાર્ય થવાથી द्युमः અને द्रुमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–અગ્નિ અથવા દિવસવાળો. વૃક્ષ. અહીં આ બંન્ને નામો રૂઢ હોવાથી તેના અર્થમાં 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થતો નથી. ॥३७॥

## काण्डाण्ड–भाण्डादीरः ૭।૨।३८॥

પ્રથમાન્ત काण्ड, आण्ड અને भाण्ड નામને મત્વર્થમાં ईर પ્રત્યય થાય છે. काण्डमस्त्यस्य, आण्डमस्त्यस्मिन् અને भाण्डमस्त्यस्मिन् આ અર્થમાં काण्ड, आण्ड અને भाण्ड નામને આ સૂત્રથી ईर પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી काण्डीरः, आण्डीरः અને भाण्डीरः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० ૨-૧-૯૪' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી काण्डवान् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શાખાવાળો. અણ્ડકોશવાળો. ભાણ્ડ [વાસણ] વાળો. ॥३८॥

## कच्छ्वा डुरः ७।२।३९॥

પ્રથમાન્ત कच्छू નામને મત્વર્થમાં डुर [उर]પ્રત્યય થાય છે. कच्छूरस्त्यस्य આ અર્થમાં कच्छू નામને આ સૂત્રથી डुर પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય ऊ નો લોપ વગેરે કાર્ય થવાથી कच्छुरः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી कच्छूमान् આવો પ્રયોગ થાય છે. અર્થ- ખરજવાના રોગવાળો. ॥३९॥

## दन्तादुन्नताद् ७।२।४०॥

ઉન્નત વિશેષણથી વિશેષિત પ્રથમાન્ત दन्त નામને મત્વર્થમાં डुर [उर] પ્રત્યય થાય છે. उन्नता दन्ता अस्य सन्ति આ અર્થમાં दन्त નામને આ સૂત્રથી डुर પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दन्तुरः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઊંચા દાંતવાળો. उन्नतादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉન્નત વિશેષણથી વિશેષિત જ પ્રથમાન્ત दन्त નામને મત્વર્થમાં डुर પ્રત્યય થાય છે. તેથી दन्ता अस्य सन्ति આ અર્થમાં આ સૂત્રથી डुर પ્રત્યય ન થવાથી 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય. તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી दन्तवान् આવો પ્રયોગ થાય છે. અર્થ–દાંતવાળો. ॥४०॥

## मेधा–रथान्नवेरः ७।२।४१॥

પ્રથમાન્ત मेधा અને रथ નામને મત્વર્થમાં વિકલ્પથી इर પ્રત્યય થાય છે. मेधास्त्यस्य અને रथोऽस्त्यस्य આ અર્થમાં मेधा અને रथ નામને આ સૂત્રથી इर પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય

आ અને अ નો લોપ...વગેરે કાર્ય થવાથી मेधिरः અને रथिरः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इर પ્રત્યય ન થાય ત્યારે मेधा નામને 'असू-तपो० ૭-૨-૪૭' થી विन् પ્રત્યયાદિ કાર્ય થવાથી मेधावी આવો પ્રયોગ થાય છે. અને रथ નામને 'अतोऽनेक० ૭-૨-૬' થી इक અને इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી रथिकः અને रथी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० ૨-૧-૯૪' થી व् આદેશાદિ કાર્ય થવાથી मेधावान् અને रथवान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બુદ્ધિમાન. સારથી. ॥૪૧॥

## कृपाहृदयादालुः ૭।૨।૪૨॥

પ્રથમાન્ત कृपा અને हृदय નામને મત્વર્થમાં વિકલ્પથી आलु પ્રત્યય થાય છે. कृपाऽस्त्यस्य અને हृदयमस्त्यस्य આ અર્થમાં कृपा અને हृदय નામને આ સૂત્રથી आलु પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી कृपालुः અને हृदयालुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आलु પ્રત્યય ન થાય ત્યારે कृपा નામને 'तदस्या० ૭-૨-૧' થી मतु પ્રત્યય. 'मावर्णा० ૨-૧-૯૪' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી कृपावान् આવો પ્રયોગ થાય છે. 'अतोऽने० ૭-૨-૬' થી हृदय નામને इक અને इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી [हृदयिकः] हृदयी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી हृदयवान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કૃપાલુઃ સહૃદય. ॥૪૨॥

## केशाद् वः ७।२।४३॥

પ્રથમાન્ત केश નામને મત્વર્થમાં व પ્રત્યય વિકલ્પથી થાય છે. केशाः सन्त्यस्य આ અર્થમાં केश નામને આ સૂત્રથી व પ્રત્યયાદિ કાર્ય થવાથી केशवः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી व પ્રત્યય ન થાય ત્યારે 'अतोऽने० ७-२-६' થી [इक અને] इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી [केशिकः] केशी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી केशवान् આવો પ્રયોગ થાય છે. અર્થ–કેશવાળો. ॥४३॥

## मण्यादिभ्यः ७।२।४४॥

પ્રથમાન્ત मण्यादि ગણપાઠમાંનાં मणि વગેરે નામને મત્વર્થમાં व પ્રત્યય થાય છે. मणिरस्त्यस्यास्मिन् वा અને हिरण्यमस्त्यस्य આ અર્થમાં मणि અને हिरण्य નામને આ સૂત્રથી व પ્રત્યય...વગેરે કાર્ય થવાથી मणिवः અને हिरण्यवः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યયાદિ કાર્ય થવાથી मणिमान् અને हिरण्यवान् [२-१-९४] આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– મણિવાળો. હિરણ્યવાળો. ॥४४॥

## हीनात् स्वाङ्गादः ७।२।४५॥

हीन વિશેષણથી વિશેષિત સ્વાઙ્ગવાચક પ્રથમાન્ત નામને મત્વર્થમાં अ પ્રત્યય થાય છે. हीनः कर्णोऽस्त्यस्य આ અર્થમાં कर्ण નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ

નો લોપ વગેરે કાર્ય થવાથી कर्णः આવો પ્રયોગ થાય છે. અર્થ–નાના કાનવાળો. हीनादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ हीन વિશેષણથી વિશેષિત જ સ્વાઙ્ગવાચક પ્રથમાન્ત નામને મત્વર્થમાં अ પ્રત્યય થાય છે. તેથી हीन વિશેષણથી રહિત कर्ण નામને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી अ પ્રત્યય ન થવાથી 'तदस्या० ૭-૨-૧' થી मतु પ્રત્યય. તેના म् ને 'मावर्णा० ૨-૧-૧૪' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી कर्णवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-કાનવાળો. ॥૪૫॥

## अभ्रादिभ्यः ७।२।४६॥

अभ्रादि ગણપાઠમાંનાં अभ्र વગેરે પ્રથમાન્ત નામને મત્વર્થમાં अ પ્રત્યય થાય છે. अभ्राणि सन्त्यस्मिन् અને अर्शांसि सन्त्यस्मिन् આ અર્થમાં अभ्र અને अर्शस् નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अभ्रं मेघः અને अर्शसो मैत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– મેઘયુક્ત આકાશ. હરસના રોગવાળો મૈત્ર. ॥૪૬॥

## अस्-तपो-माया-मेधा-स्रजो विन् ७।२।४७॥

પ્રથમાન્ત–अस् અન્તવાળા નામને તેમ જ तपस्, माया, मेधा અને स्रज् નામને મત્વર્થમાં विन् પ્રત્યય થાય છે. यशोऽस्त्यस्य, तपोऽस्त्यस्य, मायास्त्यस्य, मेधास्त्यस्य અને स्रगस्त्यस्य આ અર્થમાં यशस्, तपस्, माया, मेधा અને स्रज् નામને આ સૂત્રથી विन् પ્રત્યય. 'चजः कगम् ૨-૧-૮૬' થી स्रज् ના ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી यशस्वी, तपस्वी, मायावी, मेधावी અને स्रग्वी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ૭-૨-૨' થી मतु પ્રત્યય થાય ત્યારે

मतु ના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશાદિ કાર્ય થવાથી यशस्वान् વગેરે પ્રયોગ પણ થાય છે. अस् અન્તવાળા નામોને આ સૂત્રથી विन् પ્રત્યયનું વિધાન હોવાથી तपस् નામને પણ તે વિધાન સિદ્ધ જ હતું. પરન્તુ 'ज्योत्स्ना० ७-२-२४' થી વિહિત अण् પ્રત્યયથી विन् પ્રત્યયનો બાધ ન થાય-એ માટે तपस् નામને આ સૂત્રથી પૃથગ્ विन् પ્રત્યયનું વિધાન કર્યું છે. અર્થ ક્રમશઃ- યશસ્વી. તપસ્વી. માયાવી. બુદ્ધિમાન. માળાવાળો. ॥૪૭॥

## आमयाद् दीर्घश्च ७।२।४८॥

પ્રથમાન્ત आमय નામને મત્વર્થમાં विन् પ્રત્યય થાય છે; અને ત્યારે आमय નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. आमयोऽस्त्यस्य આ અર્થમાં आमय નામને આ સૂત્રથી विन् પ્રત્યય; અને आमय નામના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી आमयावी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી आमयवान् આવો પણ પ્રયોગ થાય છે. અર્થ-રોગી- આમના રોગવાળો. ॥૪૮॥

## स्वान् मिन्नीशे ७।२।४९॥

પ્રથમાન્ત स्व નામને ઈશ સ્વરૂપ મત્વર્થમાં मिन् પ્રત્યય થાય છે. અને ત્યારે स्व નામના અન્ત્ય अ ને દીર્ઘ આદેશ થાય છે. स्वमस्त्यस्येशस्य આ અર્થમાં स्व નામને આ સૂત્રથી मिन् પ્રત્યય અને અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી स्वामी આવો પ્રયોગ થાય છે. અર્થ-ધનનો માલિક. ઈશ સ્વરૂપ મત્વર્થ ન હોય તો स्व નામને મત્વર્થમાં આ સૂત્રથી मिन् પ્રત્યય થતો

નથી. પરન્તુ 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય. 'मावर्णा० २-१-१४' થી मतु ના म् ને व् આદેશાદિ કાર્ય થવાથી स्ववान् આવો પ્રયોગ થાય છે. અર્થ-બીજાનું ધન જેની પાસે છે તે. ॥૪૯॥

## गोः ७।२।५०॥

પ્રથમાન્ત गो નામને મત્વર્થમાં मिन् પ્રત્યય થાય છે. गावः सन्त्यस्य આ અર્થમાં गो નામને આ સૂત્રથી मिन् પ્રત્યયાદિ કાર્ય થવાથી गोमी આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યયાદિ કાર્ય થવાથી गोमान् આવો પ્રયોગ થાય છે. અર્થ-અધિક ગાયોવાળો. ॥૫૦॥

## ऊर्जो विन्-वलावश्चान्तः ७।२।५१॥

પ્રથમાન્ત ऊर्ज् નામને મત્વર્થમાં विन् અને वल પ્રત્યય થાય છે; અને ત્યારે ऊर्ज् નામના અન્તમાં अस् નો આગમ થાય છે. ऊर्गस्त्यस्य આ અર્થમાં ऊर्ज् નામને આ સૂત્રથી विन् અને वल પ્રત્યય; અને ऊर्ज् નામની અન્તમાં अस् નો આગમ...વગેરે કાર્ય થવાથી ऊर्जस्वी અને ऊर्जस्वलः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-१४' થી व् આદેશાદિ કાર્ય થવાથી ऊर्ग्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ-તાકાતવાળો. ॥૫૧॥

## तमिस्रार्णव-ज्योत्स्ना ७।२।५२॥

મત્વર્થમાં तमिस्र, अर्णव અને ज्योत्स्ना નામનું નિપાતન કરાય છે. तमोऽस्त्यस्याम् एषु वा આ અર્થમાં तमस् નામને આ

સૂત્રથી र પ્રત્યય તથા ઉપાન્ત્ય अ ને इ આદેશ. 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી तमिस्रा-रात्रिः અને तमिस्राणि=गुहामुखानि આવો પ્રયોગ થાય છે. तमोऽस्त्यस्य આ અર્થમાં तमस् નામને 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી तमस्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-રાત. ગુફાઓનાં મુખો-દ્વારો. અંધકારવાળો. अर्णांसि सन्त्यत्र આ અર્થમાં अर्णस् નામને આ સૂત્રથી व પ્રત્યય અને અન્ત્ય स् નો લોપ... વગેરે કાર્ય થવાથી अर्णवः આવો પ્રયોગ થાય છે. અર્થ-સમુદ્ર. ज्योतिरस्त्यस्याम् આ અર્થમાં ज्योतिस् નામને આ સૂત્રથી न પ્રત્યય તથા ઉપાન્ત્ય इ નો લોપ. ज्योत्स्न નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી ज्योत्स्ना આવો પ્રયોગ થાય છે. અર્થ-ચન્દ્રપ્રકાશ. ॥૫૨॥

## गुणादिभ्यो यः ७।२।५३॥

गुणादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત गुण વગેરે નામને य પ્રત્યય થાય છે. गुणाः सन्त्यस्मिन् અને हिमोऽस्त्यस्मिन् આ અર્થમાં गुण અને हिम નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गुण्यो ना અને हिम्यो गिरिः આવો પ્રયોગ થાય છે. 'आ यात् ७-२-२' થી मतु પ્રત્યય થાય ત્યારે તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી हिमवान् વગેરે પ્રયોગ પણ થાય છે. અર્થ ક્રમશઃ-ગુણવાન પુરુષ. હિમાલય પર્વત. ॥૫૩॥

## रूपात् प्रशस्ता-ऽऽहतात् ७।२।५४॥

પ્રશસ્ત અથવા આહત વિશેષણથી વિશેષિત પ્રથમાન્ત रूप નામને મત્વર્થમાં य પ્રત્યય થાય છે. प्रशस्तं रूपमस्त्यस्य અને आहतं रूपमस्त्यस्य આ અર્થમાં रूप નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી रूप्यो गौः અને रूप्यं कार्षापणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-સુંદર રૂપવાળો બળદ. હથોડી વગેરેથી ઠોકાયાથી દબાઈ ગયું છે રૂપ જેનું એવો સુવર્ણનો સિક્કો. પ્રશસ્ત કે આહત વિશેષણથી વિશેષિત અર્થવાચક ન હોય તો પ્રથમાન્ત रूप નામને આ સૂત્રથી य પ્રત્યય થતો નથી. તેથી 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય. 'मावर्णा० २-१-९४' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી रूपवान् આવો પ્રયોગ થાય છે. અર્થ-રૂપવાળો. 'आ यात् ७-२-२' નો અધિકાર અહીં પૂર્ણ થાય છે. ॥૫૪॥

## पूर्णमासोऽण् ७।२।५५॥

પ્રથમાન્ત पूर्णमास् નામને મત્વર્થમાં अण् [अ] પ્રત્યય થાય છે. पूर्णो माश्चन्द्रमा अस्त्यस्याम् આ અર્થમાં पूर्णमास् નામને મત્વર્થમાં આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ. સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી पौर्णमासी આવો પ્રયોગ થાય છે. અર્થ-પૂનમતિથિ. ॥૫૫॥

## गोपूर्वादत इकण् ७।२।५६॥

गो નામ છે પૂર્વપદ જેનું એવા અકારાન્ત પ્રથમાન્ત નામને મત્વર્થમાં इकण् પ્રત્યય થાય છે. गोशतमस्त्यस्य આ અર્થમાં गोशत નામને આ સૂત્રથી इकण् [इक] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गौशतिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-સો ગાયવાળો. अत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गो નામ છે પૂર્વપદ જેનું એવા અકારાન્ત જ પ્રથમાન્ત નામને મત્વર્થમાં इकण् પ્રત્યય થાય છે. તેથી गोविंशतिरस्त्यस्य આ અર્થમાં गोविंशति આ ઈકારાન્ત નામને આ સૂત્રથી इकण् પ્રત્યય ન થવાથી 'तदस्या० ૭-૨-૧' થી मतु પ્રત્યયાદિ કાર્ય થવાથી गोविंशतिमान् આવો પ્રયોગ થાય છે. અર્થ-વીશ ગાયવાળો. ॥૫૬॥

## निष्कादेः शतसहस्रात् ७।२।५७॥

निष्क નામ છે આદિમાં જેના અને शत અથવા सहस्र નામ છે અન્તમાં જેના એવા પ્રથમાન્ત નામને મત્વર્થમાં इकण् [इक] પ્રત્યય થાય છે. निष्कशतमस्त्यस्य અને निष्कसहस्रमस्त्यस्य આ અર્થમાં निष्कशत અને निष्कसहस्र નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી नैष्कशतिकः અને नैष्कसहस्रिकः આવો પ્રયોગ થાય છે. અર્થ

ક્રમશઃ-સો સુવર્ણમુદ્રાવાળો. હજાર સુવર્ણમુદ્રાવાળો. आदेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ निष्क નામ છે આદિમાં જ [મધ્યમાં કે પૂર્વપદ નહીં] જેના અને शत કે सहस्र નામ છે અન્તમાં જેના એવા પ્રથમાન્ત નામને મત્વર્થમાં इकण् [इक] પ્રત્યય થાય છે. તેથી स्वर्णनिष्कशतमस्त्यस्य આ અર્થમાં स्वर्णनिष्कशत નામને આ સૂત્રથી इकण् પ્રત્યય થતો નથી. અર્થ-સો સોનામહોરવાળો. ॥૫૭॥

## एकादेः कर्मधारयात् ७।२।५८॥

एक નામ છે આદિમાં જેના એવા પ્રથમાન્ત કર્મધારયસમાસ સ્વરૂપ અકારાન્ત નામને મત્વર્થમાં इकण् પ્રત્યય થાય છે. एकश्चासौ गौः આ વિગ્રહમાં કર્મધારયથી નિષ્પન્ન एकगव ['गोस्तत्पु० ७-३-१०५' થી સમાસાન્ત अट् પ્રત્યયાદિ કાર્ય....]નામને આ સૂત્રથી इकण् [इक] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ऐकगविकः આવો પ્રયોગ થાય છે. અર્થ-એક બળદવાળો. ॥૫૮॥

## सर्वादेरिन् ७।२।५९॥

सर्व નામ છે આદિમાં જેના એવા પ્રથમાન્ત અકારાન્ત કર્મધારયસમાસસ્વરૂપ નામને મત્વર્થમાં इन् પ્રત્યય થાય છે. सर्वधनमस्त्यस्य આ અર્થમાં सर्वधन નામને આ સૂત્રથી इन् પ્રત્યય.

'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सर्वधनी આવો પ્રયોગ થાય છે. અર્થ-બધા ધનવાળો. ॥૫૧॥

## प्राणिस्थादस्वाङ्गाद् द्वन्द्व-रुग्-निन्द्यात् ७।२।६०॥

પ્રાણિસ્થ અસ્વાઙ્ગવાચક નામથી આરબ્ધ દ્વન્દ્વસમાસસ્વરૂપ અકારાન્ત પ્રથમાન્ત નામને તેમ જ રોગવાચક અથવા તો નિન્દ્યવાચક અકારાન્ત પ્રથમાન્ત નામને મત્વર્થમાં इन् પ્રત્યય થાય છે. कटकवलयमस्त्यस्याः; कुष्ठमस्त्यस्य અને ककुदावर्त्तोऽस्त्यस्य આ અર્થમાં कटकवलय [આ દ્વન્દ્વસમાસ છે. कटक અને वलय પ્રાણિસ્થ છે અને સ્વાઙ્ગવાચક નથી અર્થાદ્ અસ્વાઙ્ગવાચક તે નામ છે.] રોગવાચક कुष्ठ અને નિન્દ્યવાચક ककुदावर्त्त નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી कटकवलयिनी ['स्त्रियां० २-४-१' થી ङी પ્રત્યય.] कुष्ठी અને ककुदावर्ती આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બાજાુબંધ અને વલયવાળી. કોઢરોગી. કકુદાવર્ત્ત [ખૂંધ ઉપરનું રુંવાટાનું દુષ્ટ ચક્ર] વાળો. प्राणिस्थादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણિસ્થ જ અસ્વાઙ્ગવાચક નામથી આરબ્ધ દ્વન્દ્વસમાસસ્વરૂપ અકારાન્ત પ્રથમાન્ત નામને તેમ જ રોગવાચક કે નિન્દ્યવાચક અકારાન્ત પ્રથમાન્ત નામને इन् પ્રત્યય થાય છે. તેથી पुष्पफलानि सन्त्यस्य આ અર્થમાં અસ્વાઙ્ગવાચક [અપ્રાણિસ્થ] નામથી આરબ્ધ હોવા છતાં पुष्पफल સ્વરૂપ દ્વન્દ્વસમાસને આ સૂત્રથી इन् પ્રત્યય ન થવાથી 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય. તેના म् ને 'मावर्णा० २-१-९४' થી व्

આદેશાદિ કાર્ય થવાથી पुष्पफलवान् वृक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ-ફૂલ અને ફળવાળું વૃક્ષ. अस्वाङ्गादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણિસ્થ અસ્વાઙ્ગવાચક જ નામથી આરબ્ધ અકારાન્ત દ્વન્દ્વસમાસસ્વરૂપ પ્રથમાન્ત નામને તેમ જ રોગ અથવા નિન્દ્યવાચક અકારાન્ત પ્રથમાન્ત નામને મત્વર્થમાં इन् પ્રત્યય થાય છે. તેથી स्तनकेशमस्त्यस्याः આ અર્થમાં स्तनकेश નામને આ સૂત્રથી इन् પ્રત્યય થતો નથી. [કારણ કે તે નામ પ્રાણિસ્થ સ્વાઙ્ગવાચક નામથી આરબ્ધ દ્વન્દ્વસમાસસ્વરૂપ છે] તેથી ઉપર જણાવ્યા મુજબ मतु પ્રત્યયાદિ કાર્ય થવાથી स्तनकेशवती આવો પ્રયોગ થાય છે. [અહીં 'अधातू० ૨-૪-૨' થી ङी પ્રત્યય થયો છે.] અર્થ- સ્તન અને કેશવાળી. ॥૬૦॥

## वाताऽतीसार–पिशाचात् कश्चान्तः ७।२।६१॥

પ્રથમાન્ત वात, अतीसार અને पिशाच નામને મત્વર્થમાં इन् પ્રત્યય થાય છે. અને ત્યારે અન્તમાં क् નો આગમ થાય છે. वातोऽस्त्यस्य अतीसारोऽस्त्यस्य અને पिशाचोऽस्त्यस्य આ અર્થમાં वात, अतीसार અને पिशाच નામને આ સૂત્રથી इन् પ્રત્યય તથા અન્તમાં क् નો આગમ વગેરે કાર્ય થવાથી वातकी, अतीसारकी અને पिशाचकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– વાતરોગી. અતીસારરોગી. પિશાચગ્રસ્ત અથવા પિશાચને વશ કરનાર. ॥૬૧॥

## पूरणाद् वयसि ७।२।६२॥

વય અર્થ [ઉંમર] ગમ્યમાન હોય તો પ્રથમાન્ત પૂરણ-પ્રત્યયાન્ત નામને મત્વર્થમાં इन् પ્રત્યય જ થાય છે. **पञ्चमो मासः संवत्सरो वाऽस्यास्ति** આ અર્થમાં **पञ्चम** નામને મત્વર્થમાં આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **पञ्चमी बालः** આવો પ્રયોગ થાય છે. અર્થ- પાંચ મહિનાનો અથવા પાંચ વર્ષનો બાલક. આ નિયમસૂત્ર હોવાથી આ સૂત્રના વિષયમાં 'अतो० ७-२-६' થી इक પ્રત્યય નહિ થાય. ॥६२॥

## सुखादेः ७।२।६३॥

सुखादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત सुख વગેરે નામને મત્વર્થમાં इन् પ્રત્યય જ થાય છે. **सुखमस्यास्ति** અને **दुःखमस्यास्ति** આ અર્થમાં सुख અને दुःख નામને મત્વર્થમાં આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **सुखी** અને **दुःखी** આવો પ્રયોગ થાય છે. આ નિયમસૂત્ર હોવાથી 'अतो० ७-२-६' થી सुखादि નામોને इक પ્રત્યય નહિ થાય. અર્થ ક્રમશઃ- સુખી. દુઃખી. ॥६३॥

## मालायाः क्षेपे ७।२।६४॥

નિંદા અર્થ ગમ્યમાન હોય તો પ્રથમાન્ત **माला** નામને મત્વર્થમાં इन् પ્રત્યય જ થાય છે. **मालास्त्यस्य** આ અર્થમાં **माला**

નામને આ સૂત્રથી **इन्** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **आ** નો લોપ વગેરે કાર્ય થવાથી **माली** આવો પ્રયોગ થાય છે. અર્થ-માળી [નિન્દ્ય]. **क्षेप इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિન્દ્ય અર્થ ગમ્યમાન હોય તો જ **माला** નામને મત્વર્થમાં **इन्** પ્રત્યય જ થાય છે. તેથી નિંદા અર્થનો વિષય ન હોય ત્યારે **माला** નામને મત્વર્થમાં '**तदस्या०** ૭-૨-૧' થી **मतु** પ્રત્યય. '**मावर्णा०** ૨-૧-૯૪' થી **मतु** ના **म्** ને **व्** આદેશાદિ કાર્ય થવાથી **मालावान्** આવો પ્રયોગ થાય છે. આ નિયમસૂત્ર હોવાથી નિન્દા અર્થ ગમ્યમાન હોય ત્યારે તાદૃશ **माला** નામને **मतु** પ્રત્યય નહિ થાય. અર્થ-માળાવાલો. ॥૬૪॥

## धर्म-शील-वर्णान्तात् ७।२।६५॥

**धर्म, शील** અથવા **वर्ण** નામ છે અન્તમાં જેના એવા પ્રથમાન્ત નામને મત્વર્થમાં **इन्** પ્રત્યય જ થાય છે. **मुनिधर्मोऽस्यास्ति, यतिशीलमस्यास्ति** અને **ब्राह्मणवर्णोऽस्यास्ति** આ અર્થમાં **मुनिधर्म, यतिशील** અને **ब्राह्मणवर्ण** નામને આ સૂત્રથી **इन्** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **मुनिधर्मी, यतिशीली** અને **ब्राह्मणवर्णी** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મુનિઓની જેમ આચરણ કરનાર. યતિના જેવા શીલવાળો. બ્રાહ્મણના વર્ણવાળો. આ સૂત્ર પણ નિયમસૂત્ર છે. તેથી '**अतो०** ૭-૨-૬' થી આ સૂત્રના વિષયમાં **इक** પ્રત્યય થશે નહીં. ॥૬૫॥

## बाहूर्वादिर्बलात् ७।२।६६॥

बाहु અથવા ऊरु નામ છે પૂર્વપદ જેનું એવું बल નામ છે અન્તમાં જેના એવા પ્રથમાન્ત નામને મત્વર્થમાં इन् પ્રત્યય જ થાય છે. **बाहौ बलमस्त्यस्य** અને **ऊरौ बलमस्त्यस्य** આ અર્થમાં **बाहुबल** અને **ऊरुबल** નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી- **बाहुबली** અને **ऊरुबली** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–બાહુમાં બળવાળો. જંઘામાં બળવાળો. ॥६६॥

## मन्–मा–ब्जादे र्नाम्नि ७।२।६७॥

પ્રથમાન્ત–मन् અન્તવાળા નામને, म् અન્તવાળા નામને તેમ જ अब्जादि ગણપાઠમાંનાં अब्ज વગેરે નામને મત્વર્થમાં, સંજ્ઞાનો વિષય હોય તો इन् પ્રત્યય જ થાય છે. **दामास्त्यस्याम्; सोमोऽस्त्यस्याम्; अब्जमस्त्यस्याम्** અને **कमलमस्त्यस्याम्** આ અર્થમાં **दामन्, सोम, अब्ज** અને **कमल** નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ. 'स्त्रियां नृतो० २-४-१' થી ङी પ્રત્યય...વગેરે કાર્ય થવાથી **दामिनी, सोमिनी, अब्जिनी** અને **कमलिनी** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વીજળી. ચાંદની રાત. સરોવર. સરોવર. ॥६७॥

## हस्त-दन्त-कराज्जातौ ७।२।६८॥

જાતિવાચક સંજ્ઞાના વિષયમાં પ્રથમાન્ત हस्त, दन्त અને कर નામને મત્વર્થમાં इन् પ્રત્યય જ થાય છે. हस्तोऽस्त्यस्य, दन्तोऽस्त्यस्य અને करोऽस्त्यस्य આ અર્થમાં हस्त, दन्त અને कर નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી हस्ती, दन्ती અને करी આવો પ્રયોગ થાય છે. અર્થ-તે તે નામના હાથીવિશેષ. ॥૬૮॥

## वर्णाद् ब्रह्मचारिणि ७।२।६९॥

બ્રહ્મચારીની સંજ્ઞાના વિષયમાં પ્રથમાન્ત वर्ण નામને મત્વર્થમાં इन् પ્રત્યય જ થાય છે. वर्णोऽस्त्यस्य આ અર્થમાં वर्ण નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી वर्णी ब्रह्मचारी આવો પ્રયોગ થાય છે. બ્રહ્મચારીથી ભિન્નનો વિષય હોય ત્યારે वर्ण નામને આ સૂત્રથી इन् પ્રત્યય ન થવાથી 'तदस्या० ૭-૨-૧' થી मतु પ્રત્યય. તેના म् ને 'मावर्णा० ૨-૧-૯૪' થી व् આદેશ વગેરે કાર્ય થવાથી वर्णवान् अन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–બ્રહ્મચારી. વર્ણવાળો. ॥૬૯॥

## पुष्करादेर्देशे ७।२।७०॥

દેશસ્વરૂપ મત્વર્થમાં પ્રથમાન્ત **पुष्करादि** ગણપાઠમાંનાં **पुष्कर** વગેરે નામને **इन्** પ્રત્યય જ થાય છે. **पुष्कराणि सन्त्यस्याम्** અને **पद्मानि सन्त्यस्याम्** આ અર્થમાં **पुष्कर** અને **पद्म** નામને આ સૂત્રથી **इन्** પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ. 'स्त्रियां० ૨-૪-૧' થી **ङी** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **पुष्करिणी** અને **पद्मिनी** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સરોવર. સરોવર. **देश इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશસ્વરૂપ જ મત્વર્થમાં પ્રથમાન્ત **पुष्करादि** ગણપાઠમાંનાં **पुष्कर** વગેરે નામને **इन्** પ્રત્યય જ થાય છે. તેથી **पुष्करवान् हस्ती** અહીં હસ્તિસ્વરૂપ મત્વર્થમાં આ સૂત્રથી **पुष्कर** નામને **इन्** પ્રત્યય ન થવાથી 'तदस्या० ૭-૨-૧' થી **मतु** પ્રત્યય. તેના **म्** ને 'मावर्णा० ૨-૧-૯૪' થી **व्** આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ-હાથી. ॥૭૦॥

## सूक्त-साम्नोरीयः ७।२।७१॥

સૂક્ત અને સામન્ અર્થ સ્વરૂપ મત્વર્થ હોય તો પ્રથમાન્ત નામને મત્વર્થમાં **ईय** પ્રત્યય થાય છે. **अच्छावाक् शब्दो यत्र सूक्तेऽस्ति** અને **यज्ञायज्ञमस्त्यस्मिन् साम्नि** આ અર્થમાં **अच्छावाक्** નામને અને **यज्ञायज्ञ** નામને આ સૂત્રથી **ईय** પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **अच्छावाकीयम्** અને **यज्ञायज्ञीयम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-**अच्छावाक्** શબ્દ છે જેમાં એવો ગ્રન્થ [**सूक्त**]= ગ્રન્થવિશેષ. **यज्ञायज्ञ** છે જેમાં એવો સામસ્વરૂપ ગ્રન્થવિશેષ. ॥૭૧॥

## लुब् वाऽध्यायाऽनुवाके ७।२।७२॥

મત્વર્થ અધ્યાય અને અનુવાક ગ્રન્થવિશેષ હોય તો

પ્રથમાન્ત નામને વિહિત ईय પ્રત્યયનો વિકલ્પથી લુપ્ [લોપ]થાય છે. गर्दभाण्डः शब्दोऽस्त्यस्मिन् अध्याये अनुवाके वा આ અર્થમાં गर्दभाण्ड નામને આ સૂત્રથી [લુપ્‌ના વિધાનસામર્થ્યથી]ईय પ્રત્યય અને તેનો લુપ્ વગેરે કાર્ય થવાથી गर्दभाण्डः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईय પ્રત્યયનો લુબ્ ન થાય ત્યારે 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गर्दभाण्डीयोऽध्यायोऽनुवाको वा આવો પ્રયોગ થાય છે. અર્થ-गर्दभाण्ड શબ્દ છે જેમાં તે અધ્યાય અથવા અનુવાક [ગ્રન્થવિશેષ.] ॥૭૨॥

## विमुक्तादेरण् ૭।૨।૭૩॥

विमुक्तादि ગણપાઠમાંનાં विमुक्त વગેરે પ્રથમાન્ત નામને અધ્યાય અથવા અનુવાકસ્વરૂપ મત્વર્થમાં अण् [अ] પ્રત્યય થાય છે. विमुक्तः शब्दोऽस्त्यस्मिन्नध्यायेऽनुवाके वा અને देवासुरः शब्दोऽस्त्यस्मिन्नध्यायेऽनुवाके वा આ અર્થમાં विमुक्त અને देवासुर નામને આ સૂત્રથી अण् [अ]પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ અને ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैमुक्तः અને दैवासुरोऽध्यायोऽनुवाको वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- विमुक्त શબ્દ છે જેમાં તે અધ્યાય અથવા અનુવાક. देवासुर શબ્દ છે જેમાં એવો અધ્યાય અથવા અનુવાક [ગ્રન્થવિશેષ]. ॥૭૩॥

## घोषदादेरकः ૭।૨।૭૪॥

घोषदादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત घोषद् વગેરે નામને મત્વર્થ અધ્યાય કે અનુવાક સ્વરૂપ હોય તો મત્વર્થમાં अक પ્રત્યય થાય. घोषद् शब्दोऽस्त्यस्मिन्नध्यायेऽनुवाके वा અને गोषद् शब्दोऽस्त्यस्मिन्नध्यायेऽनुवाके वा આ અર્થમાં घोषद् અને गोषद् નામને આ સૂત્રથી

अक प्रत्ययादि કાર્ય થવાથી घोषदकः અને गोषदकोऽध्यायादिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- घोषद् શબ્દ છે જેમાં તે અધ્યાયાદિ. गोषद् શબ્દ છે જેમાં તે અધ્યાયાદિ. ॥૭૪॥

## प्रकारे जातीयर् ૭।૨।૭૫॥

પ્રથમાન્ત પદાર્થ પ્રકાર હોય તો પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં जातीयर् પ્રત્યય થાય છે. સામાન્યનો જે વિશેષ–ભેદક અને વિશેષાન્તરમાં રહેનારો ધર્મ તેને પ્રકાર કહેવાય છે. અર્થાત્ સામાન્યના [વ્યાપકના] વ્યાપ્યભૂત ધર્મને પ્રકાર કહેવાય છે. મનુષ્યત્વના વ્યાપ્યભૂત પટુત્વાદિ ધર્મ પ્રકાર કહેવાય છે. જે પટુતરાદિ વિશેષાન્તરમાં વૃત્તિ પણ છે. पटुः प्रकारोऽस्य આ અર્થમાં पटु નામને આ સૂત્રથી जातीयर् [जातीय] પ્રત્યય વગેરે કાર્ય થવાથી पटुजातीयः આવો પ્રયોગ થાય છે. અર્થ–પટુત્વ ધર્મથી યુક્ત. સૂ. નં. ૭-૨-૧ થી 'तदस्य'ની અનુવૃત્તિ અહીં ચાલુ છે. તેથી આ સૂત્રથી ષષ્ઠ્યર્થમાં પ્રત્યય વિહિત છે. ॥૭૫॥

## कोऽण्वादेः ૭।૨।૭૬॥

अण्वादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત अणु વગેરે પ્રકારવાચક નામને ષષ્ઠ્યર્થમાં क પ્રત્યય થાય છે. अणुः प्रकारोऽस्य અને स्थूलः प्रकारोऽस्य આ અર્થમાં अणु અને स्थूल નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી अणुकः અને स्थूलकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-પતલું કપડું. સ્થૂલ કપડું. ॥૭૬॥

## जीर्ण-गोमूत्राऽवदात–सुरा–यव–कृष्णा–च्छाल्या–च्छादन-सुरा-ऽहि-व्रीहि–तिले ૭।૨।૭૭॥

પ્રકારવાચક પ્રથમાન્ત जीर्ण, गोमूत्र, अवदात, सुरा, यव અને

कृष्ण નામને ક્રમશઃ ષષ્ઠ્યર્થ शालि, आच्छादन, सुरा, अहि, व्रीहि અને तिल અર્થમાં क પ્રત્યય થાય છે. जीर्णः प्रकारोऽस्य शालेः; गोमूत्रं प्रकारोऽस्याच्छादनस्य; अवदातः प्रकारोऽस्याः सुरायाः; सुरा प्रकारोऽस्याहेः, यवः प्रकारोऽस्य व्रीहेः અને कृष्णः प्रकार एषां तिलानाम् આ અર્થમાં અનુક્રમે जीर्ण, गोमूत्र, अवदात, सुरा, यव અને कृष्ण નામને આ સૂત્રથી क પ્રત્યય. अवदातक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી अवदातक નામના क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી जीर्णकः शालिः; गोमूत्रकमाच्छादनम्; अवदातिका सुरा; सुरकोऽहिः [અહીં 'ङ्यादी० ૨-૪-૧૦૪' થી सुरा ના आ ને -હ્રસ્વ अ આદેશ થયો છે.]; यवको व्रीहिः અને कृष्णकास्तिलाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-જૂનું ધાન્ય. ગોમૂત્રવર્ણનું ઓઢવાનું કપડું. પીળી અથવા ઉજ્જ્વલ મદિરા. મદિરાના વર્ણવાળો સાપ. યવ નામનો વ્રીહિ. કાળા તલ. ॥૭૭॥

## भूतपूर्वे प्चरट् ७।२।७८॥

ભૂતપૂર્વાર્થક નામને સ્વાર્થમાં प्चरट् [चर] પ્રત્યય થાય છે. भूतपूर्वा आढ्या આ અર્થમાં आढ्या નામને આ સૂત્રથી प्चरट् પ્રત્યય. 'क्यङ्० ३-२-५०' થી आढ्या નામને पुंवद्भाव. [आप् ની નિવૃત્તિ.] आढ्यचर નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી आढ्यचरी આવો પ્રયોગ થાય છે. અર્થ– ભૂતપૂર્વ સંપત્તિશાલિની. સામાન્યથી અહીંથી હવે પછીના પ્રત્યયો પ્રાયઃ સ્વાર્થમાં થાય છે. પ્રત્યયની પ્રકૃતિના અર્થના ભૂતપૂર્વત્વાદિ ઉપાધિભૂત ધર્મો વિશેષણ હોય છે. તે વિશેષણાર્થો પ્રત્યયથી ઘોતિત થાય છે. भूत શબ્દ [शुक्लीभूतम्]ક્વચિદ્ વર્ત્તમાનમાં વપરાય છે અને पूर्वनाम દિશાવાચક પણ છે. તેથી અતિક્રાન્તાર્થ [ભૂતકાલીન અર્થ]ને જણાવવા भूत અને पूर्व ઉભયનું ગ્રહણ છે. ॥૭૮॥

## गोष्ठादीनञ् ૭।૨।૭૯॥

ભૂતપૂર્વાર્થક गोष्ठ નામને સ્વાર્થમાં ईनञ् [ईन] પ્રત્યય થાય છે. भूतपूर्वो गोष्ठः આ અર્થમાં गोष्ठ નામને આ સૂત્રથી ईनञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गौष्ठीनो देशः આવો પ્રયોગ થાય છે. અર્થ– પહેલાનું ગાયોને રહેવાનું સ્થાન. ॥૭૯॥

## षष्ठ्या रूप्य–प्चरट् ૭।૨।૮૦॥

ષષ્ઠ્યન્ત નામને ભૂતપૂર્વ અર્થમાં रूप्य અને प्चरट् [चर]પ્રત્યય થાય છે. मैत्रस्य भूतपूर्वो गौः આ અર્થમાં मैत्र નામને આ સૂત્રથી रूप्य અને प्चरट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી मैत्ररूप्यो गौः અને मैत्रचरो गौः આવો પ્રયોગ થાય છે. અર્થ–મૈત્રનો પહેલાનો બળદ. ॥૮૦॥

## व्याश्रये तसुः ૭।૨।૮૧॥

ષષ્ઠ્યન્ત નામને વ્યાશ્રય અર્થ ગમ્યમાન હોય તો तसु પ્રત્યય થાય છે. અનેકપક્ષના આશ્રયને વ્યાશ્રય કહેવાય છે. अर्जुनस्य पक्षे देवा अभवन् અને कर्णस्य पक्षे रविरभवत् આ અર્થમાં अर्जुन અને कर्ण નામને આ સૂત્રથી तसु [तस्]પ્રત્યય વગેરે કાર્ય થવાથી देवा अर्जुनतोऽभवन् અને रविः कर्णतोऽभवत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દેવો અર્જુનના પક્ષમાં થયા. સૂર્ય કર્ણના પક્ષમાં રહ્યો. અહીં અર્જુન અને કર્ણનો પક્ષ હોવાથી નાના-અનેક પક્ષો છે. ॥૮૧॥

रोगात् प्रतीकारे ७।२।८२॥

ષષ્ઠ્યન્ત રોગવાચક નામને પ્રતીકારાર્થમાં तसु [तस्]પ્રત્યય થાય છે. प्रवाहिकायाश्चिकित्सां कुरु આ અર્થમાં प्रवाहिका નામને આ સૂત્રથી तसु પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रवाहिकातः कुरु આવો પ્રયોગ થાય છે. અર્થ-પ્રવાહિકા [સંગ્રહણી]ની ચિકિત્સા કર. ॥૮૨॥

पर्यभेः सर्वोभये ७।२।८३॥

સર્વાર્થક परि નામને અને ઉભયાર્થક अभि નામને સ્વાર્થમાં तसु પ્રત્યય થાય છે. परि અને अभि નામને આ સૂત્રથી तसु [तस्]પ્રત્યય વગેરે કાર્ય થવાથી परितः અને अभितः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બધી બાજુ, બંન્ને બાજુ. सर्वोभय इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સર્વાર્થક જ परि અને ઉભયાર્થક જ अभि નામને तसु પ્રત્યય થાય છે. તેથી वृक्षं परि अभि वा અહીં परि અને अभि નામ સર્વ કે ઉભયાર્થક ન હોવાથી તેને આ સૂત્રથી तसु પ્રત્યય થતો નથી. અર્થ–વૃક્ષ તરફ. ॥૮૩॥

आद्यादिभ्यः ७।२।८४॥

आद्यादि ગણપાઠમાંનાં आदि વગેરે યથાસમ્ભવ વિભક્ત્યન્ત નામને तसु [तस्] પ્રત્યય થાય છે. आदौ आदे र्वा અને मध्ये मध्याद् वा આ અર્થમાં आदि અને मध्य નામને આ સૂત્રથી तसु પ્રત્યય વગેરે કાર્ય થવાથી आदितः અને मध्यतः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-આદિમાં અથવા આદિથી. મધ્યમાં અથવા મધ્યથી. ॥૮૪॥

## क्षेपाऽतिग्रहाऽव्यथेष्वकर्तुस्तृतीयायाः ७।२।८५॥

કર્તૃભિન્નાર્થક તૃતીયાન્ત નામને क्षेप, अतिग्रह અને अव्यथा અર્થ ગમ્યમાન હોય તો तसु [तसु] પ્રત્યય થાય છે. क्षेप=નિન્દા. अतिग्रह=અતિક્રમણ કરીને લેવું અને અવ્યથા= અભય, સંક્ષોભનો અભાવ. वृत्तेन क्षिप्तोऽतिग्राह्यो न व्यथते वा આ અર્થમાં वृत्त નામને આ સૂત્રથી तसु પ્રત્યયાદિ કાર્ય થવાથી वृत्ततः क्षिप्तोऽतिग्राह्यो न व्यथते वा આવો પ્રયોગ થાય છે. અર્થ—આચારથી નિન્દિત. સારા આચારથી બીજાનું અતિક્રમણ કરી ગ્રહણ કરાતો. સારા આચારના કારણે નહિ ડરનારો. अकर्तुरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્તૃભિન્નાર્થક જ તૃતીયાન્ત નામને; ક્ષેપ અતિગ્રહ અને અવ્યથા અર્થ ગમ્યમાન હોય તો तसु પ્રત્યય થાય છે. તેથી मैत्रेण क्षिप्तः અહીં કર્ત્રર્થક તૃતીયાન્ત मैत्र નામને આ સૂત્રથી तसु પ્રત્યય થતો નથી. અર્થ—મૈત્રથી નિંદિત. ॥८५॥

## पाप-हीयमानेन ७।२।८६॥

કર્તૃભિન્નાર્થક તૃતીયાન્ત નામને पाप અને हीयमान શબ્દના યોગમાં तसु [तसु] પ્રત્યય થાય છે. वृत्तेन पापो हीयमानो वा આ અર્થમાં તૃતીયાન્ત वृत्त નામને આ સૂત્રથી तसु પ્રત્યયાદિ કાર્ય થવાથી वृत्ततः पापो हीयते वा આવો પ્રયોગ થાય છે. અર્થ-આચારથી પાપ. આચારથી ત્યાજ્ય. ॥८६॥

## प्रतिना पञ्चम्याः ७।२।८७॥

प्रति નામના યોગમાં વિહિત પઞ્ચમ્યન્ત નામને વિકલ્પથી तसु [तसु] પ્રત્યય થાય છે. अर्जुनात् प्रति अभिमन्युः આ અર્થમાં अर्जुन નામને આ સૂત્રથી तसु પ્રત્યય વગેરે કાર્ય થાય ત્યારે

अर्जुनतः અને तसु પ્રત્યય વગેરે કાર્ય વિકલ્પપક્ષમાં ન થાય ત્યારે अर्जुनात् प्रति अभिमन्युः આવો પ્રયોગ થાય છે. અર્થ—અર્જુનનો પ્રતિનિધિ અભિમન્યુ છે. ॥૮૭॥

## अहीय-रुहोऽपादाने ७।२।८८॥

हीय [हा] અને रुह् સંબન્ધી અપાદાન ન હોય તો; અપાદાનકારકમાં વિહિત પઞ્ચમ્યન્ત નામને સ્વાર્થમાં વિકલ્પથી तसु પ્રત્યય થાય છે. ग्रामाद् एति આ અર્થમાં ग्राम નામને આ સૂત્રથી तसु પ્રત્યય વગેરે કાર્ય થવાથી ग्रामतः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तसु પ્રત્યય ન થાય ત્યારે ग्रामात् આવો પ્રયોગ થાય છે. અર્થ—ગામથી જાય છે. अहीय-रुह इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ हीय અને रुह् ધાતુસંબન્ધી અપાદાનથી ભિન્ન જ અપાદાનકારકમાં વિહિત પઞ્ચમ્યન્ત નામને સ્વાર્થમાં વિકલ્પથી तसु પ્રત્યય થાય છે. તેથી सार्थाद् हीनो गिरेरवरोहति અહીં सार्थ અને गिरि નામને આ સૂત્રથી तसु પ્રત્યય થતો નથી. અર્થ ક્રમશઃ- સાર્થથી ભ્રષ્ટ. ગિરિથી ઊતરે છે. ॥૮૮॥

## किमद्व्यादिसर्वाद्यवैपुल्यबहोः पित् तस् ७।२।८९॥

પઞ્ચમ્યન્ત किम् નામને; द्वि વગેરે નામને છોડીને અન્ય सर्वादि ગણપાઠમાંનાં सर्व વગેરે નામને અને વૈપુલ્ય અર્થને છોડીને અન્યાર્થક बहु નામને पित् तस् [तस्] પ્રત્યય થાય છે. कस्मात्, सर्वस्मात्, यस्मात् અને बहुभ्यः આ અર્થમાં અનુક્રમે किम्, सर्व, यद् અને बहु નામને આ સૂત્રથી पित् तस् પ્રત્યય. 'इतो० ७-२-९०' થી किम् ને कु આદેશ. 'आद्वेरः २-१-४१' થી यद् ના द् ને अ આદેશ. 'लुगस्या० २-१-११३' થી अ ની પૂર્વેના अ નો

લોપ....વગેરે કાર્ય થવાથી कुतः, सर्वतः, यतः અને बहुतः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ક્યાંથી. બધેથી. જ્યાંથી. ઘણી જગ્યાએથી. द्व्यादिवर्जनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वि વગેરે પઞ્ચમ્યન્ત નામને पित् तस् પ્રત્યય થતો નથી. તેથી द्वाभ्याम् અને त्वत् અહીં द्वि અને युष्मद् નામને આ સૂત્રથી तस् પ્રત્યય થયો નથી. અર્થ ક્રમશઃ– બેથી. તારાથી. अवैपुल्ये इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વૈપુલ્યાર્થક बहु નામને पित् तस् પ્રત્યય થતો નથી. તેથી बहोः सूपात् અહીં વૈપુલ્યાર્થક बहु નામને આ સૂત્રથી तस् પ્રત્યય થયો નથી. અર્થ–ઘણી દાળથી. ॥૮૯॥

इतोऽतःकुतः ७।२।९०॥

तस् પ્રત્યયાન્ત इतस्, अतस् અને कुतस् નામોનું નિપાતન કરાય છે. इदम्, एतद् અને किम् નામને 'किमद्व्यादि० ७-२-८९' થી तस् પ્રત્યય. આ સૂત્રથી इदम् ને इ; एतद् ને अ અને किम् ને कु આદેશ....વગેરે કાર્ય થવાથી इतः, अतः અને कुतः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અહીંથી. આથી. ક્યાંથી. ॥૯૦॥

भवत्वायुष्मद्–दीर्घायुर्देवानांप्रियैकार्थात् ७।२।९१॥

भवतु [भवत्]; आयुष्मद्; दीर्घायुस् અને देवानांप्रिय શબ્દના અર્થને સૂચવનાર किम् નામને; द्वि વગેરે નામને છોડીને અન્ય सर्व વગેરે सर्वादि ગણપાઠમાંનાં નામને તેમ જ વૈપુલ્યાર્થથી ભિન્નાર્થક बहु નામને, ગમે તે વિભક્ત્યન્ત હોય તોપણ અર્થાદ્ એ किम् વગેરે નામને સર્વ વિભક્તિમાં पित् तस् પ્રત્યય વિકલ્પથી થાય છે. स भवान् ततो भवान्; ते भवन्तः ततो भवन्तः; स आयुष्मान् तत आयुष्मान्; स दीर्घायुः ततो दीर्घायुः અને तं देवानांप्रियम्, ततो

देवानांप्रियम् અહીં પ્રથમા વિભક્તિના એકવચનમાં અને બહુવચનમાં તેમ જ દ્વિતીયાના એકવચનમાં तद् નામને આ સૂત્રથી तस् પ્રત્યયાદિ કાર્ય [જુઓ સૂ. નં. ૭-૨-૮૯ માં यतः]થવાથી ततः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તે આપ. તેઓ આપ. તે આયુષ્માન. તે દીર્ઘાયુ. તે મૂર્ખને. ॥૯૧॥

## त्रप् च ७।२।९२॥

भवतु आयुष्मद् दीर्घायुस् અને देवानांप्रिय શબ્દના સમાનાધિકરણ [સમાન અર્થના વાચક]- સર્વવિભક્ત્યન્ત- किम् નામને; द्वि વગેરે નામને છોડીને અન્ય सर्वादि ગણપાઠમાંનાં सर्व વગેરે નામને અને વૈપુલ્યાર્થથી ભિન્નાર્થક बहु નામને त्रप् [त्र] પ્રત્યય થાય છે. स भवान्, तत्र भवान्, ततो भवान्; तस्मिन् भवति, तत्र भवति, ततो भवति અહીં પ્રથમાન્ત અને સપ્તમ્યન્ત तद् નામને આ સૂત્રથી त्रप् પ્રત્યયાદિ કાર્ય [જુઓ સૂ. નં. ૭-૨-૮૯ માં यतः] થવાથી तत्र આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– તે આપ. તે આપમાં. આવી જ રીતે आयुष्मद् વગેરે નામનાં ઉદાહરણો સમજી લેવાં. સૂત્રમાં च નું ગ્રહણ ફરીથી तस् પ્રત્યયના વિધાન માટે છે. તેથી સપ્તમ્યન્ત किम् વગેરે નામને तस् પ્રત્યય થાય છે. અન્યથા 'सप्तम्याः ७-२-९४' થી त्रप् પ્રત્યય જ થાત. ॥૯૨॥

## क्व–कुत्रा–ऽत्रेह ७।२।९३॥

त्रप् પ્રત્યયાન્ત क्व, कुत्र, अत्र અને इह શબ્દોનું નિપાતન કરાય છે. कस्मिन्, एतस्मिन् અને अस्मिन् આ અર્થમાં किम्, एतद् અને इदम् નામને 'सप्तम्याः ७-२-९४' થી त्रप् પ્રત્યય. આ સૂત્રથી किम् ને क्व् અને कु આદેશ. एतद् નામને अ આદેશ. इदम् નામને इ આદેશ. क्व्+त्र આ અવસ્થામાં त्र ને अ આદેશ. અને

इ+त्र આ અવસ્થામાં त्र ને ह આદેશ વગેરે કાર્ય થવાથી क्व, कुत्र, अत्र અને इह આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ક્યાં. ક્યાં. અહીં. અહીં. ॥૧૩॥

## सप्तम्याः ७।२।९४॥

સપ્તમ્યન્ત–किम् નામને; द्वि વગેરે નામને છોડીને અન્ય सर्व વગેરે सर्वादि ગણપાઠમાંનાં નામને અને વૈપુલ્યાર્થથી ભિન્નાર્થક बहु નામને त्रप् [त्र] પ્રત્યય થાય છે. कस्मिन्, सर्वस्मिन्, तस्मिन् અને बहुषु આ અર્થમાં किम्, सर्व, तद् અને बहु નામને આ સૂત્રથી त्रप् પ્રત્યય. 'क्वकु० ७-२-९३' થી किम् ને कु આદેશ. तद् ના द् ને 'आद्वेरः २-१-४१' થી अ આદેશ. 'लुगस्या० २-१-११३' થી अ ની પૂર્વેના अ નો લોપ વગેરે કાર્ય થવાથી कुत्र, सर्वत्र; तत्र અને बहुत्र આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ક્યાં. બધે. ત્યાં. ઘણા સ્થાને. ॥૧૪॥

## किम्-यत्-तत्-सर्वैकाऽन्यात् काले दा ७।२।९५॥

સપ્તમ્યન્ત किम्, यत्, तत्, सर्व, एक અને अन्य નામને કાલાર્થમાં दा પ્રત્યય થાય છે. कस्मिन्, यस्मिन्, तस्मिन्, सर्वस्मिन्, एकस्मिन्, अन्यस्मिन् वा काले આ અર્થમાં किम्, यत्, तत्, सर्व, एक અને अन्य નામને આ સૂત્રથી दा પ્રત્યય. 'किमः क० २-१-४०' થી किम् ને क આદેશ. 'आद्वेरः २-१-४१' થી यत्, तत् ના त् [द्]ને अ આદેશ. 'लुगस्या० २-१-११३' થી अ ની પૂર્વેના अ નો લોપ...વગેરે કાર્ય થવાથી कदा, यदा, तदा, सर्वदा, एकदा અને अन्यदा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ક્યારે. જ્યારે. ત્યારે. બધી વખત. એક વખત. બીજા સમયે. ॥૧૫॥

## सदाऽधुनेदानीं–तदानीमेतर्हि ७।२।९६॥

કાલાર્થમાં सदा, अधुना, इदानीम्, तदानीम् અને एतर्हि શબ્દોનું નિપાતન કરાય છે. सर्वस्मिन् काले આ અર્થમાં सर्व નામને 'किम्-यत्० ૭-૨-૯૫' થી दा પ્રત્યય. આ સૂત્રથી सर्व નામને स આદેશ...વગેરે કાર્ય થવાથી सदा આવો પ્રયોગ થાય છે. अस्मिन् काले આ અર્થમાં इदम् નામને આ સૂત્રથી धुना અને दानीम् પ્રત્યય; તથા ક્રમશઃ इदम् ને अ અને इ આદેશ વગેરે કાર્ય થવાથી अधुना અને इदानीम् આવો પ્રયોગ થાય છે. तस्मिन् काले આ અર્થમાં तद् નામને આ સૂત્રથી दानीम् પ્રત્યય. 'आद्वेरः ૨-૧-૪૧' થી तद् નામના द् ને अ આદેશ. તે अ ની પૂર્વેના अ નો 'लुगस्या० ૨-૧-૧૧૩' થી લોપ...વગેરે કાર્ય થવાથી तदानीम् આવો પ્રયોગ થાય છે. अस्मिन् काले આ અર્થમાં इदम् નામને આ સૂત્રથી र्हि પ્રત્યય, તેમ જ इदम् નામને एत આદેશ વગેરે કાર્ય થવાથી एतर्हि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– હમેશાં. હમણાં. હમણાં. ત્યારે. અત્યારે. ॥૯૬॥

## सद्योऽद्यपरेद्यव्यह्नि ७।२।९७॥

દિવસસ્વરૂપ કાલાર્થમાં सद्यस्, अद्य અને परेद्यवि નામનું નિપાતન કરાય છે. समाने दिने આ અર્થમાં समान નામને આ સૂત્રથી द्यस् પ્રત્યય; તથા समान ને स આદેશ વગેરે કાર્ય થવાથી सद्यः આવો પ્રયોગ થાય છે. अस्मिन्नहनि આ અર્થમાં इदम् નામને આ સૂત્રથી द्य પ્રત્યય અને इदम् નામને अ આદેશ વગેરે કાર્ય થવાથી अद्य આવો પ્રયોગ થાય છે. परस्मिन्नहनि આ અર્થમાં पर નામને આ સૂત્રથી एद्यवि પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી परेद्यवि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–સમાન દિવસે. આજે. બીજા દિવસે. ॥૯૭॥

## पूर्वाऽपराऽधरोत्तराऽन्याऽन्यतरेतरादेद्युस् ७।२।९८॥

સપ્તમ્યન્ત पूर्व, अपर, अधर, उत्तर, अन्य, अन्यतर અને इतर નામને દિવસસ્વરૂપ કાલ અર્થમાં एद्युस् પ્રત્યય થાય છે. पूर्वस्मिन्, अपरस्मिन्, अधरस्मिन्, उत्तरस्मिन्, अन्यस्मिन्, अन्यतरस्मिन्, इतरस्मिन् वा दिने આ અર્થમાં આ સૂત્રથી पूर्व, अपर, अधर, उत्तर, अन्य, अन्यतर અને इतर નામને एद्युस् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वेद्युः; अपरेद्युः; अधरेद्युः; उत्तरेद्युः, अन्येद्युः; अन्यतरेद्युः અને इतरेद्युः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પૂર્વ દિવસે. બીજા દિવસે. પૂર્વ દિવસે. આગળના દિવસે. બીજા દિવસે. અન્યતર દિવસે. અન્ય દિવસે. ॥૯૮॥

## उभयाद् द्युस् च ७।२।९९॥

સપ્તમ્યન્ત उभय નામને દિવસસ્વરૂપ કાલ અર્થમાં द्युस् અને एद्युस् પ્રત્યય થાય છે. उभयस्मिन् दिने આ અર્થમાં उभय નામને આ સૂત્રથી द्युस् અને एद्युस् પ્રત્યય. एद्युस् પ્રત્યયની પૂર્વેના અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી उभयद्युः અને उभयेद्युः આવો પ્રયોગ થાય છે. અર્થ–બન્ને દિવસમાં. ॥૯૯॥

## ऐषमः–परुत्–परारि वर्षे ७।२।१००॥

वर्ष અર્થમાં ऐषमस्, परुत् અને परारि નામનું નિપાતન કરાય છે. अस्मिन् वर्षे આ અર્થમાં इदम् નામને समसिण् [समस्] પ્રત્યય; તથા इदम् ને इ આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી એ इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી ऐषमः આવો પ્રયોગ થાય છે. पूर्वस्मिन् परस्मिन् वा वर्षे આ અર્થમાં पूर्व અથવા पर નામને उत्

પ્રત્યય તથા पूर्व નામને पर આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી परुत् આવો પ્રયોગ થાય છે. पूर्वतरे परतरे वा वर्षे આ અર્થમાં पूर्वतर અથવા परतर નામને આ સૂત્રથી आरि પ્રત્યય તથા पूर्वतर અને परतर નામને पर આદેશાદિ કાર્ય થવાથી परारि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આ વર્ષમાં. ગયા વર્ષમાં અથવા આગળના વર્ષમાં. ગત બીજા વર્ષે અથવા આવતા બીજા વર્ષે. ॥૧૦૦॥

## अनद्यतने र्हिः ७।२।१०१॥

અનદ્યતન કાલાર્થક સપ્તમ્યન્ત किम् નામને; द्वि વગેરે નામને છોડીને અન્ય सर्वादि ગણપાઠમાંનાં सर्व વગેરે નામને તેમ જ વૈપુલ્ય અર્થથી ભિન્નાર્થક बहु નામને र्हि પ્રત્યય થાય છે. कस्मिन् काले; यस्मिन् काले; अमुष्मिन् काले અને बहुषु कालेषु- આ અર્થમાં किम् यद् अदस् અને बहु નામને આ સૂત્રથી र्हि પ્રત્યય. 'किमः क० २-१-४०' થી किम् ને क આદેશ. 'आद्वेरः २-१-४१' થી यद् અને अदस् ના અન્ત્ય વર્ણને अ આદેશ. 'लुगस्या० २-१-११३' થી अ ની પૂર્વેના अ નો લોપ. अद+र्हि આ અવસ્થામાં द् ને 'मोऽवर्ण० २-१-४५' થી म् આદેશ. अम ના અન્ત્ય अ ને 'मादु० २-१-४७' થી उ આદેશ...વગેરે કાર્ય થવાથી कर्हि, यर्हि, अमुर्हि અને बहुर्हि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ક્યારે. જ્યારે. તે સમયે. ઘણા સમયે. ॥૧૦૧॥

## प्रकारे था ७।२।१०२॥

પ્રકારાર્થક યથાસંભવ વિભક્ત્યન્ત किम् નામને; द्वि વગેરે નામને છોડીને અન્ય सर्वादि ગણપાઠમાંનાં सर्व વગેરે નામને અને વૈપુલ્યાર્થથી ભિન્ન અર્થવાળા बहु નામને था પ્રત્યય થાય છે.

सर्वेण प्रकारेण અને अन्येन प्रकारेण આ અર્થમાં सर्व અને अन्य નામને આ સૂત્રથી था પ્રત્યય વગેરે કાર્ય થવાથી सर्वथा અને अन्यथा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બધી રીતે. બીજી રીતે. ॥૧૦૨॥

## कथमित्थम् ७।२।१०३॥

પ્રકાર અર્થમાં कथम् અને इत्थम् શબ્દનું નિપાતન કરાય છે. केन प्रकारेण આ અર્થમાં किम् નામને આ સૂત્રથી थम् પ્રત્યય. 'किमः क० २-१-४०' થી किम् ને क આદેશ વગેરે કાર્ય થવાથી कथम् આવો પ્રયોગ થાય છે. અર્થ–કયા પ્રકારથી. अनेन एतेन वा प्रकारेण આ અર્થમાં इदम् અથવા एतद् નામને આ સૂત્રથી थम् પ્રત્યય તથા इदम् અથવા एतद् નામને इद् આદેશ વગેરે કાર્ય થવાથી इत्थम् આવો પ્રયોગ થાય છે. અર્થ–આ રીતે. ॥૧૦૩॥

## सङ्ख्याया धा ७।२।१०४॥

પ્રકારાર્થક સઙ્ખ્યાવાચક નામને धा પ્રત્યય થાય છે. एकेन प्रकारेण અને कतिभिः प्रकारैः આ અર્થમાં एक અને कति નામને આ સૂત્રથી धा પ્રત્યયાદિ કાર્ય થવાથી एकधा અને कतिधा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– એક પ્રકારથી. કેટલા પ્રકારથી. ॥૧૦૪॥

## विचाले च ७।२।१०५॥

વિચાલ અર્થ ગમ્યમાન હોય તો સંખ્યાવાચક નામને વિકલ્પથી धा પ્રત્યય થાય છે. એક ભાગમાં રહેલી વસ્તુનું અનેકભાગમાં થવું અથવા અનેકભાગમાં રહેલી વસ્તુનું એક

ભાગમાં થવું– તેને વિચાલ કહેવાય છે; અર્થાત્ દ્રવ્યની પૂર્વ સંખ્યાથી પ્રચ્યુતિ અને સઙ્ખ્યાન્તરાપત્તિને વિચાલ કહેવાય છે. एको राशि द्वौ क्रियते અને अनेकमेकं करोति આ અર્થમાં द्वि નામને અને एक નામને આ સૂત્રથી धा પ્રત્યય વગેરે કાર્ય થવાથી एको राशि द्विधा क्रियते અને अनेकमेकधा करोति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં धा પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબનો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– એક ભાગને બે ભાગમાં કરે છે. અનેકને એક કરે છે. ॥૧૦૫॥

### वैकाद् ध्यमञ् ७।२।१०६॥

સંખ્યાવાચક एक નામને પ્રકારાર્થમાં તથા વિચાલ અર્થ [જુઓ સૂ. નં. ૭-૨-૧૦૫] ગમ્યમાન હોય તો વિકલ્પથી ध्यमञ् [ध्यम्] પ્રત્યય થાય છે. एकेन प्रकारेण भुङ्क्ते અને अनेकमेकं करोति આ અર્થમાં एक નામને આ સૂત્રથી ध्यमञ् પ્રત્યય. 'वृद्धिः स्वरे० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ...વગેરે કાર્ય થવાથી ऐकध्यं भुङ्क्ते અને ऐकध्यमनेकं करोति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ध्यमञ् પ્રત્યય ન થાય ત્યારે एक નામને અનુક્રમે 'सङ्ख्या० ૭-૨-૧૦૪' અને 'विचाले च ૭-૨-૧૦૫' થી धा પ્રત્યય વગેરે કાર્ય થવાથી एकधा भुङ्क्ते અને एकधा करोति આવો પ્રયોગ થાય છે. धा પ્રત્યયના વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ વાક્ય પ્રયોજાય છે. અર્થ ક્રમશઃ– એક પ્રકારથી ખાય છે. અનેકને એક કરે છે. ॥૧૦૬॥

### द्वि–त्रेर्धमञेधौ वा ७।२।१०७॥

द्वि અને त्रि નામને પ્રકારાર્થમાં અને વિચાલ અર્થ [જુઓ સૂ. નં. ૭-૨-૧૦૫] ગમ્યમાન હોય તો धमञ् તેમ જ एधा પ્રત્યય.

વિકલ્પથી થાય છે. द्वाभ्यां प्रकाराभ्यां भुङ्क्ते, त्रिभिः प्रकारै भुंङ्क्ते આ અર્થમાં द्वि અને त्रि નામને આ સૂત્રથી धमञ् [धम्] પ્રત્યય 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી द्वैधम् અને त्रैधम् આવો પ્રયોગ થાય છે. द्वि અને त्रि નામને આ સૂત્રથી एधा પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી द्वेधा અને त्रेधा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી धमञ् કે एधा પ્રત્યય ન થાય ત્યારે 'सङ्ख्या० ૭-૨-૧૦૪' થી द्वि અને त्रि નામને धा પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विधा અને त्रिधा भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે વિચાલ અર્થ ગમ્યમાન હોય ત્યારે एकराशिं द्वौ करोति અને एकराशिं त्रीन् करोति આ અર્થમાં द्वि અને त्रि નામને આ સૂત્રથી धमञ् [धम्] અને एधा પ્રત્યય. વિકલ્પપક્ષમાં 'विचाले च ૭-૨-૧૦૫' થી धा પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्वैधम् त्रैधम्, द्वेधा त्रेधा અને द्विधा त्रिधा करोति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે પ્રકારે ખાય છે, ત્રણ પ્રકારે ખાય છે. એક રાશિને બે ભાગમાં કરે છે, એક રાશિને ત્રણ ભાગમાં કરે છે. ॥૧૦૭॥

## तद्वति धण् ७।२।१०८॥

द्वि અને त्रि નામને પ્રકારવત્ અથવા વિચાલવત્ અર્થમાં धण् [ध] પ્રત્યય થાય છે. द्वौ प्रकारौ विभागौ वा एषाम् અને त्रयः प्रकारा विभागा वा एषाम् આ અર્થમાં द्वि અને त्रि નામને આ સૂત્રથી धण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી द्वैधानि અને त्रैधानि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે પ્રકારવાળા અથવા વિભાગવાળા. ત્રણ પ્રકારવાળા અથવા વિભાગવાળા. ॥૧૦૮॥

## वारे कृत्वस् ७।२।१०९॥

वारार्थक संख्यावाचक नामने वारवत् धात्वर्थ-क्रियामां कृत्वस् प्रत्यय थाय छे. धात्वर्थ-क्रियानुं अयुगपद् वृत्तित्व [रहेवुं] अथवा धात्वर्थना कालने वार कहेवाय छे. पञ्च वाराणि भुङ्क्ते आ अर्थमां पञ्चन् नामने आ सूत्रथी कृत्वस् प्रत्यय. 'नाम्नो० २-१-९१' थी पञ्चन् नामना अन्त्य न् नो लोप वगेरे कार्य थवाथी पञ्चकृत्वो भुङ्क्ते आवो प्रयोग थाय छे. अर्थ-पांच वार खाय छे. ॥१०९॥

## द्वि–त्रि–चतुरः सुच् ७।२।११०॥

वारार्थक द्वि, त्रि अने चतुर् नामने वारवद् धात्वर्थमां सुच् प्रत्यय थाय छे. द्वे वारे, त्रीणि वाराणि, चत्वारि वाराणि वा भुङ्क्ते आ अर्थमां द्वि, त्रि अने चतुर् नामने आ सूत्रथी सुच् [स्]प्रत्यय. चतुर्+सुच् [स्]आ अवस्थामां 'रात् सः २-१-९०' थी लोप वगेरे कार्य थवाथी द्विः, त्रिः, अने चतुर्भुङ्क्ते आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः– बे वार खाय छे. त्रण वार खाय छे. चार वार खाय छे. ॥११०॥

## एकात् सकृच्चास्य ७।२।१११॥

वारार्थक एक नामने वारवद् धात्वर्थमां सुच् प्रत्यय थाय छे. अने एक नामने सकृत् आदेश थाय छे. एकं वारं भुङ्क्ते आ अर्थमां एक नामने आ सूत्रथी सुच् [स्] प्रत्यय; अने एक नामने सकृत् आदेश. 'पदस्य २-१-८९' थी सुच् [स्] नो लोप वगेरे कार्य थवाथी सकृद् भुङ्क्ते आवो प्रयोग थाय छे. अर्थ–एकवार खाय छे. ॥१११॥

## बहोर्धाऽऽसन्ने ७।२।११२॥

અદૂર વારાર્થક बहु નામને વારવદ્ ધાત્વર્થમાં धा પ્રત્યય થાય છે. बहव आसन्ना वारा अस्य આ અર્થમાં बहु નામને આ સૂત્રથી धा પ્રત્યય વગેરે કાર્ય થવાથી बहुधा भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. અર્થ–ઘણી વાર ખાય છે. નજીકના સમયમાં અથવા એક સમયમાં ઘણી વાર ધાત્વર્થ–ક્રિયા થતી હોય તો તે આસન્ન બહુ વાર કહેવાય છે. અર્થ- ઘણી વાર ખાય છે. ॥૧૧૨॥

## दिक्शब्दाद् दिग्-देश-कालेषु प्रथमा-पञ्चमी-सप्तम्याः ७।२।११३॥

દિશાર્થમાં પ્રસિદ્ધ એવા પ્રથમાન્ત પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત दिक्, देश અને काल અર્થવાળા નામને સ્વાર્થમાં धा પ્રત્યય થાય છે. प्राची दिग् रम्या, प्राग् देशः कालो वा रम्यः આ અર્થમાં પ્રથમાન્ત दिगर्थक प्राची નામને તેમ જ તાદૃશ દેશાર્થક અને કાલાર્થક प्राच् નામને આ સૂત્રથી धा પ્રત્યય. धा પ્રત્યયનો 'लुबञ्चः ७-२-१२३' થી લોપ. 'ङ्यादे० २-४-९५' થી प्राची નામના ङी પ્રત્યયની નિવૃત્તિ...વગેરે કાર્ય થવાથી प्राग्रम्यम् આવો પ્રયોગ થાય છે. અહીં धा પ્રત્યયાન્ત प्राग् અવ્યયનું रम्या અને रम्य વિશેષણ હોવાથી તેનો નપુંસકલિંગમાં પ્રયોગ થાય છે. प्राच्या दिश आगतः; प्राचो देशात् कालाद् वाऽऽगतः આ અર્થમાં પઞ્ચમ્યન્ત તાદૃશ દિગ્દેશકાલાર્થક प्राची અને प्राच् નામને આ સૂત્રથી धा પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી प्रागागतः આવો પ્રયોગ થાય છે. प्राच्यां दिशि वासः; प्राचि देशे काले वा वासः આ અર્થમાં સપ્તમ્યન્ત તાદૃશ દિગ્દેશકાલાર્થક प्राची અને प्राच् નામને આ સૂત્રથી धा પ્રત્યય વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી प्राग्वासः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વ દિશા રમણીય છે, પૂર્વદેશ રમણીય છે, પૂર્વકાલ રમણીય છે. પૂર્વ દિશાથી

આવેલો, પૂર્વદેશથી આવેલો, પૂર્વ કાલથી આવેલો. પૂર્વ દિશામાં વાસ, પૂર્વદિશમાં વાસ, પૂર્વકાલમાં વાસ. ॥૧૧૩॥

## ऊर्ध्वाद् रि–रिष्टातौ उपश्चास्य ७।२।११४॥

પ્રથમાન્ત પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત દિશાર્થક, દેશાર્થક કે કાલાર્થક એવા ऊर्ध्व નામને સ્વાર્થમાં रि અને रिष्टात् પ્રત્યય થાય છે. અને ત્યારે ऊर्ध्व નામને उप આદેશ થાય છે. ऊर्ध्वा, दिग् रम्या, ऊर्ध्वो देशो रमणीयः, ऊर्ध्वः कालो रमणीयः; ऊर्ध्वाया दिश आगतः, ऊर्ध्वाद् देशात् कालाद् वा आगतः, ऊर्ध्वायां दिशि वासः, ऊर्ध्वे देशे काले वा वासः આ અર્થમાં પ્રથમાન્ત, પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત દિશાર્થક ऊर्ध्वा નામને અને દેશ-કાલાર્થક ऊर्ध्व નામને આ સૂત્રથી रि અને रिष्टात् પ્રત્યય. ऊर्ध्व ને उप આદેશ વગેરે કાર્ય થવાથી उपरि उपरिष्टाद् वा रम्यम्; उपरि उपरिष्टाद् वाऽऽगतः અને उपरि उपरिष्टाद् वा वासः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ઉપરની દિશા, ઉપરનો દેશ, અને ઉપરનો કાલ રમણીય છે. ઉપરની દિશાથી, ઉપરના દેશથી અને ઉપરના કાલથી આવેલો. ઉપરની દિશામાં, ઉપરના દેશમાં અને ઉપરના કાલમાં વાસ. ॥૧૧૪॥

## पूर्वाऽवराऽधरेभ्योऽसस्तातौ पुरवधश्चैषाम् ७।२।११५॥

પ્રથમાન્ત, પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત દિશા, દેશ અને કાલ અર્થવાળા पूर्व, अवर અને अधर નામને સ્વાર્થમાં अस् અને स्तात् પ્રત્યય થાય છે; અને ત્યારે पूर्व નામને पुर्; अवर નામને अव् અને अधर નામને अध् આદેશ થાય છે. पूर्वा, अवरा, अधरा दिग् रमणीया; पूर्वः, अवरः, अधरो देशः कालो वा रमणीयः। पूर्वस्याः, अवरस्याः, अधरस्या दिश आगतः; पूर्वस्माद् अवरस्माद् अधरस्माद् देशादागतः कालाद् वाऽऽगतः। पूर्वस्याम्, अवरस्याम्, अधरस्याम् दिशि

वासः पूर्वस्मिन् अवरस्मिन् अधरस्मिन् देशे काले वा वासः આ અર્થમાં પ્રથમાન્ત પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત તાદૃશ पूर्व अवर અને अधर નામને આ સૂત્રથી अस् તેમ જ स्तात् પ્રત્યય; અને पूर्व अवर અને अधर નામને અનુક્રમે पुर् अव् અને अध् આદેશ વગેરે કાર્ય થવાથી पुरः पुरस्ताद्; अवः अवस्ताद्; अधः अधस्ताद्ः रम्यमागतो वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પૂર્વ, અવર [પૂર્વ], અધર [નીચે]દિશા રમણીય છે. પૂર્વ, અવર અને અધર દેશ, અથવા કાલ રમણીય છે. પૂર્વ, અવર અને અધર-દિશા, દેશ અથવા કાલથી આવેલો. પૂર્વ અવર અને અધર-દિશા દેશ અથવા કાલમાં વાસ. ॥૧૧૫॥

## परा–वरात् स्तात् ७।२।११६॥

પ્રથમાન્ત પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત દિશા, દેશ અને કાલ અર્થવાળા पर અને अवर નામને સ્વાર્થમાં स्तात् પ્રત્યય થાય છે. परा, अवरा दिग् रमणीया; परोऽवरो देशः कालो वा रमणीयः, परस्याः अवरस्याः दिशः, परस्माद् अवरस्माद् देशात् कालाद् वाऽऽगतः, परस्याम् अवरस्याम् दिशि, परस्मिन् अवरस्मिन् देशे काले वा वासः– આ અર્થમાં તાદૃશ પ્રથમાન્ત પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત परा, अवरा, पर અને अवर નામને આ સૂત્રથી स्तात् પ્રત્યય. 'सर्वाद० ३-२-६१' થી परा અને अवरा નામને પુંવદ્ભાવ [आप् ની નિવૃત્તિ]વગેરે કાર્ય થવાથી परस्ताद् अवरस्ताद् रम्यमागतो वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પશ્ચિમ દિશા, પાછળની દિશા રમણીય છે; પશ્ચિમ, પાછળનો દેશ અથવા કાલ રમણીય છે. પશ્ચિમ, પાછળના દિગ્ દેશ અને કાલથી આવેલો. પશ્ચિમ, પાછળના દિગ્ દેશ અને કાલમાં વાસ. ॥૧૧૬॥

## दक्षिणोत्तराच्चाऽतस् ७।२।११७॥

પ્રથમાન્ત, પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત દિગ્ દેશ અને કાલ અર્થવાળા दक्षिण, उत्तर, पर અને अवर નામને સ્વાર્થમાં अतस् પ્રત્યય થાય છે. दक्षिणा उत्तरा परा अवरा दिग् रमणीया; दक्षिणस्या उत्तरस्याः परस्या अवरस्या दिश आगतः અને दक्षिणस्याम् उत्तरस्याम् परस्याम् अवरस्याम् दिशि वासः... ઈત્યાદિ અર્થમાં તાદૃશ પ્રથમાન્ત, પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત दक्षिणा, उत्तरा, परा અને अवरा [તેમ જ दक्षिण વગેરે ]નામને આ સૂત્રથી अतस् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી दक्षिणतः, उत्तरतः, परतः, अवरतो रम्यमागतो वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દક્ષિણ, ઉત્તર, પર [પશ્ચિમ] અને અવર [પાછળની] દિશા રમણીય છે...ઈત્યાદિ. દક્ષિણ, ઉત્તર, પર અને અવર દિશાથી આવેલો...ઈત્યાદિ. દક્ષિણ, ઉત્તર, પર અને અવર દિશામાં વાસ...ઈત્યાદિ. આ રીતે દેશ કાલાર્થક દક્ષિણાદિ નામોનાં ઉદાહરણો અને તેના અર્થ [સૂ.નં. ૭-૨-૧૧૬ જુઓ] સમજી લેવાં. અહીં અને હવે પછીના સૂત્રોમાં યાદ રાખવું કે दक्षिण નામ કાલાર્થક ન હોવાથી દિગ્-દેશાર્થક જ તેનું ગ્રહણ છે. ॥૧૧૭॥

## अधराऽपराच्चाऽऽत् ७।२।११८॥

પ્રથમાન્ત, પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત દિશા દેશ અને કાલ અર્થવાળા अधर अपर दक्षिण અને उत्तर નામને સ્વાર્થમાં आत् પ્રત્યય થાય છે. अधरा, अपरा, दक्षिणा, उत्तरा दिग् रमणीया; अधरस्या अपरस्या, दक्षिणस्या, उत्तरस्या, दिश आगतः; અને अधरस्याम्, अपरस्याम्, दक्षिणस्याम्, उत्तरस्यां दिशि वासः...ઈત્યાદિ અર્થમાં अधरा, अपरा, दक्षिणा અને उत्तरा વગેરે [अधर

अपर....]પ્રથમાન્ત પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત નામને આ સૂત્રથી आत् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ. अपर નામને 'पश्चोऽपर० ૭-૨-૧૨૪' થી पश्च આદેશ વગેરે કાર્ય થવાથી अधरात्, पश्चात्; दक्षिणात्; उत्तराद्, रम्यमागतो वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અધર [નીચેની], અપર [બીજી], દક્ષિણ અને ઉત્તર દિશા રમણીય છે... ઈત્યાદિ. અધર, અપર, દક્ષિણ અને ઉત્તર દિશાથી આવેલો....ઈત્યાદિ. અધર, અપર, દક્ષિણ અને ઉત્તર દિશામાં વાસ...ઈત્યાદિ. અહીં તાદૃશ દેશ કાલાર્થક अधर अपर વગેરે નામનાં ઉદાહરણો તેમ જ તેનો અર્થ [સૂ. નં. ૭-૨-૧૧૬માં જણાવેલી]; ઉપરની રીતે સમજવો. ॥૧૧૮॥

## वा दक्षिणात् प्रथमा-सप्तम्या आः ७।२।११९॥

પ્રથમાન્ત અને સપ્તમ્યન્ત દિશા અને દેશાર્થક दक्षिण નામને સ્વાર્થમાં વિકલ્પથી आ પ્રત્યય થાય છે. दक्षिणा दिग् रमणीया, दक्षिणो देशो रमणीयः; दक्षिणस्यां दिशि वासः, दक्षिणे देशे वासः આ અર્થમાં दक्षिणा અને दक्षिण નામને આ સૂત્રથી आ પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી दक्षिणा रम्यं वासो वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आ પ્રત્યય ન થાય ત્યારે 'दक्षिणो० ૭-૨-૧૧૭' થી अतस् પ્રત્યય અને 'अधरा० ૭-૨-૧૧૮'થી आत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી दक्षिणतो, दक्षिणाद् रम्यं वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દક્ષિણ દિશા અને દેશ રમણીય છે. દક્ષિણ દિશા અને દેશમાં વાસ. ॥૧૧૯॥

## आ-ऽऽही दूरे ७।२।१२०॥

દૂર વિશેષણથી વિશેષિત પ્રથમાન્ત અને સપ્તમ્યન્ત દિશા

અને દેશાર્થક दक्षिण નામને સ્વાર્થમાં आ અને आहि પ્રત્યય થાય છે. ग्रामाद् दूरा दक्षिणा दिग् रमणीया; ग्रामाद् दूरो दक्षिणो देशो रमणीयः અને ग्रामाद् दूरायां दक्षिणस्यां दिशि वासः, ग्रामाद् दूरे दक्षिणे देशे वासः આ અર્થમાં दक्षिणा અને दक्षिण નામને આ સૂત્રથી आ અને आहि પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી ग्रामाद् दक्षिणा दक्षिणाहि रम्यं वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ—ગામથી દૂર દક્ષિણ દિશા અને દેશ રમણીય છે. ગામથી દૂર દક્ષિણ દિશા અને દેશમાં વાસ. [આ સૂત્રથી માત્ર आहि પ્રત્યયનું વિધાન કર્યું હોત તો આ સૂત્રના વિષયમાં 'वा दक्षिणा० ૭-૨-૧૧૯' થી आ પ્રત્યય થાત નહિ. તેથી आ પ્રત્યયનું આ સૂત્રથી વિધાન કર્યું છે.] ॥૧૨૦॥

## वोत्तरात् ७।२।१२१॥

પ્રથમાન્ત તેમ જ સપ્તમ્યન્ત દિશા, દેશ અને કાલ અર્થવાળા उत्तर નામને સ્વાર્થમાં आ અને आहि પ્રત્યય વિકલ્પથી થાય છે. उत्तरा दिग् रम्या, उत्तरो देशः कालो वा रम्यः અને उत्तरस्यां दिशि वासः उत्तरस्मिन् देशे काले वा वासः આ અર્થમાં उत्तरा અને उत्तर નામને આ સૂત્રથી आ તેમ જ आहि પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી उत्तरा, उत्तराहि रम्यं वासो वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आ અને आहि પ્રત્યય ન થાય ત્યારે 'दक्षिणो० ૭-૨-૧૧૭' થી अतस् પ્રત્યય અને 'अधरा० ૭-૨-૧૧૮' થી आत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી उत्तरतः, उत्तराद् रम्यं वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ઉત્તર દિશા-દેશ અને કાલ રમણીય છે. ઉત્તર દિશા–દેશ અને કાલમાં વાસ. ॥૧૨૧॥

## अदूरे एनः ७।२।१२२॥

અદૂર–દિશા દેશ અને કાલ અર્થવાળા પ્રથમાન્ત અને સપ્તમ્યન્ત, દિશાર્થમાં પ્રસિદ્ધ એવા નામને સ્વાર્થમાં एन પ્રત્યય થાય છે. अस्यादूरा पूर्वा दिग् रमणीया; अस्यादूरः पूर्वो देशः कालो वा रमणीयः અને अस्यादूरायां पूर्वस्यां दिशि वसति; अस्यादूरे पूर्वे देशे काले वा वसति આ અર્થમાં पूर्वा અને पूर्व નામને આ સૂત્રથી एन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वेणास्य रम्यं वसति वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– આની નજીકની પૂર્વદિશા રમણીય છે, આની નજીકનો પૂર્વ-દેશ અથવા કાલ રમણીય છે. આની નજીક પૂર્વદિશા દેશ અથવા કાલમાં રહે છે. ॥૧૨૨॥

## लुबञ्चः ७।२।१२३॥

દિશાર્થમાં પ્રસિદ્ધ अञ्च् છે અન્તમાં જેના એવા–પ્રથમાન્ત, પઞ્ચમ્યન્ત તેમ જ સપ્તમ્યન્ત દિશા, દેશ અને કાલ અર્થવાળા નામને વિહિત धा અને एन પ્રત્યયનો લુપ્ થાય છે. प्राची दिग् रम्या, प्राग् देशः कालो वा रम्यः; प्राच्या दिशः प्राचो देशात् कालाद् वाऽऽगतः અને प्राच्यां दिशि, प्राचि देशे काले वा वासः આ અર્થમાં प्राची અને प्राच्–આ અઞ્ચન્ત દિશાર્થમાં પ્રસિદ્ધ પ્રથમાન્ત, પઞ્ચમ્યન્ત અને સપ્તમ્યન્ત દિગ્દેશકાલાર્થક નામને 'दिक्शब्दाद्० ७-२-११३' થી વિહિત धा પ્રત્યયનો આ સૂત્રથી લુપ્ [લોપ] થવાથી प्राग् रम्यमागतो वासो वा [જીઓ સૂ. નં. ૭-૨-૧૧૩]આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે अस्यादूरा प्राची दिग् रम्या, अस्यादूरः प्राग्देशः कालो वा रम्यः અને अस्यादूरायां दिशि, अस्यादूरे देशे काले वा वासः આ અર્થમાં प्राची प्राच् નામને 'अदूरे एनः ७-२-१२२' થી વિહિત एन પ્રત્યયનો આ સૂત્રથી લુપ્

[લોપ] થવાથી प्रागस्य रम्यं वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– આની–નજીકની પૂર્વ દિશા અને નજીકનો પૂર્વદિશ તથા કાલ રમણીય છે. આની નજીકની પૂર્વ દિશામાં વાસ, આની નજીકના પૂર્વદિશ તથા કાલમાં વાસ. ॥૧૨૩॥

## पश्चोऽपरस्य दिक्पूर्वस्य चाऽऽति ७।२।१२४॥

કેવલ अपर નામને અને દિશાવાચક પૂર્વપદ છે જેનું એવા अपर નામને आत् પ્રત્યય પરમાં હોય તો पश्च આદેશ થાય છે. अपरा दक्षिणापरा [दक्षिणा चासावपरा] दिग् रमणीया, अपरस्या दक्षिणापरस्या दिश आगतः અને अपरस्यां दक्षिणापरस्यां दिशि वासः આ અર્થમાં अपरा અને दक्षिणापरा નામને 'अधरा० ७-२-११८' થી आत् પ્રત્યય. આ સૂત્રથી अपरा નામને पश्च આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી पश्चात्; दक्षिणपश्चाद् रम्यमागतो वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બીજી દિશા, દક્ષિણ બીજી દિશા રમણીય છે. બીજી દિશાથી, દક્ષિણસ્વરૂપ બીજી દિશાથી આવેલો. બીજી દિશામાં, દક્ષિણસ્વરૂપ બીજી દિશામાં વાસ. આવી જ રીતે દેશ અને કાલ અર્થનાં યથાસંભવ ઉદાહરણો સમજી લેવાં. दक्षिणापर નામ કાલાર્થક નથી. અહીં યાદ રાખવું કે दिक्पूर्वपदक अपर નામને पश्च આદેશના વિધાન સામર્થ્યથી જ તેવા अपर નામને ઉપર જણાવ્યા મુજબ आत् પ્રત્યય થાય છે. ॥૧૨૪॥

## वोत्तरपदेऽर्धे ७।२।१२५॥

કેવલ अपर નામને અથવા દિશાવાચક નામ જેનું પૂર્વપદ છે એવા अपर નામને अर्द्ध શબ્દ ઉત્તરપદ હોય તો पश्च આદેશ વિકલ્પથી થાય છે. अपरमर्द्धम् અને दक्षिणापरस्या अर्द्धः આ

વિગ્રહમાં અનુક્રમે કર્મધારય અને ષષ્ઠીતત્પુરુષસમાસ. આ સૂત્રથી अपर નામને पश्च આદેશ વગેરે કાર્ય થવાથી पश्चार्धम् અને दक्षिणपश्चार्धः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં पश्च આદેશ ન થાય ત્યારે अपरार्धम् અને दक्षिणापरार्धः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બીજો અર્ધભાગ. દક્ષિણસ્વરૂપ બીજી દિશાનો અર્ધભાગ. ॥૧૨૫॥

## कृ-भ्वस्तिभ्यां कर्मकर्तृभ्यां प्रागतत्तत्त्वे च्विः ૭।૨।૧૨૬॥

પૂર્વે જે સ્વરૂપ ન હતું એ સ્વરૂપનું થવું–અર્થ ગમ્યમાન હોય તો कृ [कृग्] ધાતુના યોગમાં તેના કર્મવાચક નામને અને भू તથા अस् ધાતુના યોગમાં તેના કર્ત્રર્થક [કર્તૃવાચક] નામને च्वि [૦] પ્રત્યય થાય છે. अशुक्लं शुक्लं करोति; अशुक्लः शुक्लो भवति અને अशुक्लः शुक्लः स्यात् આ અર્થમાં कर्म અને कर्तृवाચક शुक्ल નામને આ સૂત્રથી च्वि પ્રત્યય. 'ईश्च्वा० ૪-૩-૧૧૧' થી शुक्ल નામના અન્ત્ય अ ને ई આદેશ વગેરે કાર્ય થવાથી शुक्लीकरोति पटम्; शुक्लीभवति पटः અને शुक्लीस्यात् पटः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અશુક્લ [શુક્લભિન્ન] પટને શુક્લ કરે છે. અશુક્લ પટ શુક્લ થાય છે. અશુક્લ પટ શુક્લ થાય. प्रागिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'પૂર્વે જે સ્વરૂપ ન હોય એ સ્વરૂપનું જ થવું'- અર્થ ગમ્યમાન હોય તો कृ ધાતુના યોગમાં કર્માર્થક નામને અને भू તથા अस् ધાતુના યોગમાં કર્તૃવાચક નામને च्वि [૦] પ્રત્યય થાય છે. તેથી अशुक्लं शुक्लं करोत्येकदा આ અર્થમાં अशुक्ल અથવા शुक्ल નામને આ સૂત્રથી च्वि પ્રત્યય થતો નથી. કારણ કે અહીં ચિત્રપટના નિર્માણ પૂર્વે દેશભેદથી શુક્લ કે અશુક્લ વર્ણ છે જ. તેથી પ્રાગતત્ત્વભૂત અર્થ ગમ્યમાન નથી... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું. અર્થ-શુક્લ અશુક્લ એકી સાથે કરે છે. ॥૧૨૬॥

## अरुर्मनश्चक्षुश्चेतो-रहो–रजसां लुक् च्वौ ७।२।१२७॥

च्वि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના अरुस्, मनस्, चक्षुस्, चेतस्, रहस् અને रजस् નામના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. अनरुः अरुः स्यात्; अमहारुः महारुः स्यात्; अमनः मनः स्यात्; अचक्षुः चक्षुः स्यात्; अचेतः चेतः स्यात्; अरहः रहः स्यात् અને अरजः रजः स्यात् આ અર્થમાં अरुस्, महारुस्, मनस्, चक्षुस्, चेतस्, रहस् અને रजस् નામને 'कृभ्वस्ति० ७-२-१२६' થી च्वि પ્રત્યય. આ સૂત્રથી अरुस् વગેરે નામના અન્ત્ય स् નો લોપ. 'दीर्घश्च्वि० ४-३-१०८' થી અન્ત્ય उ ને દીર્ઘ ऊ આદેશ. 'ईश्चाव० ४-३-१११' થી અન્ત્ય अ ને ई આદેશ વગેરે કાર્ય થવાથી अरूस्यात्, महारूस्यात्, मनीस्यात्, चक्षूस्यात्, चेतीस्यात्, रहीस्यात् અને रजीस्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અમર્મ મર્મ થાય. નાનું મર્મ મોટું મર્મ થાય. અમન મન થાય. અચક્ષુ ચક્ષુ થાય. અહૃદય હૃદય થાય. અનેકાન્ત એકાન્ત થાય. અરજ રજ [ધૂળ] થાય. ॥૧૨૭॥

## इसुसो बहुलम् ७।२।१२८॥

च्वि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના इस् અને उस् પ્રત્યયાન્ત નામના અન્ત્ય વર્ણનો બહુલતયા લોપ થાય છે. असर्पिः सर्पिः करोति અને अधनुः धनुः स्यात् આ અર્થમાં सर्पिस् અને धनुस् નામને 'कृभ्वस्ति० ७-२-१२६' થી च्वि [०] પ્રત્યય. આ સૂત્રથી અન્ત્ય स् નો લોપ. 'दीर्घश्च्वि० ४-३-१०८' થી અન્ત્ય इ અને उ ને દીર્ઘ ई અને ऊ આદેશ વગેરે કાર્ય થવાથી सर्पीकरोति नवनीतम् અને धनूस्याद् वंशः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-માખણને ઘી કરે છે. વાંસ ધનુષ થાય. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય વર્ણનો બહુલતયા જ લોપ થતો

હોવાથી असर्प्पिः सर्प्पि र्भवति અને अधनुः धनुर्भवति આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ च्वि પ્રત્યય થયા બાદ सर्प्पिस् અને धनुस् નામના અન્ત્ય स् નો લોપ થતો નથી. જેથી सर्प्पिर्भवति અને धनुर्भवति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-જે ઘી નથી તે ઘી થાય છે. જે ધનુષ નથી તે ધનુષ થાય છે. ॥૧૨૮॥

## व्यञ्जनस्यान्त ईः ७।२।१२९॥

च्वि પ્રત્યય પરમાં હોય તો વ્યગ્જનાન્ત નામના અન્તમાં ई નો આગમ બહુલતયા થાય છે. अदृषद् दृषद् भवति આ અર્થમાં दृषद् નામને 'कृभ्वस्ति० ૭-૨-૧૨૬' થી च्वि [०] પ્રત્યય. આ સૂત્રથી दृषद् નામના અન્તે ई નો આગમ વગેરે કાર્ય થવાથી दृषदीभवति शिला આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વ્યગ્જનાન્ત નામના અન્તે બહુલતયા જ ઉપર જણાવ્યા મુજબ ई નો આગમ થાય છે. તેથી કોઈવાર ई નો આગમ ન થાય ત્યારે दृषद्भवति शिला આવો પણ પ્રયોગ થાય છે. અર્થ-જે અદૃષદ શિલા છે તે દૃષદ [મસાલા વગેરે વાટવાનો પથ્થર]થાય છે. ॥૧૨૯॥

## व्याप्तौ स्सात् ७।२।१३०॥

'પૂર્વે જે સ્વરૂપ ન હોય એ સ્વરૂપનું થવું'-આ પ્રાગતત્તત્ત્વનો સર્વ દ્રવ્યની સાથે સંબંધ ગમ્યમાન હોય તો; कृ ધાતુના યોગમાં તેના કર્મવાચક નામને અને भू તથા अस् ધાતુના યોગમાં તેના કર્તૃવાચક નામને सादि सात् [स्सात्- [सात्]] પ્રત્યય થાય છે. सर्वं काष्ठं प्रागनग्निम् अग्निं करोति; सर्वं काष्ठं प्रागनग्निः, अग्नि र्भवति अग्निः स्याद् वा આ અર્થમાં अग्नि નામને આ સૂત્રથી स्सात् [सात्] પ્રત્યય વગેરે કાર્ય થવાથી अग्निसात् काष्ठं करोति, अग्निसाद् भवति અને अग्निसाद् स्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જે

અગ્નિસ્વરૂપ ન હતાં એ બધાં લાકડાંને અગ્નિ કરે છે. અનગ્નિ બધાં લાકડાં અગ્નિ થાય છે. અનગ્નિ બધાં લાકડાં અગ્નિ થાય. सात् પ્રત્યયના स् ને ष् ન થાય એ માટે સાદિ सात् [स्सात्] પ્રત્યયનું વિધાન કર્યું છે. અહીં પ્રાગતત્તત્ત્વ [અગ્નિભવન]નો સંબન્ધ સર્વ કાષ્ઠની સાથે છે તેથી વ્યાપ્તિ અર્થ ગમ્યમાન છે. ॥૧૩૦॥

## जातेः सम्पदा च ७।२।१३१॥

પ્રાગતત્તત્ત્વનો [જુઓ सू. નં. ૭-૨-૧૨૬]; તજ્જાતીય સર્વ વસ્તુની સાથેનો સંબન્ધ સ્વરૂપ-વ્યાપ્તિ અર્થ ગમ્યમાન હોય તો कृ ધાતુના યોગમાં તેના કર્મવાચક નામને અને भू તથા अस् તેમ જ सम् + पद् ધાતુના યોગમાં તેના કર્તૃવાચક નામને સાદિ सात् પ્રત્યય થાય છે. આશય એ છે કે પૂર્વ [૭-૨-૧૩૦] સૂત્રથી અને આ સૂત્રથી પણ વ્યાપ્તિસ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો स्सात् પ્રત્યયનું વિધાન છે. પૂર્વસૂત્રમાં એક જ વસ્તુના સર્વ અવયવોની સાથેનો સંબન્ધ - એ વ્યાપ્તિ છે. અને આ સૂત્રમાં प्रागतत्तत्त्व નો તજ્જાતીય સકલ વસ્તુની સાથેનો સંબન્ધ—એ વ્યાપ્તિ છે—એ વિશેષ છે. अस्यां सेनायां सर्वं शस्त्रम् अनग्निम् अग्निं करोति दैवम् આ અર્થમાં अग्नि નામને આ સૂત્રથી सात् [स्सात्] પ્રત્યય વગેરે કાર્ય થવાથી अस्यां सेनायां सर्वं शस्त्रमग्निसात् करोति दैवम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે भू, अस् અને सम्+पद् ધાતુના યોગમાં તેના કર્તૃવાચક अग्नि નામને આ સૂત્રથી स्सात् [सात्] પ્રત્યયાદિ કાર્ય થવાથી अग्निसाद् भवति; अग्निसात् स्यात् અને अग्निसात् सम्पद्यते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આ સેનામાં બધાં શસ્ત્રોને દૈવ અગ્નિ કરે છે. બધાં શસ્ત્રો અગ્નિ થાય છે. બધાં શસ્ત્રો અગ્નિ થાય. બધાં શસ્ત્રો અગ્નિ થાય છે. ॥૧૩૧॥

## तत्राऽधीने ७।२।१३२॥

कृ, भू, अस् અને सम्+पद् ધાતુના યોગમાં સપ્તમ્યન્ત નામને આયત્ત—અધીન અર્થમાં सादि सात् [स्सात्] પ્રત્યય થાય છે. राजन्यधीनं करोति, राजन्यधीनं भवति, स्यात्, सम्पद्यते वा આ અર્થમાં સપ્તમ્યન્ત राजन् નામને આ સૂત્રથી सात् [स्सात्] પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી राजसात् करोति; राजसाद् भवति; राजसात् स्यात् અને राजसात् सम्पद्यते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– રાજાધીન કરે છે. રાજાધીન થાય છે. રાજાધીન થાય. રાજાધીન થાય છે. ॥१३२॥

## देये त्रा च ७।२।१३३॥

कृ, भू, अस् અને सम्+पद् ધાતુના યોગમાં દેયસ્વરૂપ આયત્ત અર્થમાં સપ્તમ્યન્ત નામને त्रा પ્રત્યય થાય છે. देवेऽधीनं करोति देवेऽधीनं भवति, स्यात्, सम्पद्यते वा આ અર્થમાં સપ્તમ્યન્ત देव નામને આ સૂત્રથી त्रा પ્રત્યય વગેરે કાર્ય થવાથી देवत्रा करोति द्रव्यम्; देवत्रा भवति, देवत्रा स्यात् અને देवत्रा सम्पद्यते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– દ્રવ્યને દેવાધીન કરે છે. દેવાધીન થાય છે. દેવાધીન થાય. દેવાધીન થાય છે. આ સૂત્રમાં च નું ઉપાદાન कृ, भू, अस् અને सम्+पद् ધાતુના અનુકર્ષણ માટે છે. તેથી चानुकृष्टं नानुवर्त्तते આ ન્યાયના બળે આગળના સૂત્રમાં તેની અનુવૃત્તિ નહિ જાય. देय इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સપ્તમ્યન્ત નામને देय સ્વરૂપ જ આયત્ત અર્થમાં कृ, भू, अस् અને सम्+पद् ધાતુના યોગમાં त्रा પ્રત્યય થાય છે. તેથી राजन्यधीनं राष्ट्रं स्यात् આ અર્થમાં राजन् નામને આ સૂત્રથી त्रा પ્રત્યય થતો નથી. કારણ કે અહીં राष्ट्र સ્વરૂપ આયત્ત અર્થ, દેયસ્વરૂપ નથી. જેથી राजन् નામને 'तत्राऽधीने ७-२-१३२' થી

स्सात् પ્રત્યયાદિ કાર્ય થવાથી [જુઓ સૂ. નં. ૭-૨-૧૩૨] राजसात् स्याद् राष्ट्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ–રાજાધીન રાષ્ટ્ર થાય. ॥૧૩૩॥

### सप्तमी–द्वितीयाद् देवादिभ्यः ७।२।१३४॥

देवादि ગણપાઠમાંનાં सप्तम्यन्त અને द्वितीयान्त देव વગેરે નામને સ્વાર્થમાં त्रा પ્રત્યય થાય છે. देवेषु वसति, देवेषु भवति, देवेषु स्यात् અને देवान् करोति આ અર્થમાં देव નામને તેમ જ मनुष्येषु वसति....ઈત્યાદ્યર્થમાં मनुष्य નામને આ સૂત્રથી त्रा પ્રત્યય વગેરે કાર્ય થવાથી देवत्रा वसति, भवति, स्यात्, करोति वा તેમ જ मनुष्यत्रा वसति...ઈત્યાદિ પ્રયોગો થાય છે. અર્થ ક્રમશઃ–દેવોની પાસે વસે છે. દેવોની પાસે હોય છે. દેવોની પાસે હોય. દેવોની પ્રતિમા કરે છે. મનુષ્યો પાસે વસે છે...ઈત્યાંદિ. ॥૧૩૪॥

### तीय–शम्ब–बीजात् कृगा कृषौ डाच् ७।२।१३५॥

કૃષિ [ખેડવું] ના વિષયમાં कृग् [कृ] ધાતુના યોગમાં तीय પ્રત્યયાન્ત નામ, शम्ब નામ અને बीज નામને डाच् [आ]પ્રત્યય થાય છે. द्वितीयं वारं [कृषति] करोति क्षेत्रम्; शम्बं करोति क्षेत्रम् [अनुलोमकृष्टं पुनस्तिर्यक् कृषति]; અને बीजं करोति क्षेत्रम् [उप्ते पश्चाद् बीजैः सह कृषति]આ અર્થમાં तीयપ્રત્યયાન્ત द्वितीय નામને તેમ જ शम्ब અને बीज નામને આ સૂત્રથી डाच् [आ]પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्वितीया करोति, शम्बा करोति અને बीजा करोति क्षेत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–બીજી વાર ખેતરને ખેડે છે. સીધું ખેડીને તીરછું ખેડે છે. બીજ વાવ્યા પછી બીજસહિત ખેતરને ખેડે છે. कृषाविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૃષિના જ

વિષયમાં कृ ધાતુના યોગમાં तीय પ્રત્યયાન્ત નામને તેમ જ शम्ब અને बीज નામને डाच् પ્રત્યય થાય છે. તેથી द्वितीयं पटं करोति અહીં કૃષિનો વિષય ન હોવાથી [પટનો વિષય હોવાથી] આ સૂત્રથી द्वितीय નામને डाच् [आ] પ્રત્યય થતો નથી. અર્થ–બીજો પટ કરે છે. ॥૧૩૫॥

### सङ्ख्यादे र्गुणात् ७।२।१३६॥

સઙ્ખ્યાવાચક નામ પૂર્વપદ છે જેનું એવો ગુણ શબ્દ છે અન્તમાં જેના એવા નામને कृग् [कृ] ધાતુના યોગમાં કૃષિના વિષયમાં डाच् પ્રત્યય થાય છે. द्विगुणं कर्षणं करोति क्षेत्रस्य આ અર્થમાં द्विगुण નામને આ સૂત્રથી डाच् [आ] પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विगुणा करोति क्षेत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ–બેગણું ખેતરને ખેડે છે. ॥૧૩૬॥

### समयाद् यापनायाम् ७।२।१३७॥

कृग् [कृ] ધાતુના યોગમાં समय નામને કાલયાપના-કાલક્ષેપ અર્થ ગમ્યમાન હોય તો डाच् પ્રત્યય થાય છે. समयं करोति [कालक्षेपं करोति] આ અર્થમાં समय નામને આ સૂત્રથી डाच् પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી समया करोति; कालं क्षिपतीत्यर्थः આવો પ્રયોગ થાય છે. અર્થ–કાલક્ષેપ કરે છે. ॥૧૩૭॥

### सपत्र-निष्पत्रादतिव्यथने ७।२।१३८॥

सपत्र અને निष्पत्र નામને कृग् [कृ]ધાતુના યોગમાં; અતિપીડન

અર્થ ગમ્યમાન હોય તો डाच् [आ] પ્રત્યય થાય છે. सपत्रं करोति मृगम् અને निष्पत्रं करोति मृगम् આ અર્થમાં सपत्र અને निष्पत्र નામને આ સૂત્રથી डाच् પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सपत्रा करोति मृगम् અને निष्पत्रा करोति मृगम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– હરણને બાણયુક્ત શરીરવાળો કરે છે. હરણને નિષ્પત્ર [જેના શરીરમાંથી બીજાની પાસે બાણ કઢાય છે તેવો] કરે છે. अतिव्यथन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અતિપીડન અર્થ ગમ્યમાન હોય તો જ सपत्र અને निष्पत्र નામને कृ ધાતુના યોગમાં डाच् પ્રત્યય થાય છે. તેથી सपत्रं करोति तरुं सेकः આ અર્થમાં અતિપીડન ન હોવાથી सपत्र નામને આ સૂત્રથી डाच् પ્રત્યય થતો નથી. અર્થ–જલનું સિંચન વૃક્ષને પાંદડાવાળું કરે છે. ॥૧૩૮॥

## निष्कुलान्निष्कोषणे ७।२।१३९॥

कृग् [कृ] ધાતુના યોગમાં निष्कुल નામને निष्कोषण અર્થમાં डाच् પ્રત્યય થાય છે. निष्कुलम् [निष्कृष्टं कुलमवयवसङ्घातोऽस्माद्] करोति दाडिमम् આ અર્થમાં निष्कुल નામને આ સૂત્રથી डाच् [आ] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી निष्कुला करोति दाडिमम् આવો પ્રયોગ થાય છે. અર્થ–દાડમના અંદરના ભાગને બહાર કાઢે છે. निष्कोषण इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિષ્કોષણ અર્થ ગમ્યમાન હોય તો જ कृ ધાતુના યોગમાં निष्कुल નામને डाच् પ્રત્યય થાય છે. [अन्तरवयवानां बहिर्निष्कासनं निष्कोषणम्] તેથી निष्कुलं करोति शत्रुम् આ અર્થમાં નિષ્કોષણ અર્થ ગમ્યમાન ન હોવાથી અહીં निष्कुल નામને આ સૂત્રથી डाच् પ્રત્યય થતો નથી. અર્થ–શત્રુને વંશરહિત કરે છે. અહીં ઉપર્યુક્ત નિષ્કોષણ અર્થ નથી. ॥૧૩૯॥

## प्रिय–सुखादानुकूल्ये ७।२।१४०॥

कृग् [कृ]ધાતુના યોગમાં प्रिय અને सुख નામને આનુકૂલ્ય અર્થ ગમ્યમાન હોય તો डाच् [आ] પ્રત્યય થાય છે. प्रियं करोति અને सुखं करोति આ અર્થમાં प्रिय અને सुख નામને આ સૂત્રથી डाच् પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી प्रिया करोति गुरुम् અને सुखा करोति गुरुम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ગુરુને અનુકૂલ કરે છે. ગુરુને અનુકૂલ કરે છે. અર્થાદ્ ગુરુને આરાધે છે. आनुकूल्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આનુકૂલ્ય અર્થ ગમ્યમાન હોય તો જ प्रिय અને सुख નામને कृ ધાતુના યોગમાં डाच् પ્રત્યય થાય છે. તેથી प्रियं करोति साम અને सुखं करोति पौषधव्रतम् અહીં આનુકૂલ્ય અર્થ ગમ્યમાન ન હોવાથી प्रिय અને सुख નામને આ સૂત્રથી डाच् પ્રત્યય થતો નથી. અર્થ ક્રમશઃ–સામવચન પ્રિય કરે છે. પૌષધવ્રત [જૈન-દર્શનપ્રસિદ્ધ–એક વ્રત] સુખકર છે. ॥૧૪૦॥

## दुःखात् प्रातिकूल्ये ७।२।१४१॥

પ્રાતિકૂલ્ય અર્થ ગમ્યમાન હોય તો कृग् [कृ] ધાતુના યોગમાં दुःख નામને डाच् પ્રત્યય થાય છે. दुःखं करोति આ અર્થમાં दुःख નામને આ સૂત્રથી डाच् પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दुःखा करोति शत्रुम् આવો પ્રયોગ થાય છે. અર્થ–શત્રુનું પ્રતિકૂલ કરે છે. प्रातिकूल्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાતિકૂલ્ય અર્થ ગમ્યમાન હોય તો જ दुःख નામને कृ ધાતુના યોગમાં डाच् [आ]પ્રત્યય થાય છે. તેથી दुःखं करोति रोगः અહીં પ્રાતિકૂલ્ય અર્થ ગમ્યમાન ન હોવાથી दुःख નામને આ સૂત્રથી डाच् પ્રત્યય થતો નથી. અર્થ–રોગ દુઃખકર છે. ॥૧૪૧॥

## शूलात् पाके ७।२।१४२॥

પાક અર્થ ગમ્યમાન હોય તો कृग् [कृ]ધાતુના યોગમાં શૂલ નામને डाच् [आ] પ્રત્યય થાય છે. शूले करोति [पचतीत्यर्थः]मांसम् આ અર્થમાં શૂલ નામને આ સૂત્રથી डाच् પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शूला करोति આવો પ્રયોગ થાય છે. અર્થ–શૂલ [માંસ શેકવાનો લોખંડનો સળિયો]માં માંસ રાંધે છે-શેકે છે. ॥૧૪૨॥

## सत्यादशपथे ७।२।१४३॥

શપથ અર્થને છોડીને અન્ય અર્થવાચક सत्य નામને कृग् [कृ] ધાતુના યોગમાં डाच् [आ] પ્રત્યય થાય છે. सत्यं करोति આ અર્થમાં सत्य નામને આ સૂત્રથી डाच् પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सत्या करोति वणिग् भाण्डम् આવો પ્રયોગ થાય છે. અર્થ–વ્યાપારી–વાણિયો પાત્રવિક્રેતાને હું ખરીદીશ આ પ્રમાણે વિશ્વાસ કરાવે છે. अशपथ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અશપથાર્થક જ सत्य નામને कृ ધાતુના યોગમાં डाच् પ્રત્યય થાય છે. તેથી सत्यं करोति અહીં શપથાર્થક सत्य નામને આ સૂત્રથી डाच् પ્રત્યય થતો નથી. અર્થ-શપથ કરે છે. ॥૧૪૩॥

## मद्र–भद्राद् वपने ७।२।१४४॥

મુંડન અર્થ ગમ્યમાન હોય તો मद्र અને भद्र નામને कृग् [कृ]ધાતુના યોગમાં डाच् [आ] પ્રત્યય થાય છે. मद्रं करोति नापितः અને भद्रं करोति नापितः આ અર્થમાં मद्र અને भद्र નામને આ સૂત્રથી डाच् પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ

વગેરે કાર્ય થવાથી मद्रा करोति અને भद्रा करोति नापितः આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો] -બાળકના મંગલરૂપ વાળને હજામ કાપે છે. वपन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વપન-મુંડન અર્થ ગમ્યમાન હોય તો જ मद्र અને भद्र નામને कृ ધાતુના યોગમાં डाच् પ્રત્યય થાય છે. તેથી मद्रं करोति અને भद्रं करोति साधुः આ અર્થમાં मद्र અને भद्र નામને; અહીં વપન અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી डाच् પ્રત્યય થતો નથી. અર્થ [બંન્નેનો]-સાધુ કલ્યાણને કરે છે. ॥૧૪૪॥

अव्यक्ताऽनुकरणानेकस्वरात् कृ-भ्वस्तिनाऽनितौ द्विश्च ७।२।१४५॥

જે ધ્વનિમાં [શબ્દમાં] અકારાદિ વર્ણો વિશેષરૂપથી અભિવ્યક્ત થતા નથી, તે ધ્વનિને અવ્યક્ત ધ્વનિ કહેવાય છે. અવ્યક્ત ધ્વનિના અનુકરણાર્થક જે અનેકસ્વરી શબ્દ, તેની પરમાં इति શબ્દ ન હોય તો તે શબ્દને [અનિતિપરક અનુકરણાર્થક અનેકસ્વરી શબ્દને], कृ, भू અને अस् ધાતુના યોગમાં વિકલ્પથી डाच् [आ] પ્રત્યય થાય છે અને ત્યારે તે શબ્દને [અનિતિપરક અનુકરણાર્થક અનેકસ્વરી શબ્દને] દ્વિત્વ થાય છે. पटत् करोति આ અર્થમાં पटत् શબ્દને આ સૂત્રથી डाच् પ્રત્યય અને पटत् શબ્દને દ્વિત્વ. પૂર્વ पटत् ના त् નો 'डाच्यादौ ७-२-१४९' થી લોપ. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अत् નો લોપ વગેરે કાર્ય થવાથી पटपटा करोति આવો પ્રયોગ થાય છે. અર્થ-पटत् આવો શબ્દ કરે છે. આવી જ રીતે पटद् भवति અને पटत् स्यात् આ અર્થમાં पटत् શબ્દને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ डाच् પ્રત્યયાદિ કાર્ય થવાથી पटपटा भवति [भवेत्]અને पटपटा स्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- पटत् આવો શબ્દ થાય છે. [થાય]. पटत् આવો શબ્દ થાય.

अनेकस्वरादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનિતિપરક અનેકસ્વરી જ અવ્યક્ત અનુકરણાર્થક શબ્દને कृ, भू અને अस् ધાતુના યોગમાં વિકલ્પથી डाच् પ્રત્યય અને એ શબ્દને દ્વિત્વ થાય છે. તેથી खाट् करोति અહીં એકસ્વરી તાદૃશ खाट् શબ્દને આ સૂત્રથી डाच् પ્રત્યયાદિ કાર્ય થતું નથી. અર્થ–खाट् આવો શબ્દ કરે છે. अनिताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનિતિપરક જ અનેકસ્વરી અવ્યક્ત અનુકરણાર્થક શબ્દને कृ, भू અને अस् ધાતુના યોગમાં વિકલ્પથી डाच् પ્રત્યય અને તેની પ્રકૃતિને દ્વિત્વ થાય છે. તેથી पटत् इति करोति અહીં તાદૃશ पटत् શબ્દ અનિતિપરક ન હોવાથી તેને આ સૂત્રથી डाच् પ્રત્યય વગેરે કાર્ય થતું નથી. જેથી पटत् + इति આ અવસ્થામાં 'इतावतो० ૭-૨-૧૪૬' થી अत् નો લોપ થવાથી पटिति આવો પ્રયોગ થાય છે. અર્થ–पटत् આવો શબ્દ કરે છે. અહીં અવ્યક્ત ધ્વનિમાં કથંચિત્ વ્યક્ત ધ્વનિનું સાદૃશ્ય હોવાથી અવ્યક્ત ધ્વનિનું વ્યક્તવર્ણવાળું અનુકરણ થાય છે. ॥૧૪૫॥

## इतावतो लुक् ७।२।१४६॥

इति શબ્દ પરમાં હોય તો તેની પૂર્વેના અવ્યક્ત ધ્વનિના અનુકરણાર્થક અનેકસ્વરી શબ્દના अत् નો લોપ થાય છે. पटत् इति આ અવસ્થામાં આ સૂત્રથી पटत् ના अत् નો લોપ વગેરે કાર્ય થવાથી पटिति આવો પ્રયોગ થાય છે. અર્થ–पटत् આવો શબ્દ. ॥૧૪૬॥

## न द्वित्वे ७।२।१४७॥

इति શબ્દ પરમાં હોય ત્યારે તેની પૂર્વેના અવ્યક્ત અનુકરણાર્થક અનેકસ્વરી શબ્દના अत् નો; દ્વિત્વ થયું હોય તો લોપ થતો નથી. पटत् इति આ અવસ્થામાં 'वीप्सायाम् ७-४-८०'

થી पटत् ને દ્વિત્વ. पटत्पटत्+इति આ અવસ્થામાં 'इता० ૭-૨-૧૪૬' થી અન્ત્ય अत् ના લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી पटत्पटदिति આવો પ્રયોગ થાય છે. અર્થ -पटत् આ પ્રમાણે શબ્દ. ॥૧૪૭॥

## तो वा ૭।૨।૧૪૮॥

દ્વિત્વ થયું હોય ત્યારે; इति શબ્દ પરમાં હોય તો તેની પૂર્વેના અવ્યક્તાનુકરણાર્થક અનેકસ્વરી શબ્દના અન્ત્ય अत् ના त् નો વિકલ્પથી લોપ થાય છે. पटत्+इति આ અવસ્થામાં 'वीप्सायाम् ૭-૪-૮૦' થી पटत् ને દ્વિત્વ. पटत्पटत्+इति આ અવસ્થામાં આ સૂત્રથી અન્ત્ય त् નો લોપ વગેરે કાર્ય થવાથી पटत्पटेति करोति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી त् નો લોપ ન થાય તો पटत्-पटदिति આવો પ્રયોગ થાય છે. અર્થ-पटत् આવો શબ્દ કરે છે.॥૧૪૮॥

## डाच्यादौ ૭।૨।૧૪૯॥

અવ્યક્ત અનુકરણાર્થક અનેકસ્વરી अत् અન્તવાલા શબ્દને દ્વિત્વ થયું હોય ત્યારે; डाच् પ્રત્યય પરમાં હોય તો પૂર્વ [પ્રથમ] પદના અન્ત્ય अत् ના त् નો લોપ થાય છે. पटत् करोति આ અર્થમાં पटत् શબ્દને 'अव्यक्ता० ૭-૨-૧૪૫' થી डाच् પ્રત્યય તથા पटत् શબ્દને દ્વિત્વ. આ સૂત્રથી પૂર્વ पटत् ના त् નો લોપ વગેરે કાર્ય થવાથી पटपटा करोति આવો પ્રયોગ થાય છે. [જુઓ સૂ. નં. ૭-૨-૧૪૫] आदाविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ डाच् પ્રત્યય પરમાં હોય તો અવ્યક્ત અનુકરણાર્થક અનેકસ્વરી अत् અન્તવાળા શબ્દને દ્વિત્વ થયું હોય ત્યારે પૂર્વ [આદ્ય–પ્રથમ]

શબ્દના જ અન્ત્ય **अत्** ના **त्** નો લોપ થાય છે. તેથી **पतत् करोति** આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ **डाच्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **पतपता करोति** આવો પ્રયોગ થાય છે. ત્યાં **पतपतत्+करोति** આ અવસ્થામાં અન્ત્ય [ઉત્તર] શબ્દના **अत्** ના **त्** નો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ-**पतत्** આવો શબ્દ કરે છે. ॥૧૪૯॥

**बह्वल्पार्थात् कारकादिष्टाऽनिष्टे प्शस् ७।२।१५०॥**

બહ્વર્થક કારકવાચક શબ્દને ઈષ્ટવિષયમાં, અને અલ્પાર્થક કારકવાચક નામને અનિષ્ટવિષયમાં **प्शस्** [**शस्**] પ્રત્યય વિકલ્પથી થાય છે. બોટિત અન્નને પ્રાશિત્ર કહેવાય છે. અને પ્રાશિત્રાદિને અહીં ઈષ્ટ કહેવાય છે. તેમ જ શ્રાદ્ધાદિને અહીં અનિષ્ટ કહેવાય છે. **ग्रामे बहवो बहून् वा ददति ददाति वा** અર્થમાં **बहु** નામને તેમ જ **भूरयो भूरीन् वा ददति ददाति वा** આ અર્થમાં **भूरि** નામને આ સૂત્રથી **प्शस्** [**शस्**] પ્રત્યય વગેરે કાર્ય થવાથી **ग्रामे बहुशो ददति ददाति वा** અને **भूरिशो ददति ददाति वा** આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો]– ગામમાં પ્રાશિત્રાદિના વિષયમાં ઘણા આપે છે અથવા ઘણું આપે છે. **अल्पं स्तोकं वा धनं दत्ते श्राद्धे** આ અર્થમાં **अल्प** અને **स्तोक** નામને આ સૂત્રથી **प्शस्** પ્રત્યય વગેરે કાર્ય કરવાથી **अल्पशो धनं दत्ते** અને **स्तोकशो धनं दत्ते श्राद्धे** આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો]– શ્રાદ્ધાદિવિષયમાં થોડું ધન આપે છે.

**इष्टानिष्ट इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઈષ્ટાનિષ્ટના વિષયમાં જ અનુક્રમે બહ્વર્થક અને અલ્પાર્થક કારકવાચક નામને વિકલ્પથી **प्शस्** પ્રત્યય થાય છે. તેથી **बहु दत्ते श्राद्धे** અને **अल्पं दत्ते प्राशित्रे** અહીં અનિષ્ટ અને ઈષ્ટવિષયમાં અનુક્રમે તાદૃશ **बहु** અને **अल्प** નામને આ સૂત્રથી **प्शस्** પ્રત્યય

થતો નથી. અર્થ ક્રમશઃ– શ્રાદ્ધના વિષયમાં ઘણું આપે છે. પ્રાશિત્રના વિષયમાં ઓછું આપે છે. ॥૧૫૦॥

## संख्यैकार्थाद् वीप्सायां शस् ७।२।१५१॥

સંખ્યાવાચક તેમ જ એકત્વવિશિષ્ટવાચક કારકવાચી શબ્દને વીપ્સા અર્થ ગમ્યમાન હોય તો વિકલ્પથી **शस्** પ્રત્યય થાય છે. **एकमेकं दत्ते** અને **माषं माषं देहि** આ અર્થમાં સંખ્યાવાચક કારકવાચી **एक** નામને અને એકત્વવિશિષ્ટાર્થક કારકવાચી **माष** નામને આ સૂત્રથી **शस्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **एकशो दत्ते** અને **माषशो देहि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **शस्** પ્રત્યય ન થાય ત્યારે '**वीप्सायाम्** ૭-૪-૮૦' થી દ્વિત્વ વગેરે કાર્ય થવાથી **एकैकं दत्ते** અને **माषं माषं देहि** આવો પ્રયોગ થાય છે. [**एकम् एकम्** આ પ્રમાણે દ્વિત્વ થયા બાદ પૂર્વપદના વિભક્તિનો '**प्लुप् चा०** ૭-૪-૮૧' થી **पित् लुप्** થાય છે.] અર્થ ક્રમશઃ– એક એક આપે છે. એક એક અડદ આપ. **संख्यैकार्थादिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વીપ્સા અર્થ ગમ્યમાન હોય તો; સંખ્યાવાચક અને એકત્વવિશિષ્ટાર્થક જ કારકવાચક નામને **शस्** પ્રત્યય થાય છે. તેથી **माषौ माषौ दत्ते** અહીં **माष** નામ સંખ્યાવાચક કે એકત્વવિશિષ્ટાર્થક ન હોવાથી તેને આ સૂત્રથી **शस्** પ્રત્યય થતો નથી. અર્થ– બે બે અડદ આપે છે. **वीप्सायामिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વીપ્સા અર્થ ગમ્યમાન હોય તો જ સંખ્યાવાચક અને એકત્વવિશિષ્ટાર્થક કારકવાચી નામને **शस्** પ્રત્યય થાય છે. તેથી **द्वौ दत्ते** અહીં વીપ્સા અર્થ ગમ્યમાન ન હોવાથી તાદૃશ સંખ્યાવાચક **द्वि** નામને આ સૂત્રથી **शस्** પ્રત્યય થતો નથી. અર્થ-બે આપે છે. ॥૧૫૧॥

## संख्यादेः पादादिभ्यो दान-दण्डे चाऽकल् लुक् च ७।२।१५२॥

સંખ્યાવાચક નામ જેનું પૂર્વપદ છે અને पादादि ગણપાઠમાંનાં पाद વગેરે નામ જેનું ઉત્તરપદ છે એવા શબ્દને दान, दण्ड અને वीप्सा ના વિષયમાં अकल् [अक] પ્રત્યય થાય છે; અને ત્યારે પ્રકૃતિના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. द्वौ पादौ दत्ते; द्वे शते दत्ते; द्वौ पादौ दण्डितः અને द्वे शते दण्डितः અહીં ક્રમશઃ दान અને दण्डના વિષયમાં તેમ જ द्वौ द्वौ पादौ भुङ्क्ते અને द्वे द्वे शते भुङ्क्ते અહીં વીપ્સાના વિષયમાં द्विपाद અને द्विशत નામને આ સૂત્રથી अकल् [अक]પ્રત્યય અને અન્ત્ય अ નો લોપ. 'यः स्वरे० २-१-१०२' થી पाद् ને पद् આદેશ. द्विपदक અને द्विशतक નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યય. 'अस्या० २-४-१११' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી द्विपदिकां द्विशतिकां, दत्ते दण्डितो भुङ्क्ते वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – બે ચતુર્થ ભાગ આપે છે. બે ચતુર્થ ભાગ દંડાયેલ. બે બે ચતુર્થભાગ ખાય છે. બસો આપે છે. બસોનો દંડ કરાયેલ. બે બે સો ખાય છે. આ સૂત્રથી પ્રકૃતિના અન્ત્ય વર્ણનો लुक् च કહીને જે લોપ વિહિત છે તેનું પ્રયોજન ભણાવનાર પાસેથી બરાબર જાણી લેવું. ॥૧૫૨॥

## तीयाट्टीकण् न विद्या चेत् ७।२।१५३॥

વિદ્યાનો વિષય ન હોય તો; तीय પ્રત્યયાન્ત નામને સ્વાર્થમાં टीकण् [ईकण्] પ્રત્યય વિકલ્પથી થાય છે. द्वितीयमेव આ અર્થમાં द्वितीय નામને આ સૂત્રથી टीकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्वैतीयीकम् આવો

પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી टीकण् પ્રત્યય ન થાય ત્યારે द्वितीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ–બીજું. विद्या तु द्वितीया= વિદ્યાના વિષયમાં ઉપર જણાવ્યા મુજબ तीय પ્રત્યયાન્ત નામને સ્વાર્થમાં टीकण् પ્રયત્ય થતો નથી. તેથી द्वितीय નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી द्वितीया આવો પ્રયોગ થાય છે. અર્થ–બીજી વિદ્યા. ॥૧૫૩॥

## निष्फले तिलात् पिञ्ज–पेजौ ७।२।१५४॥

નિષ્ફલાર્થક तिल નામને સ્વાર્થમાં पिञ्ज અને पेज પ્રત્યય થાય છે. निष्फलस्तिलः આ અર્થમાં तिल નામને આ સૂત્રથી पिञ्ज અને पेज પ્રત્યય...વગેરે કાર્ય થવાથી तिलपिञ्जः અને तिलपेजः આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો]– નિષ્ફળ તલ. ॥૧૫૪॥

## प्रायोऽतो द्वयसट्–मात्रट् ७।२।१५५॥

अतु પ્રત્યયાન્ત નામને લક્ષ્યાનુસાર સ્વાર્થમાં द्वयसट् અને मात्रट् પ્રત્યય થાય છે. यावत् નામને આ સૂત્રથી द्वयसट् [द्वयस] અને मात्रट् [मात्र] પ્રત્યયાદિ કાર્ય થવાથી यावद्द्वयसम् અને यावन्मात्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ–જેટલું. ॥૧૫૫॥

## वर्णाऽव्ययात् स्वरूपे कारः ७।२।१५६॥

સ્વરૂપાર્થક વર્ણરૂપ તેમ જ અવ્યયસ્વરૂપ શબ્દને સ્વાર્થમાં વિકલ્પથી कार પ્રત્યય થાય છે. अ અને ओम् ને આ સૂત્રથી कार પ્રત્યયાદિ કાર્ય થવાથી अकारः અને ओंकारः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- अ વર્ણ. ओम् અવ્યય. स्वरूप इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરૂપાર્થક જ વર્ણ અને અવ્યય

## नाम-रूप-भागाद् धेयः ७।२।१५८।।

नामन्, रूप અને भाग શબ્દને સ્વાર્થમાં વિકલ્પથી धेय પ્રત્યય થાય છે. नामन्, रूप અને भाग નામને આ સૂત્રથી धेय પ્રત્યય. 'नाम्नां० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી नामधेयम्, रूपधेयम्, અને भागधेयम આવો પ્રયોગ થાય છે અર્થ

સ્વરૂપાર્થક र् વર્ણને વિકલ્પથી एफ પ્રત્યય થાય છે. र् ને આ સૂત્રથી एफ પ્રત્યયાદિ કાર્ય થવાથી रेफः આવો પ્રયોગ થાય છે. અર્થ– र् વર્ણ. સૂ.નં. ૭-૨-૧૫૫ થી 'प्रायः' અધિકાર ચાલુ હોવાથી લક્ષ્યાનુસાર પ્રત્યય થાય છે. તેથી र [अ ઉચ્ચારણાર્થ] ને 'वर्णा० ७-२-१५६' થી कार પ્રત્યયાદિ કાર્ય થવાથી रकारः આવો પણ પ્રયોગ થાય છે. ॥૧૫૭॥

## नाम-रूप-भागाद् धेयः ७।२।१५८।।

नामन्, रूप અને भाग શબ્દને સ્વાર્થમાં વિકલ્પથી धेय પ્રત્યય થાય છે. नामन्, रूप અને भाग નામને આ સૂત્રથી धेय પ્રત્યય. 'नाम्नां० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી नामधेयम्, रूपधेयम्, અને भागधेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નામ. રૂપ. ભાગ. ॥૧૫૮॥

## मर्तादिभ्यो यः ७।२।१५९।।

मर्तादि ગણપાઠમાંનાં मर्त વગેરે નામોને સ્વાર્થમાં य પ્રત્યય થાય છે. मर्त एव અને सूर एव આ અર્થમાં मर्त અને सूर નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मर्त्यः અને सूर्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મનુષ્ય. સૂર્ય. ॥૧૫૯॥

## नवादीन-तन-त्नं च नू चाऽस्य ७।२।१६०॥

नव नामने स्वार्थमां ईन, तन, त्न अने य प्रत्यय थाय छे अने त्यारे नव नामने नू आदेश थाय छे. नवमेव आ अर्थमां नव नामने आ सूत्रथी ईन, तन, त्न अने य प्रत्यय; तेम ज नव ने नू आदेश. 'अस्वय० ७-४-७०' थी ईन अने य प्रत्ययनी पूर्वेना ऊ ने अव् आदेश वगेरे कार्य थवाथी नवीनम्, नूतनम्, नूत्नम् अने नव्यम् आवो प्रयोग थाय छे. अर्थ– नवुं. ॥१६०॥

## प्रात् पुराणे नश्च ७।२।१६१॥

पुराण [प्राचीन] अर्थक प्र नामने स्वार्थमां न, ईन, तन अने त्न प्रत्यय थाय छे. प्र शब्दने आ सूत्रथी न, ईन, तन अने त्न प्रत्यय. 'अवर्णे० ७-४-६८' थी ईन प्रत्ययनी पूर्वेना अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी प्रणम्, प्रीणम्, प्रतनम् अने प्रत्नम् आवो प्रयोग थाय छे. अर्थ- पुराण–जूनुं. ॥१६१॥

## देवात् तल् ७।२।१६२॥

देव नामने स्वार्थमां विकल्पथी तल् [त] प्रत्यय थाय छे. देव एव आ अर्थमां देव नामने आ सूत्रथी तल् प्रत्यय. 'आत् २-४-१८' थी आप् [आ] प्रत्यय वगेरे कार्य थवाथी देवता आवो प्रयोग थाय छे. अर्थ-देव. ॥१६२॥

## होत्राया ईयः ७।२।१६३॥

होत्रा नामने स्वार्थमां ईय प्रत्यय विकल्पथी थाय छे. होत्रैव आ अर्थमां होत्रा नामने आ सूत्रथी ईय प्रत्यय. 'अवर्णे० ७-४-

૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી **होत्रीयम्** આવો પ્રયોગ થાય છે. અર્થ-હોમ-હવનની સામગ્રી. ॥૧૬૩॥

**भेषजादिभ्यष्ट्यण् ७।२।१६४॥**

**भेषजादि** ગણપાઠમાંનાં **भेषज** વગેરે નામને સ્વાર્થમાં વિકલ્પથી **ट्यण्** પ્રત્યય થાય છે. **भेषजमेव** અને **अनन्त एव** આ અર્થમાં **भेषज** અને **अनन्त** નામને આ સૂત્રથી **ट्यण्** [**य**] પ્રત્યય. 'वृद्धिः स्वरे० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **भैषज्यम्** અને **आनन्त्यम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દવા. અનન્ત. ॥૧૬૪॥

**प्रज्ञादिभ्योऽण् ७।२।१६५॥**

**प्रज्ञादि** ગણપાઠમાંનાં **प्रज्ञ** વગેરે નામને સ્વાર્થમાં **अण्** પ્રત્યય વિકલ્પથી થાય છે. **प्रज्ञ एव** અને **वणिग् एव** આ અર્થમાં **प्रज्ञ** અને **वणिज्** નામને આ સૂત્રથી **अण्** [**अ**] પ્રત્યય. 'वृद्धिः स्वरे० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **प्राज्ञः** અને **वाणिजः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બુદ્ધિમાન. વાણિયો. ॥૧૬૫॥

**श्रोत्रौषधि–कृष्णाच्छरीर–भेषजमृगे ७।२।१६६॥**

શરીરાર્થક **श्रोत्र**, ભેષજાર્થક **ओषधि** નામને અને મૃગાર્થક **कृष्ण** નામને સ્વાર્થમાં **अण्** [**अ**] પ્રત્યય વિકલ્પથી થાય છે. **श्रोत्र**, **ओषधि** અને **कृष्ण** નામને આ સૂત્રથી **अण्** પ્રત્યય. 'वृद्धिः० ૭-

૪-૧' થી આદ્ય સ્વર ओ અને ऋ ને વૃદ્ધિ औ અને आर् આદેશ. 'अवर्णे०.૭-૪-૬૮' થી અન્ત્ય अ નો તેમ જ इ નો લોપ વગેરે કાર્ય થવાથી श्रौत्रं वपुः; औषधं भैषजम् અને कार्ष्णो मृगः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– શરીર. દવા. મૃગ. ॥૧૬૬॥

## कर्मणः सन्दिष्टे ૭।૨।૧૬૭॥

સન્દિષ્ટાર્થક कर्मन् નામને સ્વાર્થમાં अण् [अ] પ્રત્યય થાય છે. પરસ્પર કોઈએ જે આ પ્રમાણે કહ્યું કે 'તારે આ પ્રમાણે કરવું જોઈએ'–તેને સન્દિષ્ટ કહેવાય છે. कर्मन् નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી कार्मणम् આવો પ્રયોગ થાય છે. અર્થ-સન્દિષ્ટ કર્મ. 'वा' નો અધિકાર [મહાવિભાષા] ચાલુ હોવા છતાં વિવક્ષિતાર્થ; પ્રત્યય વિના પ્રતિત થતો ન હોવાથી નિત્ય જ પ્રત્યય વિહિત છે. ॥૧૬૭॥

## वाच इकण् ૭।૨।૧૬૮॥

સંદિષ્ટાર્થક वाच् નામને સ્વાર્થમાં इकण् પ્રત્યય થાય છે. वाच् નામને આ સૂત્રથી इकण् [इक] પ્રત્યય....વગેરે કાર્ય થવાથી वाचिकं वक्ति આવો પ્રયોગ થાય છે. અર્થ-સંદિષ્ટ વાણીને કહે છે. અહીં પણ પૂર્વસૂત્રમાં જણાવ્યા મુજબ નિત્ય પ્રત્યય થાય છે. ॥૧૬૮॥

## विनयादिभ्यः ૭।૨।૧૬૯॥

विनयादि ગણપાઠમાંનાં विनय વગેરે નામને સ્વાર્થમાં વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે. विनय एव અને समय एव આ અર્થમાં विनय નામને અને समय નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-

૪-૧' થી આદ્ય સ્વર इ અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैनयिकम् અને सामयिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિનય. સમય. ॥૧૬૯॥

### उपायाद्घ्रस्वश्च ૭।૨।૧૭૦॥

સ્વાર્થમાં उपाय નામને વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે અને ત્યારે उपाय ના आ ને -હસ્વ अ આદેશ થાય છે. उपाय एव આ અર્થમાં उपाय નામને આ સૂત્રથી इकण् [इक] પ્રત્યય અને आ ને -હસ્વ अ આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औपयिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ–ઉપાય. ॥૧૭૦॥

### मृदस्तिकः ૭।૨।૧૭૧॥

मृद् નામને સ્વાર્થમાં વિકલ્પથી तिक પ્રત્યય થાય છે. मृद् एव આ અર્થમાં मृद् નામને આ સૂત્રથી तिक પ્રત્યય. 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય... વગેરે કાર્ય થવાથી मृत्तिका मृत् આવો પ્રયોગ થાય છે. અર્થ–માટી. ॥૧૭૧॥

### स-स्नौ प्रशस्ते ૭।૨।૧૭૨॥

પ્રશસ્તાર્થક मृत् નામને સ્વાર્થમાં स અને स्न પ્રત્યય વિકલ્પથી થાય છે. प्रशस्ता मृत् આ અર્થમાં मृत् નામને આ સૂત્રથી स અને स्न પ્રત્યય. 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી मृत्सा અને मृत्स्ना આવો પ્રયોગ થાય છે. અર્થ-સારી માટી. ॥૧૭૨॥

इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे सप्तमेऽध्याये

द्वितीयः पादः।

उत्साहसाहसवता....ઈત્યાદિ– ઉત્સાહ અને સાહસવાન હે નરેન્દ્ર ! આપના વડે તલવારની ધારા ઉપર ચાલવા જેવું અતિવિષમ એવું ધારાવ્રત સેવાયું. જેના ફળરૂપે માત્ર માલવ જ નહિ, પરંતુ શ્રી પર્વત પણ આપને ક્રીડાપાત્ર બન્યો. આશય એ છે કે– રાજાએ માલવદેશને જીતવાના આશયથી ઉત્સાહ અને સાહસને ધારણ કરી તલવારની ધારાનો ઉપયોગ કર્યો હતો. ત્યાં માલવ એટલે લક્ષ્મીનો અંશ એવો અર્થ કરીને ઉપર અધિક ફળનું વર્ણન કરવામાં આવ્યું છે અને એ યુક્ત છે. કારણ કે ઉત્સાહ અને સાહસથી યુક્ત એવા સાધકને અભિપ્રેતાધિક ફળની પ્રાપ્તિ થતી જ હોય છે.

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।<br>
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ प्रारभ्यते सप्तमेऽध्याये तृतीयः पादः ।

### प्रकृते मयट् ७।३।१॥

પ્રકૃતાર્થક નામને સ્વાર્થમાં मयट् [मय] પ્રત્યય થાય છે. प्राचुर्येण प्राधान्येन वा कृतम्–प्रकृतम् અર્થાદ્ અધિક પ્રમાણમાં અથવા પ્રધાનપણે કરેલાને 'પ્રકૃત' કહેવાય છે. प्रकृतमन्नम् અને प्रकृता पूजा આ અર્થમાં अन्न અને पूजा નામને આ સૂત્રથી मयट् [मय] પ્રત્યય વગેરે કાર્ય થવાથી अन्नमयम् અને पूजामयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અધિક પ્રમાણમાં કરાયેલું અન્ન. મુખ્ય–પ્રધાનપણે કરાયેલી પૂજા. સ્વાર્થમાં વિહિત પ્રત્યયો પોતાની પ્રકૃતિના લિંગ-વચનનું ઉલ્લંઘન પણ કરે છે. તેથી पूजा નામને मयट् પ્રત્યય થયા બાદ पूजामयम् અહીં સ્ત્રીલિંગમાં નિર્દેશ નથી. ॥१॥

### अस्मिन् ७।३।२॥

પ્રકૃતાર્થક નામને સપ્તમ્યર્થમાં मयट् [मय] પ્રત્યય થાય છે. अपूपः प्रकृतोऽस्मिन् આ અર્થમાં अपूप નામને આ સૂત્રથી मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી अपूपमयम् पर्व આવો પ્રયોગ થાય છે. અર્થ-જેમાં માલપૂઆ અધિકતયા અથવા મુખ્યપણે કરાય છે– તે પર્વ. ॥૨॥

### तयोः समूहवच्च बहुषु ७।३।३॥

प्रकृते [૭-૩-૧] અને अस्मिन् [૭-૩-૨]ના વિષયમાં બહુત્વવિશિષ્ટાર્થક નામને 'समूह' અર્થની જેમ પ્રત્યય થાય છે તથા मयट् પ્રત્યય પણ થાય છે. प्रकृता अपूपाः અને प्रकृता अपूपा

अस्मिन् આ અર્થમાં આ સૂત્રથી अपूप નામને 'कवचि० ૬-૨-૧૪' થી વિહિત समूह અર્થની જેમ इकण् [इक]પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आपूपिकम् આવો પ્રયોગ થાય છે; તેમ જ આ સૂત્રથી બહુત્વ-વિશિષ્ટાર્થક अपूप નામને मयट् પ્રત્યયાદિ કાર્ય પણ થવાથી अपूपमयम्, अपूपास्तत्पर्व वा આવો પ્રયોગ થાય છે. અર્થ–અધિક પ્રમાણમાં અથવા મુખ્યપણે કરાયેલા માલપૂઆ. તેમ જ તાદૃશ માલપૂઆ જેમાં કરાય છે તે પર્વ. ॥३॥

## निन्द्ये पाशप् ७।३।४॥

નિન્દ્યાર્થક નામને સ્વાર્થમાં पाशप् [पाश] પ્રત્યય થાય છે. निन्द्यश्छान्दसः આ અર્થમાં छान्दस નામને આ સૂત્રથી पाशप् પ્રત્યયાદિ કાર્ય થવાથી छान्दसपाशः આવો પ્રયોગ થાય છે. અર્થ-નિન્દનીય છન્દજ્ઞાતા. ॥४॥

## प्रकृष्टे तमप् ७।३।५॥

પ્રકૃષ્ટાર્થક નામને સ્વાર્થમાં तमप् [तम] પ્રત્યય થાય છે. प्रकृष्टः शुक्लः અને प्रकृष्टः कारकः આ અર્થમાં शुक्ल અને कारक નામને આ સૂત્રથી तमप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી शुक्लतमः અને कारकतमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અતિશય શુક્લ. અતિશય કામ કરનાર. ॥५॥

## द्वयो र्विभज्ये च तरप् ७।३।६॥

બેમાં જે प्रकृष्ट છે અથવા विभज्य છે [વિભાગ કરવાયોગ્ય

છે]; તદર્થક નામને तरप् [तर] પ્રત્યય થાય છે. एतयोरियं प्रकृष्टा पट्वी આ અર્થમાં पट्वी નામને આ સૂત્રથી तरप् પ્રત્યય. 'क्यङ्-मानि० ३-२-५०' થી पट्वी નામને પુંવદ્ભાવ [ङी પ્રત્યયની નિવૃત્તિ વગેરે]. पटुतर નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पटुतरा स्त्री આવો પ્રયોગ થાય છે. અર્થ– બેમાં અતિશય નિપુણ સ્ત્રી. साङ्काश्यकेभ्यः पाटलीपुत्रकाः प्रकृष्टा आढ्याः આ અર્થમાં आढ्य નામને આ સૂત્રથી तरप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી आढ्यतराः આવો પ્રયોગ થાય છે. અર્થ-સાઙ્કાશ્યકો કરતાં પટણામાં રહેનારા ધનવાન છે. અહીં સાઙ્કાશ્યદેશવાસીઓથી પાટલીપુત્રકોનો વિભાગ કરવામાં આવ્યો છે; માટે તે વિભજ્ય છે. અહીં યાદ રાખવું કે- વિભજ્યાર્થક નામ પ્રકૃષ્ટાર્થક હોવું જોઈએ. તેનું પૃથગ્ ઉપાદાન ઘણાઓના વિભાગના વિષયમાં પણ तरप् ના વિધાન માટે છે. જેનું ઉદાહરણ ઉપર આપેલું છે જ....ઈત્યાદિ બરાબર સમજી લેવું. ॥६॥

## क्वचित् स्वार्थे ७।३।७॥

પ્રયોગાનુસાર સ્વાર્થમાં નામને तरप् પ્રત્યય થાય છે. अभिन्नमेव અને उच्चैरेव આ અર્થમાં अभिन्न અને उच्चैस् નામને આ સૂત્રથી तरप् [तर]પ્રત્યય. अभिन्नतर નામને 'यावादिभ्यः कः ७-३-१५' થી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી अभिन्नतरकम् આવો પ્રયોગ થાય છે. उच्चैस्तर નામના અન્ત્ય अ ને 'किंत्याद्ये० ७-३-८' થી आम् આદેશ વગેરે કાર્ય થવાથી उच्चैस्तराम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અભિન્ન. ઊંચું. ॥७॥

## किं-त्याद्येऽव्ययादसत्त्वे तयोरन्तस्याऽऽम् ७।३।८।।

तरप् અને तमप् પ્રત્યયાન્ત શબ્દ સત્ત્વવાચક [દ્રવ્યવાચક] ન હોય તો; किम् શબ્દ; त्याद्यन्त શબ્દ [तिव् વગેરે પ્રત્યયાન્ત શબ્દ]; એકારાન્ત શબ્દ અને અવ્યયસ્વરૂપ શબ્દથી પરમાં રહેલા तरप् અને तमप् પ્રત્યયના અન્ત્ય વર્ણને आम् આદેશ થાય છે. इदमनयोरतिशयेन किं पचति અને इदमेषामतिशयेन किं पचति આ અર્થમાં किम् નામને અનુક્રમે 'द्वयो० ७-३-६' થી અને 'प्रकृष्टे० ७-३-५' થી तरप् અને तमप् પ્રત્યય. किन्तर અને किन्तम ના અન્ત્ય अ ને આ સૂત્રથી आम् આદેશ...ઈત્યાદિ કાર્ય થવાથી किन्तराम् અને किन्तमाम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– આ બેમાં આ અતિશય શું રાંધે છે. આ બધામાં આ અતિશય શું રાંધે છે. त्याद्यन्त– इमौ द्वौ पचतः; अयमनयोरतिशयेन पचति અને सर्वे इमे पचन्ति अयमेषां प्रकृष्टं पचति આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ त्याद्यन्त पचति શબ્દને तरप् અને तमप् પ્રત્યય. તેના અન્ત્ય अ ને આ સૂત્રથી आम् આદેશ વગેરે કાર્ય થવાથી पचतितराम् અને पचतितमाम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– આ બેમાં આ સારું રાંધે છે. આ બધામાં આ સારું રાંધે છે. ।। આ સૂત્રથી त्याद्यन्त पचति વગેરે શબ્દથી પરમાં રહેલા तरप् અને तमप् પ્રત્યયના અન્ત્ય વર્ણને आम् આદેશનું વિધાન હોવાથી ત્યાદ્યન્તને પણ તે તે સૂત્રથી तरप् અને तमप् પ્રત્યયનું વિધાન છે–એમ જણાય છે. एकारान्त– अनयोरयं प्रकृष्टे पूर्वाह्णे भुङ्क्ते અને एषामयं प्रकृष्टे पूर्वाह्णे भुङ्क्ते આ અર્થમાં એકારાન્ત पूर्वाह्णे શબ્દને ઉપર જણાવ્યા મુજબ तरप् અને तमप् પ્રત્યય. તેના અન્ત્ય अ ને આ સૂત્રથી आम् આદેશ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णेतराम् અને पूर्वाह्णेतमाम् भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બેમાં આ અધિક પૂર્વાહ્ણમાં [દિવસનો પૂર્વભાગ, તેમાં] ખાય છે. આ બધામાં આ અધિક પૂર્વાહ્ણમાં ખાય છે. अव्यय– द्वयो र्मध्ये प्रकृष्टम् અને बहूनां मध्ये प्रकृष्टम् આ અર્થમાં अति અવ્યયને ઉપર

જણાવ્યા મુજબ तरप् અને तमप् પ્રત્યય. આ સૂત્રથી તેના અન્ત્ય अ ને आम् આદેશ વગેરે કાર્ય થવાથી अतितराम् અને अतितमाम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– આ બેમાં પ્રકૃષ્ટ અતિશય. આ બધામાં પ્રકૃષ્ટ અતિશય.

असत्त्व इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तरप् અને तमप् પ્રત્યયાન્ત શબ્દ અસત્ત્વવાચક જ હોય તો किम्, त्याद्यन्त, एकारान्त અને અવ્યયસ્વરૂપ શબ્દથી પરમાં રહેલા तरप् અને तमप् પ્રત્યયના અન્ત્યવર્ણને आम् આદેશ થાય છે. તેથી अनयोः किं दारु प्रकृष्टम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ किम् શબ્દને तरप् પ્રત્યયથી નિષ્પન્ન किन्तर માં; तरप् પ્રત્યયના અન્ત્યવર્ણને આ સૂત્રથી आम् આદેશ થતો નથી. કારણ કે અહીં किम् શબ્દ સત્ત્વાર્થક છે. અર્થાદ્ इदं तद्...ઈત્યાકારક પરામર્શ[જ્ઞાન]યોગ્ય प्रकृष्ट અર્થવાળો किम् શબ્દ છે. આથી किन्तरं दारु આવો પ્રયોગ થાય છે. અર્થ-આ બેમાં કયું કાષ્ઠ શ્રેષ્ઠ છે. ॥૮॥

## गुणाङ्गाद् वेष्ठेयसू ७।३।९॥

ગુણપ્રવૃત્તિનિમિત્તક શબ્દને तमप् પ્રત્યયના વિષયમાં इष्ठ અને तरप् પ્રત્યયના વિષયમાં ईयसु [ईयस्] પ્રત્યય વિકલ્પથી થાય છે. अयमेतेषां प्रकृष्टः पटुः આ અર્થમાં ગુણપ્રવૃત્તિનિમિત્તક पटु નામને આ સૂત્રથી इष्ठ પ્રત્યય. 'त्रन्त्य० ७-४-४३' થી અન્ત્ય સ્વર उ નો લોપ વગેરે કાર્ય થવાથી पटिष्ठः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इष्ठ પ્રત્યય ન થાય ત્યારે पटु નામને 'प्रकृष्टे तमप् ७-३-५' થી तमप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पटुतमः આવો પ્રયોગ થાય છે. અર્થ–બધામાં પ્રકૃષ્ટ પટુ. अयमनयोः प्रकृष्टो गुरुः આ અર્થમાં गुरु નામને આ સૂત્રથી ईयसु પ્રત્યય. 'प्रियस्थिर० ७-४-३८' થી गुरु ને गर् આદેશ વગેરે કાર્ય થવાથી गरीयान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી

ईयसु प्रत्यय न थाय त्यारे 'द्वयोर्विभ० ७-३-६' थी तरप् प्रत्यय वगेरे कार्य थवाथी गुरुतरः आवो प्रयोग थाय छे. अर्थ- आ बेमां आ अतिशय महान छे. ॥९॥

## त्यादेश्च प्रशस्ते रूपप् ७।३।१०॥

प्रशस्तार्थक त्याद्यन्त शब्दने तथा नामने रूपप् [रूप] प्रत्यय थाय छे. प्रशस्तं पचति अने प्रशस्तो दस्युः आ अर्थमां त्याद्यन्त पचति शब्दने अने दस्यु नामने आ सूत्रथी रूपप् प्रत्ययादि कार्य थवाथी पचतिरूपम् अने दस्युरूपः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः– सारुं रांधे छे. मोटो चोर. ॥१०॥

## अतमबादेरीषदसमाप्ते कल्पप्-देश्यप्-देशीयर् ७।३।११॥

तमप् वगेरे प्रत्ययान्त शब्दने छोडीने अन्य–ईषदसमाप्त अर्थवाळा त्याद्यन्त शब्दने अने नामने कल्पप् [कल्प], देश्यप् [देश्य] अने देशीयर् [देशीय] प्रत्यय थाय छे. ईषदसमाप्तं पचति अने ईषदसमाप्ता पट्वी आ अर्थमां त्याद्यन्त पचति शब्दने अने पट्वी नामने आ सूत्रथी कल्पप्, देश्यप् अने देशीयर् प्रत्यय. 'क्यङ्मानि० ३-२-५०' थी कल्पप् अने देश्यप् प्रत्ययनी पूर्वे पट्वी नामने अने 'रिति ३-२-५८' थी देशीयर् प्रत्ययनी पूर्वे पट्वी नामने पुंवद्भाव [ङी प्रत्ययनी निवृत्ति वगेरे ]. पटुकल्प, पटुदेश्य अने पटुदेशीय नामने 'आत् २-४-१८' थी आप् प्रत्ययादि कार्य थवाथी पचतिकल्पम्, पचतिदेश्यम्; पचतिदेशीयम् अने पटुकल्पा, पटुदेश्या, पटुदेशीया आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- थोडुं रांधे छे. थोडा निपुण जेवी. कल्पप् वगेरे प्रत्ययान्त नामो ज्यारे उपमेयार्थक होय छे त्यारे उपमेयना लिंगवचनमां तेनो प्रयोग थाय छे. अने बहु प्रत्यय पूर्वक नामो उपमेयार्थक होय त्यारे

પણ પ્રકૃતિના લિઙ્ગવચનમાં તેનો પ્રયોગ થાય છે. દા.ત. बहुगुडो द्राक्षा. ॥૧૧॥

## नाम्नः प्राग् बहुर्वा ७।३।१२॥

ईषदसमाप्त–અર્થક નામને નામની પૂર્વમાં बहु પ્રત્યય વિકલ્પથી થાય છે. ईषदसमाप्तः पटुः આ અર્થમાં पटु નામને તેની પૂર્વમાં बहु પ્રત્યયાદિ કાર્ય થવાથી बहुपटुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં 'अतम० ७-३-११' થી कल्पप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पटुकल्पः આવો પ્રયોગ થાય છે. અર્થ–લગભગ નિપુણ. ॥૧૨॥

## न तमबादिः कपोऽच्छिन्नादिभ्यः ७।३।१३॥

छिन्नादि ગણપાઠમાંનાં छिन्न વગેરે નામોને છોડીને અન્ય જે નામોને कप् પ્રત્યય થયો છે તે कप् પ્રત્યયાન્ત નામોને तमप् વગેરે પ્રત્યય થતો નથી. अयमनयोरेषाम् वा प्रकृष्टः पटुकः આ અર્થમાં પ્રકૃષ્ટાર્થક पटुक નામને 'द्वयोर्विभ० ७-३-६' થી तरप् પ્રત્યયની અને 'प्रकृष्टे० ७-३-५' થી तमप् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી पटुकः આવો જ પ્રયોગ થાય છે. कुत्सितः पटुः આ અર્થમાં 'प्राग् नि० ७-३-२८' ની સહાયથી 'कुत्सिता० ७-३-३३' થી पटु નામને कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पटुकः આવો પ્રયોગ થાય છે. અર્થ–બેમાં અથવા બધામાં આ પ્રકૃષ્ટ પટુક [કુત્સિત-અલ્પ-અજ્ઞાત નિપુણ] છે. अच्छिन्नादिभ्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ छिन्नादि ગણપાઠમાંનાં નામોને જો कप् પ્રત્યય થયો હોય તો તે कप् પ્રત્યયાન્ત નામોને तमप् વગેરે પ્રત્યયનો નિષેધ થતો નથી. તેથી अयमेषां प्रकृष्टश्छिन्नकः [पटुकः ની જેમ] આ અર્થમાં छिन्नक નામને 'प्रकृष्टे० ७-३-५'

થી तमप् પ્રત્યયાદિ કાર્ય થવાથી छिन्नकतमः આવો પ્રયોગ થાય છે. અર્થ- બધામાં પ્રકૃષ્ટ છિન્નક [કુત્સિતાદિસ્વરૂપ છિન્ન.] છે. ॥૧૩॥

## अनत्यन्ते ७।३।१४॥

અનત્યન્તાર્થમાં [સૂ.નં. ૭-૩-૫૬ થી] વિહિત कप् પ્રત્યયાન્ત નામને तमप् વગેરે પ્રત્યય થતો નથી. अनत्यन्तं छिन्नं भिन्नं वा આ અર્થમાં 'क्तात् तम० ७-३-५६' થી छिन्न અને भिन्न નામને कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી छिन्नक અને भिन्नक શબ્દ બને છે. તેને इदमेषामनयो र्वा प्रकृष्टं छिन्नकं भिन्नकं वा આ અર્થમાં 'प्रकृष्टे० ७-३-५' થી तमप् તથા 'द्वयो० ७-३-६' થી तरप् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી छिन्नकम् અને भिन्नकम् આવો જ પ્રયોગ રહે છે. અર્થ ક્રમશઃ– આ બધામાં અથવા આ બેમાં અધિક છિન્નક [ખરાબ રીતે છેદેલ વગેરે] છે. આ બધામાં અથવા આ બેમાં અધિક ભિન્નક [ખરાબ રીતે ભેદેલ વગેરે] છે. ॥૧૪॥

## यावादिभ्यः कः ७।३।१५॥

यावादि ગણપાઠમાંનાં याव વગેરે નામને સ્વાર્થમાં क પ્રત્યય થાય છે. याव एव અને मणिरेव આ અર્થમાં याव અને मणि નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી यावकः અને मणिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– જવ. મણિ. ॥૧૫॥

## कुमारीक्रीडनेयसोः ७।३।१६॥

કુમારીઓની ક્રીડાના સાધનવાચક નામને તેમ જ ईयसु

પ્રત્યયાન્ત નામને સ્વાર્થમાં क પ્રત્યય થાય છે. कन्दुरेव અને श्रेयान् एव આ અર્થમાં कन्दु અને श्रेयस् શબ્દને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી कन्दुकः અને श्रेयस्कः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દડો. અતિપ્રશંસનીય. ॥૧૬॥

## लोहितान्मणौ ७।३।१७॥

મણિવાચક लोहित નામને સ્વાર્થમાં વિકલ્પથી क પ્રત્યય થાય છે. लोहित एव આ અર્થમાં लोहित નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી लोहितको मणिः અને વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क પ્રત્યય ન થાય ત્યારે लोहितो मणिः આવો પ્રયોગ થાય છે. અર્થ-મણિવિશેષ. ॥૧૭॥

## रक्ताऽनित्यवर्णयोः ७।३।१८॥

લાખ વગેરેથી રંગેલા દ્રવ્યાર્થક તથા અનિત્યવર્ણાર્થક [અર્થાત્ કોઈ વિકારાદિથી ઉત્પન્ન થયેલી લાલિમાવાચક] लोहित નામને સ્વાર્થમાં क પ્રત્યય વિકલ્પથી થાય છે. लोहित एव અને लोहितमेव આ અર્થમાં लोहित નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી लोहितकः पटः અને लोहितकमक्षि कोपेन આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- લાક્ષાદિથી રંગેલું વસ્ત્ર. ક્રોધથી લાલ આંખ. [અહીં દ્રવ્યની સ્થિતિ સુધી રહેનારો લાલ રંગ નિત્ય કહેવાય છે અને દ્રવ્યના વિનાશ પૂર્વે જ નાશ પામનાર લાલરંગને અનિત્ય વર્ણ કહેવાય છે. વિશેષ અર્થ બૃહદ્‌વૃત્તિથી સમજી લેવો.] ॥૧૮॥

## कालात् ७।३।१९॥

કાજળ વગેરેથી રંગેલા દ્રવ્યાર્થક તથા અનિત્યવર્ણાર્થક

[અર્થાત્ કોઈ વિકારાદિના કારણે ઉત્પન્ન થયેલી કાલિમાવાચક] काल નામને સ્વાર્થમાં क પ્રત્યય વિકલ્પથી થાય છે. काल एव અને कालमेव આ અર્થમાં काल નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી कालकः पटः અને कालकं मुखं शोकेन આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– કાળો પટ. શોકથી કાળું મુખ. ॥૧૯॥

शीतोष्णादृतौ ७।३।२०॥

ઋતુવાચક शीत અને उष्ण નામને સ્વાર્થમાં क પ્રત્યય વિકલ્પથી થાય છે. शीत एव અને उष्ण एव આ અર્થમાં शीत અને उष्ण નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી शीतकः અને उष्णक ऋतुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– શીત ઋતુ. ઉષ્ણ ઋતુ. ॥૨૦॥

लून-वियातात् पशौ ७।३।२१॥

પશુવાચક लून અને वियात નામને સ્વાર્થમાં क પ્રત્યય વિકલ્પથી થાય છે. लून एव અને वियात एव આ અર્થમાં लून અને वियात નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી लूनकः અને वियातकः पशुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– કપાયેલો પશુ. વિશિષ્ટ ચાલવાળો પશુ. ॥૨૧॥

स्नाताद् वेदसमाप्तौ ७।३।२२॥

વેદની સમાપ્તિ અર્થ ગમ્યમાન હોય તો स्नात શબ્દને क પ્રત્યય થાય છે. वेदं समाप्य स्नातः આ અર્થમાં स्नात નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી स्नातकः આવો પ્રયોગ થાય છે. અર્થ- વેદને સમાપ્ત કરીને સ્નાન કરેલો. ॥૨૨॥

## तनु-पुत्राऽणु-बृहती-शून्यात् सूत्र-कृत्रिम-निपुणाऽऽच्छादन-रिक्ते ७।३।२३॥

સૂત્રાર્થક तनु, કૃત્રિમાર્થક पुत्र, નિપુણાર્થક अणु, આચ્છાદનાર્થક बृहती અને રિક્તાર્થક शून्य નામને સ્વાર્થમાં क પ્રત્યય થાય છે. तनु एव, पुत्र एव, अणुरेव, बृहती एव અને शून्य एव આ અર્થમાં तनु, पुत्र, अणु, बृहती અને शून्य નામને क પ્રત્યય વગેરે કાર્ય થવાથી तनुकं सूत्रम्; पुत्रकः कृत्रिमः; अणुको निपुणः; बृहतिका आच्छादनम् અને शून्यको रिक्तः આવો પ્રયોગ થાય છે. बृहती+क આ અવસ્થામાં 'ङ्यादीदू० २-४-१०४' થી ई ને -હ્રસ્વ इ આદેશ. 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી बृहतिका આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પતલું સૂતર. કઠપૂતળો. નિપુણ. યવનિકા [પડદો]. ખાલી. ॥२३॥

## भागेऽष्टमाञ्ञः ७।३।२४॥

ભાગાર્થક अष्टम નામને સ્વાર્થમાં ञ [अ] પ્રત્યય વિકલ્પથી થાય છે. अष्टम एव આ અર્થમાં अष्टम નામને આ સૂત્રથી ञ [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आष्टमो भागः આવો પ્રયોગ થાય છે. અર્થ–આઠમો ભાગ. ॥२४॥

## षष्ठात् ७।३।२५॥

ભાગાર્થક षष्ठ નામને સ્વાર્થમાં વિકલ્પથી ञ [अ] પ્રત્યય થાય છે. षष्ठ एव આ અર્થમાં षष्ठ નામને આ સૂત્રથી ञ પ્રત્યયાદિ કાર્ય થવાથી [જુઓ सू. नं. ७-३-२४] षाष्ठो भागः આવો પ્રયોગ થાય છે. અર્થ–છઠ્ઠો ભાગ. ॥२५॥

## माने कश्च ७।३।२६॥

જેનાથી મપાય તેને માન કહેવાય છે. માનસ્વરૂપ ભાગાર્થક षष्ठ નામને સ્વાર્થમાં क અને ञ [अ] પ્રત્યય વિકલ્પથી થાય છે. षष्ठ एव આ અર્થમાં षष्ठ નામને क અને ञ પ્રત્યય વગેરે કાર્ય થવાથી षष्ठकः અને षाष्ठो [જુઓ સૂ. નં. ૭-૩-૨૪] भागो मानं चेत् આવો પ્રયોગ થાય છે. અર્થ– માપવાના સાધનસ્વરૂપ છઠ્ઠો ભાગ. ॥૨૬॥

## एकादाकिन् चाऽसहाये ७।३।२७॥

અસહાયાર્થક एक નામને સ્વાર્થમાં आकिन् અને क પ્રત્યય થાય છે. एक एव આ અર્થમાં एक નામને આ સૂત્રથી आकिन् અને क પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી आकिन् ની પૂર્વેના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી एकाकी અને एककः આવો પ્રયોગ થાય છે. અર્થ-સહાય વિનાનો-એકલો. ॥૨૭॥

## प्राग् नित्यात् कप् ७।३।२८॥

'नित्य' શબ્દના સંકીર્ત્તન પૂર્વેના સકલ સૂત્રોમાં અર્થાદ્ 'नित्यं० ७-३-५८' ની પૂર્વેના સૂત્રોમાં જે જે અર્થોનો ઉલ્લેખ છે; તે તે અર્થોમાં कप् [क] પ્રત્યયનો અધિકાર સમજવો. कुत्सितोऽल्पोऽज्ञातो वा अश्वः આ અર્થમાં આ સૂત્રની સહાયથી 'कुत्सिता० ७-३-३३' થી अश्व નામને कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી अश्वकः આવો પ્રયોગ થાય છે. અર્થ–નિંદિત અલ્પ અથવા અજ્ઞાત ઘોડો. ॥૨૮॥

## त्यादि-सर्वादेः स्वरेष्वन्त्यात् पूर्वोऽक् ७।३।२९॥

'नित्यं० ७-३-५८' ની પૂર્વેના અર્થમાં त्यादि પ્રત્યયાન્ત શબ્દના અને सर्वादि ગણપાઠમાંનાં सर्व વગેરે નામોના અન્ત્ય સ્વરની પૂર્વે अक् પ્રત્યય થાય છે. कुत्सितम्, अल्पम्, अज्ञातम् वा पचति આ અર્થમાં त्यादि–ति પ્રત્યયાન્ત पचति શબ્દના અન્ત્ય સ્વર इ ની પૂર્વે આ સૂત્રથી अक् પ્રત્યયાદિ કાર્ય થવાથી पचतकि આવો પ્રયોગ થાય છે. कुत्सिता अल्पा अज्ञाता वा सर्वे विश्वे वा આ અર્થમાં सर्वादि ગણપાઠમાંનાં सर्व અને विश्व નામના અન્ત્ય સ્વર अ ની પૂર્વે આ સૂત્રથી अक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી सर्वके અને विश्वके આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– નિંદિત [ખરાબ], થોડું અથવા અજ્ઞાત રાંધે છે. નિંદિત, અલ્પ અથવા અજ્ઞાત સર્વ. નિંદિત, અલ્પ અથવા અજ્ઞાત બધા. पचतकि ઈત્યાદિ પ્રયોગોમાં अक् પ્રત્યયના વિધાનમાં 'कुत्सिता० ७-३-३३' ની સહાય સમજવી. આવી જ રીતે ઉત્તરસૂત્રોથી પણ પ્રત્યયના વિધાનમાં યથાપ્રાપ્ત સૂત્રની સહાય સમજવી. ॥૨૧॥

## युष्मदस्मदोऽसोभादिस्यादेः ७।३।३०॥

सु, ओ અથવા भ् છે આદિમાં જેના એવા સ્યાદિ પ્રત્યયથી ભિન્ન સ્યાદિ પ્રત્યયાન્ત युष्मद् અને अस्मद् શબ્દના અન્ત્યસ્વરની પૂર્વે; 'नित्यं० ७-३-५८' ની પૂર્વેના અર્થમાં अक् પ્રત્યય થાય છે. कुत्सितेन अल्पेन अज्ञातेन वा त्वया मया वा આ અર્થમાં त्वया અને मया– આ તૃતીયાન્ત [સ્યાદ્યન્ત] युष्मद् અને अस्मद् શબ્દના અન્ત્ય સ્વર आ ની પૂર્વે 'कुत्सिता० ७-३-३३' ની સહાયથી આ સૂત્રથી अक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી त्वयका અને मयका આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– કુત્સિત, અલ્પ અથવા અજ્ઞાત તારાથી. કુત્સિત, અલ્પ અથવા અજ્ઞાત મારાથી. असोभादिस्यादेरिति

किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सु, ओ અથવા भ् જેની આદિમાં છે- એવા સ્યાદિ પ્રત્યયથી ભિન્ન જ સ્યાદિ પ્રત્યયાન્ત युष्मद् અને असमद् શબ્દના અન્ત્ય સ્વરની પૂર્વે; 'नित्यं० ૭-३-५८'ની પૂર્વેના અર્થમાં अक् પ્રત્યય થાય છે. તેથી कुत्सितेषु, अल्पेषु, अज्ञातेषु वा युष्मासु; कुत्सितयोः, अल्पयोः, अज्ञातयो र्वा युवयोः અને कुत्सिताभ्याम्, अल्पाभ्याम्, अज्ञाताभ्याम् वा युवाभ्याम् આ અર્થમાં સાદિ સ્યાદ્યન્ત युष्मासु, ઓકારાદિ સ્યાદ્યન્ત युवयोः અને ભાદિ સ્યાદ્યન્ત युवाभ्याम् શબ્દના અન્ત્યસ્વર उ, ओ અને आ ની પૂર્વે આ સૂત્રથી अक् પ્રત્યય થતો નથી. પરન્તુ युष्मद् શબ્દના અન્ત્યસ્વર अ ની પૂર્વે 'त्यादि-सर्वादेः० ૭-३-२९ થી अक् પ્રત્યય થાય છે. જેથી युष्मकद्+सु; युष्मकद्+ओस् અને युष्मकद्+भ्याम् આ અવસ્થામાં 'आद्वेरः २-१-४१' થી युष्मद् ના द् ને अ આદેશ. તેની પૂર્વેના अ નો 'लुगस्या० २-१-११३' થી લોપ. ओस् અને भ्याम् પ્રત્યયની પૂર્વે 'मन्तस्य० २-१-१०' થી युष्म् ને युव् આદેશ. सु અને भ्याम् પ્રત્યયની પૂર્વેના अ ને 'युष्मद० २-१-६' થી आ આદેશ. ओस् પ્રત્યયની પૂર્વેના अ ને 'टाङ्योः० २-१-७' થી य् આદેશ વગેરે કાર્ય થવાથી युष्मकासु, युवकयोः અને युवकाभ्याम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નિન્દિત, અલ્પ અથવા અજ્ઞાત તમારામાં. નિન્દિત, અલ્પ અથવા અજ્ઞાત તમારા બેનું અથવા બેમાં. નિન્દિત, અલ્પ અથવા અજ્ઞાત તમારા બે વડે, બે માટે અથવા બેથી. ॥३०॥

## अव्ययस्य को द् च ७।३।३१॥

'नित्यं० ७-३-५८' પૂર્વેનાં સૂત્રોમાં જે જે અર્થ જણાવાશે તે તે કુત્સિતાદિ અર્થ ગમ્યમાન હોય તો અવ્યયસ્વરૂપ શબ્દોના અન્ત્યસ્વરની પૂર્વે अक् પ્રત્યય થાય છે; અને ત્યારે અવ્યયના અન્ત્ય क् ને द् આદેશ થાય છે. कुत्सिताद्युच्चैः આ અર્થમાં उच्चैस्

અવ્યયના અન્ત્યસ્વર ऐ ની પૂર્વે 'कुत्सिता० ७-३-३३' ની સહાયથી આ સૂત્રથી अक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી उच्चकैः આવો પ્રયોગ થાય છે. તેમ જ આવી જ રીતે कुत्सितादि धिक् આ અર્થમાં धिक् અવ્યયના અન્ત્ય સ્વર इ ની પૂર્વે આ સૂત્રથી अक् પ્રત્યય અને धिक् ના क् ને द् આદેશ વગેરે કાર્ય થવાથી धकिद् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-નિંદિતાદિ ઊંચે. નિન્દિતાદિ ધિક્કાર. ॥૩૧॥

## तूष्णीकाम् ७।३।३२॥

'नित्यं० ७-३-५८' ની પૂર્વેના કુત્સિતાદિ પ્રાગ્ નિત્યાર્થમાં तूष्णीम् અવ્યયના म् ની પૂર્વે का આગમનું નિપાતન કરાય છે. कुत्सितादि तूष्णीम् આ અર્થમાં तूष्णीम् ના म् ની પૂર્વે આ સૂત્રથી का આગમ વગેરે કાર્ય થવાથી तूष्णीकामास्ते આવો પ્રયોગ થાય છે. અર્થ–નિન્દિતાદિ મૌન રહે છે. ॥૩૨॥

## कुत्सिताऽल्पाऽज्ञाते ७।३।३३॥

कुत्सित, अल्प અને अज्ञात– આ વિશેષણથી વિશેષિતાર્થક શબ્દને તે તે સૂત્રથી યથાપ્રાપ્ત कप् [क] વગેરે પ્રત્યય થાય છે. कुत्सितोऽल्पोऽज्ञातो वा अश्वः આ અર્થમાં આ સૂત્રની સહાયથી अश्व નામને 'प्राग्० ७-३-२८' થી कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી अश्वकः આવો પ્રયોગ થાય છે. कुत्सितादि पचति આ અર્થમાં पचति શબ્દના અન્ત્ય इ ની પૂર્વે આ સૂત્રની સહાયથી 'त्यादि० ७-३-२९' થી अक् પ્રત્યયાદિ કાર્ય થવાથી पचतकि આવો પ્રયોગ થાય છે. તેમ જ कुत्सिताद्युच्चैः આ અર્થમાં उच्चैस् અવ્યયના ऐ ની પૂર્વે આ સૂત્રની સહાયથી 'अव्यय० ७-३-३१' થી अक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી उच्चकैः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–

નિન્દિત, અલ્પ અથવા અજ્ઞાત ઘોડો. निंदितादि રાંધે છે. निंदितादि- ઊંચે. ॥३३॥

## अनुकम्पा–तद्युक्तनीत्योः ७।३।३४॥

અનુકમ્પા [परस्य कारुण्येनानुग्रहः] અને અનુકમ્પાયુક્ત મૃદુશબ્દ- પ્રયોગસ્વરૂપનીતિ અર્થ ગમ્યમાન હોય તો યથાપ્રાપ્ત તે તે સૂત્રથી कप् વગેરે પ્રત્યય થાય છે. અનુકમ્પા અર્થમાં આ સૂત્રની સહાયથી पुत्र નામને 'प्राग् नि० ७-३-२८' થી कप् [क] પ્રત્યય વગેરે કાર્ય થવાથી पुत्रकः આવો પ્રયોગ થાય છે. स्वपिषि पुत्र ! एहि, उत्सङ्गे उपविश, कर्दमेनासि दिग्धः આ પ્રયોગોમાં અનુકમ્પાયુક્ત નીતિ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રની સહાયથી स्वपिषि તથા एहि આ શબ્દના અન્ત્ય સ્વર इ ની પૂર્વે 'त्यादि० ७-३-२९' થી अक् પ્રત્યય. તેમ જ पुत्र; उत्सङ्ग, कर्दम અને दिग्ध નામને 'प्राग्० ७-३-२८' થી कप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી स्वपिषकि; पुत्रक ! एहकि, उत्सङ्गके उपविश, कर्दमकेनाऽसि दिग्धकः– આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અનુકમ્પાયોગ્ય પુત્ર, સૂવે છે ! હે પુત્ર ! આવ. ખોળામાં બેસ. કાદવથી ખરડાયો છે. અહીં યાદ રાખવું કે અનુકમ્પાર્થમાં અનુકમ્પ્યાર્થક જ નામને પ્રત્યય થાય છે. અને અનુકમ્પાયુક્ત નીતિ અર્થ ગમ્યમાન હોય તો તે પ્રયોગમાં આવેલા શબ્દોને कप् વગેરે પ્રત્યય થાય છે. અહીં उपविश અને असि શબ્દના અન્ત્યસ્વરની પૂર્વે શબ્દશક્તિ સ્વભાવથી જ अक् પ્રત્યય થતો નથી. ॥३४॥

## अजातेर्नृनाम्नो बहुस्वरादियेकेलं वा ७।३।३५॥

જાતિવાચક નામને છોડીને અન્ય મનુષ્યવાચક બહુસ્વરવાળા

નામને અનુકમ્પાર્થમાં इय, इक અને इल પ્રત્યય વિકલ્પથી થાય છે. अनुकम्पितो देवदत्तः આ અર્થમાં देवदत्त નામને આ સૂત્રથી इय, इक અને इल પ્રત્યય. 'द्वितीया० ૭-૩-૪૧' થી दत्त નો લોપ. 'अवर्णे० ૭-૪-૬૮' થી देव ના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી देवियः, देविकः અને देविलः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इय વગેરે પ્રત્યય ન થાય ત્યારે 'अनुकम्पा० ૭-૩-૩૪' થી 'प्राग्० ૭-૩-૨૮' ની સહાયથી कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી देवदत्तकः આવો પ્રયોગ થાય છે. અર્થ-અનુકમ્પાયોગ્ય દેવદત્ત. अजातेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુસ્વરવાળા મનુષ્યવાચક જાતિવાચક નામને અનુકમ્પાર્થમાં इय વગેરે પ્રત્યય થતો નથી. તેથી अनुकम्पितो महिषः આ અર્થમાં महिष નામને આ સૂત્રથી इय વગેરે પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ कप् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. જેથી महिषकः આવો પ્રયોગ થાય છે. અર્થ- અનુકમ્પા કરવાયોગ્ય महिष નામનો માણસ. महिष નામ [પાડો અર્થ હોય ત્યારે] જાતિવાચક છે. અને અહીં તે મનુષ્યવાચક પણ છે. ॥૩૫॥

## वोपादेरडाऽकौ च ७।३।३६॥

उप શબ્દ છે પૂર્વપદ જેનું એવા બહુસ્વરી મનુષ્યવાચક નામને; તે નામ જો જાતિવાચક ન હોય તો અનુકમ્પાર્થમાં अड, अक, इय, इक અને इल પ્રત્યય વિકલ્પથી થાય છે. अनुकम्पित उपेन्द्रदत्तः આ અર્થમાં उपेन्द्रदत्त નામને આ સૂત્રથી अड, अक, इय, इक અને इल પ્રત્યય. 'द्वितीया० ૭-૩-૪૧' થી इन्द्रदत्त નો લોપ. 'अवर्णे० ૭-૪-૬૮' થી उप ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી उपडः, उपकः, उपियः, उपिकः અને उपिलः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં 'अनुकम्पा० ૭-૩-૩૪' ની સહાયથી 'प्राग्० ૭-૩-૨૮' થી कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી उपेन्द्रदत्तकः આવો પ્રયોગ થાય છે. અર્થ—અનુકમ્પાયોગ્ય ઉપેન્દ્રદત્ત. ॥૩૬॥

## ऋवर्णोवर्णात् स्वरादेरादेर्लुक् प्रकृत्या च ७।३।३७॥

ऋ વર્ણ અને उ વર્ણ છે અન્તમાં જેના એવા નામથી પરમાં રહેલા, અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યયના આદિ વર્ણ [સ્વર] નો લોપ થાય છે અને ત્યારે પ્રકૃતિ [ऋ વર્ણાન્ત અને उવર્ણાન્ત નામ] એવી જ રહે છે. અર્થાત્ ત્યારે તેમાં કોઈ જ ફેરફાર થતો નથી. अनुकम्पितो मातृदत्तः અને अनुकम्पितो वायुदत्तः આ અર્થમાં मातृदत्त અને वायुदत्त નામને 'अजाते० ७-३-३५' થી इय, इक અને इल પ્રત્યય. 'द्वितीया० ७-३-४१' થી दत्त શબ્દનો લોપ. આ સૂત્રથી इय, इक અને इल પ્રત્યયના इ નો લોપ વગેરે કાર્ય થવાથી मातृयः, मातृकः, मातृलः તેમ જ वायुयः, वायुकः, वायुलः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અનુકમ્પાયોગ્ય માતૃદત્ત. અનુકમ્પાયોગ્ય વાયુદત્ત. स्वरादेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋ કે उ વર્ણ છે અન્તમાં જેના એવા નામથી પરમાં રહેલા અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ જ પ્રત્યયના આદિ વર્ણનો લોપ્ર વગેરે કાર્ય થાય છે. તેથી अनुकम्पितो भद्रबाहुः આ અર્થમાં 'अनुक० ७-३-३४' ની સહાયથી 'प्राग्० ७-३-२८' થી कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી भद्रबाहुकः આવો પ્રયોગ થાય છે. ત્યાં क પ્રત્યયના क् નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ– અનુકંપાયોગ્ય ભદ્રબાહુ [બૃહદ્વૃત્તિમાં મદ્રબાહુ] मातृ+य અને वायु+य આ અવસ્થામાં 'ऋतो० १-२-२६' થી ऋ ને र् આદેશની અને उ ને 'अस्वय० ७-४-७०' થી अव् આદેશની પ્રાપ્તિ હતી. પરંતુ ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ પ્રત્યયના આદિ વર્ણનો લોપ થયા પછી પ્રકૃતિમાં કોઈ ફેરફાર થતો નથી. તેથી તે તે કાર્યનો આ સૂત્રથી નિષેધ થાય છે. ॥૩૭॥

## लुक्युत्तरपदस्य कपून् ७।३।३८॥

'ते लुग्वा ३-२-१०८' થી જેના ઉત્તરપદનો લોપ થયો છે–તે

નામને અનુકંપા અર્થમાં कपून् [क] પ્રત્યય થાય છે. देवदत्ता શબ્દના ઉત્તરપદ दत्ता નો 'ते लुग्वा ३-२-१०८' થી લોપ થયા બાદ देव નામને 'गौरा० २-४-१९' થી ङी પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન देवी શબ્દને अनुकम्पिता देवी આ અર્થમાં આ સૂત્રથી कपून् [क] પ્રત્યય. 'क्यङ्० ३-२-५०' થી देवी નામને પુંવદ્ભાવ. [ङी ની નિવૃત્તિ વગેરે]. देवक નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી देवका આવો પ્રયોગ થાય છે. અહીં कपून् પ્રત્યય अनित् ન હોવાથી 'अस्या० २-४-१११' થી क ની પૂર્વેના अ ને इ આદેશ થતો નથી. અર્થ- અનુકંપાયોગ્ય દેવદત્તા. उत्तरपदस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'ते लुग्वा ३-२-१०८' થી જેના ઉત્તરપદનો જ લોપ થયો છે—એવા નામને અનુકંપા અર્થમાં कपून् પ્રત્યય થાય છે. તેથી देवदत्ता નામના પૂર્વપદ देव નો 'ते लुग्वा ३-२-१०८' થી લોપ થયા બાદ; दत्ता નામને 'अनुक० ७-३-३४' થી कप् [क] પ્રત્યયાદિ કાર્ય થવાથી दत्तिका આવો પ્રયોગ થાય છે. અર્થ—અનુકમ્પાયોગ્ય દેવદત્તા. ॥૩૮॥

## लुक् चाजिनान्तात् ७।३।३९॥

अजिन શબ્દ છે અન્તમાં જેના એવા મનુષ્યવાચક નામને અનુકમ્પા અર્થ ગમ્યમાન હોય તો कपून् [क] પ્રત્યય થાય છે; અને ત્યારે ઉત્તરપદનો લોપ થાય છે. व्याघ्राजिनोऽनुकम्पितः— આ અર્થમાં व्याघ्राजिन નામને આ સૂત્રથી कपून् પ્રત્યય; તેમ જ अजिन નામનો લોપ વગેરે કાર્ય થવાથી व्याघ्रकः આવો પ્રયોગ થાય છે. અર્થ—અનુકમ્પાયોગ્ય व्याघ्राजिन નામનો માણસ. ॥૩૯॥

## षड्वर्जैकस्वरपूर्वपदस्य स्वरे ७।३।४०॥

षड् શબ્દને વર્જીને અન્ય એકસ્વરવાળું પૂર્વપદ છે જેનું

એવા નામના ઉત્તરપદનો; અનુકમ્પા અર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો લોપ થાય છે. **अनुकम्पितो वागाशीः** આ અર્થમાં **वागाशिष्** નામને '**अजाते० ७-३-३५**' થી **इय** પ્રત્યય. આ સૂત્રથી ઉત્તરપદ **आशिष्** નો લોપ... વગેરે કાર્ય થવાથી **वाचियः** આવો પ્રયોગ થાય છે. અર્થ–અનુકમ્પાયોગ્ય **वागाशिष्** નામનો માણસ. **षड्वर्जेत्यादीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો; **षड्** શબ્દને છોડીને જ અન્ય એકસ્વરવાળું જ પૂર્વપદ છે જેનું એવા નામના ઉત્તરપદનો લોપ થાય છે. તેથી **अनुकम्पित उपेन्द्रदत्तः [उपेन्द्रेण दत्तः]** આ અર્થમાં **उपेन्द्रदत्त** નામને '**वोपादे० ७-३-३६**' થી **अड** પ્રત્યય. '**द्वितीया० ७-३-४१**' થી **इन्द्रदत्त** શબ્દનો લોપ. '**अवर्णे० ७-४-६८**' થી અન્ત્ય **अ** નો લોપ...વગેરે કાર્ય થવાથી **उपडः** આવો પ્રયોગ થાય છે. અર્થ- અનુકમ્પાયોગ્ય ઉપેન્દ્રદત્ત. અહીં અનેકસ્વરી પૂર્વપદ હોવાથી **दत्त** નો આ સૂત્રથી લોપ થતો નથી. આવી જ રીતે **अनुकम्पितः षडङ्गुलिः** આ અર્થમાં **षडङ्गुलि** નામને '**अजाते० ७-३-३५**' થી **इय** પ્રત્યય. '**द्वितीया० ७-३-४१**' થી **ङ्गुलि** શબ્દનો લોપ. '**अवर्णे० ७-४-६८**' થી **षड** ના અન્ત્ય **अ** નો લોપ વગેરે કાર્ય થવાથી **षडियः** આવો પ્રયોગ થાય છે. અર્થ–અનુકમ્પાયોગ્ય ષડઙ્ગુલિ નામનો માણસ. અહીં એકસ્વરી પણ **षड्** પૂર્વપદ હોવાથી આ સૂત્રથી **अङ्गुलि** નો લોપ થતો નથી. અન્યથા **षटियः** આવો પ્રયોગ થાત. યદ્યપિ **षड्+इय** આ અવસ્થામાં પદસંજ્ઞાના અભાવમાં **ड्** ન થાય એટલે **षटियः** આવો પ્રયોગ થવો જોઈએ, પરન્તુ **अ**- લોપને '**स्वरस्य० ७-४-११०**' થી સ્થાનિવદ્ભાવ થવાથી **ड्** ના સ્થાને **ट्** થવાનો પ્રસંગ નહિ આવે.

**स्वर इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **षड्** શબ્દને વર્જીને એકસ્વરવાળું પૂર્વપદ છે જેનું એવા નામના ઉત્તરપદનો; તેની પરમાં અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ જ પ્રત્યય પરમાં હોય તો લોપ થાય છે. તેથી **अनुकम्पितो वागाशीर्दत्तः** આ

અર્થમાં वागाशीर्दत्त નામને 'अनुकम्पा० ७-३-३४' થી कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી वागाशीर्दत्तकः આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાદિ પ્રત્યય પરમાં ન હોવાથી ઉત્તરપદ आशीर्दत्त નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - અનુકમ્પાયોગ્ય વાગાશીર્દત્ત નામનો માણસ. ॥૪૦॥

## द्वितीयात् स्वरादूर्ध्वम् ७।३।४१॥

અનુકંપાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પ્રકૃતિના બીજા સ્વર પછીના શબ્દનો લોપ થાય છે. अनुकम्पितो देवदत्तः આ અર્થમાં देवदत्त નામને 'अजाते० ७-३-३५' થી इय પ્રત્યય. આ સૂત્રથી देवदत्त નામના બીજા સ્વર अ પછીના दत्त શબ્દનો લોપ. 'अवर्णे० ७-४-६८' થી देव ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી देवियः આવો પ્રયોગ થાય છે. અર્થ-અનુકમ્પાયોગ્ય દેવદત્ત. ॥૪૧॥

## सन्ध्यक्षरात् तेन ७।३।४२॥

અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો, તેની પ્રકૃતિના સન્ધ્યક્ષરસ્વરૂપ બીજા સ્વરની પછીના શબ્દનો સન્ધ્યક્ષર સાથે લોપ થાય છે. अनुकम्पितः कुबेरदत्तः कहोडश्च આ અર્થમાં कुबेरदत्त અને कहोड નામને 'अजाते० ७-३-३५' થી ક્રમશઃ इय અને इक પ્રત્યય. આ સૂત્રથી સન્ધ્યક્ષરસ્વરૂપ બીજા સ્વર ए અને ओ ની પછીના रदत्त અને ड નો ए તથા ओ ની સાથે લોપ... વગેરે કાર્ય થવાથી कुबियः અને कहिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અનુકમ્પાયોગ્ય કુબેરદત્ત. અનુકમ્પાયોગ્ય કહોડ નામનો માણસ. ॥૪૨॥

## शेवलाद्यादेस्तृतीयात् ७।३।४३॥

शेवलादि ગણપાઠમાંનાં शेवल વગેરે નામ છે પૂર્વપદ જેનું એવા નામથી પરમાં; અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય હોય તો તેની પ્રકૃતિના ત્રીજા સ્વર પછીના શબ્દનો લોપ થાય છે. अनुकम्पितः शेवलदत्तः અને अनुकम्पितः सुपरिदत्तः આ અર્થમાં शेवलदत्त અને सुपरिदत्त નામને 'अजाते० ७-३-३५' થી इय પ્રત્યય. આ સૂત્રથી दत्त નામનો લોપ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો અને इ નો લોપ વગેરે કાર્ય થવાથી शेवलियः અને सुपरियः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અનુકમ્પાયોગ્ય શેવલદત્ત. અનુકમ્પાયોગ્ય સુપરિદત્ત નામનો માણસ. ॥૪૩॥

## क्वचित् तुर्यात् ७।३।४४॥

અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો પ્રયોગાનુસાર તેની પ્રકૃતિના ચોથા સ્વર પછીના શબ્દનો લોપ થાય છે. अनुकम्पितो बृहस्पतिदत्तः આ અર્થમાં बृहस्पतिदत्त નામને 'अजाते० ७-३-३५' થી इय પ્રત્યય. આ સૂત્રથી दत्त શબ્દનો લોપ. 'अवर्णे० ७-४-६८' થી इय પ્રત્યયની પૂર્વેના અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી बृहस्पतियः આવો પ્રયોગ થાય છે. અર્થ– અનુકમ્પાયોગ્ય બૃહસ્પતિ નામનો માણસ. क्वचिदिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો ક્વચિત જ પ્રયોગાનુસાર પ્રકૃતિના ચોથા સ્વર પછીના શબ્દનો લોપ થાય છે. તેથી अनुकम्पित उपेन्द्रदत्तः આ અર્થમાં उपेन्द्रदत्त નામને अड [જુઓ સૂ.નં. ७-३-३६] પ્રત્યયાદિ કાર્ય થવાથી उपडः આવો પ્રયોગ થાય છે. અહીં ચતુર્થ સ્વર પછીના त्त નો આ સૂત્રથી લોપ થતો નથી. ॥૪૪॥

## पूर्वपदस्य वा ७।३।४५॥

અનુકમ્પાર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પ્રકૃતિના પૂર્વપદનો વિકલ્પથી લોપ થાય છે. अनुकम्पितो देवदत्तः આ અર્થમાં देवदत्त નામને 'अजाते० ૭-૩-૩૫' થી इय પ્રત્યય. આ સૂત્રથી પૂર્વપદ देव નો લોપ. 'अवर्णे० ૭-૪-૬૮' થી इय પ્રત્યયની પૂર્વેના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दत्तियः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પૂર્વપદનો લોપ ન થાય ત્યારે 'द्वितीया० ૭-૩-૪૧' થી दत्त શબ્દનો લોપ વગેરે કાર્ય થવાથી देवियः આવો પ્રયોગ થાય છે. અર્થ– અનુકમ્પાયોગ્ય દેવદત્ત. ॥૪૫॥

## ह्रस्वे ७।३।४६॥

-હ્રસ્વાર્થક શબ્દને પ્રાપ્તિ અનુસાર તે તે સૂત્રથી कप् વગેરે પ્રત્યય થાય છે. ह्रस्वः पटः અને ह्रस्वं पचति આ અર્થમાં આ સૂત્રથી 'प्राग्० ૭-૩-૨૮' ની સહાયથી पट શબ્દને कप् પ્રત્યય અને पचति શબ્દને 'त्यादि० ૭-૩-૨૧' ની સહાયથી અન્ત્યસ્વરની પૂર્વે अक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पटकः અને पचतकि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– નાનો કપડો. થોડી વાર રાંધે છે. ॥૪૬॥

## कुटी-शुण्डाद् रः ७।३।४७॥

-હ્રસ્વાર્થક कुटी અને शुण्डा નામને સ્વાર્થમાં र પ્રત્યય થાય છે. ह्रस्वा कुटी અને ह्रस्वा शुण्डा આ અર્થમાં कुटी અને शुण्डा નામને આ સૂત્રથી र પ્રત્યયાદિ કાર્ય થવાથી कुटीरः અને शुण्डारः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નાની કુટીર. નાની સૂંઢ. ॥૪૭॥

## शम्या रुरौ ७।३।४८॥

-હ્સ્વાર્થક शमी નામને સ્વાર્થમાં रु અને र પ્રત્યય થાય છે. ह्रस्वा शमी આ અર્થમાં शमी નામને આ સૂત્રથી रु અને र પ્રત્યય વગેરે કાર્ય થવાથી शमीरुः અને शमीरः આવો પ્રયોગ થાય છે. અર્થ-નાનું શમીવૃક્ષ. ॥૪૮॥

## कुत्वा डुपः ७।३।४९॥

-હ્સ્વાર્થક कुतू નામને સ્વાર્થમાં डुप [उप] પ્રત્યય થાય છે. ह्रस्वा कुतूः આ અર્થમાં कुतू નામને આ સૂત્રથી डुप પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય ऊ નો લોપ વગેરે કાર્ય થવાથી कुतुपः આવો પ્રયોગ થાય છે. અર્થ-તેલ વગેરે રાખવા માટેનું નાનું ચર્મપાત્ર. ॥૪૯॥

## कासू-गोणीभ्यां तरट् ७।३।५०॥

-હ્સ્વાર્થક कासू અને गोणी નામને तरट् પ્રત્યય થાય છે. ह्रस्वा कासूः અને ह्रस्वा गोणी આ અર્થમાં कासू અને गोणी નામને આ સૂત્રથી तरट् [तर] પ્રત્યય. 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कासूतरी અને गोणीतरी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નાનું શક્તિ નામનું આયુધ. નાની અનાજની ગૂણ. ॥૫૦॥

## वत्सोक्षाऽश्वर्षभाद् ह्रासे पित् ७।३।५१॥

वत्स, उक्षन्, अश्व અને ऋषभ શબ્દને સ્વપ્રવૃત્તિનિમિત્તનો ह्रास અર્થ ગમ્યમાન હોય તો पित् तरट् [तरट्प् [तर]] પ્રત્યય

થાય છે. ह्रसितो वत्सः [प्रथमवयस्को गौः]; ह्रसित उक्षा [द्वितीयवयास्तरुणो गौः]; ह्रसितोऽश्वः [आशुगमनादश्वः] અને ह्रसित ऋषभः [बलीयान् अनड्वान्] આ અર્થમાં वत्स, उक्षन्, अश्व અને ऋषभ નામને આ સૂત્રથી पित् तरट् [तर] પ્રત્યય. 'नाम्नो नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી वत्सतरः, उक्षतरः, अश्वतरः અને ऋषभतरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે વરસનું વાછરડું. વૃદ્ધ બળદ. મન્દગતિવાળો અશ્વ. ભાર વહન કરવામાં અસમર્થ બળદ. ॥૫૧॥

## वैकाद् द्वयो निर्धार्ये डतरः ७।३।५२॥

બેમાંથી નિર્ધાર્યાર્થક [જાતિ, ગુણ, ક્રિયા, સંજ્ઞા અને દ્રવ્ય દ્વારા સમુદાયમાંથી કાઢીને બુદ્ધિથી. પૃથક્ કરાતા એકદેશને નિર્ધાર્ય કહેવાય છે.] एक શબ્દને વિકલ્પથી डतर [अतर] પ્રત્યય થાય છે. भवतोरेकः कठः पटु र्गन्ता चैत्रो दण्डी वा આ અર્થમાં અનુક્રમે જાતિ, ગુણ, ક્રિયા, સંજ્ઞા અને દ્રવ્ય દ્વારા પૃથક્-ક્રિયમાણાર્થક एक શબ્દને આ સૂત્રથી डतर પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી एक ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી एकतरः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી डतर પ્રત્યય ન થાય ત્યારે 'त्यादिसर्वा० ७-३-२९' થી एक શબ્દના अ ની પૂર્વે अक પ્રત્યય વગેરે કાર્ય થવાથી एककः આવો પ્રયોગ થાય છે. અર્થ-તમારા બેમાં એક કઠ, નિપુણ, જનાર, ચૈત્ર અથવા દણ્ડધારી છે. ॥૫૨॥

## यत्-तत्-किमन्यात् ७।३।५३॥

બેમાંથી નિર્ધાર્યાર્થક [જુઓ સૂ.નં. ૭-૩-૫૨] यत्, तत्, किम् અને अन्य શબ્દને डतर [अतर] પ્રત્યય થાય છે. भवतो यः सः कः,

अन्यो वा कठादिः આ અર્થમાં यत्, तत्, किम् અને अन्य નામને આ સૂત્રથી डतर [अतर] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય સ્વરાદિ अत्, इम् અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી यतरो भवतोः कठादिस्ततर आगच्छेद् एवं कतरः અને अन्यतरः આવો પ્રયોગ થાય છે. અર્થ– તમારા બેમાં કઠાદિ છે–તે આવે. તમારા બેમાં કોણ અથવા બીજો કઠાદિ છે. ॥५३॥

## बहूनां प्रश्ने डतमश्च वा ७।३।५४॥

ઘણામાંથી નિર્ધાર્યાર્થક [જુઓ સૂ.નં. ७-३-५२] यत्, तत्, किम् અને अन्य શબ્દને પ્રશ્નના વિષયમાં डतम [अतम] પ્રત્યય અને डतर [अतर] પ્રત્યય વિકલ્પથી થાય છે. भवतां यः सः कः, अन्यो वा कठादिः આ અર્થમાં यत्, तत्, किम् અને अन्य નામને આ સૂત્રથી डतम અને डतर પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अत्, इम् અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી यतमो, यतरो वा भवतां कठादिस्ततमस्ततरो वा यातु एवं कतमः, कतरः અને अन्यतमः, अन्यतरः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી डतम કે डतर પ્રત્યય ન થાય ત્યારે यत् અને तत् નામને 'त्यादिसर्वा० ७-३-२९' થી અન્ત્યસ્વરની પૂર્વે अक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી અથવા કોઈ પણ પ્રત્યય ન થવાથી यको यो वा અને सकः स वा भवतां कठः....ઈત્યાદિ પ્રયોગ થાય છે. અર્થ–તમારા બધામાં જે કઠ છે તે જાય. તમારા બધામાં કોણ કઠ છે ?, તમારામાં અન્ય કઠ છે. અહીં પ્રશ્નનો વિષય હોય ત્યારે किम् ને डतम વગેરે પ્રત્યયનું વિધાન સમજવું. પ્રશ્નનો વિષય यत्, तत् કે अन्य શબ્દને સંભવિત નથી. ॥५४॥

## वैकात् ७।३।५५॥

ઘણાઓમાં નિર્ધાર્યાર્થક [જુઓ સૂ.નં. ७-३-५२] एक નામને

વિકલ્પથી डतम પ્રત્યય થાય છે. भवतामेकः कठः આ અર્થમાં एक નામને આ સૂત્રથી डतम [अतम] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી एकतमः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી डतम પ્રત્યય ન થાય ત્યારે 'त्यादि-सर्वा० ७-३-२९' થી एक નામને अ ની પૂર્વે अक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી एककः આવો પ્રયોગ થાય છે. અને પ્રત્યય ન થાય ત્યારે एकः આવો પ્રયોગ થાય છે. અર્થ–તમારા બધામાં એક કઠ છે. ||૫૫||

## क्तात् तमबादेश्चानत्यन्ते ७|३|५६||

અનત્યન્તાર્થક કેવલ क्त પ્રત્યયાન્ત નામને અથવા तमप् વગેરે પ્રત્યય છે અન્તમાં જેના એવા क्त પ્રત્યયાન્ત નામને कप् પ્રત્યય થાય છે. ક્રિયાનો પોતાના આશ્રયની સાથે સકલ અવયવોરૂપે સંબન્ધ ન હોય ત્યારે અનત્યન્તતા મનાય છે. अनत्यन्तं भिन्नं, भिन्नतरं, भिन्नतमम् वा આ અર્થમાં भिन्न, भिन्नतर અને भिन्नतम નામને આ સૂત્રથી कप् [क] પ્રત્યયાદિ કાર્ય થવાથી भिन्नकम्, भिन्नतरकम् અને भिन्नतमकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– અનત્યન્તભિન્ન. અનત્યન્ત ભિન્નતર. અનત્યન્ત ભિન્નતમ. ||૫૬||

## न सामिवचने ७|३|५७||

सामि અર્થાદ્ अर्ध; અર્ધાર્થક નામ ઉપપદ હોય તો અનત્યન્તાર્થક કેવલ क्त પ્રત્યયાન્ત નામને તેમ જ તાદૃશ तमप् વગેરે પ્રત્યયાન્ત क्त પ્રત્યયાન્ત નામને कप् પ્રત્યય થતો નથી. सामि अनत्यन्तं भिन्नम् અને अर्धमनत्यन्तं भिन्नम् આ અર્થમાં भिन्न નામને 'क्तात् तम० ७-३-५६' થી कप् પ્રત્યયની પ્રાપ્તિ હતી.

તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ–અર્ધભાગ અત્યન્ત ભિન્ન નથી. ॥૫૭॥

## नित्यं ञ-ञिनोऽण् ७।३।५८॥

ञ અને ञिन् પ્રત્યયાન્ત શબ્દને સ્વાર્થમાં નિત્ય अण् [अ] પ્રત્યય થાય છે. આ સૂત્રમાં नित्य પદનું ઉપાદાન હોવાથી 'वाद्यात् ६-१-११' થી પ્રારબ્ધ वा ના અધિકારની નિવૃત્તિ થાય છે. परस्परमाक्रोशनम् આ અર્થમાં वि+अव+क्रुश् ધાતુને 'व्यतिहारे० ५-३-११६' થી ञ [अ] પ્રત્યય. व्यवक्रोश નામને આ સૂત્રથી अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. व्यावक्रोश નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય....વગેરે કાર્ય થવાથી व्यावक्रोशी આવો પ્રયોગ થાય છે. समन्तात् कोटः આ અર્થમાં सम्+कुट् ધાતુને 'अभिव्याप्तौ० ५-३-९०' થી ञिन् પ્રત્યય. सङ्कोटिन् નામને આ સૂત્રથી अण् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ આદિ સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી साङ्कोटिनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પરસ્પર આક્રોશ કરવો. બધી રીતે વાંકું હોવું, ઠગવું, કુટિલતા કરવી. ॥૫૮॥

## विसारिणो मत्स्ये ७।३।५९॥

મત્સ્યાર્થક विसारिन् નામને સ્વાર્થમાં अण् પ્રત્યય થાય છે. वि+सृ ધાતુને 'ग्रहादिभ्यो० ५-१-५३' થી णिन् પ્રત્યય. विसारिन् નામને આ સૂત્રથી अण् [अ]પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી वैसारिणो मत्स्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-માછલું. ॥૫૯॥

## पूगादमुख्यकाञ्ज्यो द्रिः ७।३।६०॥

જેની અનિયત વૃત્તિ છે [આજીવિકા છે] અને અર્થ-કામ પ્રધાન છે જેને એવા ભિન્નજાતીય લોકના સમુદાયને पूग કહેવાય છે. પૂગાર્થક નામને 'सोऽस्य० ७-१-१९०' થી વિહિત क પ્રત્યય ન થયો હોય તો તેને સ્વાર્થમાં द्रि સંજ્ઞક ञ्य [य] પ્રત્યય થાય છે. लोहध्वज एव આ અર્થમાં लोहध्वज નામને આ સૂત્રથી द्रि સંજ્ઞક ञ्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી लौहध्वज्यः આવો પ્રયોગ થાય છે. लोहध्वजा एव આ અર્થમાં लोहध्वज નામને આ સૂત્રથી द्रि સંજ્ઞક ञ्य પ્રત્યય. તેનો 'बहुष्व० ६-१-१२४' થી લોપ વગેરે કાર્ય થવાથી लोहध्वजाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- લોઢું જેની ધ્વજા છે એવાઓનો સમુદાય. લોઢું જેની ધ્વજા છે એવાઓના સમુદાયો. अमुख्यकादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂગાર્થક નામને મુખ્યાર્થક क પ્રત્યય થયો ન હોય તો જ સ્વાર્થમાં द्रि સંજ્ઞક ञ्य પ્રત્યય થાય છે. તેથી देवदत्तो मुख्योऽस्य આ અર્થમાં देवदत्त નામને 'सोऽस्य० ७-१-१९०' થી क પ્રત્યય. क પ્રત્યયાન્ત देवदत्तक નામને આ સૂત્રથી ञ्य પ્રત્યય ન થવાથી देवदत्तकः આવો પ્રયોગ થાય છે. અર્થ- દેવદત્ત છે મુખ્ય જેમાં એવો સંઘ. ॥૬૦॥

## व्रातादस्त्रियाम् ७।३।६१॥

શરીરશ્રમથી જીવનારા અનિયતવૃત્તિવાળા ભિન્નજાતીય લોકોના સમુદાયને व्रात કહેવાય છે. સ્ત્રીલિંગને છોડીને અન્ય લિંગમાં વ્રાતાર્થક નામને સ્વાર્થમાં द्रि સંજ્ઞક ञ्य પ્રત્યય થાય છે. कपोतपाक નામને આ સૂત્રથી द्रि સંજ્ઞક ञ्य [य] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી

અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कापोतपाक्यः આવો પ્રયોગ થાય છે. સ્ત્રીલિંગમાં તો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञ्य પ્રત્યય થતો ન હોવાથી कपोतपाक નામને 'अजादेः २-४-१६' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી कपोतपाका આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કપોતપાકોનો સમુદાય. કપોતપાકાનો સમુદાય. ॥૬૧॥

## शस्त्रजीविसङ्घात्र्‌ ञ्यड् वा ७।३।६२॥

શસ્ત્રજીવીઓના સંઘાર્થક નામને સ્વાર્થમાં વિકલ્પથી द्रि સંજ્ઞક ञ्यट् [य] પ્રત્યય થાય છે. शबर અને पुलिन्द નામને આ સૂત્રથી ञ्यट् [य] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને उ ને વૃદ્ધિ आ તથા औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शाबर्यः અને पौलिन्द्यः આવો પ્રયોગ થાય છે. शबरा एव અને पुलिन्दा एव આ અર્થમાં शबर અને पुलिन्द નામને આ સૂત્રથી ञ्यट् પ્રત્યય. 'बहुष्व० ६-१-१२४' થી તેનો લોપ વગેરે કાર્ય થવાથી शबराः અને पुलिन्दाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શબરો [મ્લેચ્છો]નો સમુદાય. પુલિન્દો [ચાંડાલ જાતિના ભિલ્લો] નો સમુદાય. શબરોના સમુદાયો. પુલિન્દોના સમુદાયો. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञ्यट् પ્રત્યય ન થાય ત્યારે शबरः....વગેરે પ્રયોગ થાય છે. सङ्घादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શસ્ત્રજીવીસઙ્ઘાર્થક જ નામને द्रि સંજ્ઞક ञ्यट् [य] પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી वागुरः અહીં શસ્ત્રજીવી વ્યક્તિવાચક वागुर નામને આ સૂત્રથી ञ्यट् પ્રત્યય થતો નથી. અર્થ–શિકારી. ॥૬૨॥

## वाहीकेष्वब्राह्मण–राजन्येभ्यः ७।३।६३॥

વાહીક દેશમાં શસ્ત્રજીવીઓના સંઘાર્થક નામને, તે સઙ્ઘ બ્રાહ્મણોનો અથવા તો ક્ષત્રિયોનો ન હોય તો, સ્વાર્થમાં द्रि સંજ્ઞક

ञ्यट् પ્રત્યય થાય છે. कुण्डीविश નામને આ સૂત્રથી ञ्यट् [य]પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી कौण्डीविश्यः આવો પ્રયોગ થાય છે. બહુવચનમાં વિહિત તાદૃશ ञ्यट् [य] પ્રત્યયનો લોપ થવાથી [बहुष्व० ६-१-१२४ થી] कुण्डीविशाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વાહીકદેશીય ક્ષુદ્રોનો શસ્ત્રજીવી સંઘ. કુણ્ડીવિશોના અનેક સંઘો. अब्राह्मणेत्यादीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વાહીકદેશમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોના શસ્ત્રજીવી સંઘાર્થક નામને द्रि સંજ્ઞક ञ्यट् પ્રત્યય થતો નથી. તેથી गौपालिः અને राजन्यः અહીં गौपालि અને राजन्य નામને આ સૂત્રથી ञ्यट् પ્રત્યય થયો નથી. અર્થ ક્રમશઃ– વાહીક દેશમાંનો गौपालि બ્રાહ્મણોનો શસ્ત્રજીવી સંઘ. વાહીકદેશમાંનો ક્ષત્રિયોનો શસ્ત્રજીવી સંઘ. આ સૂત્રથી ब्राह्मण પદથી બ્રાહ્મણવિશેષવાચી શબ્દને અને राजन्य પદથી ક્ષત્રિયસામાન્ય કે વિશેષવાચક શબ્દને તાદૃશ ञ्यट् પ્રત્યયનો નિષેધ છે. ॥६३॥

## वृकाट्टेण्यण् ७।३।६४॥

શસ્ત્રજીવીસંઘાર્થક वृक નામને સ્વાર્થમાં द्रि સંજ્ઞક टेण्यण् [एण्य] પ્રત્યય થાય છે. वृक નામને આ સૂત્રથી टेण्यण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वार्केण्यः આવો પ્રયોગ થાય છે. અર્થ–ક્ષત્રિયોનો શસ્ત્રજીવી સંઘ. ॥६४॥

## यौधेयादेरञ् ७।३।६५॥

यौधेयादि ગણપાઠમાંનાં यौधेय વગેરે શસ્ત્રજીવીસંઘાર્થક

નામને દ્રિ સંજ્ઞક अञ् [अ] પ્રત્યય થાય છે. यौधेय અને धार्त्तेय નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી यौधेयः અને धार्त्तेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યોદ્ધાઓનો સંઘ. ધાર્ત્તેયનો શસ્ત્રજીવી સંઘ. [ઉત્તર (સૂ.નં. ૭-૩-૬૬) સૂત્રથી જેમ अण् વિહિત છે તેમ આ સૂત્રથી પણ अञ् ના બદલે अण् નું વિધાન કર્યું હોત તો લાઘવ શક્ય થાત. પરન્તુ આમ છતાં अञ् નું વિધાન કર્યું છે. તેનું પ્રયોજન બૃહદ્વૃત્તિથી જાણવું.] ॥૬૫॥

### पर्श्वादिरण् ७।३।६६॥

पर्श्वादि ગણપાઠમાંનાં पर्शु વગેરે શસ્ત્રજીવીસંઘાર્થક નામને સ્વાર્થમાં દ્રિ સંજ્ઞક अण् [अ]પ્રત્યય થાય છે. पर्शु અને रक्षस् નામને આ સૂત્રથી अण् [अ]પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अस्वय० ૭-૪-૭૦' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી पार्शवः અને राक्षसः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ફરસી ધારણ કરનારાઓનો શસ્ત્રજીવી સંઘ. રાક્ષસોનો શસ્ત્રજીવી સંઘ. ॥૬૬॥

### दामन्यादेरीयः ७।३।६७॥

दामन्यादि ગણપાઠમાંનાં दामनि વગેરે શસ્ત્રજીવીસંઘાર્થક નામને સ્વાર્થમાં દ્રિ સંજ્ઞક ईय પ્રત્યય થાય છે. दामनि અને औलपि નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી दामनीयः અને औलपीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દામનિ [દમનના અપત્ય કુમારો]ઓનો શસ્ત્રજીવી સંઘ. ઔલપિઓનો શસ્ત્રજીવી સંઘ. ॥૬૭॥

## श्रुमच्छमीवच्छिखावच्छालावदूर्णावद्-विदभृदभिजितो गोत्रेऽणो यञ् ७।३।६८॥

ગોત્રાપત્યાર્થક अण् પ્રત્યયાન્ત श्रुमत्, शमीवत्, शिखावत्, शालावत्, ऊर्णावत्, विदभृत् અને अभिजित् નામને સ્વાર્થમાં ञि સંજ્ઞક यञ् [य] પ્રત્યય થાય છે. श्रुमतः; शमीवतः; शिखावतः; शालावतः; ऊर्णावतः; विदभृतः; अभिजितो वा गोत्रापत्यम् આ અર્થમાં श्रुमत्, शमीवत्, शिखावत्, शालावत्, ऊर्णावत्, विदभृत् અને अभिजित् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ, इ અને उ, ऊ ને વૃદ્ધિ आ ऐ અને औ આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન श्रौमत शामीवत शैखावत शालावत और्णावत वैदभृत અને आभिजित નામને આ સૂત્રથી यञ् [य] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી श्रौमत्यः, शामीवत्यः, शैखावत्यः, शालावत्यः, और्णावत्यः, वैदभृत्यः અને आभिजित्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શ્રુમત્નું ગોત્રાપત્ય. શમીવત્નું ગોત્રાપત્ય. શિખાવત્નું ગોત્રાપત્ય. શાલાવત્નું ગોત્રાપત્ય. ઊર્ણાવત્નું ગોત્રાપત્ય. વિદભૃત્નું ગોત્રાપત્ય. અભિજિત્નું ગોત્રાપત્ય. ॥६८॥

## समासान्तः ७।३।६९॥

અહીંથી આગળના, આ પાદની સમાપ્તિ સુધીના સૂત્રોથી વિહિત પ્રત્યયો સમાસના અવયવભૂત મનાય છે. તેથી તે તે પ્રત્યયાન્ત નામને બહુવ્રીહિ વગેરે સમાસસંજ્ઞા થાય છે. शोभना जम्भा ययोः આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસથી નિષ્પન્ન सुजम्भा નામને 'सु-हरित० ७-३-१४२' થી अन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ. सुजम्भन् નામને આ સૂત્રની સહાયથી अन्नन्त બહુવ્રીહિ માનીને 'ताभ्यां वा०

२-४-१५' થી डित् आप् [डाप् [आ]] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४'.થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી सुजम्भे આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં डाप् પ્રત્યય ન થાય ત્યારે सुजम्भानौ स्त्रियौ આવો પ્રયોગ થાય છે. અર્થ-સારા બગાસાવાળી બે સ્ત્રીઓ. धुरः समीपम् આ વિગ્રહમાં 'विभक्ति० ३-१-३९' થી અવ્યયીભાવસમાસથી નિષ્પન્ન उपधुर् નામને 'धुरोऽन० ७-३-७७' થી સમાસાન્ત अत् [अ] પ્રત્યય. उपधुर નામને આ સૂત્રની સહાયથી અકારાન્ત અવ્યયીભાવસમાસ માનીને, તેનાથી પરમાં રહેલા સ્યાદિ વિભક્તિને 'अमव्ययी० ३-२-२' થી अम् આદેશ વગેરે કાર્ય થવાથી उपधुरम् આવો પ્રયોગ થાય છે. અર્થ–ધુરાની સમીપ. द्वयो र्धुरोः समाहारः આ અર્થમાં 'संख्या समाहारे० ३-१-९९' થી द्विगु સમાસથી નિષ્પન્ન द्विधुर् નામને 'धुरो० ७-३-७७' થી નિષ્પન્ન द्विधुर નામને આ સૂત્રની સહાયથી અકારાન્ત द्विगु માનીને 'द्विगोः० २-४-२२' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विधुरी આવો પ્રયોગ થાય છે. અર્થ- બે ધુરાનો સમુદાય. स्रक् च त्वक् च આ વિગ્રહમાં 'चार्थे० ३-१-११७' થી દ્વંદ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન स्रक्त्वक् નામને 'चवर्ग० ७-३-९८' થી સમાસાન્ત अत् [अ] પ્રત્યય. આ સૂત્રની સહાયથી स्रक्त्वच આ અકારાન્ત નામને द्वन्द्व સમાસ માનીને 'प्राणिस्था० ७-२-६०' થી મત્વર્થીય इन् પ્રત્યયાદિ કાર્ય થવાથી સ્ત્રીલિંગમાં स्रक्त्वचिनी આવો પ્રયોગ થાય છે. અર્થ–માળા અને ત્વચાવાળી. ॥६९॥

## न किमः क्षेपे ७।३।७०॥

નિંદાર્થક किम् શબ્દથી પરમાં રહેલા જે ऋक्... વગેરે શબ્દો [જેને લઈને તે તે સૂત્રથી (ऋक्-पूः० ७-३-७६) વગેરે સમાસાન્ત પ્રત્યયોનું વિધાન કરાશે.] તદન્ત સમાસને તે તે સૂત્રોથી સમાસાન્ત પ્રત્યયો થતા નથી. कुत्सिता धूः આ વિગ્રહમાં 'किं क्षेपे

३-१-११०'થી તત્પુરુષસમાસ. 'धुरोऽन० ७-३-७७' થી પ્રાપ્ત સમાસાન્ત अत् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી किंधूः આવો પ્રયોગ થાય છે. कुत्सितः सखा આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષસમાસ. 'राजन्-सखेः ७-३-१०६' થી પ્રાપ્ત સમાસાન્ત अट् [अ] પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી किंसखा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શું [તે] ધુરા છે? [જે ભારે નથી.]. શું (તે) મિત્ર છે? [જે અભિદ્રોહ કરે છે.] क्षेप इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિંદાર્થક જ किम् શબ્દથી પરમાં રહેલા જે ऋक्....વગેરે શબ્દો, તદન્ત સમાસને સમાસાન્ત પ્રત્યય થતો નથી. તેથી केषां राजा આ વિગ્રહમાં 'षष्ठ्य० ३-१-७६' થી તત્પુરુષસમાસાદિ કાર્યથી નિષ્પન્ન किंराजन् નામને 'राजन्० ७-३-१०६' થી अट् [अ] સમાસાન્ત પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી किंराजः આવો પ્રયોગ થાય છે. અહીં किम् નામ નિન્દાર્થક ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત પ્રત્યયનો નિષેધ થતો નથી. અર્થ-કોનો રાજા. ॥७०॥

## नञ्तत्पुरुषात् ७।३।७१॥

નઞ્તત્પુરુષસમાસને સમાસાન્ત પ્રત્યય થતો નથી. न ऋक् અને न राजा આ વિગ્રહમાં 'नञ् ३-१-५१' થી તત્પુરુષસમાસાદિ કાર્યથી નિષ્પન્ન अनृक् અને अराजन् નામને અનુક્રમે 'ऋक्-पूः० ७-३-७६' થી अत् અને 'राजन्० ७-३-१०६' થી अट् સમાસાન્ત પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી अनृक् અને अराजा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઋચાથી ભિન્ન. રાજાથી ભિન્ન. तत्पुरुषादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नञ्तत्पुरुष જ [બહુવ્રીહિ વગેરેને નહિ ] સમાસને આ સૂત્રથી સમાસાન્ત પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી न विद्यते धूरस्य

આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસાદિ કાર્યથી નિષ્પન્ન अधुर् નામને 'धुरोऽन० ७-३-७७' થી अत् [अ] સમાસાન્ત પ્રત્યયાદિ કાર્ય થવાથી अधुरं शकटम् આવો પ્રયોગ થાય છે. અહીં તત્પુરુષસમાસ ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત પ્રત્યયનો નિષેધ થતો નથી. અર્થ-ધુરા વિનાનું ગાડું. ॥૭૧॥

## पूजास्वतेः प्राक् टात् ७।३।७२॥

પૂજાર્થક सु અને अति નામથી પરમાં રહેલા ऋक् વગેરે શબ્દો જેના અન્તે છે - એવા સમાસને; 'बहुव्रीहेः० ७-३-१२५' થી વિહિત ट પ્રત્યયની પૂર્વેનો સમાસાન્ત પ્રત્યય થતો નથી. शोभना धूः આ વિગ્રહમાં सु અને अति અવ્યયને धुर् નામની સાથે અનુક્રમે 'सुः पूजा० ३-१-४४' થી અને 'अतिरति० ३-१-४५' થી તત્પુરુષસમાસાદિ કાર્યથી નિષ્પન્ન सुधुर् અને अतिधुर् નામને 'धुरो० ७-३-७७' થી સમાસાન્ત अत् પ્રત્યયની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી सुधूः અને अतिधूः આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો)– સારી ધુરા. पूजेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂજાર્થક જ सु અને अति નામથી પરમાં રહેલા ऋक् વગેરે નામ જેના અન્તે છે—એવા સમાસને ट ['बहुव्रीहेः० ७-३-१२५' થી વિહિત] પ્રત્યયની પૂર્વેનો સમાસાન્ત પ્રત્યય થતો નથી. તેથી राजानमतिक्रान्तः આ વિગ્રહમાં अति અવ્યયને राजन् નામની સાથે 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષસમાસાદિ કાર્યથી નિષ્પન્ન अतिराजन् નામને 'राजन्० ७-३-१०६' થી સમાસાન્ત अट् [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી अतिराजोऽरिः આવો પ્રયોગ થાય છે. અહીં પૂજાર્થક अति નામ ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત પ્રત્યયનો નિષેધ થતો નથી. અર્થ– રાજાને જીતનાર શત્રુ. प्राक् टादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ

પૂજાર્થક सु અને अति નામથી પરમાં રહેલા ऋग् વગેરે નામ જેના અન્તમાં છે એવા સમાસને, 'बहुव्रीहेः० ૭-૩-૧૨૫' થી વિહિત ट પ્રત્યય પૂર્વેનો જ સમાસાન્ત પ્રત્યય થતો નથી. તેથી शोभना अङ्गुल्यो यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ૩-૧-૨૨' થી બહુવ્રીહિસમાસાદિ કાર્યથી નિષ્પન્ન स्वङ्गुलि નામને 'बहुव्रीहेः० ૭-૩-૧૨૫' થી ट [अ]પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી स्वङ्गुलं काष्ठम् આવો પ્રયોગ થાય છે. અહીં ट પ્રત્યય કે ट પ્રત્યયની પછીના સમાસાન્ત પ્રત્યયનો નિષેધ આ સૂત્રથી થતો નથી. અર્થ- સારી આંગળીઓવાળું લાકડું. ॥૭૨॥

## बहोर्डे ૭।૩।૭૩॥

ड પ્રત્યયની પ્રાપ્તિ જેને છે—એવા, बहु નામ છે અન્તમાં જેના તે સમાસને સમાસાન્ત ड પ્રત્યય અને कच् પ્રત્યય થતો નથી. समीपे बहवो येषाम् આ વિગ્રહમાં उप અવ્યયને बहु નામની સાથે 'अव्ययम् ૩-૧-૨૧' થી બહુવ્રીહિસમાસાદિ કાર્યથી નિષ્પન્ન उपबहु નામને 'प्रमाणी० ૭-૩-૧૨૮' થી પ્રાપ્ત ड પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી उपबहवो घटाः આવો પ્રયોગ થાય છે.અર્થ- બહુત્વ સંખ્યા જેની નજીક-સમીપમાં છે એવા ઘડા. ड इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસાન્ત ड પ્રત્યયના જ વિષયમાં बहुશબ્દાન્ત સમાસને સમાસાન્ત ड અને कच् પ્રત્યય થતો નથી. તેથી प्रिया बहवो यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ૩-૧-૨૨' થી બહુવ્રીહિસમાસાદિ કાર્યથી નિષ્પન્ન प्रियबहु નામને 'शेषाद् वा ૭-૩-૧૭૫' થી कच् [क] પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रियबहुकः આવો પ્રયોગ થાય છે. प्रियबहु આ बहु શબ્દાન્ત બહુવ્રીહિ સમાસને ड પ્રત્યયની પ્રાપ્તિ નથી માટે આ સૂત્રથી અહીં ड પ્રત્યય અને कच् પ્રત્યયનો નિષેધ થતો નથી. અર્થ—ઘણા પ્રિય છે જેને તે. ॥૭૩॥

## इञ् युद्धे ७।३।७४॥

युद्ध અર્થમાં વિહિત સમાસને इच् [इ] સમાસાન્ત પ્રત્યય થાય છે. केशेषु केशेषु गृहीत्वा कृतं युद्धम् આ વિગ્રહમાં 'तत्रादाय० ૩-૧-૨૬' થી અવ્યયીભાવસમાસ....વગેરે કાર્યથી નિષ્પન્ન केशकेश નામને આ સૂત્રથી इच् [इ] પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'इच्य० ૩-૨-૭૨' થી પૂર્વપદ केश ના અન્ત્ય अ ને आ આદેશ...વગેરે કાર્ય થવાથી केशाकेशि આવો પ્રયોગ થાય છે. અર્થ-પરસ્પર કેશોને ગ્રહણ કરીને કરાયેલું યુદ્ધ. ॥૭૪॥

## द्विदण्ड्यादिः ७।३।७५॥

द्विदण्ड्यादि ગણપાઠમાંનાં द्विदण्डि વગેરે इच् [इ] પ્રત્યયાન્ત નામો સાધુ મનાય છે. द्वौ दण्डौ प्रहरणेऽस्मिन् અને उभौ दन्तौ प्रहरणेऽस्मिन् આ અર્થમાં द्वि અને दण्ड તેમ જ उभ અને दन्त નામનો 'तिष्ठद्ग्वि० ૩-૧-૩૬' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત इच् [इ] પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'इच्य० ૩-૨-૭૨' થી उभ ના अ ને आ આદેશ. નિપાતનના કારણે द्वि ના इ ને ई અને आ આદેશનો અભાવ વગેરે કાર્ય થવાથી द्विदण्डि हन्ति અને उभादन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે દંડથી મારે છે. બે દાંતથી મારે છે. ॥૭૫॥

## ऋक्-पूः पथ्यपोऽत् ७।३।७६॥

ऋच्, पुर्, पथिन् અને अप् શબ્દ છે અન્તમાં જેના એવા સમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. ऋचोऽर्धम्; तिसृणां पुरां समाहारः; जलस्य पन्थाः અને द्विर्गता आपोऽस्मिन् આ વિગ્રહમાં

અનુક્રમે 'समेंऽशे० ३-१-५४' થી તત્પુરુષસમાસ. 'सङ्ख्या० ३-१-९९' થી સમાહારદ્વિગુસમાસ. 'षष्ठ्य० ३-१-७६' થી તત્પુરુષ સમાસ અને 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. अर्धर्च्, त्रिपुर्, जलपथिन् અને द्वीप् ['द्व्यन्त० ३-२-१०९' થી अप् ને ईप् આદેશ.] નામને આ સૂત્રથી अत् [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો લોપ વગેરે કાર્ય થવાથી अर्धर्चः; त्रिपुरम्; जलपथः અને द्वीपम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઋચાનો અર્ધભાગ. ત્રણ નગરોનો સમુદાય. જલમાર્ગ. દ્વીપ. ॥७६॥

## धुरोऽनक्षस्य ७।३।७७॥

અક્ષસંબન્ધી ધુરાને धुर् શબ્દ જણાવતો ન હોય તો તે धुर् શબ્દાન્ત સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. राज्यस्य धूः આ વિગ્રહમાં 'षष्ठ्यय० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી राज्यधुरा આવો પ્રયોગ થાય છે. અર્થ-રાજ્યભાર. अनक्षस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અક્ષસંબન્ધી ધુરાર્થક धुर् શબ્દ જેના અન્તે છે એવા સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થતો નથી. તેથી अक्षस्य धूः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્ય થવાથી अक्षधूः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી અહીં સમાસાન્ત પ્રત્યય થતો નથી. અર્થ-પૈડાનો અગ્રભાગ. ॥७७॥

## सङ्ख्या-पाण्डूदक्-कृष्णाद् भूमेः ७।३।७८॥

સંખ્યાવાચક નામ, पाण्डु, उदक् અને कृष्ण નામથી પરમાં રહેલ भूमि નામ જેના અન્તે છે-એવા સમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. द्वयो र्भूम्योः समाहारः, पाण्डुर्भूमिः, उदीची

भूमिः અને कृष्णा भूमिः આ વિગ્રહમાં द्वि નામને भूमि નામની સાથે 'संख्या स० ३-१-९९' થી દ્વિગુ સમાસ; અને पाण्डु વગેરે નામને भूमि નામની સાથે 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયસમાસ. 'पुम्वत्० ३-२-५७' થી उदीची અને कृष्णा નામને पुम्वत् ભાવ. [ङी ની નિવૃત્તિ વગેરે] આ સૂત્રથી સમાસાંત अत् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विभूमम्, पाण्डुभूमम्, उदग्भूमम् અને कृष्णभूमम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે ભૂમિઓનો સમુદાય. પાણ્ડુવર્ણવાળી ભૂમિ. ઉત્તરની ભૂમિ. કાળાવર્ણવાળી ભૂમિ. ॥७८॥

उपसर्गादध्वनः ७।३।७९॥

ધાતુના યોગમાં જે प्रादि શબ્દોને उपसर्ग સંજ્ઞા [૩-૧-૧થી] થાય છે, તે प्र વગેરે ઉપસર્ગથી પરમાં રહેલો अध्वन् શબ્દ છે અન્તમાં જેના એવા સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. प्रगतोऽध्वानम् આ વિગ્રહમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષ સમાસ. प्राध्वन् નામને આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી प्राध्वो रथः આવો પ્રયોગ થાય છે. અર્થ-માર્ગપ્રાપ્ત રથ. ॥७९॥

समवाऽन्धात् तमसः ७।३।८०॥

सम्, अव અને अन्ध શબ્દથી પરમાં રહેલા तमस् શબ્દાન્ત સમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. सन्ततं तमः અને अवहीनं तमः આ વિગ્રહમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષસમાસ અને अन्धं च तत्तमः આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયસમાસ. આ સૂત્રથી સમાસના અન્તે अत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી सन्तमसम्, अवतमसम् અને अन्धतमसम् [अन्धं

तमोऽस्मिन्] આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગાઢ અંધકાર. થોડું અન્ધારું. અન્ધ કરનાર અન્ધકાર [એવું અન્ધારું છે જેમાં તે]. ॥૮૦॥

तप्ताऽन्ववाद् रहसः ७।३।८१॥

तप्त, अनु અને अव શબ્દથી પરમાં રહેલ रहस् નામ અન્તમાં છે જેના એવા સમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. तप्तं रहोऽस्य, अनुगतं रहोऽस्य અને अवहीनं रहोऽस्य આ અર્થમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય વગેરે કાર્ય થવાથી तप्तरहसम्, अनुरहसम् અને अवरहसम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જેને [તપેલા લોઢાની જેમ] એકાન્તસ્થાન અધિગમ્ય નથી તે. જાણ્યું છે એકાન્તસ્થાન જેણે તે. જેને એકાન્તસ્થાન હીન જણાય છે તે. ॥૮૧॥

प्रत्यन्ववात् साम-लोम्नः ७।३।८२॥

प्रति, अनु અને अव શબ્દથી પરમાં રહેલા सामन् અને लोमन् નામ છે અન્તમાં જેના એવા સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. प्रतिगतम् अनुगतम् अवगतम् वा साम આ વિગ્રહમાં 'गतिक्व० ३-१-४२' થી તત્પુરુષસમાસ અને प्रतिगतम् अनुगतम् अवगतम् वा लोम अस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી प्रतिसामम्, अनुसामम् અને अवसामम् તેમ જ प्रतिलोमः, अनुलोमः અને अवलोमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઊલટું સામ. જ્ઞાત સામ. જ્ઞાત સામ. વિરુદ્ધ આચરણ કરનાર. અનુરૂપ આચરણ કરનાર. પ્રતિકૂલ આચરણ કરનાર. ॥૮૨॥

## ब्रह्म-हस्ति-राज-पल्याद् वर्चसः ७।३।८३॥

ब्रह्मन् हस्तिन् राजन् અને पल्य નામથી પરમાં રહેલા वर्चस् નામ છે અન્તમાં જેના એવા સમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. ब्रह्मणो वर्चः, हस्तिनो वर्चः, राज्ञो वर्चः અને पल्यस्य वर्चः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्न० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય વગેરે કાર્ય થવાથી ब्रह्मवर्चसम्, हस्तिवर्चसम्, राजवर्चसम् અને पल्यवर्चसम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બ્રહ્મચર્યની શક્તિ. હાથીની શક્તિ. રાજાની શક્તિ. પલ્ય [ચટઈથી બનાવેલું અનાજનું પાત્ર] ની શક્તિ. ॥૮૩॥

## प्रतेरुरसः सप्तम्याः ७।३।८४॥

प्रति શબ્દથી પરમાં રહેલ સપ્તમ્યન્ત उरस् નામ છે અન્તમાં જેના એવા સમાસને अत् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. उरसि આ અર્થમાં 'विभक्ति० ३-१-३९' થી प्रति અવ્યયને उरस् નામની [સપ્તમ્યન્ત નામની] સાથે અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય ઈત્યાદિ કાર્ય થવાથી प्रत्युरसम् આવો પ્રયોગ થાય છે. અર્થ– હૃદયમાં. सप्तम्या इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ प्रति શબ્દથી પરમાં રહેલ સપ્તમ્યન્ત જ उरस् નામ જેના અન્તમાં છે એવા સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. તેથી प्रतिगतमुरः આ વિગ્રહમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષસમાસ...વગેરે કાર્ય થવાથી प्रत्युरः આવો પ્રયોગ થાય છે. અહીં સપ્તમ્યન્ત उरस् નામ અન્તમાં ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય થતો નથી. અર્થ–હૃદય સુધી પહોંચેલું. ॥૮૪॥

## अक्ष्णोऽप्राण्यङ्गे ७।३।८५॥

અપ્રાણ્યઙ્ગાર્થક [પ્રાણ્યઙ્ગભિન્નાર્થક] अक्षि નામ જેના અન્તમાં છે એવા સમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. लवणस्याक्षि આ વિગ્રહમાં 'षष्ठ्यय० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી लवणाक्षम् આવો પ્રયોગ થાય છે. અર્થ- [મીઠાથી બનાવેલી નેત્રાકૃતિ વસ્તુ-] મીઠાની આંખ. अप्राण्यङ्ग इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણ્યઙ્ગાર્થક अक्षि નામ જેના અન્તે છે એવા સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થતો નથી. તેથી अजस्याक्षि આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્ય થવાથી अजाक्षि આવો પ્રયોગ થાય છે. અહીં अक्षि નામ પ્રાણ્યઙ્ગાર્થક હોવાથી આ સૂત્રથી સમાસાન્ત પ્રત્યય થતો નથી. અર્થ-બકરાની આંખ. ॥૮૫॥

## सं-कटाभ्याम् ७।३।८६॥

सम् અને कट શબ્દથી પરમાં રહેલ अक्षि નામ જેના અન્તમાં છે- એવા સમાસને अत् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. अक्ष्णः समीपम् આ અર્થમાં सम् ને अक्षि નામની સાથે 'विभक्ति० ३-१-३९' થી અવ્યયીભાવસમાસ અને कटस्याक्षि આ અર્થમાં कट નામને 'षष्ठ्यय० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી समक्षम् અને कटाक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આંખની સામે. તીરછી નજર. ॥૮૬॥

## प्रति-परोऽनोरव्ययीभावात् ७।३।८७॥

प्रति, परस् અને अनु શબ્દથી પરમાં રહેલ अक्षि શબ્દ જેના અન્તમાં છે એવા અવ્યયીભાવસમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. अक्षिणी प्रति, अक्ष्णोः परम् અને अक्ष्णः समीपम् આ અર્થમાં प्रति, परस् [પરાર્થક] અને अनु નામને अक्षि નામની સાથે 'विभक्ति० ३-१-३९' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી अत् સમાસાન્ત પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી प्रत्यक्षम्, परोक्षम् અને अन्वक्षम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રત્યક્ષજ્ઞાન. પરોક્ષજ્ઞાન. આંખની સામે. ॥८७॥

## अनः ७।३।८८॥

अन् અન્તમાં છે જેના એવા અવ્યયીભાવસમાસને अत् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. तक्ष्णः समीपम् આ અર્થમાં 'विभक्ति० ३-१-३९' થી उप અવ્યયનો तक्षन् નામની સાથે અવ્યયીભાવ સમાસ. આ સૂત્રથી સમાસના અન્તમાં अत् પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી उपतक्षम् આવો પ્રયોગ થાય છે. અર્થ-કર્મકારની નજીક. ॥८८॥

## नपुंसकाद् वा ७।३।८९॥

अन् છે અન્તમાં જેને એવો નપુંસકલિઙ્ગી શબ્દ જેના અન્તે છે- એવા અવ્યયીભાવસમાસને વિકલ્પથી अत् સમાસાન્ત પ્રત્યય થાય છે. चर्मणः समीपम् આ અર્થમાં उप અવ્યયને चर्मन् [નપું.] નામની સાથે 'विभक्ति० ३-१-३९' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી उपचर्मम् આવો પ્રયોગ

થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अत् સમાસાન્ત પ્રત્યય ન થાય ત્યારે उपचर्म આવો પ્રયોગ થાય છે. અર્થ-ચર્મસમીપ. ॥૮૯॥

गिरि-नदी-पौर्णमास्याग्रहायण्यपञ्चमवर्ग्याद् वा ७।३।९०॥

गिरि, नदी, पौर्णमासी અને आग्रहायणी નામ જેના અન્તે છે એવા અવ્યયીભાવસમાસને તેમ જ વર્ગીય પઞ્ચમવર્ણથી ભિન્ન વર્ગીય વ્યઞ્જન જેના અન્તે છે એવા અવ્યયીભાવસમાસને વિકલ્પથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. गिरेरन्तः આ વિગ્રહમાં अन्तर् નામને गिरि નામની સાથે 'पारे-मध्ये० ૩-૧-૩૦' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી अन्तर्गिरम् આવો પ્રયોગ થાય છે. नद्याः, पौर्णमास्याः, आग्रहायण्याः, स्रुचो वा समीपम् આ અર્થમાં उप અવ્યયને नदी, पौर्णमासी, आग्रहायणी અને स्रुच् નામની સાથે 'विभक्ति० ૩-૧-૩૯' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી उपनदम्, उपपौर्णमासम्, उपाग्रहायणम् અને उपस्रुचम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સમાસાન્ત પ્રત્યય થાય નહિ ત્યારે 'क्लीबे ૨-૪-૯૭' થી અન્ત્ય ई ને હ્રસ્વ इ આદેશાદિ કાર્ય થવાથી अन्तर्गिरि, उपनदि, उपपौर्णमासि, उपाग्रहायणि અને उपस्रुक् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પર્વતની અંદર. નદીની સમીપ. પૂનમની નજીક. માર્ગશીર્ષ પૂનમની નજીક. સ્રુક્ [યજ્ઞીયપાત્રવિશેષ] ની નજીક. ॥૯૦॥

सङ्ख्याया नदी-गोदावरीभ्याम् ७।३।९१॥

સંખ્યાવાચક નામથી પરમાં રહેલ नदी અને गोदावरी નામ

જેના અન્તમાં છે એવા અવ્યયીભાવસમાસને अत् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. पञ्चानां नदीनां समाहारः અને द्वयो गोंदावर्योः समाहारः આ અર્થમાં 'सङ्ख्या० ३-१-२८' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चनदम् અને द्विगोदावरम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાંચ નદીઓનો સમુદાય. બે ગોદાવરીનો સમુદાય. ॥९१॥

## शरदादेः ७।३।९२॥

शरदादि ગણપાઠમાંનાં शरद् વગેરે નામ જેના અન્તમાં છે એવા અવ્યયીભાવસમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. शरदः समीपम् અને त्यं प्रति આ અર્થમાં उप અવ્યયને शरद् નામની સાથે 'विभक्ति० ३-१-३९' થી અવ્યયીભાવસમાસ. અને त्यद् નામની સાથે प्रति નામને 'लक्षणे० ३-१-३३' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યયાદિ કાર્ય થવાથી उपशरदम् અને प्रतित्यदम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શરદઋતુની નજીક. તેની સામે. ॥९२॥

## जराया जरस् च ७।३।९३॥

जरा નામ જેના અન્તમાં છે- એવા અવ્યયીભાવસમાસને अत् સમાસાન્ત પ્રત્યય થાય છે. અને ત્યારે जरा નામને जरस् આદેશ થાય છે. जरायाः समीपम् આ અર્થમાં जरा નામની સાથે उप અવ્યયને 'विभक्ति० ३-१-३९' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય અને जरा ને जरस् આદેશ...વગેરે કાર્ય થવાથી उपजरसम् આવો પ્રયોગ થાય છે. અર્થ–વૃદ્ધાવસ્થાની નજીક. ॥९३॥

## सरजसोपशुनाऽनुगवम् ७।३।९४॥

સમાસાન્ત अत् [अ] પ્રત્યયાન્ત सरजस, उपशुन અને अनुगव આ અવ્યયીભાવસમાસોનું નિપાતન કરાય છે. रजसा सह; शूनः समीपम् અને गामन्वायतनम् આ અર્થમાં सह અવ્યયને रजस् નામની સાથે અને उप અવ્યયને श्वन् નામની સાથે 'विभक्ति० ३-१-३९' થી અવ્યયીભાવસમાસ. તેમ જ गो નામને अनु અવ્યયની સાથે 'दैर्घ्ये० ३-१-३४' થી અવ્યયીભાવસમાસ. આ સૂત્રથી સમાસના અન્તે अत् [अ] પ્રત્યય. તથા श्वन् ના व ને उ આદેશ. 'सहस्य० ३-२-१४३' થી सह ને स આદેશ વગેરે કાર્ય થવાથી सरजसम् उपशुनम् અને अनुगवम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધૂળને પણ છોડ્યા વિના [બધું જ]ખાય છે. કૂતરાની પાસે બેસે છે. બળદને અનુરૂપ લાંબી ગાડી. ॥९४॥

## जात-महद्-वृद्धादुक्ष्णः कर्मधारयात् ७।३।९५॥

जात, महत् અને वृद्ध નામથી પરમાં રહેલ उक्षन् નામ છે અન્તમાં જેના એવા કર્મધારયસમાસને अत्. [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. जातश्चासावुक्षा, महांश्चासावुक्षा અને वृद्धश्चासावुक्षा આ અર્થમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ. 'जातीयै० ३-२-७०' થી महत् નામને डा [आ] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી महत् ના अत् નો લોપ વગેરે કાર્ય થવાથી जातोक्षः, महोक्षः અને वृद्धोक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉત્પન્ન બળદ. મોટો બળદ. ઘરડો બળદ. कर्मधारयादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ जात महत् અને वृद्ध નામથી પરમાં રહેલ उक्षन् નામ જેના અન્તમાં છે—એવા કર્મધારય જ સમાસને अत् સમાસાન્ત પ્રત્યય થાય છે.

તેથી जातस्योक्षा અહીં 'षष्ठ्ययत्० ३-१-७६' થી ષષ્ઠીતત્પુરુષસમાસથી નિષ્પન્ન जातोक्षन् નામને આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય ન થવાથી जातोक्षा આવો પ્રયોગ થાય છે. અર્થ- જન્મેલાનો બળદ. ॥९५॥

## स्त्रियाः पुंसो द्वन्द्वाच्च ७।३।९६॥

स्त्री નામથી પરમાં રહેલ पुम्स् નામ જેના અન્તમાં છે એવા द्वन्द्व સમાસને તેમ જ કર્મધારયસમાસને अत् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. स्त्री च पुमांश्च અને स्त्री चासौ पुमांश्च આ વિગ્રહમાં અનુક્રમે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ અને 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે स्त्रीपुंसौ અને स्त्रीपुंसः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્ત્રી અને પુરુષ. નપુંસક. ॥९६॥

## ऋक्सामर्ग्यजुष–धेन्वनडुह–वाङ्मनसाऽहोरात्र-रात्रिन्दिव-नक्तंदिवाऽहर्दिवोर्वष्ठीव-पदष्ठीवा-ऽक्षिभ्रुव-दारगवम् ७।३।९७॥

ऋक्साम, ऋग्यजुष, धेन्वनडुह, वाङ्मनस, अहोरात्र, रात्रिंदिव, नक्तंदिव, अहर्दिव, ऊर्वष्ठीव, पदष्ठीव, अक्षिभ्रुव અને दारगव-આ સમાસાન્ત अत् પ્રત્યયાન્ત द्वन्द्व સમાસોનું નિપાતન કરાય છે. ऋक् च साम च; ऋक् च यजुश्च; धेनुश्चानड्वांश्च; वाक् च मनश्च; अहश्च रात्रिश्च; रात्रिश्च दिवा च; नक्तं च दिवा च– આ વિગ્રહમાં 'चार्थे० ३-१-११७' થી द्वन्द्व સમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય; તેમ જ रात्रि અને नक्त આ પૂર્વપદના અન્તે म् નો આગમ. 'नोऽपद० ७-४-६१' થી सामन् ના अन् નો લોપ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ તથા आ નો લોપ વગેરે કાર્ય થવાથી ऋक्सामे, ऋग्यजुषम्, धेन्वनडुहौ, वाङ्मनसे, अहोरात्रः,

रात्रिंदिवम् અને नक्तंदिवम् આવો પ્રયોગ થાય છે. अहश्च दिवा च આ વિગ્રહમાં પર્યાયવાચક શબ્દોનો વીપ્સામાં આ સૂત્રથી દ્વન્દ્વસમાસ; તથા સમાસાન્ત अत् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી अहर्दिवम् આવો પ્રયોગ થાય છે. ऊरू चाष्ठीवन्तौ च; पादौ चाष्ठीवन्तौ च; अक्षिणी च भ्रुवौ च અને दाराश्च गावश्च આ વિગ્રહમાં 'चार्थे० ३-१-११७' થી દ્વન્દ્વ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. તેમ જ નિપાતનના કારણે अष्ठीवत् ના अत् નો લોપ. पाद શબ્દને पद् આદેશ. भ्रू ના ऊ ને उव् આદેશ તેમ જ अक्षि અને दार નામનો સમાસમાં પૂર્વપ્રયોગ...વગેરે કાર્ય થવાથી ऊर्वष्ठीवम्, पदष्ठीवम्, अक्षिभ्रुवम् અને दारगवम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ઋગ્વેદ અને સામવેદ. ઋગ્વેદ અને યજુર્વેદ. ગાય અને બળદ. વાણી અને મન. દિવસ અને રાત. રાત અને દિવસ. રાત અને દિવસ. દિવસ દિવસ. જંઘા અને હાડકાંવાળાં બે અંગો. બે પગ અને હાડકાંવાળાં બે અંગો. બે આંખ અને બે ભ્રૂકુટીઓ. સ્ત્રીઓ અને ગાયો. ॥૧૭॥

## चवर्ग-द-ष-हः समाहारे ७।३।९८॥

च् વર્ગીય વ્યઞ્જન જેના અન્તમાં છે તેમ જ द् ष् કે ह् જેના અન્તમાં છે—એવા સમાહારાર્થક દ્વન્દ્વ સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. वाक् च त्वक् च, सम्पत् च विपच्च; वाक् च त्विट् च અને छत्रञ्चोपानहौ च આ વિગ્રહમાં 'चार्थे० ३-१-११७' થી દ્વન્દ્વ સમાસ. वाक्त्वच् [च વર્ગાન્ત]; सम्पद्विपद् [दन्त]; वाक्त्विष् [षन्त] અને छत्रोपानह् [हन्त] નામને આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય...વગેરે કાર્ય થવાથી वाक्त्वचम्; सम्पद्विपदम्; वाक्त्विषम् અને छत्रोपानहम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વાણી અને ત્વચા. સમ્પત્તિ અને વિપત્તિ. વાણી અને પ્રભા. છત્ર

અને જોડા. समाहार इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च् વર્ગીય વ્યઞ્જન તેમ જ द् ष् કે ह् જેના અન્તમાં છે એવા સમાહારાર્થક જ द्वन्द्व સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. તેથી प्रावृट्-शरद्भ्याम् અહીં प्रावृट् च शरद् च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થાય છે. પરન્તુ ઈતરેતરદ્વન્દ્વસમાસ હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય થતો નથી. અર્થ-વર્ષાઋતુ અને શરદ્ઋતુથી. ॥૧૮॥

## द्विगोरन्नह्नोऽट् ७।३।९९॥

अन् અને अहन् શબ્દ છે અન્તમાં જેને એવા સમાહાર द्विगु સમાસને अट् સમાસાન્ત પ્રત્યય થાય છે. पञ्चानां तक्ष्णां समाहारः અને द्वयोरह्नोः समाहारः આ વિગ્રહમાં 'संख्या० ३-१-९९' થી સમાહારદ્વિગુસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ. पञ्चतक्ष નામને 'द्विगोः समा० २-४-२२' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી पञ्चतक्षी અને पञ्चतक्षम् આવો પ્રયોગ થાય છે. તેમ જ द्व्यहः આવો પ્રયોગ થાય છે. અહીં ક્રમશઃ સ્ત્રીલિંગ, નપુંસકલિંગ અને પુલ્લિંગ નિર્દેશ લિંગાનુશાસનના બળે પ્રાપ્ત છે. अन् ના ગ્રહણથી જ अहन् અન્તવાળા સમાહારદ્વિગુને આ સૂત્રથી अट् સમાસાન્ત થઈ શકે છે; પરન્તુ 'सर्वांश० ७-३-११८' થી વિહિત अट् ના બાધ માટે અહીં अहन् નું પૃથગ્ ગ્રહણ છે. અર્થ ક્રમશઃ- પાંચ કર્મકરોનો સમુદાય. બે દિવસોનો સમુદાય. द्विगोरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन् અને अहन् શબ્દ છે અન્તમાં જેના એવા સમાહારદ્વિગુસમાસને જ સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. તેથી समाहृतानि अहानि આ અર્થમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષ સમાસ. समाहन् નામને

'सर्वांश० ७-३-११८' થી સમાસાન્ત अट् પ્રત્યય અને अहन् ને अह्न् આદેશ વગેરે કાર્ય થવાથી समह्नः આવો પ્રયોગ થાય છે. અહીં દ્વિગુસમાસ ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય થતો નથી. [અન્યથા આ સૂત્રથી समहः આવો પ્રયોગ થાત.] અર્થ-સમાહૃત દિવસો. ॥९९॥

## द्वि-त्रेरायुषः ७।३।१००॥

द्वि અને त्रि નામથી પરમાં રહેલો आयुष् શબ્દ છે અન્તમાં જેના એવા સમાહારદ્વિગુસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. द्वयोरायुषोः समाहारः અને त्रयाणामायुषां समाहारः આ અર્થમાં 'सङ्ख्या० ३-१-९९' થી સમાહારદ્વિગુસમાસ. આ સૂત્રથી अट् સમાસાન્ત પ્રત્યય...વગેરે કાર્ય થવાથી द्वयायुषम् અને त्र्यायुषम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે આયુષ્યોનો સમુદાય. ત્રણ આયુષ્યોનો સમુદાય. ॥१००॥

## वाञ्जलेरलुकः ७।३।१०१॥

द्वि અને त्रि નામથી પરમાં રહેલ अञ्जलि નામ જેના અન્તમાં છે-એવા દ્વિગુ સમાસને; તેનાથી પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો; વિકલ્પથી સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. द्वयोरञ्जल्योः समाहारः આ અર્થમાં 'सङ्ख्या० ३-१-९९' થી સમાહાર દ્વિગુ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ]પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ....વગેરે કાર્ય થવાથી द्व्यञ्जलम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अट् પ્રત્યય ન થાય ત્યારે द्व्यञ्जलि આવો પ્રયોગ થાય છે. અર્થ-બે અંજલીનો સમુદાય. त्रिभ्योऽञ्जलिभ्य आगतम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ સમાહારદ્વિગુ-સમાસ. આ સૂત્રથી

સમાસાન્ત अट् પ્રત્યયાદિ કાર્ય વિકલ્પે થવાથી त्र्यञ्जल અને त्र्यञ्जलि નામને 'नृहेतुभ्यो० ६-३-१५६' થી मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી त्र्यञ्जलमयम् અને त्र्यञ्जलिमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ત્રણ અંજલિથી આવેલું. अलुक इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वि અને त्रि થી પરમાં રહેલ अञ्जलि નામ જેના અન્તમાં છે એવા દ્વિગુ સમાસને; તેનાથી પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ ન થયો હોય તો જ વિકલ્પથી સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. તેથી द्वाभ्यामञ्जलिभ्यां क्रीतः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ દ્વિગુ સમાસ. 'मूल्यैः क्रीते ६-४-१५०' થી इकण् પ્રત્યય. 'अनाम्न्य० ६-४-१४१' થી इकण् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી द्व्यञ्जलि घटः આવો પ્રયોગ થાય છે. અહીં દ્વિગુ સમાસ, લુપ્ત-તદ્ધિત પ્રત્યયાન્ત હોવાથી આ સૂત્રથી તેને સમાસાન્ત अट् પ્રત્યય થતો નથી. અર્થ- બે અંજલિઓથી ખરીદેલ ઘડો. ॥૧૦૧॥

## खार्या वा ७।३।१०२॥

खारी નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસને; તેનાથી પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો વિકલ્પથી સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. द्वयोः खार्योः समाहारः આ અર્થમાં 'सङ्ख्या० ३-१-९९' થી દ્વિગુ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી द्विखारम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अट् સમાસાન્ત પ્રત્યય ન થાય ત્યારે 'क्लीबे २-४-९७' થી खारी ના ई ને -હસ્વ इ આદેશ થવાથી द्विखारि આવો પ્રયોગ થાય છે. અર્થ-બે ખારીઓનો સમુદાય. पञ्च खार्यो धनमस्य આ વિગ્રહમાં 'सङ्ख्या० ३-१-९९' થી દ્વિગુ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चखारधनः આવો પ્રયોગ થાય

છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अट् પ્રત્યય ન થાય ત્યારે पञ्चखारी-धनः આવો પ્રયોગ થાય છે. અર્થ– પાંચ ખારી ધન છે જેનું તે. पञ्च खार्यो धनमस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસની અપેક્ષાએ धन ઉત્તરપદ પરમાં હોવાથી અહીં દ્વિગુસમાસ છે. ॥૧૦૨॥

## वाऽर्धाच्च ७।३।१०३॥

अर्ध શબ્દથી પરમાં રહેલો खारी શબ્દ છે અન્તમાં જેના એવા સમાસને; તેનાથી પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ ન થયો હોય તો, સમાસાન્ત अट् પ્રત્યય વિકલ્પથી થાય છે. खार्या अर्धम् આ વિગ્રહમાં 'समेंऽशे० ३-१-५४' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી अट् [अ] સમાસાન્ત પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી अर्धखारम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अट् પ્રત્યય ન થાય ત્યારે अर्धखारी આવો પ્રયોગ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે– अर्धखारम् અહીં अट् સમાસાન્ત પ્રત્યયના વિધાનના કારણે સ્ત્રીલિંગમાં પ્રયોગ થતો નથી. અન્યથા अट् પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ अर्धखार નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્યથી अर्धखारी પ્રયોગ થાય તો अट् પ્રત્યયના વિધાનનો કોઈ અર્થ જ ન રહે. કારણ કે એવો પ્રયોગ તો अट् પ્રત્યય વિના થતો જ હતો. સૂત્રસ્થ च પદ ઉત્તરસૂત્રમાં द्विगु ની અનુવૃત્તિ માટે છે. અર્થ- ખારીનો અર્ધભાગ. ॥૧૦૩॥

## नावः ७।३।१०४॥

अर्ध શબ્દથી પરમાં રહેલો नौ શબ્દ છે; અન્તમાં જેના એવા સમાસને તેમ જ नौ શબ્દ છે અન્તમાં જેના એવા

દ્વિગુસમાસને; તદ્ધિત પ્રત્યયનો લોપ ન થયો હોય તો સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. अर्धं नावः આ વિગ્રહમાં 'समेंऽशे० ३-१-५४' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય....વગેરે કાર્ય થવાથી अर्धनावम् આવો પ્રયોગ થાય છે. अर्धनाव નામ સ્ત્રીલિંગ પણ હોવાથી સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી अर्धनावी આવો પ્રયોગ થાય છે. અર્થ–નૌકાનો અર્ધભાગ. पञ्चानां नावां समाहारः આ અર્થમાં 'सङ्ख्या० ३-१-९९' થી દ્વિગુસમાસ. આ સૂત્રથી अट् [अ] સમાસાન્ત પ્રત્યય... વગેરે કાર્ય થવાથી पञ्चनावम् આવો પ્રયોગ થાય છે. અર્થ-પાંચ નૌકાનો સમુદાય.

अलुक इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अर्ध શબ્દથી પરમાં રહેલો नौ શબ્દ છે અન્તમાં જેના એવા સમાસને તેમ જ नौ શબ્દ છે અન્તમાં જેના એવા દ્વિગુસમાસને; તેનાથી પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો જ अट् સમાસાન્ત પ્રત્યય થાય છે. તેથી द्वाभ्यां नौभ्यां क्रीतः આ અર્થમાં તદ્ધિત પ્રત્યયના વિષયમાં ઉપર જણાવ્યા મુજબ દ્વિગુસમાસ. 'मूल्यैः क्रीते ६-४-१५०' થી इकण् પ્રત્યય. 'अनाम्न्य० ६-४-१४१' થી इकण् નો લોપ વગેરે કાર્ય થવાથી द्विनौः આવો પ્રયોગ થાય છે. અહીં દ્વિગુસમાસની પરમાં તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય થતો નથી. અર્થ–બે નાવથી ખરીદેલ. ॥१०४॥

## गोस्तत्पुरुषात् ७।३।१०५॥

गो શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને; તેની પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો; સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. राज्ञः गौः આ વિગ્રહમાં 'षष्ठ्यय० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત

अट् [अ] પ્રત્યય. राजगव નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી राजगवी આવો પ્રયોગ થાય છે. અર્થ-રાજાની ગાય. तत्पुरुषादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गो શબ્દ જેના અન્તે છે એવા તત્પુરુષસમાસને જ; તેનાથી પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ થયો ન હોય તો; સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. તેથી चित्रा गौर्यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. 'गोश्चा० २-४-९६' થી गो ના ओ ને હ્રસ્વ उ આદેશ વગેરે કાર્ય થવાથી चित्रगुः આવો પ્રયોગ થાય છે. અહીં બહુવ્રીહિસમાસને આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય થતો નથી. અર્થ-ચિત્ર વર્ણની ગાયવાળો.

अलुक इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गो શબ્દાન્ત તત્પુરુષસમાસને તેની પરમાં રહેલા તદ્ધિત પ્રત્યયનો લોપ ન થયો હોય તો જ સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. તેથી पञ्चभि र्गोभिः क्रीतः આ વિગ્રહમાં તદ્ધિત પ્રત્યયના વિષયમાં 'सङ्ख्या० ३-१-९९' થી द्विगु સમાસ. 'मूल्यैः० ६-४-१५०' થી इकण् પ્રત્યય. 'अनाम्न्य० ६-४-१४१' થી इकण् પ્રત્યયનો લોપ. गो નામના ओ ને ઉપર જણાવ્યા મુજબ -હસ્વ उ આદેશ....વગેરે કાર્ય થવાથી पञ्चगुः આવો પ્રયોગ થાય છે. અહીં તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય થતો નથી. અર્થ-પાંચ ગાયથી ખરીદેલું-વસ્ત્ર. ॥૧૦૫॥

## राजन्–सखेः ७।३।१०६॥

राजन् અને सखि શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષ સમાસને अट् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. पञ्चानां राज्ञां समाहारः આ વિગ્રહમાં 'सङ्ख्या० ३-१-९९' થી દ્વિગુતત્પુરુષ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય. 'नोऽपद० ७-४-६१'

થી અન્ત્ય अन् નો લોપ. 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चराजी આવો પ્રયોગ થાય છે. राज्ञः सखा આ વિગ્રહમાં 'षष्ठ्ययत्० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી राजसखः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પાંચ રાજાઓનો સમુદાય. રાજાનો મિત્ર. ॥૧૦૬॥

## राष्ट्राख्याद् ब्रह्मणः ७।३।१०७॥

રાષ્ટ્રવાચક નામથી પરમાં રહેલ ब्रह्मन् શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. सुराष्ट्रे ब्रह्मा આ વિગ્રહમાં 'सप्तमी० ३-१-८८' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ...વગેરે કાર્ય થવાથી सुराष्ट्रब्रह्मः આવો પ્રયોગ થાય છે. અર્થ- સુરાષ્ટ્રમાં રહેનાર બ્રાહ્મણ. राष्ट्राख्यादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ રાષ્ટ્રવાચક જ નામથી પરમાં રહેલ ब्रह्मन् શબ્દ છે અંતમાં જેના એવા તત્પુરુષસમાસને अट् પ્રત્યય થાય છે. તેથી देवानां ब्रह्मा આ વિગ્રહમાં 'षष्ठ्ययत्० ३-१-७६' થી તત્પુરુષસમાસ....વગેરે કાર્ય થવાથી देवब्रह्मा આવો પ્રયોગ થાય છે. અહીં રાષ્ટ્રાર્થક નામથી પરમાં રહેલ ब्रह्मन् શબ્દાન્ત તત્પુરુષસમાસ ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય થતો નથી. અર્થ- નારદ. ॥૧૦૭॥

## कु-महद्भ्यां वा ७।३।१०८॥

कु અને महत् શબ્દથી પરમાં રહેલો ब्रह्मन् શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને વિકલ્પથી સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. कुत्सितो [पापो] ब्रह्मा આ અર્થમાં 'गतिक्व० ३-

૧-૪૨' થી તત્પુરુષસમાસ; અને महान् ब्रह्मा આ અર્થમાં 'सन्-महत्० ૩-૧-૧૦૭' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી अट् [अ] સમાસાન્ત પ્રત્યય. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી कुब्रह्मः અને महाब्रह्मः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अट् પ્રત્યય ન થાય ત્યારે कुब्रह्मा અને महाब्रह्मा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાપી બ્રાહ્મણ. મહાબ્રાહ્મણ. [महत् ના અન્તે 'जातीयै० ૩-૨-૭૦' થી डा પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अत् નો લોપ.] ॥૧૦૮॥

ग्राम—कौटात् तक्ष्णः ૭।૩।૧૦૯॥

ग्राम અને कौट શબ્દથી પરમાં રહેલો तक्षन् શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. ग्रामस्य तक्षा અને कौटश्चासौ तक्षा આ વિગ્રહમાં 'षष्ठ्ययत्० ૩-૧-૭૬' થી ग्राम નામને અને 'विशेषणं० ૩-૧-૯૬' થી कौट નામને અનુક્રમે તત્પુરુષ અને કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી ग्रामतक्षः અને कौटतक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગામનો સુતાર. પોતાના ઘરમાં સ્વતંત્ર રીતે કામ કરનાર સુતાર. ॥૧૦૯॥

गोष्ठाऽतेः शुनः ૭।૩।૧૧૦॥

गोष्ठ અને अति શબ્દથી પરમાં રહેલો श्वन् શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. गोष्ठे श्वा અને अतिक्रान्तः श्वानम् આ અર્થમાં અનુક્રમે 'सप्तमी० ૩-૧-૮૮' થી અને 'प्रात्यव० ૩-૧-૪૭' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી अट् [अ] સમાસાન્ત પ્રત્યય. 'नोऽपद० ૭-૪-૬૧' થી

અન્ત્ય अन् નો લોપ....વગેરે કાર્ય થવાથી गोष्ठश्वः અને अतिश्वो वराहः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગાયોના સમુદાયમાં રહેનાર કૂતરો. કૂતરાને જીતનાર ભૂંડ. ॥૧૧૦॥

## प्राणिन उपमानात् ७।३।१११॥

પ્રાણ્યર્થક ઉપમાનવાચક નામથી પરમાં રહેલ श्वन् નામ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. व्याघ्र इव व्याघ्रः स चासौ श्वा આ અર્થમાં 'उपमेयं० ३-१-१०२' થી તત્પુરુષસમાસ. 'प्रथमो० ३-१-१४८' થી श्वन् નામના પૂર્વનિપાતની પ્રાપ્તિ હોવા છતાં આ સૂત્રના બળે તેનો [श्वन् નામનો] પરપ્રયોગ. व्याघ्रश्वन् નામને આ સૂત્રથી अट् સમાસાન્ત પ્રત્યય.'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી व्याघ्रश्वः આવો પ્રયોગ થાય છે. અર્થ-વાઘ જેવો કૂતરો. प्राणिन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણ્યર્થક જ ઉપમાનવાચક નામથી પરમાં રહેલ श्वन् નામ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. તેથી फलकमिव श्वा અહીં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી फलकश्वा આવો પ્રયોગ થાય છે. અહીં ઉપમાનવાચક નામ પ્રાણ્યર્થક ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય થતો નથી. અર્થ-ઢાલ જેવો કૂતરો. ॥૧૧૧॥

## अप्राणिनि ७।३।११२॥

પ્રાણીભિન્નાર્થક ઉપમાનવાચક श्वन् નામ જેના અન્તમાં છે એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. आकर्षः श्वा इव श्वा આ અર્થમાં 'उपमेयं० ३-१-१०२' થી તત્પુરુષસમાસ.

આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય. અન્ત્ય अन् નો 'नोऽपद० ७-४-६१' થી લોપ વગેરે કાર્ય થવાથી आकर्षश्वः આવો પ્રયોગ થાય છે. અર્થ–કૂતરા જેવી સાણસી. अप्राणिनीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપ્રાણ્યર્થક જ ઉપમાનવાચક श्व નામ છે; અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् પ્રત્યય થાય છે. તેથી वानरः श्वा इव આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી वानरश्वा આવો પ્રયોગ થાય છે. અહીં પ્રાણ્યર્થક ઉપમાનવાચક श्वन् નામ હોવાથી તદન્ત તત્પુરુષસમાસને આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય થતો નથી. ॥૧૧૨॥

## पूर्वोत्तरमृगाच्च सक्थ्नः ७।३।११३॥

पूर्व, उत्तर અને मृग નામથી પરમાં રહેલો અને ઉપમાનાર્થક નામથી પરમાં રહેલો सक्थि શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષ સમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. पूर्वं सक्थि અને उत्तरं सक्थि આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયસમાસ. मृगस्य सक्थि આ વિગ્રહમાં 'षष्ठ्ययत्० ३-१-७६' થી તત્પુરુષસમાસ. અને फलकमिव फलकम् फलकञ्च तत् सक्थि આ વિગ્રહમાં 'उपमेयं० ३-१-१०२' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી अट् સમાસાન્ત. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वसक्थम्, उत्तरसक्थम्, मृगसक्थम् અને फलकसक्थम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વજંઘા. ઉત્તરજંઘા. મૃગની જંઘા. ઢાળ જેવી જંઘા. ॥૧૧૩॥

## उरसोऽग्रे ७।३।११४॥

अग्रार्थक उरस् નામ જેના અન્તમાં છે એવા તત્પુરુષસમાસને

अट् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે. [અગ્ર=મુખ–પ્રધાન.] अश्वाश्च ते उरः આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારય સમાસ. તેમ જ अश्वानामुरः આ વિગ્રહમાં 'षष्ठ्य० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય વગેરે કાર્ય થવાથી अश्वोरसं सेनायाः અને अश्वोरसं कविकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ઘોડાઓ સેનાનું મુખ છે. અશ્વની પ્રધાન લગામ. ॥११४॥

## सरोऽनोऽश्मायसो जाति–नाम्नोः ७।३।११५॥

सरस्, अनस्, अश्मन् અને अयस् શબ્દ અન્તમાં છે જેના એવા તત્પુરુષસમાસને યથાસમ્ભવ જાતિ-અર્થમાં અને સંજ્ઞાના વિષયમાં સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. जातस्य सरः આ વિગ્રહમાં 'षष्ठ्यय० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય..વગેરે કાર્ય થવાથી जातसरसम् આવો પ્રયોગ થાય છે. [લઘુવૃત્તિમાં जात ના સ્થાને जाल પાઠ છે.] અર્થ-સરોવરવિશેષ. उपपन्नमनः આ વિગ્રહમાં उप અને अनस् નામનો 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી उपानसम् આવો પ્રયોગ થાય છે. અર્થ-અન્નવિશેષ. स्थूलश्चासावश्मा અને कालञ्च तदयः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ..વગેરે કાર્ય થવાથી स्थूलाश्मः અને कालायसम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પથ્થરની જાતિવિશેષ. લોઢાની જાતિવિશેષ. जातिनाम्नोरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યથાસંભવ જાતિ-અર્થમાં અને સંજ્ઞાના વિષયમાં જ सरस्, अनस्, अश्मन् અને अयस् નામ જેના

અન્તમાં છે એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. તેથી परमं च तत्सरः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ કર્મધારયસમાસાદિ કાર્ય થવાથી परमसरः આવો પ્રયોગ થાય છે. અહીં જાતિ કે સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય થતો નથી. અર્થ-સુંદર સરોવર. ॥૧૧૫॥

अह्नः ७।३।११६॥

अहन् નામ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ] પ્રત્યય થાય છે. परमं च तदहः આ અર્થમાં परम નામને अहन् નામની સાથે 'विशेष० ३-१-९६' થી કર્મધારય તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય. 'नोऽपद० ७-૪-૬૧' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી परमाहः આવો પ્રયોગ થાય છે. અર્થ—સારો દિવસ. ॥૧૧૬॥

सङ्ख्यातादह्नश्च वा ७।३।११७॥

सङ्ख्यात નામથી પરમાં રહેલ अहन् નામ જેના અન્તમાં છે એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अट् [अ]પ્રત્યય થાય છે અને ત્યારે अहन् નામને अह्न् આદેશ વિકલ્પથી થાય છે. संख्यातमहः આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अट् પ્રત્યય અને अहन् ને अह्न् આદેશ વગેરે કાર્ય થવાથી सङ्ख्याताह्नः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં अहन् ને આ સૂત્રથી अह्न् આદેશ ન થાય ત્યારે 'नोऽपद० ७-૪-૬૧' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી सङ्ख्याताहः આવો પ્રયોગ થાય છે. અર્થ—ગણેલો દિવસ. ॥૧૧૭॥

## सर्वांश-सङ्ख्याऽव्ययात् ७।३।११८॥

सर्व શબ્દ, અંશાર્થક શબ્દ, સઙ્ખ્યાવાચક શબ્દ અને અવ્યયથી પરમાં રહેલો अहन् શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષ સમાસને अट् [अ] સમાસાન્ત પ્રત્યય થાય છે; અને ત્યારે अहन् નામને अह्न् આદેશ [નિત્ય] થાય છે. सर्वमहः આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયતત્પુરુષસમાસ. अह्नः पूर्वः આ અર્થમાં 'सायाह्ना० ३-१-५३' થી અંશિતત્પુરુષ સમાસ. द्वयोरह्नो भवः આ અર્થમાં તદ્ધિત પ્રત્યયના વિષયમાં 'सङ्ख्या० ३-१-९९' થી દ્વિગુતત્પુરુષસમાસ. 'भवे ६-३-१२३' થી अण् [अ] પ્રત્યય, 'अनाम्न्य० ६-४-१४१' થી अण् નો લોપ. अहरतिक्रान्ता આ અર્થમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષસમાસ. सर्वाहन्, पूर्वाहन्, द्व्यहन् અને अत्यहन् નામને આ સૂત્રથી સમાસાન્ત अट् [अ] પ્રત્યય; તથા अहन् ને अह्न् આદેશ. अत्यह्न નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી सर्वाह्णः, पूर्वाह्णः, द्व्यह्नः पटः અને अत्यह्नी कथा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આખો દિવસ. દિવસનો પૂર્વભાગ. બે દિવસમાં થયેલું કપડું. દિવસનું ઉલ્લંઘન કરનારી કથા. ॥११८॥

## सङ्ख्यातैक-पुण्य-वर्षा-दीर्घाच्च रात्रेरत् ७।३।११९॥

संख्यात, एक, पुण्य, वर्षा, दीर्घ, सर्व, અંશવાચક શબ્દ, સંખ્યાવાચક શબ્દ અને અવ્યયથી પરમાં રહેલો रात्रि શબ્દ છે અન્તમાં જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. सङ्ख्याता रात्रिः; एका रात्रिः; पुण्या रात्रिः આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ. सङ्ख्याता, एका અને पुण्या નામને 'पुम्वत्० ३-२-५७' થી

પુંવદ્ભાવ [आप् ની નિવૃત્તિ] વગેરે કાર્ય થવાથી सङ्ख्यातरात्रः, एकरात्रः અને पुण्यरात्रः આવો પ્રયોગ થાય છે. वर्षाणां रात्रिः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्नाच्छेषे ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી वर्षारात्रः આવો પ્રયોગ થાય છે. दीर्घा चासौ रात्रिः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય અને दीर्घा નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી दीर्घरात्रः આવો પ્રયોગ થાય છે. सर्वा चासौ रात्रिः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् [अ] પ્રત્યય અને सर्वा નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી सर्वरात्रः આવો પ્રયોગ થાય છે. रात्रेः पूर्वम् આ વિગ્રહમાં 'पूर्वाऽपरा० ३-१-५२' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पूर्वरात्रः આવો પ્રયોગ થાય છે. द्वयो रात्र्यो र्भवः અને तिसृषु रात्रिषु भवः આ અર્થમાં તદ્ધિત પ્રત્યયના વિષયમાં 'सङ्ख्या समाहा० ३-१-९९' થી દ્વિગુતત્પુરુષસમાસ. 'भवे ६-३-१२१' થી अण् [अ] પ્રત્યય. 'अनाम्न्य० ६-४-१४१' થી अण् નો લોપ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विरात्रः અને त्रिरात्रः આવો પ્રયોગ થાય છે. रात्रिमतिक्रान्तः આ અર્થમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી अत् સમાસાન્ત પ્રત્યય વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अतिरात्रः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સંખ્યાત રાત. એક રાત. પવિત્ર રાત. વર્ષાઋતુની રાત. લામ્બી રાત. આખી રાત. રાતનો પૂર્વભાગ. બે રાતમાં થયેલો. ત્રણ રાતમાં થયેલો. રાત્રીને વિતાવનાર. ॥११९॥

पुरुषायुष-द्विस्ताव-त्रिस्तावम् ७।३।१२०॥

पुरुषायुष, द्विस्ताव અને त्रिस्ताव આ તત્પુરુષસમાસોનું अत्

પ્રત્યયાન્તરૂપે નિપાતન કરાય છે. पुरुषस्यायुः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्० ३-१-७६' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી अत् [अ] સમાસાન્ત પ્રત્યય વગેરે કાર્ય થવાથી पुरुषायुषम् આવો પ્રયોગ થાય છે. અર્થ–પુરુષનું આયુષ્ય. द्विस्तावती અને त्रिस्तावती આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયતત્પુરુષસમાસ; આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય તેમ જ अती નો લોપ. 'आप् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विस्तावा અને त्रिस्तावा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યજ્ઞવિશેષમાં બેગણી વેદિ. યજ્ઞવિશેષમાં ત્રણગણી વેદિ. ||૧૨૦||

श्वसो वसीयसः ७।३।१२१||

श्वस् નામથી પરમાં રહેલો वसीयस् શબ્દ જેના અન્તમાં છે– એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अत् [अ] પ્રત્યય થાય છે. शोभनं वसीयः આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારય તત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય..વગેરે કાર્ય થવાથી श्वोवसीयसम् આવો પ્રયોગ થાય છે. અર્થ–કલ્યાણ. ||૧૨૧||

निसश्च श्रेयसः ७।३।१२२||

निस् અને श्वस् નામથી પરમાં રહેલો श्रेयस् શબ્દ જેના અન્તમાં છે એવા તત્પુરુષસમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે. निश्चितं श्रेयः અને शोभनं श्रेयः આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારયતત્પુરુષસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अत् પ્રત્યય...વગેરે કાર્ય થવાથી निःश्रेयसम् અને श्वःश्रेयसम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મોક્ષ. સારું કલ્યાણ. ||૧૨૨||

## नञव्ययात् सङ्ख्याया डः ७।३।१२३॥

नञ् [न] અને અવ્યયથી પરમાં રહેલો સઙ્ખ્યાવાચક શબ્દ અન્તમાં છે જેના એવા તત્પુરુષસમાસને સમાસાન્ત ड [अ] પ્રત્યય થાય છે. न दश આ વિગ્રહમાં 'नञ् ३-१-५१' થી તત્પુરુષસમાસ. निर्गतस्त्रिंशतः આ વિગ્રહમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષસમાસ. अदशन् અને निस्त्रिंशत् નામને આ સૂત્રથી સમાસાન્ત ड [अ] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अन् તથા अत् નો લોપ વગેરે કાર્ય થવાથી अदशाः અને निस्त्रिंशः खड्गः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દશથી ન્યૂન. તલવાર. અવ્યયના ગ્રહણથી જ नञ् નું ગ્રહણ સિદ્ધ હોવા છતાં 'नञ्तत्पु० ७-३-७१' થી પ્રાપ્ત પ્રતિષેધના બાધ માટે नञ् નું પૃથગ્ ઉપાદાન છે. ॥१२३॥

## सङ्ख्याऽव्ययादङ्गुलेः ७।३।१२४॥

સઙ્ખ્યાવાચક નામ અને અવ્યયથી પરમાં રહેલો अङ्गुलि શબ્દ જેના અન્તમાં છે એવા તત્પુરુષસમાસને સમાસાન્ત ड [अ] પ્રત્યય થાય છે. द्वयोरङ्गुल्योः समाहारः આ અર્થમાં 'सङ्ख्या० ३-१-९९' થી દ્વિગુતત્પુરુષસમાસ. અને अङ्गुलिभ्यो निर्गतम् આ અર્થમાં 'प्रात्यव० ३-१-४७' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી द्व्यङ्गुलि અને निरङ्गुलि નામને સમાસાન્ત ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી द्व्यङ्गुलम् અને निरङ्गुलम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે આંગળીઓનો સમુદાય. આંગળીઓથી નીકળેલું. ॥१२४॥

## बहुव्रीहेः काष्ठे टः ७।३।१२५॥

अङ्गुलि નામ જેના અંતમાં છે એવા કાષ્ઠાર્થક બહુવ્રીહિ સમાસને સમાસાન્ત ट [अ] પ્રત્યય થાય છે. द्वे अङ्गुली यस्य આ અર્થમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી द्व्यङ्गुलि નામને સમાસાન્ત ट [अ] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી द्व्यङ्गुलम् काष्ठम् આવો પ્રયોગ થાય છે. અર્થ–બે આંગળી જેવા અવયવોથી યુક્ત લાકડું– જે કાંટા વગેરેના વિક્ષેપ માટે વપરાય છે. काष्ठ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अङ्गुलि નામ જેના અન્તમાં છે એવા કાષ્ઠાર્થક જ બહુવ્રીહિસમાસને સમાસાન્ત ट પ્રત્યય થાય છે. તેથી पञ्चाऽङ्गुलयो यस्मिन् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી पञ्चाङ्गुलि र्हस्तः આવો પ્રયોગ થાય છે. અર્થ–પાંચ આંગળીવાળો હાથ. અહીં બહુવ્રીહિસમાસ કાષ્ઠાર્થક ન હોવાથી સમાસાન્ત ट પ્રત્યય આ સૂત્રથી થતો નથી. ॥૧૨૫॥

## सक्थ्यक्ष्णः स्वाङ्गे ७।३।१२६॥

સ્વાઙ્ગવાચક सक्थि અને अक्षि શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત ट [अ] પ્રત્યય થાય છે. दीर्घे सक्थिनी यस्याः અને शोभने अक्षिणी यस्याः આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. दीर्घसक्थि અને स्वक्षि નામને આ સૂત્રથી સમાસાન્ત ट પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ. 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી दीर्घसक्थी અને स्वक्षी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દીર્ઘ જંઘાવાળી સ્ત્રી. સુંદર આંખોવાળી સ્ત્રી. स्वाङ्ग इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्वाङ्ग વાચક જ सक्थि અને अक्षि નામ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત

ट પ્રત્યય થાય છે. તેથી दीर्घं सक्थि यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ વગેરે કાર્ય થવાથી दीर्घसक्थि अनः આવો પ્રયોગ થાય છે. અર્થ-લાંબી ધુરાવાળી ગાડી. અહીં सक्थि નામ સ્વાઙ્ગવાચક ન હોવાથી તદન્ત બહુવ્રીહિસમાસને આ સૂત્રથી ट પ્રત્યય થતો નથી. ॥૧૨૬॥

## द्वित्रेर्मूर्ध्नो वा ७।३।१२७॥

द्वि અને त्रि નામથી પરમાં રહેલ मूर्धन् નામ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને વિકલ્પથી સમાસાન્ત ट પ્રત્યય થાય છે. द्वौ मूर्धानौ यस्य અને त्रयो मूर्धानो यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત ट [अ] પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી द्विमूर्धः અને त्रिमूर्धः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ट પ્રત્યય ન થાય ત્યારે द्विमूर्धा અને त्रिमूर्धा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે માથાવાળો. ત્રણ માથાવાળો. ॥૧૨૭॥

## प्रमाणी-सङ्ख्याड्डः ७।३।१२८॥

प्रमाणी નામ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને તેમ જ સઙ્ખ્યાવાચક નામ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત ड [अ] પ્રત્યય થાય છે. स्त्री प्रमाणी येषाम् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. અને द्वौ वा त्रयो वा આ વિગ્રહમાં 'सुज् वार्थे० ३-१-१९' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય ई અને इ નો લોપ વગેરે કાર્ય થવાથી स्त्रीप्रमाणाः कुटुम्बिनः અને द्वित्राः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્ત્રી ઉપર નિર્ભર કુટુમ્બીઓ. બે અથવા ત્રણ. ॥૧૨૮॥

## सुप्रात-सुश्व-सुदिव-शारिकुक्ष-चतुरश्रैणीपदाऽजपद-प्रोष्ठपद-भद्रपदम् ७।३।१२९॥

सुप्रात, सुश्व, सुदिव, शारिकुक्ष, चतुरश्र [स्र], एणीपद, अजपद, प्रोष्ठपद અને भद्रपद– આ ड [अ] પ્રત્યયાન્ત બહુવ્રીહિસમાસોનું નિપાતન કરાય છે. शोभनं कर्म प्रातरस्य, शोभनं कर्म श्वोऽस्य, शोभनं कर्म दिवाऽस्य, शारेरिव कुक्षिरस्य, चतस्रोऽश्रयोऽस्य; एण्या इव पादावस्य, अजस्येव पादावस्य, प्रोष्ठस्य [प्रोष्ठो गौस्तस्य] इव पादावस्य આ વિગ્રહમાં 'उष्ट्रमु० ३-१-२३' થી બહુવ્રીહિસમાસ. તેમ જ भद्रौ पादावस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત ड પ્રત્યય. पाद ને पद् આદેશ. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્યસ્વરાદિનો લોપ વગેરે કાર્ય થવાથી सुप्रातो ना, सुश्वः, सुदिवः, शारिकुक्षः, चतुरश्रः [स्रः]; एणीपदः, अजपदः, प्रोष्ठपदः અને भद्रपदः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સવારે સારું કરનાર. આવતી કાલે સારું કરનાર. દિવસે સારું કરનાર. મેના જેવું પેટવાળો. ચાર ખૂણાવાળો. હરિણી જેવા પગવાળો. બકરા જેવા પગવાળો. બળદ જેવા પગવાળો. સારા પગવાળો. ॥१२९॥

## पूरणीभ्यस्तत्प्राधान्येऽप् ७।३।१३०॥

પૂરણપ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામ જેના અન્તમાં છે–એવા બહુવ્રીહિસમાસને સમાસાર્થ પૂરણપ્રત્યયાન્ત પદાર્થ હોય તો अप् સમાસાન્ત પ્રત્યય થાય છે. कल्याणी पञ्चमी रात्रिर्यासां रात्रीणाम् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अप् [अ] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ. कल्याणीपञ्चम નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી कल्याणीपञ्चमा रात्रयः આવો પ્રયોગ થાય છે. અહીં બહુવ્રીહિ સમાસાર્થ રાત્રિ છે અને એમાં પાંચમી રાત પણ પ્રવિષ્ટ છે. તેથી પૂરણપ્રત્યયાન્ત પદાર્થ પણ સમાસાર્થ છે. અર્થ–

કલ્યાણયુક્ત પાંચમી રાત છે જેમાં એવી રાત્રિઓ. तत्प्राधान्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂરણપ્રત્યયાન્ત પદાર્થનું પ્રાધાન્ય હોય તો જ; પૂરણપ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને अप् સમાસાન્ત પ્રત્યય થાય છે. તેથી कल्याणी पञ्चमी यत्र पक्षे આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ. 'ऋन्नित्यदितः ૭-૩-૧૭૧' થી સમાસાન્ત कच् [क] પ્રત્યય. 'परतः० ३-२-४९' થી कल्याणी નામને પુંવદ્ભાવ [ङी ની નિવૃત્તિ વગેરે]...વગેરે કાર્ય થવાથી कल्याणपञ्चमीकः पक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ-કલ્યાણયુક્ત પાંચમી રાત છે જેમાં એવો પક્ષ. અહીં સમાસાર્થ પક્ષ પ્રધાન છે. પૂરણપ્રત્યયાન્ત પદાર્થ રાત્રિ અર્થ પ્રધાન નથી. તેથી આ સૂત્રથી સમાસાન્ત अप् પ્રત્યય થતો નથી. कल्याणीपञ्चमा रात्रयः અહીં कल्याणी નામને 'नाप्० ३-२-५३' થી પુંવદ્ભાવનો નિષેધ હોવાથી ઉપર જણાવ્યા મુજબ પુંવદ્ભાવ થતો નથી. [સૂત્રમાં पूरणीभ्यः આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ હોવાથી 'ऋन्नि० ૭-૩-૧૭૧' આ પરસૂત્રથી कच् પ્રત્યય થતો નથી.] ॥૧૩૦॥

नञ्-सु-व्युप-त्रेश्चतुरः ७।३।१३१॥

नञ्, सु, वि, उप અને त्रि નામથી પરમાં રહેલ चतुर् નામ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अप् પ્રત્યય થાય છે. अविद्यमानानि चत्वारि यस्य; शोभनानि चत्वारि यस्य; विगतानि चत्वारि यस्य; समीपे चत्वारो येषाम् અને त्रयो वा चत्वारो वा આ અર્થમાં અનુક્રમે नञ्, सु અને वि નામને चतुर् નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. उप નામને चतुर् નામની સાથે 'अव्ययम् ३-१-२१' થી તેમ જ त्रि નામને चतुर् નામની સાથે 'सुज् वार्थे० ३-१-१९' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अप् [अ] પ્રત્યય...વગેરે કાર્ય થવાથી अचतुरः, सुचतुरः, विचतुरः, उपचतुरः અને त्रिचतुरः આવો પ્રયોગ થાય છે.

અર્થ ક્રમશઃ—ચારથી રહિત. સારી ચાર વસ્તુઓવાળો. ચારથી રહિતઃ ચાર જેની સમીપમાં છે, તે. ત્રણ અથવા ચાર. ॥૧૩૧॥

## अन्तर्बहिर्भ्यां लोम्नः ७।३।१३२॥

अन्तर् અને बहिस् શબ્દથી પરમાં રહેલો लोमन् શબ્દ છે અંતમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अप् [अ] પ્રત્યય થાય છે. अन्तर्लोमानि यस्य અને बहिर्लोमानि यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अप् પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી अन्तर्लोमः અને बहिर्लोमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જેની અંદર લોમ રહે છે તે. જેની બહાર લોમ રહે છે તે-ઉત્તરીય વસ્ત્ર. ॥૧૩૨॥

## भान्नेतुः ७।३।१३३॥

નક્ષત્રવાચક નામની પરમાં રહેલો नेतृ શબ્દ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अप् પ્રત્યય થાય છે. मृगो नेता अस्याः આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अप् પ્રત્યય. मृगनेत्र નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી मृगनेत्रा આવો પ્રયોગ થાય છે. અર્થ-મૃગશીર્ષ નક્ષત્ર, જેનો સ્વામી છે—એવી રાત. ॥૧૩૩॥

## नाभेर्नाम्नि ७।३।१३४॥

સંજ્ઞાના વિષયમાં; नाभि નામ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अप् પ્રત્યય થાય છે. पद्मं नाभौ यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखा० ३-१-२३' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अप् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ

નો લોપ... વગેરે કાર્ય થવાથી पद्मनाभः આવો પ્રયોગ થાય છે. અર્થ–વિષ્ણુ. नाम्नीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ નાભ્યન્ત બહુવ્રીહિસમાસને સમાસાન્ત अप् [अ] પ્રત્યય થાય છે. તેથી विकसितं वारिजं नाभौ यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ..વગેરે કાર્ય થવાથી विकसितवारिजनाभिः આવો પ્રયોગ થાય છે. અર્થ-વિકસિત કમલ જેમની નાભિમાં છે તે વિષ્ણુ. અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अप् [अ] પ્રત્યય થતો નથી. ॥૧૩૪॥

## नञ्-बहो र्ऋचो माणव–चरणे ७।३।१३५॥

नञ् થી પરમાં રહેલો ऋक् શબ્દ જેના અંતમાં છે-એવા બહુવ્રીહિસમાસને માણવ અર્થમાં– અને बहु શબ્દથી પરમાં રહેલો ऋक् શબ્દ જેના અંતમાં છે–એવા બહુવ્રીહિસમાસને चरण અર્થમાં સમાસાન્ત अप् [अ] પ્રત્યય થાય છે. न विद्यन्ते ऋचो यस्य અને बहव ऋचोऽस्य આ અર્થમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अप् પ્રત્યય...વગેરે કાર્ય થવાથી अनृचो माणवः અને बह्वृचश्चरणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જેને ઋચા ભણાવી નથી એવો બાલ. ઘણી ઋચાથી યુક્ત ચરણ. [વેદની શાખાવિશેષ.] माणव-चरणं इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ माणव અને चरण અર્થમાં જ અનુક્રમે नञ् અને बहु શબ્દથી પરમાં રહેલો ऋक् શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अप् પ્રત્યય થાય છે. તેથી न विद्यते ऋग् यस्य અને बहव ऋचो यत्र આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ. 'शेषाद् वा ७-३-१७५' થી સમાસાન્ત कच् પ્રત્યય...વગેરે કાર્ય થવાથી अनृक्कं साम અને बह्वृक्कं सूक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઋચાથી રહિત સામ. ઘણી ઋચાઓથી યુક્ત સૂક્ત નામનો ગ્રન્થ. અહીં અનુક્રમે માણવ

અને ચરણ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अप् પ્રત્યય થતો નથી. 'ऋक्० ૭-૩-૭૬' થી વિહિત अत् પ્રત્યયથી પણ अनृचो माणवः અને बह्वृचश्चरणः આવો પ્રયોગ સિદ્ધ હોવા છતાં આ સૂત્ર નિયમ માટે છે. તેથી अनृक्कं साम...ઈત્યાદિ પ્રયોગોમાં 'ऋक्० ૭-૩-૭૬' થી अत् સમાસાન્ત પ્રત્યય થતો નથી. नञ् અને बहु નામથી પરમાં રહેલો જે ऋक् શબ્દ, તેનાથી ભિન્ન ऋक् શબ્દ છે અંતમાં જેના એવા સમાસને સમાસાન્ત अत् પ્રત્યય થાય છે...ઈત્યાદિ અર્થ; 'ऋक्० ૭-૩-૭૬' નો સંકુચિત છે. ॥૧૩૫॥

## नञ्-सु-दुर्भ्यः सक्ति-सक्थि-हले र्वा ७।३।१३६॥

नञ्, सु અને दुर् શબ્દથી પરમાં રહેલો सक्ति, सक्थि કે हलि શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને વિકલ્પથી સમાસાન્ત अप् [अ] પ્રત્યય થાય છે. न विद्यते सक्तिर्यस्य, शोभना सक्तिर्यस्य અને दुष्टा सक्तिर्यस्य આ વિગ્રહમાં नञ्, सु અને दुर् નામને सक्ति નામની સાથે 'एकार्थं० ૩-૧-૨૨' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अप् [अ] પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ...વગેરે કાર્ય થવાથી असक्तः, सुसक्तः અને दुःसक्तः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સમાસાન્ત अप् પ્રત્યય ન થાય ત્યારે असक्तिः, सुसक्तिः, અને दुःसक्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રવૃત્તિરહિત. સારી પ્રવૃત્તિવાળો. દુષ્ટપ્રવૃત્તિવાળો. આવી જ રીતે न विद्यते सक्थि यस्य અને न विद्यते हलि र्यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસાદિ કાર્ય થવાથી असक्थः, असक्थिः અને अहलः, अहलिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જંઘારહિત. હળથી રહિત. ॥૧૩૬॥

## प्रजाया अस् ७।३।१३७॥

नञ्, सु અને दुर् શબ્દથી પરમાં રહેલો प्रजा શબ્દ છે અંતમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अस् પ્રત્યય થાય છે. अविद्यमानाः प्रजा अस्य; शोभनाः प्रजा अस्य અને दुष्टाः प्रजा अस्य આ વિગ્રહમાં नञ्, सु અને दुर् નામને प्रजा નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अस् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી अप्रजाः, सुप्रजाः અને दुष्प्रजाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રજાહીન. સારી પ્રજાવાળો. દુષ્ટ પ્રજાવાળો. ॥१३७॥

## मन्दाऽल्पाच्च मेधायाः ७।३।१३८॥

मन्द, अल्प, नञ्, सु અને दुर् શબ્દથી પરમાં રહેલો मेधा શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अस् પ્રત્યય થાય છે. मन्दा, अल्पा, नास्ति, शोभना, दुष्टा वा मेधाऽस्य આ વિગ્રહમાં मन्दा, अल्पा, नञ्, सु અને दुर् નામને मेधा નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अस् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ. 'परतः ३-२-४९' થી मन्दा અને अल्पा નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી मन्दमेधाः, अल्पमेधाः, अमेधाः, सुमेधाः અને दुर्मेधा ना આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– મન્દબુદ્ધિવાળો. અલ્પબુદ્ધિવાળો. બુદ્ધિહીન. સારી બુદ્ધિવાળો. દુષ્ટબુદ્ધિવાળો. ॥१३८॥

## जातेरीयः सामान्यवति ७।३।१३९॥

जाति નામ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિસમાસને, સમાસાર્થ તદ્જાત્યાશ્રય હોય તો સમાસાન્ત ईय પ્રત્યય થાય છે. ब्राह्मणो जातिर्यस्य [અહીં ब्राह्मण પદથી તસ્થજાતિ વિવક્ષિત છે.]

આ વિગ્રહમાં 'एकार्थ० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી ब्राह्मणजातीयः આવો પ્રયોગ થાય છે. અર્થ–બ્રાહ્મણત્વજાતિનો આશ્રય-બ્રાહ્મણ. सामान्यवतीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિશબ્દાન્ત બહુવ્રીહિસમાસને, સમાસાર્થ તદ્જાત્યાશ્રય હોય તો જ સમાસાન્ત ईय પ્રત્યય થાય છે. તેથી बहवो जातयोऽस्मिन् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ વગેરે કાર્ય થવાથી बहुजातिर्ग्रामः આવો પ્રયોગ થાય છે. અર્થ–ઘણી જાતિઓ છે જેમાં એવું ગામ. અહીં સમાસાર્થ ગામ જાત્યાશ્રય ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત ईय પ્રત્યય થતો નથી. ॥૧૩૯॥

### भृतिप्रत्ययान्मासादिकः ७।३।१४०॥

ભૃત્યર્થમાં વિહિત પ્રત્યયાન્ત શબ્દથી પરમાં રહેલો मास શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત इक પ્રત્યય થાય છે. पञ्च भृतिरस्य આ અર્થમાં पञ्चन् નામને 'सोऽस्य० ६-४-१६८' થી 'सङ्ख्या० ६-४-१३०' ની સહાયથી क પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पञ्चक નામને पञ्चको मासोऽस्य આ અર્થમાં 'एकार्थं० ३-१-२२' થી मास નામની સાથે બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चकमासिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-માસિક પાંચ રૂપિયા પગાર છે જેનો તે. मासादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભૃત્યર્થમાં વિહિત પ્રત્યયાન્ત શબ્દથી પરમાં રહેલો मास શબ્દ જ જેના અંતમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત इक પ્રત્યય થાય છે. તેથી पञ्चको दिवसोऽस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ વગેરે કાર્ય થવાથી पञ्चकदिवसकः આવો પ્રયોગ થાય છે. અહીં मास નામ અન્તમાં ન હોવાથી આ સૂત્રથી

સમાસાન્ત इक પ્રત્યય થતો નથી. પરન્તુ 'शेषाद् वा ७-३-१७५' થી कच् [क] સમાસાન્ત પ્રત્યય થાય છે. અર્થ-પાંચ રૂપિયા, દિવસના પગારવાળો. ॥૧૪૦॥

## द्विपदाद् धर्मादन् ७।३।१४१॥

धर्म શબ્દ જેના અન્તમાં છે એવા દ્વિપદ [બે પદવાળા] બહુવ્રીહિસમાસને अन् સમાસાન્ત પ્રત્યય થાય છે. साधूनाम् इव धर्मो यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ३-१-२३' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત अन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી साधुधर्मा આવો પ્રયોગ થાય છે. અર્થ–સાધુના ધર્મ જેવો ધર્મ છે જેનો તે. द्विपदादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धर्म નામ જેના અન્તમાં છે એવા દ્વિપદ જ બહુવ્રીહિસમાસને સમાસાન્ત अन् પ્રત્યય થાય છે. તેથી परमः स्वो धर्मो यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી ત્રિપદ બહુવ્રીહિસમાસ વગેરે કાર્ય થવાથી परमस्वधर्मः આવો પ્રયોગ થાય છે. અર્થ–સારો પોતાનો ધર્મ છે જેનો તે.અહીં ત્રિપદ બહુવ્રીહિસમાસ હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अन् પ્રત્યય થયો નથી. ॥૧૪૧॥

## सु–हरित-तृण–सोमाज्जम्भात् ७।३।१४२॥

सु, हरित, तृण અને सोम નામથી પરમાં રહેલો जम्भ શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત अन् પ્રત્યય થાય છે. शोभनो जम्भो यस्य; हरितो जम्भो यस्य, तृणं जम्भो यस्य અને सोमो जम्भो यस्य આ વિગ્રહમાં सु, हरित, तृण અને सोम નામને जम्भ નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત अन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सुजम्भा, हरितजम्भा, तृणजम्भा અને

सोमजम्भा ના આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારા ભોજનવાળો માણસ. લીલા ભોજનવાળો માણસ. ઘાસના ભોજનવાળો માણસ. સોમરસના ભોજનવાળો માણસ. ॥૧૪૨॥

### दक्षिणेर्मा व्याधयोगे ७।३।१४३॥

શિકારીનો સંબન્ધ અર્થ ગમ્યમાન હોય તો સમાસાન્ત अन् પ્રત્યયાન્ત दक्षिणेर्मन् આ બહુવ્રીહિસમાસનું નિપાતન કરાય છે. दक्षिणमङ्गमीर्ममस्य અથવા दक्षिणे ईर्ममस्य આ વિગ્રહમાં 'एकार्थं चा० ३-१-२२' થી અથવા 'उष्ट्रमु० ३-१-२३' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી अन् સમાસાન્ત પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી दक्षिणेर्मा मृगः આવો પ્રયોગ થાય છે. અર્થ-વીંધવાની ઈચ્છાવાળા શિકારીના જમણા ભાગને બહુ કરીને વ્યધનને અનુકૂળ રહેલો મૃગ અથવા જેના જમણા ભાગમાં શિકારી દ્વારા ઘા કરાયો છે તે મૃગ. व्याधयोग इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યાધયોગ અર્થ ગમ્યમાન હોય તો જ अन् પ્રત્યયાન્ત दक्षिणेर्मन् આ બહુવ્રીહિસમાસનું નિપાતન કરાય છે. તેથી दक्षिणे ईर्ममस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ વગેરે કાર્ય થવાથી दक्षिणेर्मः पशुः આવો પ્રયોગ થાય છે. અર્થ-જમણા અંગમાં વ્રણવાળો પશુ. અહીં શિકારીનો સંબન્ધ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી સમાસાન્ત अन् પ્રત્યય થતો નથી. ॥૧૪૩॥

### सु-पूत्युत्-सुरभे र्गन्धादिद् गुणे ७।३।१४४॥

सु, पूति, उद् અને सुरभि નામથી પરમાં રહેલો ગુણવાચક गन्ध શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને इत् [इ] સમાસાન્ત પ્રત્યય થાય છે. शोभनो गन्धोऽस्य; पूति गन्धोऽस्य, उत्कृष्टो गन्धोऽस्य અને सुरभि र्गन्धोऽस्य આ વિગ્રહમાં અનુક્રમે सु,

पूति, उद् અને सुरभि નામને गन्ध નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત इत् [इ] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सुगन्धि, पूतिगन्धि, उद्गन्धि અને सुरभिगन्धि द्रव्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સુગન્ધિ દ્રવ્ય. ખરાબ કોવાઈ ગયેલા ગન્ધવાળું દ્રવ્ય. ઉત્કટગન્ધવાળું દ્રવ્ય. સારા ગંધવાળું દ્રવ્ય. गुण इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सु, पूति, उद् અને सुरभि નામથી પરમાં રહેલો ગુણવાચક જ गन्ध શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને इत् સમાસાન્ત પ્રત્યય થાય છે. તેથી शोभना गन्धा अस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ વગેરે કાર્ય થવાથી सुगन्ध आपणिकः આવો પ્રયોગ થાય છે. અર્થ– સારા સુગન્ધી દ્રવ્યો છે જેના એવો વ્યાપારી. અહીં गन्ध નામ ગન્ધવદ્ દ્રવ્યાર્થક હોવાથી તદન્ત બહુવ્રીહિસમાસને આ સૂત્રથી સમાસાન્ત इत् પ્રત્યય થતો નથી. ॥૧૪૪॥

## वाऽऽगन्तौ ७।३।१४५॥

सु, पूति, उद् અને सुरभि નામથી પરમાં રહેલો આહાર્ય ગુણાર્થક गन्ध શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને વિકલ્પથી સમાસાન્ત इत् પ્રત્યય થાય છે. शोभनो गन्धोऽस्य, पूतिर्गन्धोऽस्य, उत्कृष्टो गन्धोऽस्य અને सुरभिर्गन्धोऽस्य આ વિગ્રહમાં सु, पूति, उद् અને सुरभि નામને गन्ध નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત इत् [इ] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सुगन्धिः कायः, पूतिगन्धिः, उद्गन्धिः અને सुरभिगन्धिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इत् સમાસાન્ત પ્રત્યય ન થાય ત્યારે सुगन्धः कायः, पूतिगन्धः, उद्गन्धः અને सुरभिगन्धः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારા ગન્ધવાળું

શરીર. કોવાઈ ગયેલા ગન્ધવાળું શરીર. ઉત્કટગન્ધવાળું શરીર. સુગન્ધી શરીર. જે ગુણ જેનો નથી તે ગુણ તેમાં આહાર્ય મનાય છે. ગન્ધ ગુણ પૃથ્વીનો છે. શરીર પાંચ ભૂતોનો સમુદાય છે. તેમાં ગન્ધ આહાર્ય ગુણ છે. ॥૧૪૫॥

**વાऽल्पे ૭।૩।૧૪૬॥**

અલ્પાર્થક गन्ध નામ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિ સમાસને સમાસાન્ત इत् પ્રત્યય વિકલ્પથી થાય છે. सूपस्य गन्धो मात्राऽस्मिन् આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ૩-૧-૨૩' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત इत् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सूपगन्धि भोजनम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इत् [इ] પ્રત્યય ન થાય ત્યારે सूपगन्धं भोजनम् આવો પ્રયોગ થાય છે. અર્થ–અલ્પ દાળવાળું ભોજન. ॥૧૪૬॥

**वोपमानात् ૭।૩।૧૪૭॥**

ઉપમાનવાચક નામથી પરમાં રહેલો गन्ध શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત इत् [इ] પ્રત્યય વિકલ્પથી થાય છે. उत्पलस्येव गन्धो यस्य આ વિગ્રહમાં 'उष्ट्र० ૩-૧-૨૩' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી સમાસાન્ત इत् [इ] પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી उत्पलगन्धि मुखम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સમાસાન્ત इत् પ્રત્યય ન થાય ત્યારે उत्पलगन्धम् मुखम् આવો પ્રયોગ થાય છે. અર્થ-કમલ જેવા ગંધવાળું મુખ. ॥૧૪૭॥

**पात् पादस्याऽहस्त्यादेः ૭।૩।૧૪૮॥**

हस्त्यादि ગણપાઠમાંનાં हस्तिन् વગેરે નામને છોડીને અન્ય

ઉપમાનવાચક નામથી પરમાં રહેલો पाद શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસમાં पाद શબ્દને पाद् આદેશ થાય છે. व्याघ्रस्येव पादावस्य આ વિગ્રહમાં 'उष्ट्र० ३-१-२३' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી पाद નામને पाद् આદેશ વગેરે કાર્ય થવાથી व्याघ्रपाद् આવો પ્રયોગ થાય છે. અર્થ–વાઘના જેવા પગવાળો. अहस्त्यादेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ हस्त्यादि ગણપાઠમાંનાં हस्तिन् વગેરે નામને છોડીને જ અન્ય ઉપમાનવાચક નામથી પરમાં રહેલો पाद શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસમાં पाद નામને पाद् આદેશ થાય છે. તેથી हस्तिन इव पादावस्य અને अश्वस्येव पादावस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસાદિ કાર્ય થવાથી हस्तिपादः અને अश्वपादः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હાથીના જેવા પગવાળો. ઘોડાના જેવા પગવાળો. ॥૧૪૮॥

## कुम्भपद्यादिः ७।३।१४९॥

પાદ શબ્દને કરેલો पाद् આદેશ જેના અન્તમાં છે એવા ङी પ્રત્યયાન્ત कुम्भपदी વગેરે બહુવ્રીહિસમાસનું નિપાતન કરાય છે. कुम्भाविव पादावस्याः અને जालमिव पादावस्याः આ વિગ્રહમાં 'उष्ट्रमु० ३-१-२३' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી पाद નામને पाद् આદેશ; તેમ જ ङी પ્રત્યય. 'य-स्वरे० २-१-१०२' થી पाद् ને पद् આદેશ વગેરે કાર્ય થવાથી कुम्भपदी અને जालपदी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઘડાના જેવા પગવાળી. જાળના જેવા પગવાળી. ॥૧૪૯॥

## सु-संख्यात् ७।३।१५०॥

सु અને સંખ્યાવાચક નામથી પરમાં રહેલા पाद નામને બહુવ્રીહિસમાસમાં पाद् આદેશ થાય છે. शोभनौ पादावस्य અને द्वौ

पादावस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી पाद નામને पाद् આદેશ વગેરે કાર્ય થવાથી सुपाद् અને द्विपाद् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-સારા પગવાળો. બે પગવાળો. ॥૧૫૦॥

## वयसि दन्तस्य दतृः ७।३।१५१॥

सु અને સંખ્યાવાચક નામથી પરમાં રહેલા दन्त નામને બહુવ્રીહિસમાસમાં વય અર્થ ગમ્યમાન હોય તો दतृ [दत्] આદેશ થાય છે. शोभना दन्ता अस्य અને द्वौ दन्तावस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી दन्त નામને दतृ આદેશ...વગેરે કાર્ય થવાથી सुदन् कुमारः અને द्विदन् बालः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–સારા દાંતવાળો કુમાર. બે દાંતવાળો છ-સાત મહિનાનો બાળક. वयसीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વય અર્થ ગમ્યમાન હોય તો જ सु અને સંખ્યાવાચક નામથી પરમાં રહેલા दन्त નામને બહુવ્રીહિ સમાસમાં दतृ આદેશ થાય છે. તેથી शोभना दन्ता अस्य આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ વગેરે કાર્ય થવાથી सुदन्तः આવો પ્રયોગ થાય છે. અર્થ–સારા દાંતવાળો. અહીં વય અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી दतृ આદેશ થતો નથી. ॥૧૫૧॥

## स्त्रियां नाम्नि ७।३।१५२॥

સંજ્ઞાના વિષયમાં સ્ત્રીલિંગમાં બહુવ્રીહિસમાસના અન્તમાં રહેલા दन्त નામને दतृ આદેશ થાય છે. अय इव दन्ता अस्याः આ વિગ્રહમાં 'उष्ट्रमु० ३-१-२३' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી दन्त નામને दतृ [दत्] આદેશ. 'अधातू० २-४-२' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી अयोदती આવો પ્રયોગ થાય છે. અર્થ–અયોદતી

નામની સ્ત્રી. स्त्रियामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં સ્ત્રીલિંગમાં જ બહુવ્રીહિસમાસના અન્તમાં રહેલા दन्त નામને दतृ આદેશ થાય છે. તેથી वज्रमिव दन्तोऽस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસાદિ કાર્ય થવાથી वज्रदन्तः આવો પ્રયોગ થાય છે. અહીં પુલ્લિંગમાં दन्त નામને दतृ આદેશ થતો નથી. અર્થ-વજ્રદન્ત નામનો રાજા વગેરે. ॥૧૫૨॥

## श्यावाऽरोकाद् वा ७।३।१५३॥

श्याव અને अरोक શબ્દથી પરમાં રહેલા दन्त નામને, સંજ્ઞાનો વિષય હોય તો બહુવ્રીહિસમાસમાં વિકલ્પથી दतृ [दत्] આદેશ થાય છે. श्यावा दन्ता अस्य અને अरोका दन्ता अस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી दन्त નામને दतृ આદેશ વગેરે કાર્ય થવાથી श्यावदन् અને अरोकदन् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दतृ આદેશ ન થાય ત્યારે श्यावदन्तः અને अरोकदन्तः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- श्यावदन् નામનો માણસ. अरोकदन् નામનો માણસ. श्याव=કપિશવર્ણ. अरोक= નિશ્છિદ્ર. ॥૧૫૩॥

## वाऽग्रान्त-शुद्ध-शुभ्र-वृष-वराहाऽहि-मूषिक-शिखरात् ७।३।१५४॥

अग्र શબ્દ જેના અન્તમાં છે એવા નામથી પરમાં રહેલા, તેમ જ शुद्ध, शुभ्र, वृष, वराह, अहि, मूषिक અને शिखर નામથી પરમાં રહેલા दन्त નામને બહુવ્રીહિસમાસમાં વિકલ્પથી दतृ આદેશ થાય છે. कुड्मलाग्रमिव दन्ता अस्य, शुद्धा दन्ता अस्य, शुभ्रा दन्ता अस्य, वृषस्येव, वराहस्येव, अहेरिव, मूषिकस्येव, शिखरवद् वा दन्ता अस्य આ વિગ્રહમાં दन्त નામની સાથે शुद्ध અને शुभ्र નામને 'एकार्थं० ३-१-२२' થી અને कुड्मलाग्र, वृष, वराह, अहि,

मूषिक તેમ જ शिखर નામને 'उष्ट्रमु० ३-१-२३' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી दन्त નામને दतृ [दत्] આદેશ વગેરે કાર્ય થવાથી कुड्मलाग्रदन्, शुद्धदन्, शुभ्रदन्, वृषदन्, वराहदन्, अहिदन्, मूषिकदन् અને शिखरदन् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दन्त નામને दतृ આદેશ ન થાય ત્યારે कुड्मलाग्रदन्तः; शुद्धदन्तः; शुभ्रदन्तः; वृषदन्तः; वराहदन्तः; अहिदन्तः; मूषिकदन्तः અને शिखरदन्तः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કળીના અગ્રભાગ જેવા દાંતવાળો. શુદ્ધ દાંતવાળો. શુભ્ર દાંતવાળો. બળદ જેવા દાંતવાળો. ભૂંડ જેવા દાંતવાળો. સર્પ જેવા દાંતવાળો. ઉંદર અથવા ચોરના જેવા દાંતવાળો. શિખર જેવા [રક્ત-માણિક્ય જેવા] દાંતવાળો. ॥૧૫૪॥

### सं-प्राज्जानो ज्ञु-ज्ञौ ७।३।१५५॥

सम् અને प्र શબ્દથી પરમાં રહેલા जानु નામને બહુવ્રીહિ સમાસમાં ज्ञु તેમ જ ज्ञ આદેશ થાય છે. सङ्गते जानुनी अस्य અને प्रकृष्टे जानुनी अस्य આ વિગ્રહમાં जानु નામની સાથે सम् અને प्र ને 'एकार्थं० ३-१-२२'થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી जानु નામને ज्ञु અને ज्ञ આદેશ વગેરે કાર્ય થવાથી संज्ञुः અને संज्ञः તેમ જ प्रज्ञुः અને प्रज्ञः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સાથે મળેલા ઢીંચણવાળો. સારા ઢીંચણવાળો. ॥૧૫૫॥

### वोर्ध्वात् ७।३।१५६॥

ऊर्ध्व નામથી પરમાં રહેલા जानु નામને બહુવ્રીહિસમાસમાં ज्ञु અને ज्ञ આદેશ વિકલ્પથી થાય છે. ऊर्ध्वे जानुनी अस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી जानु નામને ज्ञु અને ज्ञ આદેશ વગેરે કાર્ય થવાથી ऊर्ध्वज्ञुः અને ऊर्ध्वज्ञः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ज्ञु અને

ज्ञ આદેશ ન થાય ત્યારે ऊर्ध्वजानुः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઊંચા ઢીંચણવાળો. ॥૧૫૬॥

## सुहृद्-दुर्हृन्मित्राऽमित्रे ७।३।१५७॥

બહુવ્રીહિસમાસમાં; મિત્ર અર્થ હોય તો सु નામથી પરમાં રહેલા हृदय નામને અને અમિત્ર અર્થ હોય તો दुर् નામથી પરમાં રહેલા हृदय નામને हृद् આદેશ થાય છે. शोभनं हृदयमस्य અને दुष्टं हृदयमस्य આ વિગ્રહમાં सु અને दुर् નામને हृदय નામની સાથે 'एकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી हृदय નામને हृद् આદેશ...વગેરે કાર્ય થવાથી सुहृन्मित्रम् અને दुर्हृदमित्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મિત્ર. અમિત્ર. मित्राऽमित्र इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ मित्र અને अमित्र અર્થ હોય તો જ બહુવ્રીહિસમાસમાં અનુક્રમે सु અને दुर् શબ્દથી પરમાં રહેલા हृदय નામને हृद् આદેશ થાય છે. તેથી शोभनं दुष्टं वा हृदयमस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસાદિ કાર્ય થવાથી सुहृदयो मुनिः અને दुर्हृदयो व्याधः આવો પ્રયોગ થાય છે. અહીં मित्र અને अमित्र અર્થ ન હોવાથી આ સૂત્રથી हृदय નામને हृद् આદેશ થતો નથી. અર્થ ક્રમશઃ- સારા હૃદયવાળા મુનિ. દુષ્ટ હૃદયવાળો શિકારી. ॥૧૫૭॥

## धनुषो धन्वन् ७।३।१५८॥

બહુવ્રીહિસમાસમાં અન્ત્ય धनुष् નામને धन्वन् આદેશ થાય છે. शार्ङ्गं धनुरस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી धनुष् નામને धन्वन् આદેશ વગેરે કાર્ય થવાથી शार्ङ्गधन्वा આવો પ્રયોગ થાય છે. અર્થ-શાર્ઙ્ગ ધનુષ્યવાળો. ॥૧૫૮॥

## वा नाम्नि ७।३।१५९॥

संज्ञाना विषयमां बहुव्रीहिसमासमां अन्त्य धनुष् नामने विकल्पथी धन्वन् आदेश थाय छे. पुष्पं धनुरस्य आ अर्थमां 'एकार्थं० ३-१-२२' थी बहुव्रीहिसमास. आ सूत्रथी धनुष् नामने धन्वन् आदेश...वगेरे कार्य थवाथी पुष्पधन्वा आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी धन्वन् आदेश न थाय त्यारे पुष्पधनुः आवो प्रयोग थाय छे. अर्थ–कामदेव. ॥१५९॥

## खरखुरान्नासिकाया नस् ७।३।१६०॥

बहुव्रीहिसमासमां खर अने खुर नामथी परमां रहेला नासिका नामने संज्ञाना विषयमां नस् आदेश थाय छे. खरस्येव नासिकाऽस्य अने खुर इव नासिकाऽस्य आ विग्रहमां 'उष्ट्रमु० ३-१-२३' थी बहुव्रीहिसमास. आ सूत्रथी नासिका ने नस् आदेश. 'पूर्वप० २-३-६४' थी न् ने ण् आदेश वगेरे कार्य थवाथी खरणाः अने खुरणाः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः-गधेडाना जेवा नाकवाळो माणसविशेष. चपटानाकवाळो माणसविशेष. ॥१६०॥

## अस्थूलाच्च नसः ७।३।१६१॥

स्थूल नामने छोडीने अन्य नामथी परमां रहेला अने खर तथा खुर नामथी परमां रहेला नासिका नामने बहुव्रीहिसमासमां संज्ञाना विषयमां नस आदेश थाय छे. द्रुरिव नासिकाऽस्य, खरस्येव नासिकाऽस्य अने खुर इव नासिकाऽस्य आ विग्रहमां 'उष्ट्रमु० ३-१-२३' थी बहुव्रीहिसमास. आ सूत्रथी नासिका ने नस आदेश. 'पूर्वपद० २-३-६४' थी नस ना न् ने ण् आदेश वगेरे कार्य थवाथी द्रुणसः, खरणसः अने खुरणसः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- द्रुणस नामनो माणस. खरणस नामनो माणस. खुरणस

નામનો માણસ. अस्थूलादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસમાં स्थूल નામથી પરમાં રહેલા नासिका નામને સંજ્ઞાના વિષયમાં नस આદેશ થતો નથી. તેથી स्थूला नासिका यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. 'परतः० ३-२-४९' થી स्थूला નામને પુંવદ્ભાવ [आप् પ્રત્યયની નિવૃત્તિ વગેરે]. 'गोश्चान्ते० २-४-९६' થી અન્ત્ય आ ને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી स्थूलनासिकः આવો પ્રયોગ થાય છે. અર્થ—સ્થૂલનાસિક નામનો માણસ. ॥૧૬૧॥

## उपसर्गात् ७।३।१६२॥

ઉપસર્ગથી પરમાં રહેલા नासिका નામને બહુવ્રીહિસમાસમાં नस આદેશ થાય છે. प्रगता प्रवृद्धा वा नासिकाऽस्य આ વિગ્રહમાં प्र નામને नासिका નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી नासिका નામને नस આદેશ. 'नसस्य २-३-६५' થી नस નામના न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી प्रणसं मुखम् આવો પ્રયોગ થાય છે. અર્થ-નાસિકા વિનાનું અથવા વધેલા નાકવાળું મુખ. ॥૧૬૨॥

## वेः खु - ख्र-ग्रम् ७।३।१६३॥

બહુવ્રીહિસમાસમાં वि ઉપસર્ગથી પરમાં રહેલા नासिका નામને खु, ख्र અને ग्र આદેશ થાય છે. विगता नासिकाऽस्य આ અર્થમાં वि ઉપસર્ગને 'एकार्थं० ३-१-२२' થી नासिका નામની સાથે બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી नासिका નામને खु ख्र અને ग्र આદેશ વગેરે કાર્ય થવાથી विखुः, विख्रः અને विग्रः આવો પ્રયોગ થાય છે. અર્થ-નાક વિનાનો. ॥૧૬૩॥

## जायाया जानिः ७।३।१६४॥

બહુવ્રીહિસમાસમાં અન્ત્ય जाया નામને जानि આદેશ થાય છે. युवति र्जायाऽस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'परतः० ३-२-४९' થી युवति નામને પુંવદ્ભાવ [ति પ્રત્યયની નિવૃત્તિ]. આ સૂત્રથી जाया નામને जानि આદેશ વગેરે કાર્ય થવાથી युवजानिः આવો પ્રયોગ થાય છે. અર્થ–યુવતિસ્ત્રી-વાળો. ॥૧૬૪॥

## व्युदः काकुदस्य लुक् ७।३।१६५॥

वि અને उद् ઉપસર્ગથી પરમાં રહેલા काकुद નામના અન્ત્ય अ નો બહુવ્રીહિસમાસમાં લોપ થાય છે. विगतं काकुदम् [तालु] अस्य આ વિગ્રહમાં वि અને उत् નામને काकुद નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી काकुद નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી विकाकुत् અને उत्काकुत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તાલુથી રહિત. ઊંચા તાલુવાળો. ॥૧૬૫॥

## पूर्णाद् वा ७।३।१६६॥

બહુવ્રીહિસમાસમાં पूर्ण નામથી પરમાં રહેલા काकुद નામના અન્ત્ય अ નો વિકલ્પથી લોપ થાય છે. पूर्णं काकुदम् [तालु] अस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી काकुद નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्णकाकुद् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अ નો લોપ ન થાય ત્યારે पूर्णकाकुदः આવો પ્રયોગ થાય છે. અર્થ-પૂર્ણ તાલુવાળો. ॥૧૬૬॥

## ककुदस्याऽवस्थायाम् ७।३।१६७॥

વય અર્થ ગમ્યમાન હોય તો બહુવ્રીહિસમાસમાં અન્તમાં રહેલા ककुद નામના અન્ત્ય अ નો લોપ થાય છે. पूर्णं ककुदमस्य અને न संजातं ककुदमस्य આ વિગ્રહમાં ककुद નામની સાથે पूर्ण અને न નામને 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી ककुद નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्णककुद् युवा અને अककुद् बालः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્ણ ખૂંધવાળો યુવાન બળદ. જેને ખૂંધ નથી એવો બાલ બળદ—વાછરડું. ॥१६७॥

## त्रिककुद् गिरौ ७।३।१६८॥

त्रि નામથી પરમાં રહેલા ककुद નામને બહુવ્રીહિસમાસમાં સમાસાર્થ પર્વત હોય તો ककुद् આદેશનું નિપાતન કરાય છે. નિપાતનના કારણે પર્વતવિશેષમાં જ ઉપર જણાવ્યા મુજબ ककुद् આદેશનું નિપાતન છે. અન્યથા પર્વતસામાન્યમાં એ ઈષ્ટ હોત તો त्रे र्गिरौ આ પ્રમાણે સૂત્રનું પ્રણયન કર્યું હોત તોપણ ચાલત. त्रीणि ककुदानि यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીસિમાસ. આ સૂત્રથી ककुद નામને ककुद् આદેશ વગેરે કાર્ય થવાથી त्रिककुद् गिरिः આવો પ્રયોગ થાય છે. અર્થ-ત્રણ કકુદ [ખૂંધ]ના આકારવાળા શિખરવાળો એક પર્વત. ॥१६८॥

## स्त्रियामूधसो न् ७।३।१६९॥

સ્ત્રીલિંગમાં બહુવ્રીહિસમાસમાં અન્તમાં રહેલા ऊधस् નામના અન્ત્ય स् ને न् આદેશ થાય છે. कुण्डमिवोधोऽस्याः આ વિગ્રહમાં 'उष्ट्रमु० ३-१-२३' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી ऊधस् ના स् ને न् આદેશ. कुण्डोधन् નામને 'ऊध्नः २-४-७' થી ङी પ્રત્યય. 'अनोऽस्य

૨-૪-૧૦૮' થી ઉપાન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कुण्डोघ्नी गौः આવો પ્રયોગ થાય છે. અર્થ–કુંડ જેવા સ્તનવાળી ગાય. ॥૧૬૯॥

## इनः कच् ७।३।१७०॥

સ્ત્રીલિંગમાં इन् અન્તવાળા બહુવ્રીહિસમાસના અન્તે સમાસાન્ત कच् [क] પ્રત્યય થાય છે. बहवो दण्डिनोऽस्याम् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી कच् સમાસાન્ત પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ. बहुदण्डिक નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી बहुदण्डिका सेना આવો પ્રયોગ થાય છે. અર્થ-ઘણા દંડધારી પુરુષો જેમાં છે તે સેના. ॥૧૭૦॥

## ऋन्नित्यदितः ७।३।१७१॥

ऋ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને અને; જે નામથી પરમાં રહેલા પ્રત્યયને નિત્ય दित् આદેશ થાય છે; [અર્થાત્ 'स्त्रीदूतः १-४-२९' થી જે નિત્ય સ્ત્રીલિંગ ई કારાન્ત અને ऊ કારાન્ત નામની પરમાં રહેલા ङे વગેરે પ્રત્યયને दै વગેરે આદેશોનું વિધાન છે.] એવું નામ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् [क] પ્રત્યય થાય છે. बहवः कर्त्तारो यस्मिन् અને बहवो नद्यो यस्मिन् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી कच् સમાસાન્ત પ્રત્યય વગેરે કાર્ય થવાથી बहुकर्त्तृकः અને बहुनदीको देशः આવો પ્રયોગ થાય છે અર્થ ક્રમશઃ- ઘણા કર્ત્તા છે જેમાં તે. ઘણી નદીઓ છે જેમાં તે દેશ. नित्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋ કારાન્ત બહુવ્રીહિસમાસને તેમ જ જે નામથી પરમાં રહેલા ङे વગેરે પ્રત્યયને નિત્ય જ दै વગેરે આદેશ થાય છે એવું નામ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् પ્રત્યય થાય

છે. તેથી पृथुः श्री र्यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ વગેરે કાર્ય થવાથી पृथुश्रीः આવો પ્રયોગ થાય છે. અહીં બહુવ્રીહિસમાસના અન્તે રહેલા श्री નામની પરમાંના ङे વગેરે પ્રત્યયને નિત્ય दै વગેરે આદેશ વિહિત નથી [વિકલ્પથી વિહિત છે.] તેથી તદન્ત બહુવ્રીહિસમાસને આ સૂત્રથી સમાસાન્ત कच् પ્રત્યય થતો નથી. અર્થ-અધિક લક્ષ્મીવાળો. ॥૧૭૧॥

## दध्युरः-सर्पिर्मधूपानच्छालेः ७।३।१७२॥

दधि, उरस्, सर्पिस्, मधु, उपानह् અને शालि નામ જેના અંતમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् [क] પ્રત્યય થાય છે. प्रियं दधि यस्य; प्रियमुरो यस्य; बहु सर्पिर्यस्मिन्; नास्ति मधु यस्मिन्, बहव उपानहो यस्य અને न सन्ति शालयो यस्मिन् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત कच् [क] પ્રત્યય... વગેરે કાર્ય થવાથી प्रियदधिकः, प्रियोरस्कः, बहुसर्पिष्कः, अमधुकः, बहूपानत्कः અને अशालिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રિય છે દહીં જેને તે. પ્રિય છે છાતી જેને તે. ઘણા ઘીવાળો. મધ વિનાનો. ઘણા પગરખાંવાળો. ધાન્યથી રહિત. ॥૧૭૨॥

## पुमनडुन्नौ-पयो-लक्ष्म्या एकत्वे ७।३।१७३॥

એકત્વવિશિષ્ટાર્થક पुम्स्, अनडुह्, नौ, पयस् અને लक्ष्मी નામ જેના અન્તમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् [क] પ્રત્યય થાય છે. नास्ति पुमान् यस्य, प्रियोऽनड्वान् यस्य; नास्ति नौ र्यस्य; नास्ति पयोऽस्मिन् અને शोभना लक्ष्मी र्यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત कच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अपुंस्कः; प्रियानडुत्कः; अनौकः; अपयस्कः અને सुलक्ष्मीकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-

પુરુષથી રહિત. પ્રિય છે એક બળદ જેને તે. નૌકાથી રહિત. પાણી અથવા દૂધથી રહિત. સારી લક્ષ્મીવાળો. एकत्व इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકત્વવિશિષ્ટાર્થક જ पुम्स्, अनडुह्, नौ, पयस् અને लक्ष्मी નામ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને कच् સમાસાન્ત પ્રત્યય થાય છે. તેથી द्वौ पुमांसौ यस्य આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ...વગેરે કાર્ય થવાથી द्विपुमान् આવો પ્રયોગ થાય છે. અહીં द्वित्व-વિશિષ્ટાર્થક पुम्स् નામ અન્તમાં હોવાથી તદન્ત બહુવ્રીહિસમાસને આ સૂત્રથી સમાસાન્ત कच् પ્રત્યય થતો નથી. અર્થ–બે પુરુષવાળો. ॥૧૭૩॥

## नञोऽर्थात् ७।३।१७४॥

नञ् થી પરમાં રહેલો अर्थ શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् [क] પ્રત્યય થાય છે. नास्ति अर्थोऽस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. 'अन् स्वरे ३-२-१२९' થી नञ् ને अन् આદેશ. આ સૂત્રથી સમાસાન્ત कच् પ્રત્યયાદિ કાર્ય થવાથી अनर्थकं वचः આવો પ્રયોગ થાય છે. અર્થ-નિરર્થક વચન. ॥૧૭૪॥

## शेषाद् वा ७।३।१७५॥

જે બહુવ્રીહિસમાસને સમાસાન્ત પ્રત્યય તથા બહુવ્રીહિસમાસના અન્ત્યપદાદિને આદેશનું વિધાન કરાયું છે તે બહુવ્રીહિસમાસને છોડીને અન્ય બહુવ્રીહિસમાસને વિકલ્પથી સમાસાન્ત कच् પ્રત્યય થાય છે. बह्व्यः खट्वा यस्मिन् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. આ સૂત્રથી સમાસાન્ત कच् [क] પ્રત્યય. 'परतः० ३-२-४९' થી बह्वी નામને પુંવદ્ભાવ. 'नवाऽऽपः २-४-१०६' થી खट्वा ના आ ને હ્રસ્વ अ

આદેશ...વગેરે કાર્ય થવાથી बहुखट्वकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી कच् પ્રત્યય ન થાય ત્યારે 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી खट्वा ના आ ને હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી बहुखट्वः આવો પ્રયોગ થાય છે. અર્થ-ઘણા ખાટલાવાળો. शेषादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે બહુવ્રીહિસમાસને સમાસાન્ત પ્રત્યય અથવા તો તેના અન્ત્યપદાદિને આદેશનું વિધાન કરાયું છે; તેનાથી ભિન્ન જ બહુવ્રીહિસમાસને વિકલ્પથી સમાસાન્ત कच् પ્રત્યય થાય છે. તેથી प्रियः पन्था यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ. 'ऋक्पूःपथ्य० ૭-૩-૭૬' થી સમાસાન્ત अत् [अ] પ્રત્યય. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય इन् નો લોપ વગેરે કાર્ય થવાથી प्रियपथः આવો પ્રયોગ થાય છે. અહીં બહુવ્રીહિસમાસને સમાસાન્ત अत् પ્રત્યયનું વિધાન કરાયું હોવાથી આ સૂત્રથી એ બહુવ્રીહિસમાસને વિકલ્પથી कच् પ્રત્યય થતો નથી. અર્થ–પ્રિય છે માર્ગ જેને તે. ॥૧૭૫॥

### न नाम्नि ७।३।१७६॥

સંજ્ઞાના વિષયમાં સમાસાન્ત कच् પ્રત્યય થતો નથી. बहवो देवदत्ता यत्र આ વિગ્રહમાં 'एकार्थं० ૩-૧-૨૨' થી બહુવ્રીહિસમાસ. 'शेषाद् वा ૭-૩-૧૭૫' થી પ્રાપ્ત સમાસાન્ત कच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ.....વગેરે કાર્ય થવાથી बहुदेवदत्तो नाम ग्रामः આવો પ્રયોગ થાય છે. અર્થ- બહુદેવદત્ત નામનું ગામ. ॥૧૭૬॥

### ईयसोः ७।३।१७७॥

ईयसु [ईयस्] છે અન્તમાં જેના એવા સમાસને कच् [क] પ્રત્યય થતો નથી. बह्व्यः श्रेयस्यो यस्यां सेनायाम् આ અર્થમાં 'एकार्थं चा० ૩-૧-૨૨' થી બહુવ્રીહિસમાસ. 'परतः० ૩-૨-૪૯' થી बह्वी નામને પુંવદ્ભાવ. 'शेषाद् वा ૭-૩-૧૭૫' થી પ્રાપ્ત कच्

પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી **बहुश्रेयसी सेना** આવો પ્રયોગ થાય છે. અર્થ–ઘણી કલ્યાણકારિણી સ્ત્રીઓવાળી સેના. ॥૧૭૭॥

## सहात् तुल्ययोगे ७।३।१७८॥

તુલ્યયોગાર્થક **सह** નામ જેની આદિમાં છે એવા બહુવ્રીહિ સમાસને સમાસાન્ત **कच्** પ્રત્યય થતો નથી. [તુલ્યયોગાર્થક **सह** શબ્દાન્ત બહુવ્રીહિનો સંભવ ન હોવાથી તાદૃશ **सह** શબ્દાદિસમાસનું ગ્રહણ થાય છે.] **पुत्रेण सह याति** આ વિગ્રહમાં '**सहस्तेन** ૩-૧-૨૪' થી બહુવ્રીહિસમાસ. **सह** નામને '**सहस्य०** ૩-૨-૧૪૩' થી **स** આદેશ. '**शेषाद् वा** ૭-૩-૧૭૫' થી પ્રાપ્ત **कच्** પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ...વગેરે કાર્ય થવાથી **सपुत्रो याति** આવો પ્રયોગ થાય છે. અર્થ–પુત્ર સાથે જાય છે. **तुल्ययोग इति किम्** ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુલ્યયોગાર્થક જ **सह** શબ્દ જેની આદિમાં છે એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત **कच्** પ્રત્યય થતો નથી. તેથી **कर्मणा सह** 'આ વિગ્રહમાં વિદ્યમાનાર્થક **सह** નામને ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ. '**शेषाद् वा** ૭-૩-૧૭૫' થી **कच्** પ્રત્યય. '**नाम्नो नो०** ૨-૧-૯૧' થી **कर्मन्** ના અન્ત્ય **न्** નો લોપ વગેરે કાર્ય થવાથી **सकर्मकः** આવો પ્રયોગ થાય છે. અહીં **सह** શબ્દ વિદ્યમાનાર્થક હોવાથી **कच्** પ્રત્યયનો નિષેધ થતો નથી. અર્થ–કર્મવાળો. ॥૧૭૮॥

## भ्रातुः स्तुतौ ७।३।१७९॥

સ્તુતિ અર્થ ગમ્યમાન હોય તો **भ्रातृ** શબ્દાન્ત બહુવ્રીહિ સમાસને **कच्** પ્રત્યય થતો નથી. **शोभनो भ्राताऽस्य** આ વિગ્રહમાં '**एकार्थं०** ૩-૧-૨૨' થી બહુવ્રીહિસમાસ. '**ऋन्नित्य०** ૭-૩-૧૭૧' થી પ્રાપ્ત સમાસાન્ત **कच्** પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય

થવાથી सुभ्राता આવો પ્રયોગ થાય છે. અર્થ–સારા ભાઈવાળો. ॥૧૭૯॥

## नाडी-तन्त्रीभ्यां स्वाङ्गे ७।३।१८०॥

સ્વાઙ્ગવાચક नाडी અને तन्त्री શબ્દ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् [क] પ્રત્યય થતો નથી. बह्व्यो नाड्यो यस्मिन् અને बह्व्यस्तन्त्र्यो यस्याम् આ વિગ્રહમાં 'एकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. 'परतः० ३-२-४९' થી પુંવદ્ભાવ. 'गोश्चान्ते० २-४-९६' થી नाडी નામના અન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ. 'शेषाद् वा ७-३-१७५' થી પ્રાપ્ત कच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી बहुनाडिः कायः અને बहुतन्त्री ग्रीवा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ઘણી નાડીઓવાળું શરીર. ઘણી નસોવાળી ડોક. स्वाङ्ग इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વાઙ્ગવાચક જ नाडी અને तन्त्री નામ છે અન્તમાં જેના એવા બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् પ્રત્યય થતો નથી. તેથી बह्व्यो नाड्यो यस्मिन् स्तम्बे આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ. 'ऋन्नित्य० ७-३-१७१' થી कच् સમાસાન્ત પ્રત્યય વગેરે કાર્ય થવાથી बहुनाडीकः स्तम्बः આવો પ્રયોગ થાય છે. અહીં नाडी નામ સ્વાઙ્ગવાચક ન હોવાથી તદન્ત બહુવ્રીહિસમાસને આ સૂત્રથી સમાસાન્ત कच् પ્રત્યયનો નિષેધ થતો નથી. અર્થ–ઘણી નાડીઓ [લાકડાની પતલી નળીઓ જે સ્તંભ પડી ન જાય એ માટે ચારે બાજુ રાખવામાં આવે છે.] વાળો સ્તમ્બ. बहुनाडीकः અહીં 'न कचि २-४-१०५' થી ई ને હ્રસ્વ इ આદેશનો નિષેધ છે. ॥૧૮૦॥

## निष्प्रवाणिः ७।३।१८१॥

निष्प्रवाणि– આ બહુવ્રીહિસમાસમાં कच् પ્રત્યયના

અભાવનું નિપાતન કરાય છે. निर्गता प्रवाणी यस्मात् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. 'ऋन्नित्य० ७-३-१७१' થી પ્રાપ્ત कच् [क] પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ. 'गोश्चान्ते० २-४-९६' થી ई ને -હ્રસ્વ इ આદેશ વગેરે કાર્ય થવાથી निष्प्रवाणिः पटः આવો પ્રયોગ થાય છે. અર્થ- સાળ (કપડાં વણવાનું ઓજાર) થી નજીકમાં જ ઉતારેલું કપડું. ॥૧૮૧॥

## सुभ्र्वादिभ्यः ७।३।१८२॥

सुभ्रू વગેરે બહુવ્રીહિસમાસને સમાસાન્ત कच् પ્રત્યય થતો નથી. शोभने भ्रुवौ यस्याः આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિસમાસ. 'शेषाद् वा ७-३-१७५' થી પ્રાપ્ત कच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ. આવી જ રીતે वरे ऊरुणी यस्याः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિસમાસ. कच् પ્રત્યયનો નિષેધ. सुभ्रू નામના ऊ ને 'गोश्चान्ते० २-४-९६' થી -હ્રસ્વ उ આદેશ. सुभ्रु અને वरोरु નામને 'उतोऽप्राणि० २-४-७३' થી સ્ત્રીલિંગમાં ऊङ् [ऊ] પ્રત્યય...વગેરે કાર્ય થવાથી. सुभ्रूः અને वरोरूः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– સુંદર ભ્રૂકુટીવાળી સ્ત્રી. સારા સાથળવાળી સ્ત્રી. ॥૧૮૨॥

अयमवनिपतीन्दो !....ઈત્યાદિ–પૃથ્વીપતિઓને વિશે ચન્દ્રમા-સમાન હે રાજન્ ! તમારી આ ખંડિત થયેલી ધારાવાળી તલવાર, માલવદેશના અધિપતિના અન્તઃપુરની સ્ત્રીઓના સ્તનસ્વરૂપ કળશાઓથી પવિત્ર એવી પત્રવલ્લીને કાપે ! કારણ કે એ યોગ્ય જ છે કે સ્વપતિના સ્વર્ગગમન બાદ તે સ્ત્રીઓને અંગરાગનું કોઈ પ્રયોજન નથી. પરન્તુ આશ્ચર્ય એ છે કે- આ ભગ્નધારાતલવાર સકલરાજાઓના મુગુટોના માણિક્યને ભેદવામાં નિપુણતાને કેવી રીતે પ્રાપ્ત કરે છે ? [વિરોધપરિહાર, 'ભાંગી

નાખી છે ધારા નગરી જેણે એવી તલવાર' આવો અર્થ भग्नधार પદનો કરવાથી થાય છે.]

इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
सप्तमस्याऽध्यायस्य तृतीयः पादः ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ प्रारभ्यते सप्तमेऽध्याये चतुर्थः पादः ।

### वृद्धिः स्वरेष्वादे ञ्णिति तद्धिते ७।४।१॥

ञित् [ञ् અનુબંધવાળો] અને णित् [ण् અનુબંધવાળો]- તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો, તેની પ્રકૃતિના સ્વરોમાંના પ્રથમ સ્વરને વૃદ્ધિ આદેશ થાય છે. दक्षस्यापत्यम् અને भृगोरपत्यम् આ અર્થમાં दक्ष નામને 'अत इञ् ६-१-३१' થી इञ् [इ] પ્રત્યય અને भृगु નામને 'ऋषि० ६-१-६१' થી अण् [अ] પ્રત્યય. આ સૂત્રથી આદ્યસ્વર अ અને ऋ ને વૃદ્ધિ आ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી दाक्षिः અને भार्गवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દક્ષનું સન્તાન. ભૃગુઋષિનું સન્તાન. तद्धित इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય જ પરમાં હોય તો તેની પ્રકૃતિના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ આદેશ થાય છે. તેથી चिकीर्षकः અહીં सन् પ્રત્યયાન્ત चिकीर्ष ધાતુને 'णक–तृचौ ५-१-४८' થી णक [अक] પ્રત્યય વિહિત છે. તે णित् હોવા છતાં કૃદન્તનો [कृत्] હોવાથી આ સૂત્રથી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ થતી નથી. અર્થ–કરવાની ઈચ્છાવાળો. ॥१॥

### केकय–मित्रयु–प्रलयस्य यादेरिय् च ७।४।२॥

ञित् અને णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા केकय, मित्रयु અને प्रलय નામના આદ્યસ્વર [સ્વરોમાંના આદ્યસ્વર] ને વૃદ્ધિ થાય છે. અને यादि ભાગને [અર્થાદ્ य, यु અને य ને] इय् આદેશ થાય છે. केकयस्यापत्यम्, मित्रयोर्भावः અને प्रलयादागतम् આ અર્થમાં केकय નામને 'राष्ट्रक्षत्रि० ६-१-११४' થી अञ् [अ] પ્રત્યય, मित्रयु નામને 'गोत्रचरणा० ७-१-

૭૫' થી अकल्ञ् [अक] પ્રત્યય અને प्रलय નામને 'तत आगते ૬-૩-૧૪૯' થી अण् [अ] પ્રત્યય. આ સૂત્રથી આદ્યસ્વર ए, इ અને अ ને વૃદ્ધિ ऐ ऐ અને आ આદેશ. તેમ જ यादि ભાગને इय् આદેશ. मैत्रेयक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી कैकेयः; मैत्रेयिकया श्लाघते અને प्रालेयं हिमम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કેકયનું અપત્ય. મિત્રયુના કારણે પ્રશંસા કરે છે. પ્રલયથી આવેલું હિમ. ॥૨॥

देविका–शिंशपा-दीर्घसत्र-श्रेयसस्तत्प्राप्तावाः ૭।૪।૩॥

देविका, शिंशपा, दीर्घसत्र અને श्रेयस् નામના સ્વરોમાંના આદ્યસ્વરને, ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય ત્યારે વૃદ્ધિના પ્રસંગે आ આદેશ થાય છે. देविकायाम्भवः; शिंशपाया विकारः; दीर्घसत्रे भवम् અને श्रेयोऽधिकृत्य कृतम् આ અર્થમાં देविका અને दीर्घसत्र નામને 'भवे ૬-૩-૧૨૩' થી अण् પ્રત્યય. शिंशपा નામને 'विकारे ૬-૨-૩૦' થી अण् પ્રત્યય અને श्रेयस् નામને 'अमोऽधि० ૬-૩-૧૯૮' થી अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વરને પ્રાપ્ત વૃદ્ધિના પ્રસંગમાં આ સૂત્રથી आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ તથા आ નો લોપ...વગેરે કાર્ય થવાથી दाविकं जलम्; शांशपः स्तम्भः; दार्घसत्रम् અને श्रायसं द्वादशाङ्गम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– જલાશયવિશેષનું પાણી. સીસમનો થાંભલો. દીર્ઘસત્રમાં થનારું. મોક્ષના આધારે બનાવેલી દ્વાદશાઙ્ગી. तत्प्राप्ताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય ત્યારે देविका, शिंशपा, दीर्घसत्र અને श्रेयस् નામના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિની પ્રાપ્તિ હોય તો જ તે આદ્યસ્વરને आ આદેશ થાય છે. તેથી सुदेविकायाम्भवः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ सुदेविका નામને अण् [अ] પ્રત્યય. અન્ત્ય आ નો લોપ.

'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ...વગેરે કાર્ય થવાથી सौदेविकः આવો પ્રયોગ થાય છે. અર્થ–સારા જલાશયવિશેષમાં થયેલ–રહેનાર. અહીં देविका નામના ए ને વૃદ્ધિની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રથી તેને आ આદેશ થતો નથી. ॥૩॥

## वहीनरस्यैत् ७।४।४॥

वहीनर નામના સ્વરોમાંના આદ્યસ્વર अ ને; તેની પરમાં ञित् કે णित् તદ્ધિત પ્રત્યય હોય તો ऐ આદેશ થાય છે. वहीनरस्यापत्यम् આ અર્થમાં वहीनर નામને 'अत इञ् ६-१-३१' થી इञ् [इ] પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. આ સૂત્રથી આદ્યસ્વર अ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી वैहीनरिः આવો પ્રયોગ થાય છે. અર્થ–વહીનરનું અપત્ય. ॥૪॥

## य्वः पदान्तात् प्रागैदौत् ७।४।५॥

ञित् અથવા णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો જે इ અને उ વર્ણ [इ ई, उ ऊ] ને વૃદ્ધિની પ્રાપ્તિ હોય, તે इ વર્ણ અને उ વર્ણના સ્થાને થયેલા ક્રમશઃ य् અને व् ની પૂર્વે; તે य् અને व् પદાન્તમાં હોય તો, અનુક્રમે ऐ અને औ નો આગમ થાય છે. न्यायमधीते અને स्वश्वस्यायम् આ અર્થમાં न्याय નામને 'न्यायादे० ६-२-११८' થી इकण् [इक] પ્રત્યય અને स्वश्व નામને 'तस्येदम् ६-३-१६०' થી अण् [अ] પ્રત્યય. नि+आय+इक અને सु+अश्व+अ આ અવસ્થામાં "पूर्वोत्तरपदकार्ये कृते पश्चात् सन्धिः कार्या" આ ન્યાયના સામર્થ્યથી આદ્યસ્વર इ અને उ ને પૂર્વપદસમ્બન્ધી વૃદ્ધિ સ્વરૂપ કાર્યની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રના આરંભસામર્થ્યથી બાધ થવાથી 'इवर्णा० १-२-२१' થી આદ્યસ્વર इ ને य् આદેશ અને उ ને व् આદેશ. આ य् અને व्

પદના અન્તમાં હોવાથી તેની પૂર્વે આ સૂત્રથી અનુક્રમે ऐ અને औ નો આગમ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **नैयायिकः** અને **सौवश्वः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નૈયાયિક. સારા અશ્વવાળાનો. **पदान्तादिति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ञित्** અથવા **णित्** તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો જે इ વર્ણ અને उ વર્ણને વૃદ્ધિની પ્રાપ્તિનો પ્રસંગ હોય તે इ વર્ણ અને उ વર્ણના સ્થાને થયેલા પદાન્તમાં જ રહેલા य् અને व् ની પૂર્વે અનુક્રમે ऐ અને औ નો આગમ થાય છે. તેથી **यत इमे याताः** અહીં यत् નામને 'तस्येदम् ૬-૩-૧૬૦' થી अण् પ્રત્યય. इ+अत्+अण् [अ] આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ इ ધાતુના इ ને य् આદેશ. यत्+अ આ અવસ્થામાં य् પદાન્તમાં ન હોવાથી તેની પૂર્વે આ સૂત્રથી ऐ નો આગમ થતો નથી. જેથી આદ્યસ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી **याताः** આવો પ્રયોગ થાય છે. અર્થ-જનારના સંબન્ધી. ॥૫॥

## द्वारादेः ૭।૪।૬॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; **द्वारादि** ગણપાઠમાંનાં **द्वार** વગેરે નામના य् અને व् ની પાસેના આદ્યસ્વરને વૃદ્ધિની પ્રાપ્તિનો પ્રસઙ્ગ હોય તો તે य् અને व् ની પૂર્વે અનુક્રમે ऐ અને औ નો આગમ થાય છે. **द्वारे नियुक्तः** અને **स्वरमधिकृत्य कृतो ग्रन्थः** આ અર્થમાં द्वार નામને 'तत्र नियुक्ते ૬-૪-૭૪' થી इकण् [इक] પ્રત્યય અને 'अमोऽधि० ૬-૩-૧૯૮' થી स्वर નામને अण् [अ] પ્રત્યય. આ સૂત્રથી द्वार અને स्वर નામના व् ની પૂર્વે औ નો આગમ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી **दौवारिकः** અને **सौवरो ग्रन्थः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દ્વારપાળ. સ્વરને ઉદ્દેશીને કરેલો ગ્રન્થ. ॥૬॥

## न्यग्रोधस्य केवलस्य ७।४।७॥

કેવલ [અસમસ્ત] न्यग्रोध નામના य् ની પૂર્વે; ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; આદ્યસ્વરને વૃદ્ધિની પ્રાપ્તિ હોય ત્યારે ऐ નો આગમ થાય છે. न्यग्रोधस्य विकारः આ અર્થમાં न्यग्रोध નામને 'विकारे ६-२-३०' થી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. આ સૂત્રથી य् ની પૂર્વે ऐ નો આગમ વગેરે કાર્ય થવાથી नैयग्रोधो दण्डः આવો પ્રયોગ થાય છે. અર્થ–ન્યગ્રોધ [પીપળાનું વૃક્ષ]નો દંડ. केवलस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् અને णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; આદ્યસ્વરને વૃદ્ધિની પ્રાપ્તિ હોય ત્યારે કેવલ જ न्यग्रोध નામના य् ની પૂર્વે ऐ નો આગમ થાય છે. તેથી न्यग्रोधमूले भवाः આ અર્થમાં न्यग्रोधमूल નામને 'भवे ६-३-१२३' થી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી न्याग्रोधमूलाः शालयः આવો પ્રયોગ થાય છે. અહીં न्यग्रोध નામ સમાસમાં હોવાથી આ સૂત્રથી य् ની પૂર્વે ऐ નો આગમ થતો નથી. અર્થ–ન્યગ્રોધમૂલમાં થનારું ધાન્ય. ॥७॥

## न्यङ्को र्वा ७।४।८॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; આદ્યસ્વરને વૃદ્ધિની પ્રાપ્તિ હોય ત્યારે न्यङ्कु નામના य् ની પૂર્વે વિકલ્પથી ऐ નો આગમ થાય છે. न्यङ्कोरिदम् આ અર્થમાં न्यङ्कु નામને 'तस्येदम् ६-३-१६०' થી अण् [अ] પ્રત્યય. 'अस्वय० ७-३-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ. આ સૂત્રથી न्यङ्कु નામના य् ની પૂર્વે ऐ નો આગમ વગેરે કાર્ય થવાથી नैयङ्कवम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ऐ નો આગમ ન થાય ત્યારે 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે

કાર્ય થવાથી न्याङ्कवम् આવો પ્રયોગ થાય છે. અર્થ—કાયમ જનારનું. ॥૮॥

न ञ-स्वङ्गादेः ७।४।९॥

ञ પ્રત્યયાન્ત નામના તેમ જ स्वङ्गादि ગણપાઠમાંનાં स्वङ्ग વગેરે નામના य् અને व् ની પૂર્વે; ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો ऐ અને औ નો આગમ થતો નથી. वि+अव+क्रुश् ધાતુને 'व्यतिहारे० ५-३-११६' થી ञ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન व्यवक्रोश [ञ પ્રત્યયાન્ત] નામને 'नित्यं० ७-३-५८' થી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'य्वः पदा० ७-४-५' થી य् ની પૂર્વે પ્રાપ્ત ऐ આગમનો આ સૂત્રથી નિષેધ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી व्यावक्रोशी આવો પ્રયોગ થાય છે. અર્થ—પરસ્પર આક્રોશ કરવો, स्वङ्गस्यापत्यम् અને व्यङ्गस्यापत्यम् આ અર્થમાં स्वङ्ग અને व्यङ्ग [स्वङ्गादि] નામને 'अत इञ् ६-१-३१' થી इञ् [इ] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય अ નો લોપ. તેમ જ व् ની પૂર્વે औ આગમનો આ સૂત્રથી નિષેધ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી स्वाङ्गिः અને व्याङ्गिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારા અંગવાળાનું અપત્ય. ખરાબ અંગવાળાનું અપત્ય. ॥૯॥

श्वादेरिति ७।४।१०॥

इ કારાદિ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; श्वन् શબ્દ જેની આદિમાં છે એવા સામાસિક નામના व् ની પૂર્વે औ નો આગમ થતો નથી. श्वभस्त्रस्यापत्यम् આ અર્થમાં श्वभस्त्र નામને 'अत इञ् ६-१-३१' થી इञ् [इ] પ્રત્યય. 'अवर्णे० ७-४-

૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'द्वारादेः ૭-૪-૬' થી श्वन् ના व् ની પૂર્વે પ્રાપ્ત औ આગમનો આ સૂત્રથી નિષેધ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી श्वाभस्त्रिः આવો પ્રયોગ થાય છે. અર્થ–કૂતરાના જેવી ધમણવાળાનું સન્તાન. इतीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઇકારાદિ જ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; श्वन् નામ છે આદિમાં જેના એવા સામાસિક નામના व् ની પૂર્વે औ આગમ થતો નથી. તેથી श्वहानस्येदम् આ અર્થમાં श्वहान નામને 'तस्येदम् ૬-૩-૧૬૦' થી अण् [अ] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય अ નો લોપ. 'द्वारादेः ૭-૪-૬' થી श्वन् ના व् ની પૂર્વે औ નો આગમ વગેરે કાર્ય થવાથી शौवहानम् આવો પ્રયોગ થાય છે. અહીં णित् તદ્ધિત પ્રત્યય इकारादि ન હોવાથી આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ औ આગમનો નિષેધ થતો નથી. અર્થ-શ્વહાનિસંબંધી. [શ્વહાન=કૂતરાનો ત્યાગ.] ॥૧૦॥

## इञः ૭।૪।૧૧॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; श्वन् નામ જેની આદિમાં છે એવા इञ् પ્રત્યયાન્ત સામાસિક નામના व् ની પૂર્વે औ નો આગમ થતો નથી. श्वाभस्त्रेरिदम् આ અર્થમાં श्वाभस्त्रि નામને 'तस्येदम् ૬-૩-૧૬૦' થી अण् પ્રત્યય. 'द्वारादेः ૭-૪-૬' થી પ્રાપ્ત व् ની પૂર્વે औ આગમનો નિષેધ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી श्वाभस्त्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ–શ્વભસ્ત્રના અપત્યસંબંધી. ॥૧૧॥

## पदस्यानिति वा ૭।૪।૧૨॥

ઇકારાદિ પ્રત્યયથી ભિન્ન ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; श्वन् શબ્દ છે આદિમાં જેના અને पद નામ

છે અન્તમાં જેના એવા સામાસિક નામના व् ની પૂર્વે વિકલ્પથી औ નો આગમ થાય છે. [સૂ.નં.'૭-૪-૬' થી પ્રાપ્ત औ નો વિકલ્પથી નિષેધ.] शुन इव पदमस्येति श्वापदम् [અહીં 'शुनः ३-२-९०' થી श्वन् ના अ ને आ આદેશ થયો છે.]; तस्य विकारः આ અર્થમાં श्वापद નામને 'विकारे ६-२-३०' થી अण् [अ] પ્રત્યય. આ સૂત્રથી व् ની પૂર્વે औ નો આગમ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शौवापदम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી औ નો આગમ ન થાય ત્યારે श्वापदम् આવો પ્રયોગ થાય છે. અર્થ– કૂતરાના જેવા પગવાળાનો વિકાર. अनितीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इકારાદિ પ્રત્યયથી ભિન્ન જ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો श्वन् શબ્દ જેના આદિમાં છે અને पद નામ જેના અન્તમાં છે એવા સમાસસ્વરૂપ નામના व् ની પૂર્વે વિકલ્પથી औ નો આગમ થાય છે. તેથી श्वापदेन चरति આ અર્થમાં श्वापद નામને 'चरति ६-४-११' થી इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી श्वापदिकः આવો પ્રયોગ થાય છે. અહીં णित् પ્રત્યય इકારાદિ હોવાથી આ સૂત્રથી વિકલ્પથી औ આગમ થતો નથી. [આગમનો નિષેધ થતો નથી.] પરન્તુ 'द्वारादेः ७-४-६' થી પ્રાપ્ત औ આગમનો 'श्वादेरिति ७-४-१०' થી નિષેધ થાય છે. અર્થ-શ્વાપદથી ચાલનારો. ॥૧૨॥

प्रोष्ठभद्राज्जाते: ७।४।१३॥

જાત અર્થમાં વિહિત ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો प्रोष्ठ અને भद्र નામથી પરમાં રહેલા पद સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. प्रोष्ठपदासु जातः અને भद्रपदासु जातः આ અર્થમાં प्रोष्ठपदा અને भद्रपदा નામને 'जाते ६-३-९८' થી अण् પ્રત્યય. આ સૂત્રથી पद નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ

નો લોપ વગેરે કાર્ય થવાથી प्रोष्ठपादः અને भद्रपादो बटुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રોષ્ઠપદા નક્ષત્રમાં ઉત્પન્ન છોકરો. ભદ્રપદા નક્ષત્રમાં ઉત્પન્ન છોકરો. ॥૧૩॥

## अंशादृतोः ૭।૪।૧૪॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો અંશવાચક નામની પરમાં રહેલા ઋતુવાચક નામ સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ આદેશ થાય છે. पूर्वासु वर्षासु भवः આ અર્થમાં पूर्ववर्षा નામને 'वर्षाकालेभ्यः ૬-૩-૮૦' થી इकण् પ્રત્યય. આ સૂત્રથી वर्षा નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्ववार्षिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- પૂર્વવર્ષામાં થનાર. अंशादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અંશાર્થક જ નામથી પરમાં રહેલા ઋત્વર્થક નામ સ્વરૂપ ઉત્તરપદના આદ્ય સ્વરને; તેનાથી પરમાં ञित् કે णित् તદ્ધિત પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે. તેથી सुवर्षासु भवः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ सुवर्षा નામને इकण् [इक] પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ..વગેરે કાર્ય થવાથી सौवर्षिकः આવો પ્રયોગ થાય છે. અહીં અંશાર્થક નામથી પરમાં ઋત્વર્થક ઉત્તરપદ ન હોવાથી તેના આદ્ય સ્વરને આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. અર્થ– સારી વર્ષાઋતુમાં થનાર. ॥૧૪॥

## सु–सर्वार्धाद् राष्ट्रस्य ૭।૪।૧૫॥

सु, सर्व અને अर्ध નામથી પરમાં રહેલા રાષ્ટ્રાર્થક નામ સ્વરૂપ ઉત્તરપદના સ્વરમાંના આદ્યસ્વરને; ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો વૃદ્ધિ થાય છે. सुपञ्चालेषु भवः;

सर्वपञ्चालेषु भवः અને अर्धपञ्चालेषु भवः આ અર્થમાં सुपञ्चाल, सर्वपञ्चाल અને अर्धपञ्चाल નામને 'बहुवि० ૬-૩-૪૫' થી अकञ् [अक] પ્રત્યય. આ સૂત્રથી पञ्चाल નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सुपाञ्चालकः, सर्वपाञ्चालकः અને अर्धपाञ्चालकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારા પઞ્ચાલદેશમાં થનાર. સર્વપઞ્ચાલ દેશમાં થનાર. અર્ધપઞ્ચાલદેશમાં થનાર. ॥૧૫॥

## अमद्रस्य दिशः ७।४।१६॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો દિશાવાચક નામથી પરમાં રહેલા मद्र-ભિન્ન રાષ્ટ્રવાચક નામ સ્વરૂપ ઉત્તરપદના સ્વરમાંના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. पूर्वपञ्चालेषु भवः આ અર્થમાં पूर्वपञ्चाल નામને 'बहुवि० ૬-૩-૪૫' થી अकञ् [अक] પ્રત્યય. આ સૂત્રથી ઉત્તરપદ पञ्चाल નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वपाञ्चालकः આવો પ્રયોગ થાય છે. અર્થ–પૂર્વપઞ્ચાલદેશમાં થનાર. अमद्रस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો દિશાવાચક નામથી પરમાં રહેલા मद्र નામથી ભિન્ન જ રાષ્ટ્રાર્થક નામ સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ આદેશ થાય છે. તેથી पूर्वमद्रेषु भवः આ અર્થમાં पूर्वमद्र નામને 'मद्रा० ૬-૩-૨૪' થી अञ् [अ] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ... વગેરે કાર્ય થવાથી पौर्वमद्रः આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી ઉત્તરપદ मद्र ના આદ્યસ્વરને વૃદ્ધિ થતી નથી. અર્થ- પૂર્વમદ્રમાં થનાર. ॥૧૬॥

## प्राग्-ग्रामाणाम् ७।४।१७॥

ञित् કે णित् तद्धित પ્રત્યય પરમાં હોય તો પ્રાગ્દેશમાંના ગ્રામાર્થક શબ્દના અવયવસ્વરૂપ જે દિશાવાચક નામ, તેનાથી પરમાં રહેલા અવશિષ્ટ ભાગના સ્વરોમાંના આદ્યસ્વરને તેમ જ દિશાવાચક નામથી પરમાં રહેલા પ્રાગ્-ગ્રામાર્થક નામ સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. पूर्वकृष्णमृत्तिकासु भवः આ અર્થમાં અને पूर्वस्मिन् कन्यकुब्जे भवः આ અર્થમાં 'भवे ६-३-१२३' થી पूर्वकृष्णमृत्तिका અને पूर्वकन्यकुब्ज નામને अण् પ્રત્યય. આ સૂત્રથી પ્રાગ્દેશમાંના ગ્રામાર્થક पूर्वकृष्णमृत्तिका નામના અવયવસ્વરૂપ દિશાવાચક पूर्व નામથી પરમાં રહેલા અવશિષ્ટ ભાગ-कृष्णमृत्तिका ના આદ્યસ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ. તેમ જ દિશાવાચક पूर्व નામથી પરમાં રહેલા પ્રાગ્ગ્રામાર્થક ઉત્તરપદ कन्यकुब्ज ના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वकार्ष्णमृत्तिकः અને पूर्वकान्यकुब्जः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વકૃષ્ણમૃત્તિકા નામના ગામમાં થનાર. પૂર્વકન્યકુબ્જ ગામમાં થનાર. ॥१७॥

## संख्याऽधिकाभ्यां वर्षस्याऽभाविनि ७।४।१८॥

भाविन् અર્થમાં વિહિત ન હોય—એવો ञित् કે णित् तद्धित પ્રત્યય પરમાં હોય તો, સંખ્યાવાચક નામથી પરમાં રહેલા અને अधिक નામથી પરમાં રહેલા ઉત્તરપદ वर्ष નામના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. द्वाभ्यां वर्षाभ्यां निर्वृतः અને अधिकै वर्षै निर्वृतः આ અર્થમાં द्विवर्ष અને अधिकवर्ष નામને 'निर्वृते ६-४-१०५' થી इकण् [इक] પ્રત્યય. આ સૂત્રથી वर्ष નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विवार्षिकः અને अधिकवार्षिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે વર્ષથી થયેલો. અધિક વર્ષોથી થયેલો.

अभाविनीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भाविन् અર્થમાં વિહિત ન હોય એવો જ ञित् કે णित् तद्धित પ્રત્યય પરમાં હોય તો, સંખ્યાવાચક નામથી પરમાં રહેલા તેમ જ अधिक નામથી પરમાં રહેલા वर्ष નામના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. તેથી द्वे वर्षे भावि આ અર્થમાં द्विवर्ष નામને 'तं भावि० ६-४-१०६' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી द्वैवर्षिकम् धान्यम् આવો પ્રયોગ થાય છે. અહીં णित् तद्धित પ્રત્યય भाविन् અર્થમાં વિહિત હોવાથી આ સૂત્રથી वर्ष નામના આદ્યસ્વરને વૃદ્ધિ થતી નથી. અર્થ–બે વર્ષમાં થનારું ધાન્ય. ॥૧૮॥

## मान–संवत्सरस्याशाण–कुलिजस्याऽनाम्नि ७।४।१९॥

ञित् કે णित् तद्धित પ્રત્યય પરમાં હોય તો; સંખ્યાવાચક નામથી અને अधिक નામથી પરમાં રહેલા; शाण અને कुलिज નામને છોડીને અન્ય માનાર્થક તથા संवत्सर શબ્દ સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને સંજ્ઞાનો વિષય ન હોય તો વૃદ્ધિ થાય છે. द्वौ कुडवौ प्रयोजनमस्य અને अधिकाः कुडवाः प्रयोजनमस्य તેમ જ द्वाभ्यां संवत्सराभ्यां भृतः આ અર્થમાં द्विकुडव અને अधिककुडव નામને 'प्रयोजनम् ६-४-११७' થી इकण् પ્રત્યય અને द्विसंवत्सर નામને 'तस्मै० ६-४-१०७' થી इकण् [इक] પ્રત્યય. આ સૂત્રથી માનાર્થક कुडव અને संवत्सर નામ સ્વરૂપ ઉત્તરપદના આદ્યસ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विकौडविकः, अधिककौडविकः, અને द्विसांवत्सरिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– બે કુડવ પ્રયોજન છે જેનું તે. અધિક કુડવ પ્રયોજન છે જેનું તે. બે વર્ષ પોષણ કરેલો. अशाणकुलिजस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् तद्धित પ્રત્યય પરમાં હોય તો; સંખ્યાવાચક નામ અને अधिक નામથી

પરમાં રહેલા शाण અને कुलिज નામ સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ થતી નથી. તેથી द्वाभ्यां शाणाभ्यां क्रीतम् અને द्वे कुलिजे पचति આ અર્થમાં द्विशाण નામને 'द्वित्र्यादे० ૬-૪-૧૪૭' થી अण् [अ] પ્રત્યય. તેમ જ द्विकुलिज નામને 'सम्भव० ૬-૪-૧૬૨' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्वैशाणम् અને द्वैकुलिजः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે શાણથી ખરીદેલું. બે કુલિજ પ્રમાણ રાંધે છે.

अनाम्नीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; સંખ્યાવાચક નામ અને अधिक નામથી પરમાં રહેલા; शाण અને कुलिज નામને છોડીને અન્ય ઉત્તરપદ સ્વરૂપ માનાર્થક અને संवत्सर નામના સ્વરોમાંના આદ્યસ્વરને સંજ્ઞાનો વિષય ન હોય તો જ વૃદ્ધિ થાય છે. તેથી पञ्चलोहिन्यः परिमाणमस्य આ અર્થમાં पञ्चलोहिनी નામને 'मानम् ૬-૪-૧૬૯' થી इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई નો લોપ. તેથી न् ની પણ નિવૃત્તિ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી पाञ्चलोहितिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ–પરિમાણવિશેષની સંજ્ઞા. અહીં સંજ્ઞાનો વિષય હોવાથી लोहिनी-આ ઉત્તરપદના આદ્યસ્વરને આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. કુડવ=પાશેર. શાણ=ચાર માસા. ॥૧૯॥

## अर्धात् परिमाणस्याऽनतो वा त्वादेः ७।४।२०॥

अर्ध નામથી પરમાં રહેલા, પરિમાણાર્થક નામ સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના अ થી ભિન્ન આદ્યસ્વરને ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો વૃદ્ધિ થાય છે; અને अर्ध નામના આદ્યસ્વર अ ને વિકલ્પથી વૃદ્ધિ થાય છે. अर्धकुडवेन क्रीतम् આ અર્થમાં 'मूल्यैः क्रीते ૬-૪-૧૫૦' થી इकण् પ્રત્યય. આ સૂત્રથી

कुडव નામના આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ તથા अर्ध નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી आर्धकौडविकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં अर्ध નામના આદ્યસ્વર अ ને આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે अर्धकौडविकम् આવો પ્રયોગ થાય છે. અર્થ– અર્ધકુડવથી ખરીદેલું. अनत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; अर्ध નામથી પરમાં રહેલા પરિમાણાર્થક ઉત્તરપદના સ્વરોમાંના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ થતી નથી. अ થી ભિન્ન જ સ્વરને વૃદ્ધિ થાય છે. તેથી अर्धप्रस्थेन क्रीतम् આ અર્થમાં अर्धप्रस्थ નામને ઉપર જણાવ્યા મુજબ इकण् પ્રત્યય... વગેરે કાર્ય થવાથી आर्धप्रस्थिकम् અને अर्धप्रस्थिकम् આવો પ્રયોગ થાય છે. અર્ધપ્રસ્થ [प्रस्थ=૧ શેર] થી ખરીદેલું. ॥૨૦॥

## प्राद् वाहणस्यैये ७।४।२१॥

ञित् કે णित् તદ્ધિત एय પ્રત્યય પરમાં હોય તો प्र શબ્દથી પરમાં રહેલા ઉત્તરપદ वाहण નામના સ્વરોમાંના આદ્યસ્વરને નિત્ય અને प्र ના अ ને વિકલ્પથી વૃદ્ધિ થાય છે. प्रवाहणस्या [प्रवाहयतीति प्रवाहणस्तस्या]ऽ पत्यम् આ અર્થમાં प्रवाहण નામને 'शुभ्रादिभ्यः ६-१-७३' થી एयण् [एय] પ્રત્યય. આ સૂત્રથી वाहण નામના આદ્યસ્વર आ ને વૃદ્ધિ आ આદેશ તેમ જ प्र ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી प्रावाहणेयः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં अ ને વૃદ્ધિ આ સૂત્રથી ન થાય તો प्रवाहणेयः આવો પ્રયોગ થાય છે. અહીં યાદ રાખવું કે જ્યાં વૃદ્ધિ કરવાથી ફેર પડતો નથી ત્યાં વૃદ્ધિનું વિધાન સૂ.નં. ૩-૨-૫૫ માં જણાવ્યા મુજબ પુંવદ્ભાવના નિષેધ માટે છે. અર્થ–પ્રવાહણનું અપત્ય. ॥૨૧॥

## एयस्य ७।४।२२॥

एय પ્રત્યયાન્ત નામના અવયવભૂત प्र નામથી પરમાં રહેલા वाहण નામના સ્વરોમાંના આદ્યસ્વરને નિત્ય અને प्र નામના આદ્યસ્વરને વિકલ્પથી વૃદ્ધિ થાય છે. प्रवाहणेयस्यापत्यं युवा આ અર્થમાં प्रवाहणेय નામને 'अत इञ् ૬-૧-૩૧' થી इञ् [इ] પ્રત્યય. આ સૂત્રથી वाहण નામના આદ્યસ્વર आ ને તેમ જ प्र ના अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી प्रावाहणेयिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી प्र ના अ ને આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે प्रवाहणेयिः આવો પ્રયોગ થાય છે. અર્થ–પ્રવાહણેયનું અપત્ય. ॥૨૨॥

## नञः क्षेत्रज्ञेश्वर–कुशल–चपल–निपुण–शुचेः ७।४।२३॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો, नञ् થી પરમાં રહેલા क्षेत्रज्ञ, ईश्वर, कुशल, चपल, निपुण અને शुचि શબ્દ સ્વરૂપ ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને નિત્ય અને नञ् ના આદ્ય સ્વરને વિકલ્પથી વૃદ્ધિ થાય છે. अक्षेत्रज्ञस्य, अनीश्वरस्य, अकुशलस्य, अचपलस्य, अनिपुणस्य, अशुचे र्वा इदम् આ અર્થમાં अक्षेत्रज्ञ, अनीश्वर, अकुशल, अचपल, अनिपुण અને अशुचि નામને 'तस्येदम् ૬-૩-૧૬૦' થી अण् [अ] પ્રત્યય. આ સૂત્રથી क्षेत्रज्ञ, ईश्वर, कुशल, चपल, निपुण અને शुचि નામના આદ્યસ્વર ए, ई, उ, अ, इ અને उ ને અનુક્રમે વૃદ્ધિ ऐ ऐ औ आ ऐ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ તથા इ નો લોપ. नञ् ના अ ને આ સૂત્રથી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आक्षैत्रज्ञम्, आनैश्वरम्, आकौशलम्, आचापलम्, आनैपुणम् અને आशौचम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં नञ् ના अ ને આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે अक्षैत्रज्ञम्, अनैश्वरम्, अकौशलम्,

अचापलम्, अनैपुणम् અને अशौचम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અક્ષેત્રજ્ઞસંબન્ધી. અનીશ્વરસંબંધી. અકુશલસંબન્ધી. અચપલસંબન્ધી. અનિપુણસંબંધી. અશુચિસમ્બન્ધી. ॥२३॥

## जङ्गल–धेनु-वलजस्योत्तरपदस्य तु वा ७।४।२४॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો; जङ्गल, धेनु અને वलज નામ છે ઉત્તરપદ જેનું એવા સામાસિક નામના પૂર્વપદના સ્વરોમાંના આદ્યસ્વરને નિત્ય; અને ઉત્તરપદ जङ्गल, धेनु તથા वलज નામના સ્વરોમાંના આદ્યસ્વરને વિકલ્પથી વૃદ્ધિ થાય છે. कुरुजङ्गलेषु भवः, विश्वधेनौ भवः અને सुवर्णवलजे भवः આ અર્થમાં कुरुजङ्गल, विश्वधेनु અને सुवर्णवलज નામને 'भवे ६-३-१२३' થી अण् પ્રત્યય. આ સૂત્રથી પૂર્વપદના આદ્યસ્વર उ, इ અને उ ને વૃદ્ધિ औ, ऐ અને औ આદેશ તેમ જ ઉત્તરપદના આદ્યસ્વર अ ए અને अ ને વૃદ્ધિ आ, ऐ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી कौरुजाङ्गलः; वैश्वधैनवः અને सौवर्णवालजः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ઉત્તરપદના આદ્યસ્વરને આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે कौरुजङ्गलः; वैश्वधेनवः અને सौवर्णवलजः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુરુ જંગલમાં થનાર. વિશ્વધેનુમાં થનાર. સુવર્ણવલજમાં થનાર. ॥२४॥

## हृद्-भग-सिन्धोः ७।४।२५॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો हृद्, भग અને सिन्धु નામ છે ઉત્તરપદ જેનું એવા સામાસિક નામના પૂર્વ અને ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. सुहृद् इदम्; सुभगस्य भावः અને सक्तुसिन्धुषु भवः આ અર્થમાં 'तस्येदम् ६-३-

१६०' થી सुहृद् નામને अण् પ્રત્યય. सुभग નામને 'पति-राजा० ७-१-६०' થી ट्यण् [य] પ્રત્યય. सक्तुसिन्धु નામને 'भवे ६-३-१२३' ની સહાયથી 'कोपान्त्या० ६-३-५६' થી अण् પ્રત્યય. આ સૂત્રથી પૂર્વપદના આદ્યસ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. તેમ જ ઉત્તરપદના આદ્યસ્વર ऋ अ અને इ ને વૃદ્ધિ आर्, आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી सौहार्दम्, सौभाग्यम् અને साक्तुसैन्धवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મિત્રસંબન્ધી. સૌભાગ્ય. સક્તુસિન્ધુમાં થનાર. ॥२५॥

## प्राचां नगरस्य ७।४।२६॥

પ્રાગ્દેશાર્થક नगर નામ જેના અન્તમાં છે એવા સામાસિક નામના પૂર્વ અને ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને; ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો વૃદ્ધિ થાય છે. सुह्मनगरे भवः આ અર્થમાં सुह्मनगर નામને 'भवे ६-३-१२३' થી अण् પ્રત્યય. આ સૂત્રથી પૂર્વપદ सुह्म ના આદ્યસ્વર उ ને તેમ જ ઉત્તરપદ नगर નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ औ તેમ જ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सौह्मनागरः આવો પ્રયોગ થાય છે. અર્થ-સુહ્મનગરમાં થનાર. प्राचामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો પ્રાગ્દેશાર્થક જ नगर નામ જેના અંતમાં છે એવા સામાસિક નામના પૂર્વ અને ઉત્તરપદના સ્વરોમાંના આદ્ય સ્વરને વૃદ્ધિ થાય છે. તેથી मडनगरे भवः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ मडनगर નામને अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી माडनगरः આવો પ્રયોગ થાય છે. અહીં नगर નામ ઉત્તરદેશાર્થક હોવાથી આ સૂત્રથી પૂર્વ અને ઉત્તરપદના આદ્યસ્વરને વૃદ્ધિ થતી નથી. અર્થ-મડનગરમાં થનાર. ॥२६॥

## अनुशतिकादीनाम् ७।४।२७॥

ञित् કે णित् तद्धित પ્રત્યય પરમાં હોય તો अनुशतिकादि ગણપાઠમાંનાં अनुशतिक વગેરે નામના પૂર્વ અને ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. अनुशतिकस्येदम् અને अनुहोडेन चरति આ અર્થમાં अनुशतिक નામને 'तस्येदम् ६-३-१६०' થી अण् [अ] પ્રત્યય; અને अनुहोड નામને 'चरति ६-४-११' થી इकण् [इक] પ્રત્યય. આ સૂત્રથી પૂર્વપદના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. તેમ જ ઉત્તરપદના આદ્યસ્વર अ અને ओ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आनुशातिकम् અને आनुहौडिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અનુશતિક [વ્યક્તિવિશેષ] સંબન્ધી. અનુહોડ [વાહનવિશેષ] સમ્બન્ધી. ॥૨૭॥

## देवतानामात्वादौ ७।४।२८॥

'वेदसह० ३-२-४१' થી 'उषासोषसः ३-२-४६' સુધીનાં છ સૂત્રો દ્વારા જે आत्वादि [आ વગેરે] આદેશોનું વિધાન કર્યું છે; તે દેવતાર્થક દ્વન્દ્વસમાસો आत्वादि-વિષયક છે. आत्वादि ના વિષયમાં દેવતાર્થક નામોથી નિષ્પન્ન દ્વન્દ્વસમાસના પૂર્વ અને ઉત્તરપદના સ્વરોમાંના આદ્ય સ્વરને; ञित् કે णित् तद्धित પ્રત્યય પરમાં હોય તો વૃદ્ધિ થાય છે. अग्निश्च विष्णुश्च देवता अस्य આ અર્થમાં દ્વન્દ્વસમાસાદિ કાર્યથી નિષ્પન્ન દ્વન્દ્વસમાસ સ્વરૂપ अग्नाविष्णु નામને 'देवता ६-२-१०१' થી अण् [अ] પ્રત્યય. આ સૂત્રથી પૂર્વપદના આદ્યસ્વર अ ને તેમ જ ઉત્તરપદના આદ્યસ્વર इ ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી आग्नावैष्णवम् सूक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ-અગ્નિ અને વિષ્ણુ દેવતા છે જેના તે સૂક્ત. [વેદની ઋચા- વિશેષ.] અહીં अग्नि નામના इ ને 'वेदसह० ३-

૨-૪૧' થી आ આદેશ થયો છે. તેથી आत्व નો વિષય છે. आत्वादाविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો आत्वादि ના વિષયમાં જ દેવતાર્થક શબ્દોથી નિષ્પન્ન દ્વન્દ્વસમાસના પૂર્વ અને ઉત્તરપદના સ્વરોમાંના આદ્યસ્વરને વૃદ્ધિ થાય છે. તેથી ब्रह्मा च प्रजापतिश्च देवताऽस्य આ અર્થમાં 'अनिद० ૬-૧-૧૫' ની સહાયથી ब्रह्मप्रजापति નામને 'देवता ૬-૨-૧૦૧' થી ञ्य [य] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી ब्राह्मप्रजापत्यम् આવો પ્રયોગ થાય છે. અહીં દ્વન્દ્વસમાસમાં आ વગેરેનું વિધાન ન હોવાથી આ સૂત્રથી પૂર્વોત્તરપદના આદ્યસ્વરને વૃદ્ધિ થતી નથી. અર્થ-બ્રહ્મા અને પ્રજાપતિ જેના દેવતા છે તે (સૂક્ત). ॥૨૮॥

## आतो नेन्द्रवरुणस्य ७।४।२९॥

ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો આકારાન્ત પૂર્વપદથી પરમાં રહેલા इन्द्र અને वरुण સ્વરૂપ ઉત્તરપદના આદ્ય સ્વરને વૃદ્ધિ થતી નથી. अग्निश्च इन्द्रश्च देवताऽस्य અને इन्द्रश्च वरुणश्च देवताऽस्य આ અર્થમાં अग्नेन्द्र [अग्ना+इन्द्र] અને इन्द्रावरुण નામને 'देवता ૬-૨-૧૦૧' થી अण् [अ] પ્રત્યય. 'देवता० ૭-૪-૨૮' થી પૂર્વપદના આદ્યસ્વર अ અને इ ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. તેમ જ તે સૂત્રથી પ્રાપ્ત, ઉત્તરપદના આદ્યસ્વરને વૃદ્ધિનો આ સૂત્રથી નિષેધ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आग्नेन्द्रम् અને ऐन्द्रावरुणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અગ્નિ અને ઈન્દ્ર છે દેવતા જેના તે સૂક્ત. ઈન્દ્ર અને વરુણ છે દેવતા જેના તે સૂક્ત. आत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આકારાન્ત જ પૂર્વપદથી પરમાં રહેલા इन्द्र અને वरुण સ્વરૂપ ઉત્તરપદના આદ્યસ્વરને ञित् કે णित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો વૃદ્ધિ

થતી નથી. તેથી अग्निश्च वरुणश्च देवताऽस्य આ અર્થમાં अग्निवरुण નામને ઉપર જણાવ્યા મુજબ अण् પ્રત્યય. 'देवता० ૭-૪-૨૮' થી પૂર્વપદ તથા ઉત્તરપદના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आग्निवारुणम् આવો પ્રયોગ થાય છે. અહીં આકારાન્ત પૂર્વપદ ન હોવાથી તેનાથી પરમાં રહેલા वरुण સ્વરૂપ ઉત્તરપદના આદ્યસ્વરને આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થતો નથી. અહીં દ્વન્દ્વસમાસમાં 'इर्वृद्धिम० ૩-૨-૪૩' થી अग्नि ના इ ને इ આદેશ થવાથી आत्वादि વિષય છે. તેમ જ अग्नेन्द्र અને इन्द्रावरुण અહીં પણ પૂર્વપદના અન્ત્યસ્વરને 'वेद० ૩-૨-૪૧' થી आ આદેશ થવાથી आत्वादि વિષય છે. અર્થ—અગ્નિ અને વરુણ દેવતા છે જેના તે સૂક્ત. અહીં યાદ રાખવું જોઈએ કે— आग्नेन्द्रम्...ઈત્યાદિ પ્રયોગોમાં इन्द्र શબ્દના આદ્યસ્વર इ ની સાથે તેની પૂર્વેના आ ને સંધિકાર્ય ए થવાથી અને इन्द्र નામના અન્ત્યસ્વરનો લોપ થવાથી आग्नेन्द्रम् આવો પ્રયોગ થઈ શકે છે. તેથી इन्द्र શબ્દના બે સ્વરમાંથી એક પણ સ્વર રહેતો ન હોવાથી તેના સ્વરને વૃદ્ધિનો નિષેધ કરવાની યદ્યપિ જરૂર નથી. પરન્તુ "पूर्वं पूर्वोत्तरपदयोः कार्यं कार्यम् पश्चात् सन्धिकार्यम्" આ ન્યાયને સૂચવવા અહીં ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિનો નિષેધ કર્યો છે. આથી સમજી શકાય છે કે જો વૃદ્ધિનો નિષેધ આ સૂત્રથી કર્યો ન હોત તો ઉપર જણાવેલા ન્યાયથી પ્રથમ ઉત્તરપદસંબન્ધી વૃદ્ધિકાર્ય થાત અને પછી સન્ધિકાર્ય થાત, જેથી आग्नैन्द्रम्...વગેરે અનિષ્ટ પ્રયોગ થાત. માટે ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિનો નિષેધ કર્યો છે. ॥૨૧॥

### सारवैक्ष्वाक-मैत्रेय-भ्रौणहत्य-धैवत्य-हिरण्मयम् ७।४।३०॥

अय् વગેરેનો લોપ કરીને अण् વગેરે પ્રત્યયો જેના અન્તમાં છે એવા सारव, ऐक्ष्वाक, मैत्रेय, भ्रौणहत्य, धैवत्य અને हिरण्मय નામનું નિપાતન કરાય છે. सरय्वां भवम्; इक्ष्वाकोरपत्यम्; मित्रयोरपत्यम्;

भ्रूणघ्नो भावः, धीव्नो भावः અને हिरण्यस्य विकारः આ અર્થમાં सरयू નામને 'भवे ६-३-१२३' થી अण् [अ] પ્રત્યય. इक्ष्वाकु નામને 'राष्ट्र-क्षत्रि० ७-१-११४' થી अञ् પ્રત્યય. मित्रयु નામને 'गृष्ट्यादेः ६-१-८४' થી एयञ् [एय] પ્રત્યય. भ्रूणहन् તેમ જ धीवन् નામને 'पति-राजा० ७-१-६०' થી ट्यण् [य] પ્રત્યય અને हिरण्य નામને 'विकारे ६-२-३०' થી 'अभक्ष्या० ६-२-४६' ની સહાયથી मयट् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી सरयू, इश्वाकु, भ्रूणहन् અને धीवन् નામના આદ્ય સ્વર अ, इ, ऊ અને ई ને વૃદ્ધિ आ, ऐ, औ અને ऐ આદેશ. આ સૂત્રથી सरयू નામના अय् નો લોપ. इक्ष्वाकु નામના उ નો લોપ. मित्रयु નામના यु નો લોપ. हिरण्य નામના य નો લોપ. તેમ જ भ्रूणहन् અને धीवन् નામના न् ને त् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. सारू+अण् આ અવસ્થામાં ऊ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી सारवं जलम्; ऐक्ष्वाकः; मैत्रेयः; भ्रौणहत्यम्; धैवत्यम् અને हिरण्मयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સરયૂ નદીનું પાણી. ઈક્ષ્વાકુનું અપત્ય. મિત્રયુનું અપત્ય. ગર્ભહત્યા કરનારનો ધર્મ. માછીમારનો ધર્મ. સુવર્ણનું આભૂષણ. ॥३०॥

### वाऽन्तमाऽन्तितमाऽन्तितोऽन्तियाऽन्तिषत् ७।४।३१॥

જેમાં तिक વગેરેનો લોપ કરવામાં આવ્યો છે—એવા तमप् વગેરે પ્રત્યયાન્ત अन्तम, अन्तितम, अन्तित, अन्तिय અને अन्तिषत् નામનું વિકલ્પથી નિપાતન કરાય છે. अयमेषामतिशयेनान्तिकः આ અર્થમાં अन्तिक નામને 'प्रकृष्टे तमप् ७-३-५' થી तमप् પ્રત્યય. આ સૂત્રથી अन्तिक નામના तिक નો લોપ વગેરે કાર્ય થવાથી अन्तमः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં तिक નો લોપ ન થાય ત્યારે अन्तिकतमः આવો પ્રયોગ થાય છે. अन्तिक+तम આ અવસ્થામાં આ સૂત્રથી क નો લોપ થવાથી अन्तितमः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क નો લોપ ન થાય ત્યારે अन्तिकतमः

આવો પ્રયોગ થાય છે. अन्तमः અહીં न् ને 'नोऽप्रशा० ૧-૩-૮' થી પ્રાપ્ત स् આદેશનો નિષેધ પણ આ સૂત્રથી થાય છે. अन्तिकादागच्छति આ અર્થમાં अन्तिक નામને 'अहीय० ૭-૨-૮૮' થી तसु [तस्] પ્રત્યય. આ સૂત્રથી अन्तिक નામના क નો લોપ વગેરે કાર્ય થવાથી अन्तितः [आगच्छति] આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क નો લોપ ન થાય ત્યારે अन्तिकतः આવો પ્રયોગ થાય છે. अन्तिके साधुः આ અર્થમાં अन्तिक નામને 'तत्र साधौ ૭-૧-૧૫' થી य પ્રત્યય. આ સૂત્રથી क નો લોપ વગેરે કાર્ય થવાથી अन्तियः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क નો લોપ ન થાય ત્યારે अन्तिक्यः આવો પ્રયોગ થાય છે. ['अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ.] अन्तिके सीदति આ અર્થમાં अन्तिक+सद् ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् [०] પ્રત્યય. આ સૂત્રથી अन्तिक નામના क નો લોપ. सद् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अन्तिषद् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क નો લોપ ન થાય ત્યારે अन्तिकसद् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-આ બધામાં આ અતિશય નજીક છે. આ બધામાં આ અતિશય નજીક છે. નજીકથી [આવે છે.]. નજીકમાં યોગ્ય. નજીકમાં બેસનાર. ॥૩૧॥

## विन्-मतोर्णीष्ठेयसौ लुप् ७।४।३२॥

णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો विन् અને मतु પ્રત્યયનો લોપ થાય છે. स्रग्विणमाचष्टे અને त्वग्वन्तमाचष्टे આ અર્થમાં स्रग्विन् અને त्वग्वत् નામને 'णिज् ब० ૩-૪-૪૨' થી णिच् [इ] પ્રત્યય. આ સૂત્રથી विन् અને मतु [मत्] પ્રત્યયનો લોપ. स्रजि અને त्वचि ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી स्रजयति અને त्वचयति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– માળાવાળાને કહે છે. ચામડીવાળાને કહે છે. अयमेषां स्रग्विणामतिशयेन स्रग्वी અને अयमेषां त्वग्वतामतिशयेन त्वग्वान् આ અર્થમાં स्रग्विन् અને त्वग्वत् નામને 'गुणा० ૭-૩-૯' થી इष्ठ પ્રત્યય. આ સૂત્રથી विन् અને

मतु પ્રત્યયનો લોપ...વગેરે કાર્ય થવાથી स्रजिष्ठः અને त्वचिष्ठः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આ બધામાં શ્રેષ્ઠ માળાવાળો આ છે. આ બધામાં શ્રેષ્ઠ ચામડીવાળો આ છે. अयमनयोरतिशयेन स्रग्वी અને अयमनयोरतिशयेन त्वग्वान् આ અર્થમાં 'गुणा० ७-३-९' થી स्रग्विन् અને त्वग्वत् નામને ईयस् પ્રત્યય. આ સૂત્રથી विन् તથા मतु પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી स्रजीयान् અને त्वचीयान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આ બેમાં શ્રેષ્ઠમાળાવાળો આ છે. આ બેમાં શ્રેષ્ઠ ચામડીવાળો આ છે. स्रजयति...વગેરે પ્રયોગોમાં स्रज् અને त्वच् ના અન્ત્યસ્વરાદિ ભાગને 'त्र्यन्त्य० ७-४-४३' થી લોપની પ્રાપ્તિ હતી. પરન્તુ 'नैकस्व० ७-४-४४' થી તેનો નિષેધ થાય છે. ॥३२॥

## अल्प-यूनोः कन् वा ७।४।३३॥

अल्प અને युवन् નામને; णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો कन् આદેશ વિકલ્પથી થાય છે. अल्पं युवानं वाऽऽचष्टे આ અર્થમાં अल्प અને युवन् નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् [इ] પ્રત્યય. આ સૂત્રથી अल्प અને युवन् નામને कन् આદેશ. कनि ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી कनयति આવો પ્રયોગ થાય છે. अयमेषामनयो र्वा अतिशयेनाल्पो युवा वा આ અર્થમાં अल्प અને युवन् નામને 'गुणा० ७-३-९' થી इष्ठ તથા ईयसु [ईयस्] પ્રત્યય. આ સૂત્રથી अल्प અને युवन् નામને कन् આદેશ વગેરે કાર્ય થવાથી कनिष्ठः અને कनीयान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી कन् આદેશ ન થાય ત્યારે अल्पयति, अल्पिष्ठः અને अल्पीयान् આવો પ્રયોગ થાય છે. તેમ જ युवन् નામના वन् નો 'स्थूल-दूर० ७-४-४२' થી લોપ તથા उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી यवयति यविष्ठः અને यवीयान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અલ્પને કહે છે. આ બધામાં આ અતિશય અલ્પ છે. આ બેમાં આ અતિશય અલ્પ છે. યુવાનને

કહે છે. આ બધામાં આ અતિશય યુવાન છે. આ બેમાં આ અતિશય યુવાન છે. अल्पयति ઈત્યાદિ પ્રયોગોમાં अल्प નામના અન્ત્ય अ નો 'त्र्यन्त्यस्व० ७-४-४३' થી લોપ થયો છે. ॥३३॥

## प्रशस्यस्य श्रः ७।४।३४॥

णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો प्रशस्य નામને श्र આદેશ થાય છે. प्रशस्यमाचष्टे આ અર્થમાં 'णिज् बहुलं० ३-४-४२' થી प्रशस्य નામને णिच् [इ] પ્રત્યય. अयमेषामनयो र्वातिशयेन प्रशस्यः આ અર્થમાં 'गुणा० ७-३-९' થી प्रशस्य નામને इष्ठ અને ईयसु [ईयस्] પ્રત્યય. આ સૂત્રથી प्रशस्य નામને श्र આદેશ. श्र+इ આ અવસ્થામાં 'अतः ४-३-८२' થી श्र ના अ નો લોપ. श्रि ધાતુને तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી श्रयति, श्रेष्ठः અને श्रेयान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રશસ્યને કહે છે. આ બધામાં આ અતિશય પ્રશસ્ય છે. આ બેમાં આ અતિશય પ્રશસ્ય છે. ॥३४॥

## वृद्धस्य च ज्यः ७।४।३५॥

णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો वृद्ध અને प्रशस्य નામને ज्य આદેશ થાય છે. वृद्धमाचष्टे આ અર્થમાં वृद्ध નામને 'णिज्० ३-४-४२' થી णिच् પ્રત્યય. આ સૂત્રથી वृद्ध નામને ज्य આદેશ. 'अतः ४-३-८२' થી ज्य ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી ज्ययति આવો પ્રયોગ થાય છે. अयमेषामतिशयेन वृद्धः આ અર્થમાં वृद्ध નામને 'गुणा० ७-३-९' થી इष्ठ પ્રત્યય. આ સૂત્રથી वृद्ध નામને ज्य આદેશ વગેરે કાર્ય થવાથી ज्येष्ठः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વૃદ્ધને કહે છે. આ બધામાં આ અતિશય વૃદ્ધ છે. આવી જ રીતે प्रशस्यमाचष्टे અને अयमेषामतिशयेन प्रशस्यः આ અર્થમાં णि અને इष्ठ પ્રત્યયાદિ કાર્ય કરીને ज्यति

અને **ज्येष्ठः** આવો પ્રયોગ થાય છે; જેનો ક્રમશઃ અર્થ- પ્રશસ્યને કહે છે અને આ બધામાં આ અતિશય પ્રશસ્ય છે– આ પ્રમાણે છે. ॥૩૫॥

## ज्यायान् ७।४।३६॥

**वृद्ध** અને **प्रशस्य** નામના સ્થાને **ज्य** આદેશથી પરમાં રહેલા **ईयसु** પ્રત્યયના **ई** ને **आ** આદેશનું નિપાતન કરાય છે. **अयमनयोरतिशयेन वृद्धः प्रशस्यो वा** આ અર્થમાં **वृद्ध** અને **प्रशस्य** નામને 'गुणा० ७-३-९' થી **ईयसु** પ્રત્યય. 'वृद्धस्य० ७-४-३५' થી **वृद्ध** અને **प्रशस्य** નામને **ज्य** આદેશ. આ સૂત્રથી **ईयसु** પ્રત્યયના **ई** ને **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **ज्यायान्** આવો પ્રયોગ થાય છે. અર્થ-આ બેમાં આ અતિશય વૃદ્ધ અથવા પ્રશસ્ય છે. ॥૩૬॥

## बाढान्तिकयोः साध-नेदौ ७।४।३७॥

**णि, इष्ठ** અને **ईयसु** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **बाढ** અને **अन्तिक** નામને અનુક્રમે **साध** અને **नेद** આદેશ થાય છે. **बाढमन्तिकञ्चाचष्टे** અને **अयमेषामनयोर्वाऽतिशयेन बाढोऽन्तिकश्च** આ અર્થમાં **बाढ** અને **अन्तिक** નામને 'णिज्० ३-४-४२' થી **णिच्** [**इ**] પ્રત્યય. તેમ જ 'गुणा० ७-३-९' થી **इष्ठ** અને **ईयसु** પ્રત્યય. આ સૂત્રથી **बाढ** અને **अन्तिक** નામને અનુક્રમે **साध** અને **नेद** આદેશ. 'त्रन्त्य० ७-४-४३' થી અન્ત્યસ્વરાદિ [**अ** નો] લોપ વગેરે કાર્ય થવાથી **साधयति, साधिष्ठः साधीयान्** અને **नेदयति नेदिष्ठः नेदीयान्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સત્યને કહે છે. આ બધામાં આ અતિશય સત્ય છે. આ બેમાં આ અતિશય સત્ય છે. અન્તિકને કહે છે. આ બધામાં આ અતિશય અન્તિક–પાસે છે. આ બેમાં આ અતિશય અન્તિક છે. ॥૩૭॥

## प्रिय-स्थिर-स्फिरोरु-गुरु-बहुल-तृप्र-दीर्घ-वृद्ध-वृन्दारकस्येमनि च प्रा-स्था-स्फा-वर-गर-बंह-त्रप-द्राघ-वर्ष-वृन्दम् ७।४।३८।।

इमन्, णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા प्रिय નામને प्रा; स्थिर નામને स्था; स्फिर નામને स्फा; उरु નામને वर्; गुरु નામને गर्; बहुल નામને बंह्; तृप्र નામને त्रप्; दीर्घ નામને द्राघ्, वृद्ध નામને वर्ष् અને वृन्दारक નામને वृन्द् આદેશ થાય છે. प्रियस्य भावः, प्रियमाचष्टे, अयमेषामतिशयेन प्रियः અને अयमनयोरतिशयेन प्रियः આ અર્થમાં प्रिय નામને અનુક્રમે 'पृथ्वादे० ७-१-५८' થી इमन् પ્રત્યય. 'णिज्० ३-४-४२' થી णिच् [इ] પ્રત્યય. અને 'गुणा० ७-३-९' થી इष्ठ તથા ईयसु પ્રત્યય. આ સૂત્રથી प्रिय નામને प्रा આદેશ. प्रा+णिच् આ અવસ્થામાં 'अर्ति० ४-२-२१' થી पु [प्] નો આગમ...વગેરે કાર્ય થવાથી प्रेमा, प्रापयति, प्रेष्ठः અને प्रेयान् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે स्थिरस्य भावः स्थिरमाचष्टे અને अयमेषामनयो र्वातिशयेन स्थिरः, આ અર્થમાં स्थिर નામને ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે इमन्, णिच्, इष्ठ અને ईयसु પ્રત્યય. આ સૂત્રથી स्थिर નામને स्था આદેશ...વગેરે કાર્ય થવાથી स्थेमा स्थापयति, स्थेष्ठः અને स्थेयान् આવો પ્રયોગ થાય છે. स्फिरमाचष्टे આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ स्फिर નામને णिच् પ્રત્યય. આ સૂત્રથી स्फिर નામને स्फा આદેશ વગેરે કાર્ય થવાથી स्फापयति આવો પ્રયોગ થાય છે. તેમ જ उरो र्भावः; गुरो र्भावः; बहुलस्य भावः; तृप्रस्य भावः; दीर्घस्य भावः; वृद्धस्य भावः અને वृन्दारकस्य भावः આ અર્થમાં અનુક્રમે उरु, गुरु, बहुल, तृप्र, दीर्घ, वृद्ध અને वृन्दारक નામને ઉપર જણાવ્યા મુજબ इमन् પ્રત્યય. આ સૂત્રથી उरु નામને वर्; गुरु નામને गर्; बहुल નામને बंह्; तृप्र નામને त्रप्; दीर्घ નામને द्राघ्; वृद्ध નામને वर्ष् અને वृन्दारक નામને वृन्द् આદેશ વગેરે કાર્ય થવાથી वरिमा, गरिमा, बंहिमा, त्रपिमा, द्राघिमा, वर्षिमा અને वृन्दिमा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રિયનો ભાવ. પ્રિયને કહે છે. આ બધામાં આ

અતિશય પ્રિય છે. આ બેમાં આ અતિશય પ્રિય છે. સ્થિરનો ભાવ. સ્થિરને કહે છે. આ બધામાં આ અતિશય સ્થિર છે. આ બેમાં આ અતિશય સ્થિર છે. સ્ફિર [પુષ્કલ]ને કહે છે. ઉરુ-વિસ્તીર્ણનો ભાવ. ગુરુનો ભાવ. બાહુલ્ય. તૃપ્ર [દુઃખથી તૃપ્ત કરનાર]નો ભાવ. દીર્ઘનો ભાવ. વૃદ્ધનો ભાવ. વૃન્દારક [મુખ્ય, પૂજક]નો ભાવ. स्थेमा અહીં स्थिर નામને 'वर्ण० ७-१-५९' થી इमन् પ્રત્યય થયો છે. ॥३८॥

## पृथु-मृदु-भृश-कृश-दृढ-परिवृढस्य ऋतो रः ७।४।३९॥

इमन्, णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पृथु, मृदु, भृश, कृश, दृढ અને परिवृढ નામના ऋ ને र આદેશ થાય છે. पृथो र्भावः; पृथुमाचष्टे અને अयमेषामनयोर्वाऽतिशयेन पृथुः આ અર્થમાં पृथु નામને અનુક્રમે 'पृथ्वादे० ७-१-५८' થી इमन् પ્રત્યય. 'णिज्० ३-४-४२' થી णिच् પ્રત્યય અને 'गुणा० ७-३-९' થી इष्ठ અને ईयसु પ્રત્યય. આ સૂત્રથી पृथु નામના ऋ ને र આદેશ. 'त्रन्त्य० ७-४-४३' થી અન્ત્ય उ નો લોપ...વગેરે કાર્ય થવાથી प्रथिमा, प्रथयति, प्रथिष्ठः અને प्रथीयान् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે मृदो र्भावः, भृशस्य भावः, कृशस्य भावः; दृढस्य भावः અને परिवृढस्य भावः આ અર્થમાં 'पृथ्वादे० ७-१-५८' થી मृदु નામને અને भृश, कृश, दृढ અને परिवृढ નામને 'वर्ण-दृढा० ७-१-५९' થી इमन् પ્રત્યય. આ સૂત્રથી ऋ ને र આદેશ. 'त्रन्त्य० ७-४-४३' થી અન્ત્ય उ તથા अ નો લોપ... વગેરે કાર્ય થવાથી म्रदिमा, भ्रशिमा, क्रशिमा, द्रढिमा અને परिव्रढिमा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિસ્તૃતનો ભાવ. વિસ્તૃતને કહે છે. આ બધામાં આ અતિશય વિસ્તૃત છે. આ બેમાં આ અતિશય વિસ્તૃત છે. મૃદુ-કોમલનો ભાવ. અત્યન્તનો ભાવ. દુર્બલનો ભાવ. દૃઢનો ભાવ. પરિવૃઢ [વધેલા]નો ભાવ. ॥३९॥

## बहो र्णीष्ठे भूय् ७।४।४०॥

णि અને इष्ठ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા बहु નામને भूय् આદેશ થાય છે. बहुमाचष्टे અને अयमेषामतिशयेन बहुः આ અર્થમાં बहु નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् પ્રત્યય અને 'गुणा० ७-३-९' થી इष्ठ પ્રત્યય. આ સૂત્રથી बहु નામને भूय् આદેશ વગેરે કાર્ય થવાથી भूययति અને भूयिष्ठः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઘણાને કહે છે. આ બધામાં આ અતિશય ઘણું છે. ॥४०॥

## भूर्लुक् चेवर्णस्य ७।४।४१॥

ईयसु અને इमन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા बहु નામને भू આદેશ થાય છે; અને ત્યારે ईयसु અને इमन् પ્રત્યયના इ વર્ણનો લોપ થાય છે. अयमनयोरतिशयेन बहुः અને बहो र्भावः આ અર્થમાં बहु નામને અનુક્રમે 'गुणा० ७-३-९' થી ईयसु પ્રત્યય અને 'पृथ्वादे० ७-१-५८' થી इमन् પ્રત્યય. આ સૂત્રથી बहु નામને भू આદેશ અને ईयसु તથા इमन् ના ई અને इ નો લોપ વગેરે કાર્ય થવાથી भूयान् અને भूमा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આ બેમાં આ અતિશય ઘણું છે. બહુત્વ. ॥४१॥

## स्थूल-दूर-युव-ह्रस्व-क्षिप्र-क्षुद्रस्यान्तस्थादे र्गुणश्च नामिनः ७।४।४२॥

इमन्, णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्थूल, दूर, युवन्, ह्रस्व, क्षिप्र અને क्षुद्र નામના અન્તસ્થા વ્યઞ્જનાદિ ભાગનો લોપ થાય છે અને ત્યારે નામીસ્વરનો ગુણ થાય છે. स्थूलमाचष्टे અને अयमेषामनयोर्वाऽतिशयेन

**स्थूलः** આ અર્થમાં **स्थूल** નામને અનુક્રમે '**णिज्०** ३-४-४२' થી **णिच्** પ્રત્યય અને '**गुणा०** ७-३-९' થી **इष्ठ** તથા **ईयसु** પ્રત્યય. આ સૂત્રથી **स्थूल** નામના અન્તસ્થાવ્યઞ્જનાદિ ભાગ **ल** નો લોપ અને નામીસ્વર **ऊ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **स्थवयति, स्थविष्ठः** અને **स्थवीयान्** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે **दूरमाचष्टे** અને **युवानमाचष्टे** આ અર્થમાં **दूर** અને **युवन्** નામને ઉપર જણાવ્યા મુજબ **णिच्** પ્રત્યય. આ સૂત્રથી **दूर** નામના **र** નો અને **युवन्** નામના **वन्** નો [અન્તસ્થાદિ ભાગનો] લોપ અને **ऊ** તથા **उ** ને ગુણ **ओ** આદેશ.... વગેરે કાર્ય થવાથી **दवयति** અને **यवयति** આવો પ્રયોગ થાય છે. **अयमेषामतिशयेन युवा** આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ **युवन्** નામને **इष्ठ** પ્રત્યય. **वन्** નો લોપ અને **उ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **यविष्ठः** આવો પ્રયોગ થાય છે. **ह्रस्वस्य भावः; क्षिप्रस्य भावः** અને **क्षुद्रस्य भावः** આ અર્થમાં **ह्रस्व क्षिप्र** અને **क्षुद्र** નામને '**पृथ्वादे०** ७-१-५८' થી **इमन्** પ્રત્યય. આ સૂત્રથી **ह्रस्व** નામના **व** નો તેમ જ **क्षिप्र** અને **क्षुद्र** નામના **र** નો લોપ અને **इ** ને ગુણ **ए** તથા **उ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **ह्रसिमा, क्षेपिमा** અને **क्षोदिमा** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્થૂલને કહે છે. આ બધામાં આ અતિશય સ્થૂલ છે. આ બેમાં આ અતિશય સ્થૂલ છે. દૂરને કહે છે. યુવાનને કહે છે. આ બધામાં આ અતિશય યુવાન છે. -હ્રસ્વનો ભાવ. ક્ષિપ્ર-ઉતાવળનો ભાવ. ક્ષુદ્રનો ભાવ. ॥૪૨॥

## **त्रन्त्यस्वरादेः** ७।४।४३॥

**इमन्, णि, इष्ठ** અને **ईयसु** પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા **तृ** પ્રત્યયનો તેમ જ પ્રકૃતિના અન્ત્ય સ્વરાદિ ભાગનો લોપ થાય છે. **कर्त्तारमाचष्टे** અને **अयमेषामनयोर्वाऽतिशयेन कर्त्ता** આ અર્થમાં **कर्तृ** નામને '**णिज् बहुलं०** ३-४-४२' થી **णिच्** [**इ**] પ્રત્યય અને '**गुणा०** ७-३-९' થી **इष्ठ** અને **ईयसु** પ્રત્યય. આ સૂત્રથી **तृ**

પ્રત્યયનો લોપ. करि ધાતુને तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી करयति, करिष्ठः અને करीयान् આવો પ્રયોગ થાય છે. पटो र्भावः, पटुमाचष्टे અને अयमेषामनयो र्वातिशयेन पटुः આ અર્થમાં पटु નામને 'पृथ्वादे० ७-१-५८' થી इमन् પ્રત્યય, તેમ જ ઉપર જણાવ્યા મુજબ णिच् પ્રત્યય; इष्ठ અને ईयसु પ્રત્યય. આ સૂત્રથી पटु નામના અન્ત્ય उ નો લોપ વગેરે કાર્ય થવાથી पटिमा, पटयति, पटिष्ठः અને पटीयान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– કર્ત્તાને કહે છે. આ બધામાં આ અતિશય કર્ત્તા છે. આ બેમાં આ અતિશય કર્ત્તા છે. પટુતા. પટુને કહે છે. આ બધામાં આ અતિશય પટુ છે. આ બેમાં આ અતિશય પટુ છે. ॥४३॥

## नैकस्वरस्य ७।४।४४॥

इमन्, णि, इष्ठ અને ईयसु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા એકસ્વરવાળા નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી. स्रग्विणमाचष्टे અને अयमेषामनयो र्वाऽतिशयेन स्रग्वी આ અર્થમાં स्रग्विन् નામને णिच् પ્રત્યય, इष्ठ પ્રત્યય, અને ईयसु પ્રત્યય. 'विन्-मतो० ७-४-३२' થી विन् પ્રત્યયનો લોપ. ત્યાર બાદ 'त्र्यन्त्य० ७-४-४३' થી स्रज् ના અન્ત્યસ્વરાદિ अज् ભાગને લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી स्रजयति, स्रजिष्ठः અને स्रजीयान् આવો પ્રયોગ થાય છે. અર્થ અને પ્રક્રિયા માટે જાુઓ સૂ.નં. ૭-૪-૩૨. ॥४४॥

## दण्डि-हस्तिनोरायने ७।४।४५॥

आयन પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दण्डिन् અને हस्तिन् નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી. दण्डिनोऽपत्यम् અને हस्तिनोऽपत्यम् આ અર્થમાં दण्डिन् અને हस्तिन् નામને 'नडादिभ्य० ६-१-५३' થી आयनण् [आयन] પ્રત્યય.

'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી પ્રાપ્ત इन् લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી दाण्डिनायनः અને हास्तिनायनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દણ્ડીનું અપત્ય. હસ્તીનું અપત્ય. ॥૪૫॥

## वाशिन आयनौ ७।४।४६॥

आयनि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા वाशिन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ થતો નથી. वाशिनोऽपत्यम् આ અર્થમાં वाशिन् નામને 'अवृद्धा० ६-१-११०' થી आयनिञ् [आयनि] પ્રત્યય. वाशिन् નામના અન્ત્યસ્વરાદિ ભાગ इन् ને 'नोऽपद० ७-४-६१' થી લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી वाशिनायनिः આવો પ્રયોગ થાય છે. અર્થ- વાશિન્નું અપત્ય. ॥૪૬॥

## एये जिह्माशिनः ७।४।४७॥

एय પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા जिह्माशिन् નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી. जिह्माशिनोऽपत्यम् આ અર્થમાં जिह्माशिन् નામને 'शुभ्रादिभ्यः ६-१-७३' થી एयण् [एय] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી પ્રાપ્ત इन् લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી जैह्माशिनेयः આવો પ્રયોગ થાય છે. અર્થ–જિહ્માશિન્નું અપત્ય. ॥૪૭॥

## ईनेऽध्वाऽऽत्मनोः ७।४।४८॥

ईन પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अध्वन् અને आत्मन् નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી.

अध्वानमलङ्गामी અને आत्मने हितः આ અર્થમાં अध्वन् નામને 'अध्वा० ૭-૧-૧૦૩' થી ईन પ્રત્યય અને आत्मन् નામને 'भोगोत्तर० ૭-૧-૪૦' થી ईन પ્રત્યય. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્યસ્વરાદિ अन् ને લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી अध्वनीनः અને आत्मनीनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રસ્તામાં સારી રીતે જનાર મુસાફર. આત્મા માટે હિતકર. ॥૪૮॥

## इकण्यथर्वणः ७।४।४९॥

इकण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अथर्वण् નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી. अथर्वाणं वेत्त्यधीते वा આ અર્થમાં अथर्वण् નામને 'न्यायादे० ૬-૨-૧૧૮' થી इकण् [इक] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ૭-૪-૬૧' થી પ્રાપ્ત અન્ત્યસ્વરાદિ [अण्] લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી आथर्वणिकः આવો પ્રયોગ થાય છે. અર્થ– અથર્વવેદનો જાણકાર અથવા અધ્યેતા. ॥૪૯॥

## यूनोऽके ७।४।५०॥

अक પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા युवन् નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી. यूनो भावः આ અર્થમાં युवन् નામને 'चौरादेः ૭-૧-૭૩' થી अकञ् [अ] પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્યસ્વરાદિ ભાગને લોપની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ. यौवनक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી यौवनिका આવો પ્રયોગ થાય છે. અર્થ-યૌવન. ॥૫૦॥

## अनोऽट्ये ये ७।४।५१॥

ट्य प्रत्ययने छोडीने अन्य-य् छे आदिमां जेना एवो प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला अन् अन्तवाळा नामना अन्त्यस्वरादि भागनो लोप थतो नथी. सामनि साधुः, वेमनि साधुः अने मूर्धनि भवः आ अर्थमां सामन् अने वेमन् नामने 'तत्र साधौ ७-१-१५' थी य प्रत्यय अने मूर्धन् नामने 'भवे ६-३-१२३' नी सहायथी 'दिगादि० ६-३-१२४' थी य प्रत्यय. 'नोऽपद० ७-४-६१ थी प्राप्त अन्त्यस्वरादिलोपनो आ सूत्रथी निषेध वगेरे कार्य थवाथी सामन्यः, वेमन्यः अने मूर्धन्यः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- सामवेदमां निपुण. वेमा [वणकरोनी साळ]मां योग्य. माथा पर थनार-केशादि. अट्य इति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब ट्य प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला अन् अन्तवाळा नामना अन्त्यस्वरादि भागना लोपनो निषेध थतो नथी. तेथी राज्ञो भावः आ अर्थमां राजन् नामने 'पतिराजा० ७-१-६०' थी ट्यण् [य] प्रत्यय. 'नोऽपद० ७-४-६१' थी अन्त्य अन् नो लोप ईत्यादि कार्य थवाथी राज्यम् आवो प्रयोग थाय छे. अर्थ- राजानो भाव. ॥५१॥

## अणि ७।४।५२॥

अण् प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला अन् छे अन्तमां जेना एवा नामना अन् स्वरूप अन्त्यस्वरादि भागनो लोप थतो नथी. सुत्वनोऽपत्यम् आ अर्थमां 'ङसोऽपत्ये ६-१-२८' थी अण् प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्यस्वर उ ने वृद्धि औ आदेश. 'नोऽपद० ७-४-६१' थी प्राप्त अन् ना लोपनो आ सूत्रथी निषेध वगेरे कार्य थवाथी सौत्वनः आवो प्रयोग थाय छे. अर्थ-सुत्वन्नुं अपत्य. ॥५२॥

## संयोगादिनः ७।४।५३॥

अण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા સંયોગ [સંયુક્ત વ્યઞ્જન] થી પરમાં રહેલા इन् અન્તવાળા નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી. शङ्खिनोऽपत्यम् આ અર્થમાં शङ्ख નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. नोऽपद० ७-४-६१' થી અન્ત્યસ્વરાદિ–इन्ने લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી शाङ्खिनः આવો પ્રયોગ થાય છે. અર્થ-શંખનું અપત્ય. ॥५३॥

## गाथि–विदथि–केशि–पणि–गणिनः ७।४।५४॥

अण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા गाथिन्, विदथिन्, केशिन्, पणिन् અને गणिन् નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થતો નથી. गाथिनो विदथिनः केशिनः पणिनो गणिनो वाऽपत्यम् આ અર્થમાં गाथिन्, विदथिन्, केशिन्, पणिन् અને गणिन् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ અને ए ને વૃદ્ધિ ऐ આદેશ. તેમ જ अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી પ્રાપ્ત અન્ત્યસ્વરાદિ લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી गाथिनः, वैदथिनः, कैशिनः, पाणिनः અને गाणिनः पुत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગાથિન્નું અપત્ય. વિદથિન્નું અપત્ય. કેશિન્નું અપત્ય. પણિન્નું અપત્ય. ગણિન્નું અપત્ય. ॥५४॥

## अनपत्ये ७।४।५५॥

અપત્યભિન્ન અર્થમાં વિહિત अण् [अ] પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા इन् અન્તવાળા નામના અન્ત્યસ્વરાદિ

ભાગનો લોપ થતો નથી. संराविन् નામને 'नित्यं० ७-३-५८' થી સ્વાર્થમાં अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી પ્રાપ્ત અન્ત્યસ્વરાદિ લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી सांराविणम् આવો પ્રયોગ થાય છે. અર્થ-અવાજ કરવો, રાડ પાડવી. ॥૫૫॥

## उक्ष्णो लुक् ૭।૪।૫૬॥

અપત્યભિન્ન અર્થમાં વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા उक्षन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. उक्ष्ण इदम् આ અર્થમાં उक्षन् નામને 'तस्येदम् ६-३-१६०' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. આ સૂત્રથી उक्षन् ના अन् નો લોપ વગેરે કાર્ય થવાથી औक्षं पदम् આવો પ્રયોગ થાય છે. અર્થ-બળદસંબન્ધી-પદ. अनपत्य इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપત્યભિન્ન જ અર્થમાં વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો उक्षन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. તેથી उक्ष्णोऽपत्यम् આ અર્થમાં उक्षन् નામને અપત્યાર્થમાં 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્યસ્વરાદિ अन् ના લોપનો 'अणि ७-४-५२' થી નિષેધ. 'षादि० २-१-११०' થી उक्षन् ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી औक्ष्णः આવો પ્રયોગ થાય છે. અર્થ–ઉક્ષન્‌નું અપત્ય. અહીં અપત્યાર્થક अण् પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વેના उक्षन् ના અન્ત્યસ્વરાદિનો આ સૂત્રથી લોપ થતો નથી. ॥૫૬॥

## ब्रह्मणः ૭।૪।૫૭॥

અપત્યભિન્નાર્થમાં વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો ब्रह्मन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. ब्रह्मण इदम् આ અર્થમાં ब्रह्मन् નામને 'तस्येदम् ७-३-६०' થી अण् [अ] પ્રત્યય.

'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી ब्रह्मन् ના અન્ત્યસ્વરાદિ अन् નો લોપ વગેરે કાર્ય થવાથી ब्राह्ममस्त्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ–બ્રહ્માનું અસ્ત્ર. ॥૫૭॥

## जातौ ७।४।५८॥

જાતિ અર્થ ગમ્યમાન હોય તો અપત્યભિન્નાર્થમાં જ વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ब्रह्मन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. ब्रह्मण इयम् આ અર્થમાં ब्रह्मन् નામને 'तस्येदम् ६-३-१६०' થી अण् [अ] પ્રત્યય. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ अन् નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. ब्राह्म નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી ब्राह्मी औषधिः આવો પ્રયોગ થાય છે. અર્થ-બ્રહ્માની ઔષધિ.

આ સૂત્રથી; અનપત્ય [અપત્યભિન્ન] અર્થમાં જ વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો જાત્યર્થ ગમ્યમાન હોય ત્યારે ब्रह्मन् નામના अन् [અન્ત્યસ્વરાદિ] નો લોપ થાય છે. તેથી ब्रह्मणोऽपत्यम् આ અર્થમાં 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् [अ] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ...વગેરે કાર્ય થવાથી ब्राह्मणः આવો પ્રયોગ થાય છે. અર્થ–બ્રહ્માનું અપત્ય બ્રાહ્મણજાતીય. અહીં જાત્યર્થ ગમ્યમાન છે. પરન્તુ अण् પ્રત્યય અનપત્યાર્થમાં વિહિત ન હોવાથી આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ–अन् નો લોપ થતો નથી. जाताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાત્યર્થ ગમ્યમાન હોય તો જ; અનપત્યાર્થમાં જ વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ब्रह्मन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. તેથી ब्रह्मणोऽपत्यम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ ब्रह्मन् નામને अण् પ્રત્યય.. આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्म० ७-४-५९' થી અન્ત્યસ્વરાદિ अन् નો લોપ...વગેરે કાર્ય થવાથી ब्राह्मो नारदः

આવો પ્રયોગ થાય છે. અર્થ– બ્રહ્માનું અપત્ય-નારદ. અહીં વ્યક્તિ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી અન્ત્યસ્વરાદિનો લોપ થતો નથી. યદ્યપિ '૭-૪-૫૧' થી અહીં વ્યક્તિ અર્થ ગમ્યમાન હોવા છતાં જેમ અન્ત્યસ્વરાદિનો લોપ થયો છે. તેમ **ब्राह्मणः** અહીં પણ અન્ત્યસ્વરાદિ–**अन्** નો લોપ થવો જોઈએ. અને **ब्राह्मी औषधिः** અહીં અન્ત્યસ્વરાદિનો લોપ તો પૂર્વસૂત્રથી [૭-૪-૫૭] સિદ્ધ હતો. તેથી આ સૂત્રનું પ્રણયન વ્યર્થ છે. પરન્તુ આ સૂત્રનું પ્રણયન નીચે જણાવેલા નિયમ માટે છે. જાત્યર્થમાં અનપત્યાર્થમાં જ [અપત્યાર્થમાં નહિ] વિહિત **अण्** પ્રત્યય પરમાં હોય તો **ब्रह्मन्** નામના અન્ત્યસ્વરાદિ-**अन्** નો લોપ થાય છે.–આ નિયમથી અજાત્યર્થમાં [વ્યક્ત્યર્થમાં] અપત્ય કે અનપત્યાર્થમાં અનુક્રમે ઉત્તર [૭-૪-૫૧] કે પૂર્વ [૭-૪-૫૭]સૂત્રથી **ब्रह्मन्** નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. જેથી **ब्राह्मो नारदः** અને **ब्राह्ममस्त्रम्** આ પ્રયોગ સિદ્ધ છે. જાત્યર્થમાં અનપત્યાર્થમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ब्राह्मी औषधिः** આ પ્રયોગ થાય છે. અને જાત્યર્થમાં અપત્યાર્થમાં, નિયમના સામર્થ્યથી કોઈ પણ [૭-૪-૫૭, ૫૮ અને ૫૧] સૂત્રથી **ब्रह्मन्** નામના અન્ત્યસ્વરાદિનો લોપ ન થવાથી **ब्राह्मणः** [બ્રહ્માનું અપત્ય–બ્રાહ્મણ-જાતીય] આવો પ્રયોગ થાય છે. આથી સમજી શકાશે કે '**ब्रह्मणः** ૭-૪-૫૭' થી અજાત્યર્થમાં **ब्रह्मन्** નામને અનપત્યાર્થમાં વિહિત **अण्** પ્રત્યય પરમાં હોય તો **ब्रह्मन्** નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાત્યર્થમાં અનપત્યાર્થમાં જ વિહિત **अण्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **ब्रह्मन्** નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે; અને **ब्राह्मो नारदः** અહીં અજાત્યર્થમાં અપત્યાર્થમાં વિહિત **अण्** પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા **ब्रह्मन्** નામના અન્ત્યસ્વરાદિનો લોપ '**अवर्मणो०** ૭-૪-૫૧' થી થાય છે...ઈત્યાદિ સ્વયં વિચારવું. ॥૫૮॥

## अवर्मणो मनोऽपत्ये ७।४।५९॥

અપત્ય અર્થમાં વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા; वर्मन् નામને છોડીને અન્ય मन् અન્તવાળા નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થાય છે. सुषाम्नोऽपत्यम् આ અર્થમાં सुषामन् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ अन् નો લોપ વગેરે કાર્ય થવાથી सौषामः આવો પ્રયોગ થાય છે. અર્થ–સુષામન્નું અપત્ય. अवर्मण इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપત્યાર્થક अण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા वर्मन् નામના અન્ત્યસ્વરાદિનો લોપ થતો નથી. તેથી चक्रवर्मणोऽपत्यम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ चक्रवर्मन् નામને अण् પ્રત્યય. આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી चाक्रवर्मणः આવો પ્રયોગ થાય છે. અર્થ-ચક્રવર્માનું અપત્ય. [चक्रवर्मणः અહીં 'न वम० २-१-१११' થી ઉપાન્ત્ય अ ના લોપનો નિષેધ થયો છે.] ॥५९॥

## हितनाम्नो वा ७।४।६०॥

અપત્યાર્થમાં વિહિત अण् પ્રત્યય પરમાં હોય તો हितनामन् નામના અન્ત્યસ્વરાદિનો વિકલ્પથી લોપ થાય છે. हितनाम्नोऽपत्यम् આ અર્થમાં हितनामन् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ अन् નો લોપ વગેરે કાર્ય થવાથી हैतनामः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અન્ત્યસ્વરાદિનો લોપ ન થાય ત્યારે हैतनामनः આવો પ્રયોગ થાય છે. અર્થ–હિતનામાનું અપત્ય. ॥६०॥

## नोऽपदस्य तद्धिते ७।४।६१॥

તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના અપદ [જેને પદ સંજ્ઞા થઈ નથી તે] નામના અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. **मेधाविनोऽपत्यम्** આ અર્થમાં **मेधाविन्** નામને **'ङसोऽपत्ये ६-१-२८'** થી **अण्** પ્રત્યય. **'वृद्धिः० ७-४-१'** થી આદ્યસ્વર **ए** ને વૃદ્ધિ **ऐ** આદેશ. આ સૂત્રથી **मेधाविन्** નામના અન્ત્યસ્વરાદિ–**इन्** નો લોપ વગેરે કાર્ય થવાથી **मैधावः** આવો પ્રયોગ થાય છે. અર્થ–મેધાવીનું અપત્ય. **अपदस्येति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપદ નામના જ અન્ત્યસ્વરાદિનો લોપ થાય છે. તેથી **मेधाविन आगतम्** આ અર્થમાં **'नृ-हेतु० ६-३-१५६'** થી **मेधाविन्** નામને **रूप्य** પ્રત્યય. **'नाम सिद० १-१-२१'**થી **मेधाविन्** નામને પદસંજ્ઞા. **'नाम्नो नो० २-१-९१'** થી **मेधाविन्** નામના અન્ત્ય **न्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **मेधाविरूप्यम्** આવો પ્રયોગ થાય છે. અર્થ–મેધાવીથી આવેલું. અહીં **मेधाविन्** નામ અપદ ન હોવાથી તેના અન્ત્યસ્વરાદિનો આ સૂત્રથી લોપ થતો નથી. ॥६१॥

## कलापि-कुथुमि-तैतलि-जाजलि-लाङ्गलि-शिखण्डि-शिलालि-सब्रह्मचारि-पीठसर्पि-सूकरसद्म-सुपर्वणः ७।४।६२॥

તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો અપદસ્વરૂપ **कलापिन्; कुथुमिन्; तैतलिन्; जाजलिन्; लाङ्गलिन्; शिखण्डिन्; शिलालिन्; सब्रह्मचारिन्; पीठसर्पिन्; सुकरसद्मन्** અને **सुपर्वन्** નામના અન્ત્યસ્વરાદિ ભાગનો લોપ થાય છે. **कलापिना, कुथुमिना, तैतलिना, जाजलिना, लाङ्गलिना वा प्रोक्तं वेदमधीयते** આ અર્થમાં **कलापिन्, कुथुमिन्, तैतलिन्, जाजलिन्** અને **लाङ्गलिन्** નામને **'तद्वेत्त्यधीते ६-२-११७'** થી **अण्** પ્રત્યય. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ **इन्** નો લોપ. **'वृद्धिः० ७-४-१'** થી આદ્યસ્વર **अ** અને **उ** ને

વૃદ્ધિ आ અને औ આદેશ વગેરે કાર્ય થવાથી कालापाः; कौथुमाः; तैतलाः; जाजलाः અને लाङ्गलाः; આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– કલાપીપ્રોક્ત વેદ ભણે છે. કુથુમીપ્રોક્ત વેદ ભણે છે. તૈતલીપ્રોક્ત વેદ ભણે છે. જાજલીપ્રોક્ત વેદ ભણે છે. લાઙ્ગલીપ્રોક્ત વેદ ભણે છે. शिखण्डिनः, शिलालिनः, सब्रह्मचारिणः, पीठसर्पिणः, सूकरसद्मनः, सुपर्वणो वा इमे अपत्यानि આ અર્થમાં शिखण्डिन्, शिलालिन्, सब्रह्मचारिन्, पीठसर्पिन्, सूकरसद्मन् અને सुपर्वन् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ–इन् નો તેમ જ अन् નો લોપ. ઉપર જણાવ્યા મુજબ આદ્યસ્વર इ અને ई ને વૃદ્ધિ ऐ આદેશ. अ ને વૃદ્ધિ आ આદેશ તેમ જ उ અને ऊ ને વૃદ્ધિ औ આદેશ... વગેરે કાર્ય થવાથી शैखण्डाः, शैलालाः, साब्रह्मचाराः, पैठसर्पाः, सौकरसद्माः અને सौपर्वाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– શિખંડીના અપત્યો. શિલાલીના અપત્યો. સબ્રહ્મચારીના અપત્યો. પીઠસર્પીના અપત્યો. સૂકરસદ્માના અપત્યો. સુપર્વાના અપત્યો. અહીં 'संयोगादिनः ७-४-५३' થી शिखंडिन् અને पीठसर्पिन् નામના અન્ત્યસ્વરાદિના લોપનો અપત્યાર્થમાં; 'अनपत्ये ७-४-५५' થી इन्नन्त कलापिन् વગેરે નામના અન્ત્યસ્વરાદિના લોપનો તેમ જ 'अणि ७-४-५२' થી सूकरसद्मन् અને सुपर्वन् નામના અન્ત્યસ્વરાદિના લોપનો નિષેધ હતો માટે આ સૂત્રનું પ્રણયન છે. ॥૬૨॥

### वाऽश्मनो विकारे ७।४।६३॥

વિકારાર્થક–તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપદસ્વરૂપ अश्मन् નામના અન્ત્યસ્વરાદિ ભાગનો વિકલ્પથી લોપ થાય છે. अश्मनो विकारः આ અર્થમાં 'विकारे ६-२-३०' થી अश्मन् નામને अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ–अन्नो

લોપ...વગેરે કાર્ય થવાથી आश्मः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અન્ત્યસ્વરાદિનો લોપ ન થાય ત્યારે आश्मनः આવો પ્રયોગ થાય છે. અર્થ–પથ્થરનો વિકાર-ભસ્માદિ. ॥૬૩॥

## चर्म-शुनः कोश–सङ्कोचे ૭।૪।૬૪॥

તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપદ સ્વરૂપ चर्मन् અને श्वन् નામના અન્ત્યસ્વરાદિનો ક્રમશઃ કોશ અને સઙ્કોચ અર્થમાં લોપ થાય છે. चर्मणो विकारः कोशः અને शुनोऽयं सङ्कोचः આ અર્થમાં चर्मन् નામને 'विकारे ૬-૨-૩૦' થી अण् પ્રત્યય અને श्वन् નામને 'तस्येदम् ૬-૩-૧૬૦' થી अण् પ્રત્યય. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિનો [अन् નો] લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. श्वन् ના व् ની પૂર્વે 'द्वारादेः ૭-૪-૬' થી औ નો આગમ...વગેરે કાર્ય થવાથી चार्मः कोशः અને शौवः सङ्कोचः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ચામડાની મ્યાન. કૂતરાનો સઙ્કોચ. ॥૬૪॥

## प्रायोऽव्ययस्य ૭।૪।૬૫॥

તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપદ સ્વરૂપ અવ્યયના અન્ત્યસ્વરાદિનો પ્રાયઃ [પ્રયોગાનુસાર] લોપ થાય છે. स्वर्भवः આ અર્થમાં स्वर् અવ્યયને 'भवे ૬-૩-૧૨૩' થી अण् પ્રત્યય. આ સૂત્રથી અન્ત્યસ્વરાદિ अर् નો લોપ. 'द्वारादेः ૭-૪-૬' થી व् ની પૂર્વે औ નો આગમ...વગેરે કાર્ય થવાથી सौवः આવો પ્રયોગ થાય છે. અર્થ–સ્વર્ગમાં થનાર. प्रायः किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપદસ્વરૂપ અવ્યયના અન્ત્યસ્વરાદિનો પ્રાયઃ જ લોપ થાય છે. તેથી आराद् भवः આ અર્થમાં आरात् અવ્યયને 'भवे ૬-

૩-૧૨૩' ની સહાયથી 'दोरीयः ૬-૩-૩૨' થી ईय પ્રત્યય...વગેરે કાર્ય થવાથી आरातीयः આવો પ્રયોગ થાય છે. અર્થ–દૂર અથવા નજીકમાં થયેલો. અહીં આ સૂત્રથી અન્ત્યસ્વરાદિનો લોપ થતો નથી. ॥૬૫॥

## अनीनाऽदट्यह्नोऽतः ७।४।६६॥

ईन, अत् અને अट् પ્રત્યયથી ભિન્ન તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપદસ્વરૂપ अहन् નામના ઉપાન્ત્ય अ નો લોપ થાય છે. अह्नां समूहः આ અર્થમાં अहन् નામને 'श्वादिभ्योऽञ् ६-२-२६' થી अञ् [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી अहन् નામના ઉપાન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आह्नम् આવો પ્રયોગ થાય છે. અર્થ–દિવસોનો સમુદાય. अनीनादटीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ईन, अत् અને अट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપદ–अहन् નામના ઉપાન્ત્ય अ નો લોપ થતો નથી. તેથી द्वाभ्यामहोभ्याम् निर्वृतः આ અર્થમાં द्व्यहन् નામને 'रात्र्यहः० ६-४-११०' થી ईन પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્યસ્વરાદિ–अन् નો લોપ વગેરે કાર્ય થવાથી द्व्यहीनः આવો પ્રયોગ થાય છે. અર્થ-બે દિવસમાં થયેલો. अहरहः प्रति આ અર્થમાં 'योग्यता० ३-१-४०' થી અવ્યયીભાવસમાસ. प्रत्यहन् નામને 'नपुंसकाद् वा ७-३-८९' થી સમાસાન્ત अत् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ અન્ત્યસ્વરાદિ अन् નો લોપ વગેરે કાર્ય થવાથી प्रत्यहम् આવો પ્રયોગ થાય છે. અર્થ-દિવસે દિવસે. द्वयोरह्नोः समाहारः આ અર્થમાં 'संख्या० ३-१-९९' થી દ્વિગુસમાસ. द्व्यहन् નામને 'द्विगोर० ७-३-९९' થી સમાસાન્ત अट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ અન્ત્યસ્વરાદિ अन् નો લોપ વગેરે કાર્ય થવાથી द्व्यहः આવો પ્રયોગ થાય છે. અર્થ–બે દિવસનો સમુદાય.

અહીં ईन, अत् કે अट् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ થતો નથી. ॥૬૬॥

## विंशतेस्तेर्डिति ७।४।६७॥

डित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા विंशति નામના ति નો લોપ થાય છે. विंशत्या क्रीतः આ અર્થમાં विंशति નામને 'त्रिंशद्० ६-४-१२९' થી डक [अक] પ્રત્યય. આ સૂત્રથી ति નો લોપ. 'डित्यन्त्य० २-१-११४' થી विंश ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી विंशकः पटः આવો પ્રયોગ થાય છે. અર્થ-વીશથી ખરીદેલ વસ્ત્ર. ॥૬૭॥

## अवर्णेवर्णस्य ७।४।६८॥

તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા—અપદ [પદ સંજ્ઞા જેને થઈ નથી તે] સ્વરૂપ અવર્ણાન્ત અને ઈવર્ણાન્ત [अ, आ અને इ, ई છે અન્તમાં જેના એવા ]નામના અન્ત્ય અવર્ણ [अ, आ] અને ઈવર્ણ [इ, ई]નો લોપ થાય છે. दक्षस्यापत्यम्; चूडाया अपत्यम्; नाभेरपत्यम् અને दुल्या अपत्यम् આ અર્થમાં दक्ष નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યય. चूडा નામને 'बाह्वा० ६-१-३२' થી इञ् પ્રત્યય. नाभि નામને 'इतो० ६-१-७२' થી एयण् પ્રત્યય; અને दुली નામને 'द्विस्वरा० ६-१-७१' થી एयण् [एय] પ્રત્યય. આ સૂત્રથી અન્ત્ય अ, आ, इ અને ई નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. उ અને ऊ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી दाक्षिः, चौडिः, नाभेयः અને दौलेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દક્ષનું અપત્ય. ચૂડાનું અપત્ય. નાભિનું અપત્ય. દુલીનું અપત્ય. अपदस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના અવર્ણાન્ત અને

ઈવર્ણાન્ત અપદસ્વરૂપ જ નામના અન્ત્ય અવર્ણ અને ઈવર્ણનો લોપ થાય છે. તેથી ऊर्णाः सन्ति यस्मिन् આ અર્થમાં ऊर्णा નામને 'ऊर्णा० ૭-૨-૧૭' થી युस् [यु] પ્રત્યય. 'नाम सिद० ૧-૧-૨૧' થી ऊर्णा નામને પદસંજ્ઞા વગેરે કાર્ય થવાથી ऊर्णायुः આવો પ્રયોગ થાય છે. અહીં ऊर्णा નામ પદ હોવાથી [અપદ ન હોવાથી ] તેના અન્ત્ય आ નો લોપ, આ સૂત્રથી થતો નથી. અર્થ-ઘેટો. ||૬૮||

## अकद्रू-पाण्डूवोरुवर्णस्यैये ७|४|६९||

एय તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા–कद्रू અને पाण्डु નામથી ભિન્ન उ વર્ણ [उ ऊ] જેના અન્તે છે એવા નામના અન્ત્ય उ વર્ણનો [उ ऊ નો] લોપ થાય છે. जम्ब्वा अपत्यम् આ અર્થમાં जम्बू નામને 'द्विस्वरा० ૬-૧-૭૧' થી एयण् પ્રત્યય. આ સૂત્રથી અન્ત્ય ऊ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ...વગેરે કાર્ય થવાથી जाम्बेयः આવો પ્રયોગ થાય છે. અર્થ- જમ્બૂનું અપત્ય. कद्रवादिवर्जनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત एय પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા कद्रू અને पाण्डु નામના અન્ત્ય उ વર્ણનો લોપ થતો નથી. તેથી कद्र्वाः पाण्डो र्वाऽपत्यम् આ અર્થમાં कद्रू અને पाण्डु નામને 'शुभ्रादिभ्यः ૬-૧-૭૩' થી एयण् પ્રત્યય. 'अस्वय० ૭-૪-૭૦' થી અન્ત્ય ऊ અને उ ને अव् આદેશ. ઉપર જણાવ્યા મુજબ આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી काद्रवेयः અને पाण्डवेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કદ્રૂનું અપત્ય. પાણ્ડુનું અપત્ય. ||૬૯||

## अस्वयम्भुवोऽव् ७|४|७०||

તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા–स्वयम्भू

નામથી ભિન્ન उ વર્ણ [उ ऊ] જેના અન્તે છે એવા નામના અન્ત્ય उ વર્ણને अव् આદેશ થાય છે. उपगोरपत्यम् આ અર્થમાં उपगु નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. આ સૂત્રથી અન્ત્ય उ ને अव् આદેશ... વગેરે કાર્ય થવાથી औपगवः આવો પ્રયોગ થાય છે. અર્થ– ઉપગુનું અપત્ય. अस्वयम्भुव इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्वयम्भू નામના અન્ત્ય ऊ ને अव् આદેશ થતો નથી. તેથી स्वयम्भुवोऽपत्यम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ स्वयम्भू નામને अण् પ્રત્યય. આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય ऊ ને 'धातोरि० २-१-५०' થી उव् આદેશ વગેરે કાર્ય થવાથી स्वायम्भुवः આવો પ્રયોગ થાય છે. અર્થ-સ્વયંભૂનું અપત્ય. ॥७०॥

## ऋवर्णोवर्ण–दोसिसुसशश्वदकस्मात्त इकस्येतो लुक् ७।४।७१॥

ऋ વર્ણાન્ત; उ વર્ણાન્ત, इस् પ્રત્યયાન્ત, उस् પ્રત્યયાન્ત તેમ જ दोस् નામથી પરમાં રહેલા અને शश्वत् તથા अकस्मात् નામથી ભિન્ન-त् અન્તવાળા નામથી પરમાં રહેલા इक પ્રત્યયના इ નો લોપ થાય છે. मातुरागतम् આ અર્થમાં मातृ નામને 'ऋत इकण् ६-३-१५२' થી इकण् [इक] પ્રત્યય. निषादकर्ष्वां भवः આ અર્થમાં निषादकर्षु નામને 'उवर्णा० ६-३-३९' થી इकण् પ્રત્યય. दोर्भ्याम् तरति આ અર્થમાં दोस् નામને 'तरति ६-४-९' થી इकण् પ્રત્યય. सर्पिः पण्यमस्य આ અર્થમાં सर्पिस् [इस् પ્રત્યયાન્ત] નામને 'तदस्य० ६-४-५४' થી इकण् પ્રત્યય. धनुः प्रहरणमस्य આ અર્થમાં धनुस् નામને [उस् પ્રત્યયાન્ત નામને] 'प्रहरणम् ६-४-६२' થી इकण् પ્રત્યય અને उदश्विता संस्कृतः આ અર્થમાં उदश्वित् [તાદૃશ त् અન્તવાળા] નામને 'संस्कृते ६-४-३' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ, इ અને उ તથા ओ ને વૃદ્ધિ

आ ऐ અને औ તથા औ આદેશ. આ સૂત્રથી इकण् [इक] પ્રત્યયના इ નો લોપ વગેરે કાર્ય થવાથી मातृकम्, नैषादकर्षुकः, दौष्कः, सार्पिष्कः धानुष्कः અને औदश्वित्कः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- માતાથી આવેલું. માછીમારના અસ્ત્રવિશેષમાં થનાર. ભુજાથી તરનાર. ઘી વેચનાર. ધનુષ્ય છે હથિયાર જેનું તે. છાશથી સંસ્કૃત ભાત વગેરે.

शश्वदकस्माद्-वर्जनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शश्वत् અને अकस्मात् નામથી પરમાં રહેલા इक પ્રત્યયના इ નો લોપ થતો નથી. તેથી शश्वद् भवम् અને अकस्माद् भवम् આ અર્થમાં शश्वत् નામને 'वर्षाकालेभ्यः ६-३-८०' થી इकण् [इक] પ્રત્યય. अकस्मात् નામને 'अध्यात्मा० ६-३-७८' થી इकण् [इक] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'प्रायोऽव्ययस्य ७-४-६५' થી अकस्मात् નામના અન્ત્યસ્વરાદિ आत् નો લોપ વગેરે કાર્ય થવાથી शाश्वतिकम् અને आकस्मिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શાશ્વતિક. આકસ્મિક. ॥૭૧॥

## असकृत् सम्भ्रमे ७।४।७२॥

ભયાદિના કારણે ચિત્તવ્યાક્ષેપથી પ્રયોક્તાની ઉતાવળને સંભ્રમ કહેવાય છે. [भयादिभिश्चित्तव्याक्षेपात् प्रयोक्तुस्त्वरणं सम्भ्रमः] સંભ્રમ અર્થ ગમ્યમાન હોય તો જે પદ કે વાક્ય પ્રવર્ત્તતું હોય તેનો અનેકવાર પ્રયોગ થાય છે. अहिरहिरहिः અહીં अहिः પદનો આ સૂત્રથી અનેકવાર પ્રયોગ થયો છે. हस्त्यागच्छति हस्त्यागच्छति અને लघु पलायध्वम् लघु पलायध्वम् અહીં हस्त्यागच्छति અને लघु पलायध्वम्– આ વાક્યનો આ સૂત્રથી અનેકવાર પ્રયોગ થયો છે.અર્થ ક્રમશઃ- સર્પ સર્પ સર્પ. હાથી આવે છે, હાથી આવે છે. જલદી ભાગો, જલદી ભાગો. ॥૭૨॥

## भृशाऽऽभीक्ष्याऽविच्छेदे द्विः प्राक् तमबादेः ७।४।७३॥

ક્રિયાના સાકલ્યને અર્થાત્ ક્રિયાના અવયવોના સમુદાયને ભૃશ કહેવાય છે; ક્રિયાના ફરી ફરી થવાને आभीक्ष्य કહેવાય છે અને ક્રિયામાં ક્રિયાન્તરના વ્યવધાનના અભાવને અવિચ્છેદ-सातत्य કહેવાય છે. ભૃશ, आभीक्ष्य અને अविच्छेद અર્થ જણાતો હોય તો तमप् આદિ પ્રત્યયો થતાં પૂર્વે પદ અથવા વાક્યને દ્વિત્વ થાય છે. અર્થાત્ તે પદ અથવા વાક્યનો બે વાર પ્રયોગ થાય છે. लुनीहि लुनीहि इत्येवाऽयं लुनाति અહીં આ સૂત્રથી ભૃશ અર્થમાં लुनीहि આ પદને દ્વિત્વ થયું છે. भोजं भोजं याति અહીં आभीक्ष्य અર્થમાં આ સૂત્રથી भोजम् આ પદને દ્વિત્વ થયું છે. प्रपचति प्रपचति અહીં अविच्छेद-સાતત્ય અર્થમાં प्रपचति આ વાક્યને આ સૂત્રથી દ્વિત્વ થયું છે. [भुज् ધાતુને 'ख्णम्० ५-४-४८' થી ख्णम् [अम्] પ્રત્યયાદિ કાર્ય થવાથી भोजम् આવો પ્રયોગ થાય છે. ]અર્થ ક્રમશઃ- કાપવાની બધી ક્રિયા કરે છે. વારંવાર ખાઈને જાય છે. અન્ય ક્રિયા કર્યા વિના માત્ર રાંધે છે. ॥૭૩॥

## नानावधारणे ७।४।७४॥

નાનાભૂતોનું અર્થાત્ અધિક અવયવોથી યુક્ત સમુદાયનું ભેદથી ઈયત્તાનું જે જ્ઞાન તેને અવધારણ કહેવાય છે; એટલે કે તાદૃશ સમુદાયનું એક એક અવયવથી જે જ્ઞાન તેને અવધારણ કહેવાય છે. અવધારણ અર્થ ગમ્યમાન હોય તો ત્યાં વર્ત્તમાન પદ અથવા તો વાક્યને દ્વિત્વ થાય છે. अस्मात् कार्षापणादिह भवद्भ्यां माषं माषं देहि– અહીં माषम्- આ પદનો આ સૂત્રથી બે વાર પ્રયોગ થયો છે. અનેક માષાથી યુક્ત કાર્ષાપણનું એક એક માષથી પરિજ્ઞાન છે. અર્થ–આ કાર્ષાપણથી અહીં બે પૂજ્યોને એક એક માષ આપ. ॥૭૪॥

## आधिक्याऽऽनुपूर्व्ये ७।४।७५॥

આધિક્ય અને આનુપૂર્વ્ય [ક્રમના ઉલ્લંઘનનો અભાવ] અર્થના વાચક શબ્દને દ્વિત્વ થાય છે. **नमो नमः** અને **मूले मूले स्थूलाः** અહીં આધિક્ય અર્થના વાચક **नमस्** નામને અને આનુપૂર્વ્ય અર્થના વાચક **मूले** શબ્દને આ સૂત્રથી દ્વિત્વ થાય છે. અર્થ ક્રમશઃ- અધિક નમસ્કાર. મૂલમાં ક્રમશઃ સ્થૂલ છે. ॥૭૫॥

## डतर-डतमौ समानां स्त्रीभावप्रश्ने ७।४।७६॥

કોઈ ગુણથી તુલ્ય વસ્તુઓના સ્ત્રીલિઙ્ગ–ભાવસંબન્ધી પ્રશ્નમાં વર્ત્તમાન [તાદૃશ અર્થને જણાવનાર] **डतर** અને **डतम** પ્રત્યયાન્ત શબ્દનો બે વાર પ્રયોગ થાય છે. **उभाविमावाढ्यौ; कतरा कतरा अनयोराढ्यता ? कतमा कतमा एषामाढ्यता ?** અહીં **डतर** પ્રત્યયાન્ત **कतरा** અને **डतम** પ્રત્યયાન્ત **कतमा** શબ્દનો બે વાર આ સૂત્રથી પ્રયોગ થાય છે. અર્થ–આ બે આઢ્ય છે. કઇ કઇ વસ્તુઓની આઢ્યતા છે ? કઇ કઇ વસ્તુઓની આઢ્યતા છે ? પ્રથમપ્રશ્નમાં દૈવકૃત આઢ્યતા છે કે પૌરુષકૃત આઢ્યતા છે ? એ પ્રશ્નાશય છે. બીજા-પ્રશ્નમાં સાધનસંબન્ધકૃત આઢ્યતા છે ? અન્યસંબન્ધકૃત આઢ્યતા છે ? કે ઉભયસમ્બન્ધકૃત આઢ્યતા છે ?-એ પ્રશ્નાશય છે. **भाव इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કોઈ ગુણથી તુલ્ય વસ્તુઓના સ્ત્રીલિંગભાવસમ્બન્ધી જ [ભાવપ્રત્યયાર્થ, સ્ત્રીત્વવિશિષ્ટાર્થ હોય તો જ તત્સમ્બન્ધી] પ્રશ્નમાં વર્ત્તમાન **डतर** અને **डतम** પ્રત્યયાન્ત શબ્દને દ્વિત્વ થાય છે. તેથી **उभाविमौ लक्ष्मीवन्तौ कतराऽनयो र्लक्ष्मीः** અહીં **लक्ष्मी** સમ્બન્ધી પ્રશ્નમાં વર્ત્તમાન **डतर** પ્રત્યયાન્ત **कतरा** શબ્દનો આ સૂત્રથી બે વાર પ્રયોગ થતો નથી. કારણ કે સ્ત્રીત્વવિશિષ્ટ **लक्ष्मी** ભાવપ્રત્યયાર્થ નથી. ॥૭૬॥

## पूर्व-प्रथमावन्यतोऽतिशये ७।४।७७॥

બીજાની અપેક્ષાએ સ્વાર્થમાં અતિશય–પ્રકર્ષ ગમ્યમાન હોય તો **पूर्व** અને **प्रथम** શબ્દનો બે વાર પ્રયોગ થાય છે. **पूर्वं पूर्वं पुष्पन्ति** અને **प्रथमं प्रथमं पच्यन्ते** અહીં **पूर्व** અને **प्रथम** શબ્દને આ સૂત્રથી દ્વિત્વ થયું છે. અર્થ ક્રમશઃ– બીજાની અપેક્ષાએ ઘણા પહેલા ખીલે છે. બીજાની અપેક્ષાએ ઘણા પહેલા રંધાય–સીઝે છે. ॥૭૭॥

## प्रोपोत्–सम् पादपूरणे ७।४।७८॥

શ્લોકના પાદની પૂર્તિ કરાતી હોય તો **प्र, उप, उत्** અને **सम्** [ઉપસર્ગ] ને દ્વિત્વ થાય છે. **प्रप्रशान्तकषायाग्नेरुपोपप्लववर्जितम् । उदुज्ज्वलं तपो यस्य संसंश्रयत तं जिनम् ॥** અહીં આ સૂત્રથી **प्र, उप, उत्** અને **सम्** નો બે વાર પ્રયોગ થયો છે. અન્યથા શ્લોકના દરેક પાદમાં એક અક્ષર ન્યૂન રહેવાથી પાદપૂર્તિ થાય નહિ. અર્થ–જેમનો કષાયસ્વરૂપ અગ્નિ શાન્ત થયો છે; જેમનું તપ ઉજ્જ્વલ છે; એવા બાધારહિત શ્રી જિનેશ્વરદેવની તમે સેવા કરો. ॥૭૮॥

## सामीप्येऽधोऽध्युपरि ७।४।७९॥

સામીપ્યાર્થની વિવક્ષામાં **अधस् अधि** અને **उपरि** નામને દ્વિત્વ થાય છે. **अधोऽधः; अध्यधि, उपर्युपरि ग्रामम्** અહીં **अधस्, अधि** અને **उपरि** નામને આ સૂત્રથી દ્વિત્વ થયું છે. અર્થ ક્રમશઃ- ગામની નજીક નીચે. ગામની નજીક ચારે તરફ. ગામની નજીક ઉપર. દેશ અથવા કાલ દ્વારા કૃત સંબન્ધવિશેષને સામીપ્ય કહેવાય છે. ॥૭૯॥

## वीप्सायाम् ७।४।८०॥

વીપ્સા અર્થમાં વર્ત્તમાન પદને દ્વિત્વ થાય છે. પૃથક્ સંખ્યાયુક્ત ઘણા સજાતીય પદાર્થને ગુણ, ક્રિયા, દ્રવ્ય કે જાતિ દ્વારા પ્રત્યેકને એકી સાથે પ્રાપ્ત કરવાની પ્રયોગકર્ત્તાની ઈચ્છાને વીપ્સા કહેવાય છે. वृक्षं वृक्षं सिञ्चति અને ग्रामो ग्रामो रम्यः; અહીં वृक्षम् અને ग्रामः આ પદને આ સૂત્રથી દ્વિત્વ થયું છે. અર્થ ક્રમશઃ–દરેક વૃક્ષને સિંચે છે. દરેક ગામ રમણીય છે. ॥૮૦॥

## प्लुप् चादावेकस्य स्यादेः ७।४।८१॥

વીપ્સામાં દ્વિત્વ થયું હોય ત્યારે પ્રથમ [આદ્ય] एक નામની પરમાં રહેલી સ્યાદિ વિભક્તિનો पित् લોપ [લોપને पित् મનાય છે] થાય છે. एकस्याः પદને 'वीप्सा० ७-४-८०' થી દ્વિત્વ. આદ્ય एकस्याः પદમાંની સ્યાદિ વિભક્તિનો આ સૂત્રથી पित् લોપ. 'क्यङ्-मानि० ३-२-५०' થી एका નામને પુંવદ્ભાવ...વગેરે કાર્ય થવાથી एकैकस्याः આવો પ્રયોગ થાય છે. અર્થ-એક એક સ્ત્રીનું. ॥૮૧॥

## द्वन्द्वं वा ७।४।८२॥

વીપ્સામાં द्वि શબ્દને દ્વિત્વ થાય ત્યારે આદ્ય द्वि શબ્દની પરમાં રહેલી સ્યાદિ વિભક્તિનો વિકલ્પથી पित् લોપ થાય છે અને ત્યારે આદ્ય द्वि શબ્દના इ ને अम् આદેશ તથા ઉત્તર द्वि શબ્દના इ ને अ આદેશ અને ઉત્તર द्वि શબ્દની પરમાં રહેલી સ્યાદિ વિભક્તિને अम् આદેશ થાય છે. द्वौ પદને 'वीप्सायाम् ७-४-८०'થી દ્વિત્વ. આદ્ય द्वि થી પરમાં રહેલા સ્યાદિ औ પ્રત્યયનો પ્લુપ્. [પિત્ લોપ.] તથા તે द्वि ના इ ને अम् આદેશ. ઉત્તર द्वि ના इ ને अ આદેશ અને તે द्वि થી પરમાં રહેલા औ ને अम् આદેશ વગેરે કાર્ય થવાથી द्वन्द्वं तिष्ठतः આવો પ્રયોગ થાય છે.

વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **औ** પ્રત્યયનો **पित्** લોપ વગેરે કાર્ય ન થાય ત્યારે **द्वौ द्वौ तिष्ठतः** આવો પ્રયોગ થાય છે. અર્થ-બે બે ઊભા છે. ॥૮૨॥

**रहस्य-मर्यादोक्ति-व्युत्क्रान्ति-यज्ञपात्रप्रयोगे ७।४।८३॥**

રહસ્ય, મર્યાદોક્તિ, વ્યુત્ક્રાન્તિ અને યજ્ઞપાત્રપ્રયોગ- આ અર્થ ગમ્યમાન હોય તો **द्वि** શબ્દનો બે વાર પ્રયોગ થાય છે. અને ત્યારે આદ્ય **द्वि** શબ્દથી પરમાં રહેલી સ્યાદિ વિભક્તિનો પિત્ લોપ વગેરે કાર્યનું પૂર્વે જણાવ્યા મુજબ [જુઓ સૂ. નં. ૭-૪-૮૨] નિપાતન કરાય છે. **द्वन्द्वम् मन्त्रयन्ते; द्वन्द्वं मिथुनायन्ते पशवः; द्वन्द्वं व्युत्क्रान्ताः** અને **द्वन्द्वं यज्ञपात्राणि प्रयुनक्ति** અહીં ક્રમશઃ રહસ્ય; મર્યાદોક્તિ; વ્યુત્ક્રાન્તિ અને યજ્ઞપાત્રપ્રયોગ- આ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી **द्वौ द्वौ द्वौ** અને **द्वे** ને દ્વિત્વ. આદ્ય **द्वि** શબ્દથી પરમાં રહેલા સ્યાદિ વિભક્તિના **औ** તથા **ई** પ્રત્યયનો લોપ. આદ્ય **द्वि** ના **इ** ને **अम्** આદેશ. ઉત્તર **द्वि** શબ્દથી પરમાં રહેલા **औ** અને **ई** સ્વરૂપ સ્યાદિ પ્રત્યયને **अम्** આદેશ અને ઉત્તર **द्वि** શબ્દના **इ** ને **अ** આદેશ વગેરે કાર્ય થવાથી **द्वन्द्वम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- એકાન્તમાં વિચારણીય વસ્તુને વિચારે છે. પશુઓ ચોથા સન્તાન સુધી મૈથુન સેવે છે તે તેમની મર્યાદા છે. બે બે ભાગમાં વહેંચાઈ ગયા. બે બે યજ્ઞપાત્ર રાખે છે. ॥૮૩॥

**लोकज्ञातेऽत्यन्तसाहचर्ये ७।४।८४॥**

લોકમાં પ્રખ્યાત અત્યન્ત સાહચર્ય-સંબન્ધ અર્થ ગમ્યમાન હોય તો **द्वि** શબ્દને દ્વિત્વ વગેરે કાર્ય કરીને **द्वन्द्वम्** આ પ્રયોગનું નિપાતન કરાય છે. **द्वन्द्वं रामलक्ष्मणौ** અહીં **द्वौ** શબ્દને આ સૂત્રથી દ્વિત્વ વગેરે કાર્ય [જુઓ સૂ.નં. ૭-૪-૮૩]થયું છે. અર્થ-બે રામ-

લક્ષ્મણ. અહીં રામ-લક્ષ્મણનું અત્યન્ત સાહચર્ય [સાથે રહેવાસ્વરૂપ સંબન્ધ] લોકમાં પ્રસિદ્ધ છે. ॥૮૪॥

## आबाधे ७।४।८५॥

પ્રયોક્તાની મનઃપીડાના વિષયમાં વર્ત્તમાન શબ્દને દ્વિત્વ થાય છે; અને ત્યારે આદ્ય શબ્દસમ્બન્ધી સ્યાદિ વિભક્તિનો પિત્ લોપ થાય છે. **ऋक् ऋक्** અહીં **ऋक्** શબ્દને આ સૂત્રથી દ્વિત્વ અને આદ્ય **ऋक्** પદસંબન્ધી **सि** પ્રત્યયનો પિત્ લોપ...વગેરે કાર્ય થયું છે. અર્થ-ઋક્ ઋક્-રોગથી મનમાં પીડા પામેલો એ પ્રમાણે પ્રયોગ કરે છે. ॥૮૫॥

## नवा गुणः सदृशे रित् ७।४।८६॥

ગુણવાચક શબ્દનો અર્થ; સ્વમુખ્યાર્થસમાન ગુણ અથવા તો ગુણી હોય તો તે ગુણવાચક શબ્દને વિકલ્પથી દ્વિત્વ થાય છે; અને ત્યારે આદ્ય ગુણવાચક શબ્દસંબન્ધી સ્યાદિ વિભક્તિનો પિત્ લોપ થાય છે, જે **रित्** મનાય છે. **शुक्लशुक्लं रूपम्** અહીં આ સૂત્રથી **शुक्लम्** ને દ્વિત્વ તથા આદ્ય **शुक्ल** સમ્બંધી **सि** [**अम्**] નો પિત્ લોપ. [જે **रित्** પણ મનાય છે.]...વગેરે કાર્ય થયું છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **शुक्लम्** ને દ્વિત્વ વગેરે ન થાય ત્યારે '**प्रकारे०** ૭-૨-૭૫' થી **शुक्ल** નામને **जातीयर्** [**जातीय**] પ્રત્યય વગેરે કાર્ય થવાથી **शुक्लजातीयः** આવો પ્રયોગ થાય છે. અર્થ–શુક્લ જેવું રૂપ. ઊજળા જેવો. [અહીં ક્રમશઃ ગુણવાચક નામ સ્વમુખ્યસમાનાર્થક છે અને ગુણ્યર્થક છે. **कालककालिका** અહીં **कालिका** શબ્દને આ સૂત્રથી દ્વિત્વ તથા આદ્ય **कालिका** શબ્દસમ્બન્ધી **सि** નો પિત્ લોપ તે **रित्** હોવાથી આદ્ય **कालिका** શબ્દને '**रिति** ૩-૨-૫૮' થી પુંવદ્ભાવ વગેરે કાર્ય થયું છે. અર્થ–કાળા જેવી. ॥૮૬॥

प्रिय-सुखं चाकृच्छ्रे ७।४।८७॥

ક્લેશાભાવાર્થક प्रिय અને सुख નામને વિકલ્પથી દ્વિત્વ થાય છે અને ત્યારે આદ્ય प्रिय અને सुख નામની સ્યાદિ વિભક્તિનો પિત્ લોપ થાય છે. प्रियप्रियेण प्रियेण वा दत्ते અને सुखसुखेन सुखेन वाऽधीते અહીં આ સૂત્રથી प्रियेण અને सुखेन શબ્દને દ્વિત્વ. આદ્ય प्रियेण અને सुखेन શબ્દસંબન્ધી તૃતીયાનો પિત્ લોપ વગેરે કાર્ય થયું છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ प्रियेण અને सुखेन ને દ્વિત્વ ન થાય ત્યારે તેનો એકવાર પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ક્લેશ વિના આપે છે. ક્લેશ વિના ભણે છે. ॥૮૭॥

वाक्यस्य परिवर्जने ७।४।८८॥

વાક્યના અવયવભૂત વર્જનાર્થક परि શબ્દને વિકલ્પથી દ્વિત્વ થાય છે. परि परि, परि वा त्रिगर्त्तेभ्यो वृष्टो मेघः અહીં આ સૂત્રથી परि શબ્દને દ્વિત્વ થવાથી परि परि અને વિકલ્પપક્ષમાં દ્વિત્વ ન થવાથી परि આવો પ્રયોગ થયો છે. અર્થ–ત્રિગર્ત્તને છોડીને મેઘ વરસ્યો. वाक्यस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વર્જનાર્થક परि શબ્દને, તે જો વાક્યાંશ હોય અને પદાંશ ન હોય તો જ દ્વિત્વ થાય છે. તેથી परित्रिगर्त्तं वृष्टो मेघः અહીં परि શબ્દને આ સૂત્રથી દ્વિત્વ થતું નથી. કારણ કે અહીં 'पर्यपाङ्० ३-१-३२' થી परि ને त्रिगर्त्त ની સાથે અવ્યયીભાવસમાસ થયો હોવાથી परि શબ્દ કેવલ વાક્યનો અંશ નથી; પદનો પણ તે અંશ છે. અર્થ–ત્રિગર્ત્તને છોડીને મેઘ વરસ્યો. ॥૮૮॥

सम्मत्यसूया–कोप–कुत्सनेष्वाद्यामन्त्र्यमादौ
स्वरेष्वन्त्यश्च प्लुतः ७।४।८९॥

सम्मति [कार्येष्वभिमत्यं पूजनं वा]; असूया [परगुणासहनम्];

कोप [क्रोधः] અને निन्दा અર્થ ગમ્યમાન હોય તો વાક્યના આદ્ય અવયવભૂત આમન્ત્ર્યાર્થક પદને દ્વિત્વ થાય છે. અને દ્વિત્વના આદ્ય પદના અન્ત્યસ્વરને વિકલ્પથી प्लुत થાય છે. कुत्सनेषु..આ પ્રમાણે સૂત્રમાં બહુવચનનો નિર્દેશ હોવાથી 'વિકલ્પ' નો સંબંધ દ્વિત્વની સાથે નથી; તેથી દ્વિત્વ તો નિત્ય થાય છે.

माणवक३ माणवक ! आर्यः खल्वसि; माणवक३ माणवक ! रिक्तं ते आभिरूप्यम्; माणवक३ माणवक ! इदानीं ज्ञास्यसि जाल्म !; माणवक३ माणवक ! रिक्ता ते शक्तिः; અહીં ક્રમશઃ સમ્મતિ, અસૂયા કોપ અને નિન્દા અર્થ ગમ્યમાન હોવાથી વાક્યના આદ્ય અવયવભૂત આમન્ત્ર્યાર્થક પદ– माणवक ને આ સૂત્રથી દ્વિત્વ થયું છે; અને દ્વિત્વસમ્બન્ધી આદ્ય माणवक પદના અન્ત્ય સ્વર अ ને પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત ન થાય ત્યારે माणवक माणवक ! आर्यः खल्वसि...ઈત્યાદિ પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– હે માણવક ! તું આર્ય છે. હે માણવક ! તારું રૂપ નકામું છે. હે માણવક ! હમણાં તને ખબર પ્રડશે ધૂર્ત !. હે માણવક ! તારી શક્તિ ખાલી છે.

आदीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમ્મતિ, અસૂયા, કોપ અને નિન્દા અર્થ ગમ્યમાન હોય તો વાક્યના આદ્ય જ અવયવભૂત આમન્ત્ર્યાર્થક પદને દ્વિત્વ થાય છે અને દ્વિત્વના આદ્ય પદના અન્ત્યસ્વરને વિકલ્પથી प्लुत થાય છે. તેથી भव्यः खल्वसि माणवक ! અહીં વાક્યના અન્ત્ય-અવયવભૂત આમન્ત્ર્યાર્થક પદ माणवक ને આ સૂત્રથી દ્વિત્વ વગેરે કાર્ય થતું નથી. અર્થ-હે માણવક ! તું સુંદર છે. ॥૮૯॥

### भर्त्सने पर्यायेण ७।४।९०॥

કોપથી દંડના પ્રગટ કરવાને भर्त्सन કહેવાય છે. भर्त्सन અર્થ ગમ્યમાન હોય તો વાક્યના આદ્ય-અવયવભૂત આમન્ત્ર્યાર્થક પદને દ્વિત્વ થાય છે. અને ત્યારે દ્વિત્વના આદ્ય અને અન્ત્ય

પદના અન્ત્યસ્વરને વિકલ્પથી અનુક્રમે પ્લુત થાય છે. **चौर३ चौर ! घातयिष्यामि त्वाम्** અહીં **चौर** પદને આ સૂત્રથી દ્વિત્વ અને દ્વિત્વના આદ્ય **चौर** પદના અન્ત્યસ્વર **अ** ને પ્લુત આદેશ થયો છે. ક્રમે કરી આ સૂત્રથી અન્ત્ય **चौर** પદના અન્ત્યસ્વરને પ્લુત આદેશ થાય ત્યારે **चौर चौर३ ! घातयिष्यामि त्वाम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **चौर चौर ! घातयिष्यामि त्वाम्** આવો પ્રયોગ થાય છે. અર્થ-હે ચોર ! તને મરાવીશ. ॥૯૦॥

## त्यादेः साकाङ्क्षस्याङ्गेन ७।४।९१॥

**अङ्ग** અવ્યયથી યુક્ત એવા; વાક્યાન્તરની સાથે સાકાઙ્ક્ષ ભર્ત્સનાર્થક વાક્યના અન્ત્ય-અવયવભૂત ત્યાદ્યન્ત પદના અન્ત્ય સ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. **अङ्ग ! कूज३, इदानीं ज्ञास्यसि जाल्म !** અહીં **इदानीं**...ઈત્યાદિ વાક્યાન્તરમાં સાકાઙ્ક્ષ અને ભર્ત્સનાર્થક વાક્યના અન્ત્યઅવયવભૂત તથા '**अङ्ग**'-અવ્યયથી યુક્ત ત્યાદ્યન્ત [**हि** પ્રત્યયાન્ત] **कूज** આ પદના અન્ત્યસ્વરને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **अङ्ग ! कूज, इदानीं ज्ञास्यसि जाल्म !** આવો પ્રયોગ થાય છે. અર્થ- રે ! તું બોલ, હમણાં તને ખબર પડશે ધૂર્ત !. **साकांक्षस्येति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વાક્યાન્તરની સાથે સાકાઙ્ક્ષ જ ભર્ત્સનાર્થક વાક્યના અન્ત્યાવયવભૂત અને **अङ्ग** અવ્યયથી યુક્ત ત્યાદ્યન્ત પદના અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત થાય છે. તેથી **अङ्ग ! पच** અહીં વાક્યાન્તરની સાથે સાકાંક્ષ ન હોવાથી ભર્ત્સનાર્થક વાક્યના તાદૃશ ત્યાદ્યન્તપદ **पच** ના અન્ત્યસ્વરને આ સૂત્રથી પ્લુત આદેશ થતો નથી. અર્થ–રે ! રાંધ. ॥૯૧॥

## क्षियाऽऽशीः-प्रैषे ७।४।९२॥

क्षिया [आचारभ्रेषः- આચારથી ભ્રષ્ટ થવું.]; आशीः [प्रार्थनाविशेषः] અને प्रैष [असत्कारपूर्विका व्यापारणा] અર્થવાળા વાક્યના અન્ત્ય-અવયવભૂત અને વાક્યાન્તરની સાથે સાકાઙ્ક્ષ ત્યાદ્યન્ત પદના અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. स्वयं ह रथेन याति ३, उपाध्यायं पदातिं गमयति; सिद्धान्तमध्येषीष्ठाः३, तर्कं च तात; તેમ જ कटं च कुरु३, ग्रामं च गच्छ અહીં આ સૂત્રથી તાદૃશ ત્યાદ્યન્ત પદ याति अध्येषीष्ठाः અને कुरु ના અન્ત્યસ્વર इ, आ અને उ ને પ્લુત इ३, आ३ અને उ३ આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં પ્લુત આદેશ ન થાય ત્યારે याति, अध्येषीष्ठाः અને कुरु આવો પ્રયોગ તે સ્થાને થાય છે. જેથી स्वयं ह रथेन याति, उपाध्यायं पदातिं गमयति...ઈત્યાદિ પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્વયં રથથી જાય છે અને ઉપાધ્યાયને પગે ચલાવે છે. [અહીં આચારનો ભ્રંશ ગમ્યમાન છે]; હે તાત ! તમે સિદ્ધાન્ત ભણો અને તર્ક પણ [અહીં પ્રાર્થના ગમ્યમાન છે.]; ચટઈ બનાવ અને ગામમાં જા. [અહીં સત્કાર વિનાની પ્રેરણા સ્પષ્ટ છે.] ॥૯૨॥

## चितीवार्थे ७।४।९३॥

સાદૃશ્યાર્થક 'चित्' અવ્યયનો પ્રયોગ હોય તો વાક્યમાંના સ્વરોમાંના અન્ત્યસ્વરને પ્લુત આદેશ વિકલ્પથી થાય છે. अग्निश्चिद् भाया३त् અહીં આ સૂત્રથી અન્ત્યસ્વર आ ને પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે अग्निश्चिद् भायात् આવો પ્રયોગ થાય છે. અર્થ- અગ્નિ જેવો પ્રકાશે. इवार्थे इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સાદૃશ્યાર્થક જ 'चित्' અવ્યયનો પ્રયોગ હોય તો વાક્યના સ્વરોમાંના અન્ત્યસ્વરને પ્લુત આદેશ વિકલ્પથી થાય છે. તેથી कर्णविष्टकांश्चित् कारय અહીં અવધારણાર્થક चित् અવ્યયનો પ્રયોગ

હોવાથી વાક્યના સ્વરોમાંના અન્ત્યસ્વર अ ને આ સૂત્રથી પ્લુત આદેશ થતો નથી. અર્થ–કાનનાં આભૂષણોને જ કરાવ. ॥૧૩॥

### प्रतिश्रवण–निगृह्यानुयोगे ૭।૪।૧૪॥

प्रतिश्रवण [परोक्तस्याभ्युपगमः स्वयं प्रतिज्ञानं श्रवणाभिमुख्यञ्च] અને निगृह्यानुयोग [निगृह्य स्वमतात् प्रच्याव्यानुयोगो निग्रहपदस्याविष्करणम्] અર્થવાળા વાક્યના સ્વરોમાંના અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. गां मे देहि भोः, हन्त ते ददामि३ અને अद्य श्राद्धम् इत्यात्थ३ અહીં બીજાએ કહેલા ગાયના દાનનો સ્વીકાર કરવા સ્વરૂપ પ્રતિશ્રવણાર્થક हन्त ते ददामि આ વાક્યના અન્ત્યસ્વર इ ને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે हन्त ते ददामि આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે નિગૃહ્યાનુયોગાર્થક ઉપર જણાવેલા વાક્યના અન્ત્યસ્વર अ ને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે अद्य श्राद्धमित्यात्थ આવો પ્રયોગ થાય છે. અહીં આજે શ્રાદ્ધ છે– એવું કહેનારને યુક્તિથી પોતાના મતથી ભ્રષ્ટ કરીને આ રીતે ઉપાલંભ અપાય છે. તેથી અહીં નિગૃહ્યાનુયોગ અર્થ જણાય છે. અર્થ ક્રમશઃ- હે ! મને ગાય આપ; હા, હું તને ગાય આપું છું. આજે શ્રાદ્ધ છે એમ કહે છે. ॥૧૪॥

### विचारे पूर्वस्य ૭।૪।૧૫॥

સંશયના વિષયમાં સન્દિહ્યમાનવસ્તુપ્રતિપાદકની પૂર્વે રહેલા પદના સ્વરોમાંના અન્ત્યસ્વરને પ્લુત આદેશ વિકલ્પથી થાય છે. अहिर्नु३ रज्जुर्नु અહીં अहिर्नु ના અન્ત્યસ્વર उ ને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે अहिर्नु रज्जुर्नु આવો પ્રયોગ થાય છે. અર્થ-સર્પ છે કે દોરી?. ॥૧૫॥

## **ओमः प्रारम्भे ७।४।९६॥**

પ્રણામાદિના પ્રારંભમાં અભ્યાદાનાર્થક [સ્વીકારાર્થક] **ओम्** અવ્યયના અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. **ओ३म् ऋषभमृषभगामिनं प्रणमत** અહીં **ओम्** ના **ओ** ને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **ओम् ऋषभमृषभगामिनं प्रणमत** આવો પ્રયોગ થાય છે. અર્થ–ઋષભની જેવી ગતિવાળા ઋષભદેવને પ્રણામ કરો. ॥९६॥

## **हेः प्रश्नाख्याने ७।४।९७॥**

પૂછેલાના પ્રત્યુત્તરને 'પ્રશ્નાખ્યાન' કહેવાય છે. પ્રશ્નાખ્યાનાર્થક જ વાક્યમાંના **हि** અવ્યયસંબંધી અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. **अकार्षीः कटं मैत्र ! ?** આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં **अकार्षं हि३** આ પ્રશ્નાખ્યાન વાક્ય છે. તેમાંના **हि** અવ્યયસંબન્ધી અન્ત્યસ્વર **इ** ને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **अकार्षं हि** આવો પ્રયોગ થાય છે. અર્થ–મૈત્ર ! ચટઈ બનાવી ? હા બનાવી. ॥९७॥

## **प्रश्ने च प्रतिपदम् ७।४।९८॥**

પ્રશ્ન અને પ્રશ્નાખ્યાનાર્થક વાક્યના દરેક પદના સ્વરોમાંના અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. **अगमः३ पूर्वा३न् ग्रामा३न् मैत्र ३! ?** આ પ્રશ્નવાક્યના; તેમ જ **अगम३म् पूर्वा३न् ग्रामा३न् चैत्र३ !** આ પ્રશ્નાખ્યાન વાક્યના બધા જ પદોના અન્ત્ય સ્વરને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **अगमः पूर्वान् ग्रामान् मैत्र ! ? अगमं पूर्वान् ग्रामान् चैत्र !** આવો પ્રયોગ થાય છે. અર્થ–હે

મૈત્ર ! તું પૂર્વ ગામોમાં ગયો હતો ? હે ચૈત્ર ! હું પૂર્વગામોમાં ગયો હતો. ॥૧૮॥

**दूरादामन्त्र्यस्य गुरुर्वैकोऽनन्त्योऽपि लनृत् ७।४।९९॥**

દૂરથી આમન્ત્ર્યાર્થક પદસમ્બન્ધી વાક્યના અન્ત્યસ્વરને, તેમ જ તે વાક્યના દૂરથી આમન્ત્ર્યાર્થક પદનો ગુરુસ્વર વાક્યના અન્તમાં ન હોય તોપણ તે **ऋ** ભિન્ન તથા **ॡ** એવા એક ગુરુસ્વરને અર્થાત્ તાદૃશ અનેક ગુરુસ્વરમાંના કોઈ એક ગુરુસ્વરને; [બધાને એક સાથે નહિ] વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. યદ્યપિ **ऋ** ભિન્ન ગુરુસ્વરને પ્લુતાદેશના વિધાનથી જ ગુરુસ્વર **ॡ** ને પણ પ્લુતાદેશ સિદ્ધ હોવાથી **ॡ** ને પૃથગ્ રીતે પ્લુતાદેશનું વિધાન નિરર્થક છે; પરન્તુ નિરર્થક તાદૃશ વિધાનથી "**ऋकारोपदिष्टं कार्यं लृकारस्याऽपि**" આ ન્યાયનું જ્ઞાપન થવાથી **ऋ** ને જો પ્લુતાદેશનો નિષેધ હોય તો **ॡ** ને પણ તે નિષેધ થાય છે. તેથી **ॡ** ને ઉપર જણાવ્યા મુજબ પ્લુતનું વિધાન કર્યું છે. **आगच्छ भो देवदत्त३** ! અહીં વાક્યના અન્ત્યસ્વર **अ** ને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં પ્લુત આદેશ આ સૂત્રથી ન થાય ત્યારે **आगच्छ भो देवदत्त** ! આવો પ્રયોગ થાય છે. અર્થ– હે દેવદત્ત ! આવ. **सक्तून् पिब दे३वदत्त** !; અહીં દૂરથી આમન્ત્ર્યાર્થક પદ **देवदत्त** ના ગુરુસ્વર **ए** ને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. આવી જ રીતે **सक्तून् पिब देवद३त्त** ! અહીં બીજા ગુરુસ્વર **अ** ને [સંયુક્ત વ્યઞ્જનની પૂર્વેનો સ્વર ગુરુ મનાય છે.] આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **सक्तून् पिब देवदत्त** ! આવો પ્રયોગ થાય છે. અર્થ–દેવદત્ત ! યવની કાંજી [રાબ] પી. **आगच्छ भोः क्लृ३प्तशिख** ! અહીં આ સૂત્રથી તાદૃશ આમન્ત્ર્યાર્થક પદના ગુરુસ્વર **ॡ** ને પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **आगच्छ भोः क्लृप्तशिख** ! આવો પ્રયોગ થાય છે. અર્થ-હે ! ક્લૃપ્તશિખ ! આવ.

अनृदिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દૂરથી આમન્ત્ર્યાર્થક પદસમ્બન્ધી વાક્યના અન્ત્યસ્વરને તેમ જ દૂરથી આમન્ત્ર્યાર્થક પદના એક ऋ ભિન્ન જ ગુરુસ્વરને અને ગુરુસ્વર ऌ ને તે વાક્યના અંતમાં ન હોય તોપણ વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. તેથી कृष्णमि३त्र ! [आगच्छ] અથવા कृष्णमित्र ! [आगच्छ] અહીં આ સૂત્રથી ऋભિન્ન ગુરુસ્વર इ ને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે પરન્તુ ऋ ને પ્લુત આદેશ થતો નથી. અર્થ–હે કૃષ્ણમિત્ર ! [આવ]. સ્વાભાવિક પ્રયત્ન કરતા પ્રયત્નવિશેષ કરીએ ત્યારે 'તે સાંભળશે કે નહિ' આવો સંદેહ થાય તો આવા વખતે તેવા અન્તરને દૂર કહેવાય છે. ॥૯૯॥

### हे-हैष्वेषामेव ७।४।१००॥

દૂરથી [જુઓ સૂ.નં. ૭-૪-૯૯] આમન્ત્ર્યાર્થબોધક हे અને है પદના જ અન્ત્યસ્વરને; વાક્યમાં हे અને है પદ ગમે ત્યાં હોય તોપણ વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. સૂત્રમાં एव નું ગ્રહણ હોવાથી हे અને है પદના અન્ત્યસ્વર સિવાય એ વાક્યમાંના કોઈ પણ બીજા પદના સ્વરને પ્લુત આદેશ નહિ થાય. हे३ मैत्र ! आगच्छ; आगच्छ हे३ मैत्र ! અને आगच्छ मैत्र ! हे३ તેમ જ है३ मैत्र ! आगच्छ; आगच्छ है३ मैत्र ! અને आगच्छ मैत्र है३ અહીં हे અને है ના જ અન્ત્યસ્વરને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. અર્થ–હે મૈત્ર ! આવ. ॥૧૦૦॥

### अस्त्री–शूद्रे प्रत्यभिवादे भो-गोत्र-नाम्नो वा ७।४।१०१॥

કોઈના પણ દ્વારા પ્રણામ કરાયા પછી ગુરુ, કુશલસંબંધી પ્રશ્ન કરે છે અથવા તો આશિષ્યુક્ત વચનનો પ્રયોગ કરે છે, તે વાક્યને 'પ્રત્યભિવાદન'વાક્ય કહેવાય છે. સ્ત્રી અને શૂદ્રને છોડીને અન્યવિષયક પ્રત્યભિવાદવાક્યના અન્ત્ય-અવયવભૂત

આમન્ત્યાર્થક **भोस्** શબ્દ, ગોત્રવાચક શબ્દ અને નામ [વિશેષસંજ્ઞાવાચક શબ્દ] ના અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. **नवा** નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં **वा** નું ગ્રહણ; ઉત્તરસૂત્રમાં **वा** ના અધિકારની નિવૃત્તિ માટે છે. **अभिवादये मैत्रोऽहं भोः !** [આ અભિવાદન વાક્ય છે.]; **आयुष्मानेधि भोः ३ !** [આ પ્રત્યભિવાદ- વાક્ય છે. ], **अभिवादये गार्ग्योऽहं भोः !** [આ અભિવાદન વાક્ય છે.]; **कुशल्यसि गार्ग्य३ !** [આ પ્રત્યભિવાદ-વાક્ય છે.]; **अभिवादये मैत्रोऽहं भोः !** [આ અભિવાદન-વાક્ય છે.]; **आयुष्मानेधि मैत्र३ !** [આ પ્રત્યભિવાદ-વાક્ય છે.] અહીં પ્રત્યભિવાદવાક્યના અન્ત્યઅવયવભૂત આમન્ત્યાર્થક ક્રમશઃ **भोस्** શબ્દના; ગોત્રાર્થક [અપત્યાર્થક પ્રત્યયાન્ત] **गार्ग्य** શબ્દના અને નામસ્વરૂપ **मैत्र** ના અન્ત્યસ્વરને આ સૂત્રથી પ્લુત આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુત આદેશ ન થાય ત્યારે **आयुष्मानेधि भोः !; कुशल्यसि गार्ग्य !** અને **आयुष्मानेधि मैत्र !** આવો પ્રયોગ [પ્રત્યભિવાદન- વાક્યનો પ્રયોગ] થાય છે. અર્થ ક્રમશઃ- હું મૈત્ર પ્રણામ કરું છું. આયુષ્માન થા. હું ગાર્ગ્ય પ્રણામ કરું છું. હે ગાર્ગ્ય ! તું કુશલ છે ?. હું મૈત્ર પ્રણામ કરું છું. મૈત્ર ! તું આયુષ્માન થા.

**स्त्रीशूद्रवर्जनं किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ત્રી અને શુદ્રને છોડીને જ અન્યવિષયક પ્રત્યભિવાદવાક્યના અન્ત્ય અવયવભૂત આમન્ત્યાર્થક **भोस्** શબ્દના ગોત્રાર્થક શબ્દના અને નામના અન્ત્યસ્વરને વિકલ્પથી પ્લુત આદેશ થાય છે. તેથી **अभिवादये गार्ग्यहं भोः !** [આ અભિવાદનવાક્ય છે.] **आयुष्मती त्वं भव गार्गि !** [આ પ્રત્યભિવાદવાક્ય છે.] તેમ જ **अभिवादये तुषजकोऽहं भोः !** [આ અભિવાદનવાક્ય છે.]; **कुशल्यसि तुषजक !** [આ પ્રત્યભિવાદવાક્ય છે.]; અહીં ક્રમશઃ સ્ત્રી અને શૂદ્ર વિષયક પ્રત્યભિવાદવાક્યના અન્ત્યાવયવભૂત આમન્ત્યાર્થક ગોત્રવાચક **गार्गी** [**गार्गि**] અને નામસ્વરૂપ **तुषजक** ના અન્ત્યસ્વરને આ સૂત્રથી પ્લુત આદેશ થતો નથી. અર્થ ક્રમશઃ– હું ગાર્ગી

અભિવાદન કરું છું. તું ગાર્ગિ ! આયુષ્મતી થા. હું તુષજક [તે નામનો શૂદ્ર] પ્રણામ કરું છું. તુષજક ! તું કુશલ છે ?. ॥૧૦૧॥

**प्रश्नाऽर्चा–विचारे च सन्धेयसन्ध्यक्षरस्याऽऽदिदुत्परः ७।४।१०२॥**

प्रश्न, अर्चा, विचार અને प्रत्यभिवाद માં વર્ત્તમાન વાક્યના અન્ત્યસ્વરસ્વરૂપ સન્ધેય [તેની પરમાં સ્વર આવે તો સંધિ થાય તેવા] સન્ધ્યક્ષરના સ્થાને પ્લુત आ३ [आ३] આદેશ થાય છે.અને તે; ए કે ऐ ના સ્થાને થયેલા પ્લુત आ३ ની પરમાં इ તેમ જ ओ કે औ ના સ્થાને થયેલા પ્લુત आ३ ની પરમાં उ થાય છે. અર્થાત્ તાદૃશ પ્લુત आ३ આદેશ અનુક્રમે इ પરક અને ઉપરક થાય છે. प्रश्नवाक्य– अगमः३ पूर्वा३न् ग्रामा३न् अग्निभूता३इ અને अगमः३ पूर्वा३न् ग्रामा३न् पटा३उ; અહીં આ સૂત્રથી તાદૃશ વાક્યના અન્ત્યસ્વર સન્ધ્યક્ષર ए અને ओ ના સ્થાને અનુક્રમે इ પરક પ્લુત आ३ અને उ પરક પ્લુત आ३ આદેશ થયો છે. અર્થ ક્રમશઃ- હે અગ્નિભૂતિ ! તું પૂર્વગામોમાં ગયો હતો ?. હે પટુ ! તું પૂર્વ ગામોમાં ગયો હતો ?. अर्चावाक्य– शोभनः खल्वसि अग्निभूता३इ અને शोभनः खल्वसि पटा३उ અહીં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ए અને ओ ના સ્થાને અનુક્રમે इ પરક અને उ પરક પ્લુત आ३ આદેશ થયો છે. અર્થ ક્રમશઃ–હે અગ્નિભૂતિ ! તું સુંદર છે. હે પટુ ! તું સુંદર છે. विचारवाक्य– वस्तव्यं किं निर्ग्रन्थस्य सागारिका३इ उताऽनागारिके ? અહીં ઉપર જણાવ્યા મુજબ તાદૃશ સન્ધ્યક્ષર ए ના સ્થાને इપરક પ્લુત आ३ આદેશ આ સૂત્રથી થયો છે. અર્થ–સાધુઓનું રહેવું સાગારિકમાં છે કે અનાગારિકમાં ?. प्रत्यभिवादवाक्य- आयुष्मानेधि अग्निभूता३इ; અહીં ઉપર જણાવ્યા મુજબ તાદૃશ સન્ધ્યક્ષર ए ના સ્થાને इ પરક પ્લુત आ३ આદેશ આ સૂત્રથી થયો છે. અર્થ–હે અગ્નિભૂતિ ! તું આયુષ્માન થા.

सन्धेय इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ

પ્રશ્ન, અર્ચા, વિચાર અને પ્રત્યભિવાદમાં વર્ત્તમાન વાક્યના સન્ધિયોગ્ય જ અન્ત્યસ્વર સન્ધ્યક્ષરના સ્થાને યથાસંભવ इપરક અને उપરક પ્લુત आ३ આદેશ થાય છે. તેથી कच्चिऽत् कुशल३म् भवत्योः३ कन्ये ? આ પ્રશ્નવાક્યના અન્ત્યસ્વર સન્ધ્યક્ષર ए ના સ્થાને; તે સન્ધેય ન હોવાથી આ સૂત્રથી इ પરક પ્લુત आ३ આદેશ થતો નથી. તાદૃશ ए 'ईदूदे० ૧-૨-૩૪' થી સન્ધિયોગ્ય નથી. અર્થ–હે બે કન્યાઓ! તમને કુશલ છે ?. ઉપર જણાવેલા પ્રશ્નવાક્યોમાં તે તે પદના અન્ત્યસ્વરને 'प्रश्ने च० ૭-૪-૯૮' થી પ્લુતાદેશ થયો છે. ॥૧૦૨॥

### तयो र्व्वौ स्वरे संहितायाम् ૭।૪।૧૦૩॥

'प्रश्ना० ૭-૪-૧૦૨' થી વિહિત પ્લુત आ३ આદેશની પરમાંના इ અને उ ને તેની પરમાં સ્વર હોય તો; સન્ધિની વિવક્ષામાં ક્રમશઃ य् અને व् આદેશ થાય છે. अगमः३ अग्निभूता३यत्रागच्छ અને अगमः३ पटा३वत्रागच्छ; અહીં अगमः३ अग्निभूता३इ+अत्रागच्छ અને अगमः३ पटा३उ+अत्रागच्छ આ અવસ્થામાં પૂર્વ [૭-૪-૧૦૨]સૂત્રથી વિહિત પ્લુતાદેશ आ३ ની પરમાં રહેલા इ અને उ ને આ સૂત્રથી અનુક્રમે य् અને व् આદેશ થયો છે. અર્થ ક્રમશઃ- હે અગ્નિભૂતિ ! તું ગયો હતો ? અહીં આવ. હે પટુ! તું ગયો હતો? અહીં આવ. संहितायामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્વસૂત્રથી વિહિત પ્લુત આદેશ आ३ ની પરમાંના इ અને उ ને; તેની પરમાં સ્વર હોય તો; સન્ધિની વિવક્ષામાં જ य् અને व् આદેશ અનુક્રમે થાય છે. તેથી अग्ना३इ इन्द्रम् અને पटा३उ उदकम् અહીં પ્લુત आ३ આદેશની પરમાંના इ અને उ ને અહીં સન્ધિની વિવક્ષા ન હોવાથી આ સૂત્રથી અનુક્રમે य् અને व् આદેશ થતો નથી. અર્થ ક્રમશઃ– હે અગ્નિ ! ઈન્દ્રને. હે પટુ ! પાણીને. સ્વ-સ્વર પરમાં હોય તો દીર્ઘ ई, ऊ ન થાય એ માટે અને नदि एषा ઈત્યાદિ

પ્રયોગોની જેમ 'ह्रस्वो० ૧-૨-૨૨' થી હ્રસ્વ આદેશ ન થાય- એ માટે આ સૂત્રનું પ્રણયન છે. ॥૧૦૩॥

## पञ्चम्या निर्दिष्टे परस्य ७।४।१०४॥

पञ्चमी વિભક્તિથી નિર્દિષ્ટમાં [સૂત્રમાં] જે કાર્યનું વિધાન કરાય છે તે કાર્ય પઞ્ચમ્યન્તપદબોધ્ય વર્ણ વગેરેથી અવ્યવહિત પરમાં રહેલાને જ થાય છે. 'भिस ऐस् ૧-૪-૨' અહીં પૂર્વસૂત્રથી પઞ્ચમ્યન્ત अतः પદની અનુવૃત્તિ છે. भिस् કાર્યી છે; અને ऐस् કાર્ય છે. આ સૂત્રની સહાયથી પઞ્ચમ્યન્ત પદબોધ્ય अ થી અવ્યવહિત પરમાં રહેલા भिस् ને 'भिस ऐस् ૧-૪-૨' થી ऐस् આદેશ થાય છે. તેથી वृक्ष+भिस् આ અવસ્થામાં वृक्षैः આવો પ્રયોગ થાય છે. मालाभिरत्र અને दृषद्भिः અહીં ક્રમશઃ अ થી અવ્યવહિત પૂર્વમાં રહેલા અને अ થી વ્યવહિત પરમાં રહેલા भिस् ને ऐस् આદેશ થતો નથી. આ સૂત્રનું પ્રણયન ન હોત તો ત્યાં પણ भिस् ને ऐस् આદેશ થવાનો પ્રસંગ આવત. અર્થ ક્રમશઃ- વૃક્ષોથી. માળાઓથી. પથ્થરોથી. ॥૧૦૪॥

## सप्तम्या पूर्वस्य ७।४।१०५॥

સપ્તમીથી નિર્દિષ્ટમાં જે કાર્યનું વિધાન કરાય છે; તે કાર્ય; સપ્તમ્યન્ત પદબોધ્યવર્ણાદિથી અવ્યવહિત પૂર્વમાં જ રહેલાને થાય છે. दधि+अत्र આ અવસ્થામાં; 'इवर्णादिरस्वेस्वरे यवरलम् ૧-૨-૨૧' થી એ સૂત્રમાં સપ્તમ્યન્તપદબોધ્ય અસ્વસ્વરથી અવ્યવહિત પૂર્વમાં રહેલા કાર્યી इवर्णादिને આ સૂત્રની સહાયથી અનુક્રમે य्, व्, र्, ल् કાર્ય થતું હોવાથી दध्यत्र આવો પ્રયોગ થાય છે. પરન્તુ समिदत्र અહીં અસ્વ સ્વરથી વ્યવહિતપૂર્વમાં રહેલા इ ને य् આદેશ થતો નથી. આ સૂત્રના અભાવમાં એ પ્રસંગ આવત. અર્થ ક્રમશઃ- દધિ અહીં. યજ્ઞસંબન્ધી કાષ્ઠ અહીં. ॥૧૦૫॥

## षष्ठ्याऽन्त्यस्य ७।४।१०६॥

ષષ્ઠી વિભક્તિથી નિર્દિષ્ટમાં [સૂત્રમાં] જે કાર્યનું વિધાન કરાય છે; તે કાર્ય; ષષ્ઠ્યન્તપદબોધ્ય પદના ચરમ વર્ણને થાય છે. "वाष्टन आः स्यादौ ૧-૪-૫૨" થી વિહિત आ આદેશ; अष्टन्+भिस् આ અવસ્થામાં આ સૂત્રની સહાયથી ષષ્ઠ્યન્તપદબોધ્ય अष्टन् પદના અન્ત્યવર્ણ न् ને જ થાય છે. સમસ્ત अष्टन् ને आ આદેશ થતો નથી. જેથી अष्टाभिः આવો પ્રયોગ થાય છે. અર્થ-આઠથી. ॥૧૦૬॥

## अनेकवर्णः सर्वस्य ७।४।१०७॥

કાર્ય, જો અનેકવર્ણાત્મક હોય તો; ષષ્ઠ્યન્તપદબોધ્ય સમસ્ત શબ્દને તે–અનેકવર્ણાત્મક કાર્ય થાય છે. આ સૂત્ર, પૂર્વસૂત્ર [૭-૪-૧૦૬]નું અપવાદભૂત છે. 'त्रिचतुर० ૨-૧-૧' થી વિહિત અનેક વર્ણાત્મક तिसृ चतसृ આદેશ આ સૂત્રની સહાયથી ષષ્ઠ્યન્તપદબોધ્ય त्रि અને चतुर् આ સમસ્ત શબ્દને થાય છે. તેથી त्रि+भिस् આ અવસ્થામાં तिसृभिः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રના અભાવમાં એ આદેશો પૂર્વસૂત્રથી त्रि અને चतुर् ના અન્ત્ય વર્ણને થાત. અર્થ–ત્રણ સ્ત્રીઓ વડે. ॥૧૦૭॥

## प्रत्ययस्य ७।४।१०८॥

પ્રત્યયના સ્થાને વિહિત કાર્ય સમ્પૂર્ણ પ્રત્યયને થાય છે. [પ્રત્યયના અન્ત્યવર્ણને નહિ.] 'जस इः ૧-૪-૯' થી વિહિત इ આદેશ આ સૂત્રની સહાયથી સમ્પૂર્ણ जस् [अस्]પ્રત્યયને થાય છે. તેથી सर्व+जस् આ અવસ્થામાં जस् પ્રત્યયને इ આદેશ વગેરે કાર્ય થવાથી सर्वे આવો પ્રયોગ થાય છે. આ સૂત્રના અભાવમાં તે इ આદેશ 'षष्ठ्या० ૭-૪-૧૦૬' થી जस् ના स् ને થાત. અર્થ–બધા. ॥૧૦૮॥

## स्थानीवाऽवर्णविधौ ७।४।१०९॥

स्थान એટલે પ્રસઙ્ગ; એ છે જેને તેને સ્થાની કહેવાય છે. वर्ण વિધિથી [વક્ષ્યમાણ વર્ણવિધિથી] ભિન્ન વિધિ[કાર્ય]માં આદેશ, 'સ્થાની'ની જેમ મનાય છે. અર્થાત્ સ્થાનીને આશ્રયીને જે કાર્ય થાય છે તે કાર્ય તે સ્થાનીના સ્થાને થયેલા આદેશને પણ થાય છે. આદેશ અને સ્થાની–કાર્યી ભિન્ન હોવાથી સ્થાનીને આશ્રયી વિહિત કાર્યો આદેશને ન થાત, તેથી આ સૂત્રનું પ્રણયન છે. સૂત્રમાં इव નું ઉપાદાન ન હોત તો આદેશને 'સ્થાની' આ પ્રમાણે સંજ્ઞા થાય છે–આવો સૂત્રાર્થ થાત. તે ઈષ્ટ ન હોવાથી इव નું ઉપાદાન છે. અહીં धातु, प्रकृति, विभक्ति, कृद्, अव्यय અને पद ના સ્થાને થયેલા આદેશ स्थानिवद् મનાય છે. તેનાં ઉદાહરણો નીચે જણાવ્યાં છે.

धात्वादेश ધાતુની જેમ મનાય છે.–अस् ધાતુને 'अस्ति० ૪-૪-૧' થી થયેલો भू આદેશ આ સૂત્રથી ધાતુની જેમ મનાય છે. તેથી તાદૃશ भू ધાતુને 'य एच्चातः ૫-૧-૨૮' થી કૃત્ય પ્રત્યય य વગેરે કાર્ય થવાથી भव्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ-થવાયોગ્ય.

प्रकृत्यादेश પ્રકૃતિની જેમ મનાય છે.–किम्+ङे આ અવસ્થામાં 'किमः क० ૨-૧-૪૦' થી किम् ને क આદેશ થાય છે. તે તેની પ્રકૃતિ किम् ની જેમ આ સૂત્રથી સર્વાદિનો મનાય છે. તેથી ङे ને 'सर्वादेः० ૧-૪-૭' થી स्मै આદેશ થાય છે. [આ સૂત્રના અભાવમાં किम् ના સ્થાને થયેલો આદેશ क સર્વાદિ ન મનાત.]જેથી कस्मै આવો પ્રયોગ થાય છે. અર્થ–કોના માટે.

विभक्त्यादेश વિભક્તિની જેમ મનાય છે.– राजन्+सि આ અવસ્થામાં 'दीर्घङ्या० ૧-૪-૪૫' થી सि ના સ્થાને થયેલ લુગાદેશ [सि નો લોપ]આ સૂત્રથી સ્યાદિ વિભક્તિની જેમ મનાય છે; તેથી राजन् ને 'तदन्तं पदम् ૧-૧-૨૦' થી पद સંજ્ઞાદિ કાર્ય થવાથી राजा આવો પ્રયોગ થાય છે. અર્થ–રાજા.

कृदादेश કૃદ્ ની જેમ મનાય છે.– प्र+कृ+त्वा આ

અવસ્થામાં क्त्वा ના સ્થાને 'अनञः० ३-२-५०' થી વિહિત यप् આદેશ આ સૂત્રથી કૃદ્વદ્ મનાય છે. તેથી यप् ની પૂર્વે 'ह्रस्वस्य० ४-४-११३' થી त् નો આગમ વગેરે કાર્ય થવાથી प्रकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ—સારી રીતે કરીને.

अव्ययादेश અવ્યયની જેમ મનાય છે.– प्र+स्तु+त्वा આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ त्वा ના સ્થાને यप् આદેશાદિ કાર્ય થવાથી प्रस्तुत्य આવો પ્રયોગ થાય છે. क्त्वा પ્રત્યયાન્તને જેવી રીતે 'क्त्वातुमम् १-१-३५' થી અવ્યયસંજ્ઞા થાય છે. તેવી રીતે આ સૂત્રથી અવ્યયાદેશ [અવ્યયમાંના કોઈ અવયવને જ્યાં આદેશ થાય છે તે] प्रस्तुत्य ને પણ અવ્યયસંજ્ઞા થવાથી प्रस्तुत्य થી વિહિત સ્યાદિ વિભક્તિનો 'अव्य० ३-२-७' થી લોપ થાય છે. અર્થ—સારી રીતે સ્તવના કરીને.

पदादेश પદવદ્ મનાય છે.– धर्मो वो रक्षतु અહીં युष्मान् પદના સ્થાને 'पदाद्यु० २-१-२१' થી થયેલો वस् આદેશ આ સૂત્રથી પદ સ્વરૂપ મનાય છે. તેથી 'सोरुः २-१-७२' થી वस् ના स् ને रु આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ—ધર્મ તમારું રક્ષણ કરે.

अवर्णविधाविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વર્ણવિધિથી ભિન્ન જ વિધિમાં આદેશ સ્થાનિવદ્ મનાય છે. તેથી વર્ણથી પરમાં રહેલાને વિધિ; વર્ણથી પૂર્વમાં રહેલાને વિધિ; વર્ણસ્થાને વિધિ; વર્ણ [વર્ણવ્યવધાન] થી વિધિ અને અપ્રધાન વર્ણાશ્રયે વિધિ– આ પાંચ પ્રકારના વર્ણવિધિમાં આ સૂત્રથી સ્થાનિવદ્ભાવ થતો નથી. द्यौः– અહીં दिव्+सि આ અવસ્થામાં 'दिव औः सौ २-१-११७' થી दिव् ના व् ને औ આદેશ થાય છે. 'दीर्घङ्याब्० १-४-४५' થી વ્યઞ્જન [સ્વરૂપ વર્ણ] થી પરમાં રહેલા सि નો લોપ કરવાના વર્ણવિધિમાં તે औ આદેશને આ સૂત્રથી સ્થાનિવદ્ભાવ થતો નથી. અન્યથા औ ને સ્થાનિવદ્ભાવ થાત તો તેના સ્થાને व् વ્યઞ્જનને માનીને ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ થાત. અર્થ—સ્વર્ગ.

क इष्टः અહીં यज्+क्त આ અવસ્થામાં 'यजादि० ४-१-७९'

થી यज् ના य ને य्वृत् [सम्प्रसारण] इ આદેશ થાય છે. 'घोषवति १-३-२१' થી; घोषवान् વ્યંજનથી [તત્સ્વરૂપવર્ણથી]પૂર્વમાં રહેલા कर् ના र् ને उ આદેશ કરવાના વર્ણવિધિમાં તે इ આદેશને આ સૂત્રથી સ્થાનિવદ્‌ભાવ થતો નથી. અન્યથા इને સ્થાનિવદ્‌ભાવ થાત તો इ ના સ્થાને य ને માનીને ઉપર જણાવ્યા મુજબ कर् ના र् ને उ આદેશ થાત. અર્થ–કોણ પૂજાય છે.

प्रदीव्य–અહીં प्र+दिव्+त्वा આ અવસ્થામાં त्वा ને 'अनञः० ३-२-१५४' થી यप् [य] આદેશ થાય છે. 'स्ताद्यशितो० ४-४-३२' થી અપ્રધાન स् અને त् ને આશ્રયીને इट् કરવાના વિધિમાં [અપ્રધાન- વર્ણાશ્રયવિધિમાં], તે यप् આદેશને આ સૂત્રથી સ્થાનિવદ્‌ભાવ થતો નથી. અન્યથા यप् ને સ્થાનિવદ્‌ભાવ થાય તો તેના સ્થાને त्वा માનીને તાદૃશ તાદિ अशित् પ્રત્યયની પૂર્વે दिव् ના અન્તે इट् થાત. અર્થ–ક્રીડા કરીને. 'स्ताद्यशि० ४-४-३२' અહીં 'स्तादि'– આ अशित् પ્રત્યયનું વિશેષણ હોવાથી તત્પદબોધ્ય स् અને त् વર્ણ અપ્રધાન છે. અને તદાશ્રયે વિધિ [इट्] અપ્રધાન–વર્ણાશ્રયવિધિ છે. લઘુવૃત્તિમાં ઉપર જણાવ્યા મુજબ પાંચ વર્ણ-વિધિમાંના ત્રણ જ વર્ણવિધિનાં ઉદાહરણ છે. બાકીનાં ઉદાહરણ બૃહદ્‌વૃત્તિથી જાણી લેવાં.[श्रायं हविः અહીં श्री दैवताऽस्य આ અર્થમાં श्री નામને अण् પ્રત્યય. श्री ના ई ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થાય છે. 'अवर्णे० ७-४-६८' થી ई ના સ્થાને તેનો લોપ કરવા સ્વરૂપ વર્ણવિધિ (વર્ણસ્થાને વિધિ) માં આ સૂત્રથી ऐ ને સ્થાનિવદ્‌ભાવ થતો નથી. અન્યથા ऐ ને સ્થાનિવદ્‌ભાવ થાય તો તેના સ્થાને ई માનીને તેનો ઉપર જણાવ્યા મુજબ લોપ થાત. આવી જ રીતે उरःकेण અને उरःपेण અહીં વર્ણવ્યવધાનથી વિધિમાં વિસર્ગને આ સૂત્રથી સ્થાનિવદ્‌ભાવ થતો નથી. અન્યથા र् થી પરમાં રહેલા न् ને; ल-चटतवर्ग-शषस ભિન્ન વર્ણના વ્યવધાનમાં પણ ण् કરવાના વિધિમાં વિસર્ગને સ્થાનિવદ્‌ભાવ થાય તો તેના સ્થાને स् માનીને न् ને ण् આદેશનો નિષેધ થાત.] ॥१०१॥

## स्वरस्य परे प्राग् विधौ ७।४।११०॥

પરનિમિત્તક [અર્થાદ્ અવ્યવહિતપરમાં રહેલાના કારણે થયેલો] સ્વરાદેશ [સ્વરના સ્થાને થયેલો આદેશ]; પૂર્વવિધિમાં [અર્થાત્ સ્વરાદેશની અવ્યવહિત કે વ્યવહિત પૂર્વમાં રહેલાને કાર્ય કરવામાં] સ્થાનિવદ્ મનાય છે. અર્થાત્ સ્થાનીના કારણે જે કાર્ય થવાનું હોય તે કાર્ય આદેશ થવા છતાં પણ થાય છે. અને જે કાર્ય થવાનું નથી તે કાર્ય આદેશ થયા પછી પણ થતું નથી. **कथयति** અહીં **कथ+इ(णि)+अ+ति** આ અવસ્થામાં '**अतः** ૪-૩-૮૨' થી **अशित्** પ્રત્યય પરમાં હોવાથી **कथ** ધાતુંના અન્ત્ય **अ** નો લોપ થાય છે. તે પરનિમિત્તક સ્વરાદેશ સ્વરૂપ લોપને; '**ञिणति** ૪-૩-૫૦' થી **कथ्** ના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ કરવા સ્વરૂપ પૂર્વવિધિમાં આ સૂત્રથી સ્થાનિવદ્ભાવ થવાથી **कथ्** ધાતુના સ્થાને **कथ** ધાતુને માનીને ઉપાન્ત્ય **अ** ન હોવાથી **कथ्** ના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ થતી નથી. અન્યથા આ સૂત્રના અભાવમાં વૃદ્ધિ થાત. અર્થ–કહે છે.

**पादिकः** અહીં **पादाभ्यां तरति** આ અર્થમાં **पाद** નામને '**नौ–द्वि०** ૬-૪-૧૦' થી **इक** પ્રત્યય. '**अवर्णे०** ૭-૪-૬૮' થી અન્ત્ય **अ** ના લોપસ્વરૂપ પરનિમિત્તક સ્વરાદેશ થાય છે; તેને '**य–स्वरे०** ૨-૧-૧૦૨' થી **पाद्** ને **पद्** આદેશ કરવા સ્વરૂપ પૂર્વવિધિમાં સ્થાનિવદ્ભાવ થવાથી **पाद्** ના સ્થાને **पाद** માનીને ઉપર જણાવ્યા મુજબ **पद्** આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રના અભાવમાં **पाद्** ને **पद्** આદેશ થાત. અર્થ–બે પગથી તરનાર.

**स्रंस्यते**–અહીં **स्रंस्+णि(इ)+क्य+ते** આ અવસ્થામાં અનિટ્ અશિત્ **क्य** પ્રત્યય પરમાં હોવાથી '**णेरनिटि** ૪-૩-૮૩' થી **णि** [**इ**] નો લોપ થાય છે. તત્સ્વરૂપ પરનિમિત્તક સ્વરાદેશને; **स्रंस्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો '**नो व्यञ्जन०** ૪-૨-૪૫' થી લોપ કરવા સ્વરૂપ પૂર્વવિધિમાં આ સૂત્રથી સ્થાનિવદ્ભાવ થવાથી **स्रंस्** ના **न्** નો લોપ થતો નથી. અન્યથા આ સૂત્રના અભાવમાં **णि** લોપને સ્થાનિવદ્ભાવ ન થાત તો **स्रंस्** ધાતુના **न्** નો લોપ થાત. અર્થ–ખસેડાય છે.

पर इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્વવિધિમાં પરનિમિત્તક જ સ્વરાદેશને સ્થાનિવદ્ભાવ થાય છે. તેથી द्विपदिकां दत्ते– અહીં दौ पादौ ददाति આ અર્થમાં द्विपाद નામને 'सङ्ख्यादे० ૭-૨-૧૫૨' થી अकल् પ્રત્યય અને द्विपाद ના અન્ત્ય अ નો લોપ; આ સ્વરાદેશ પરનિમિત્તક ન હોવાથી તેને; 'य–स्वरे० ૨-૧-૧૦૨' થી पाद् ને पद् આદેશ કરવા સ્વરૂપ પૂર્વવિધિમાં આ સૂત્રથી સ્થાનિવદ્ભાવ ન થવાથી पाद् ને पद् આદેશ થાય છે. તેથી द्विपदक નામને आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विपदिकां दत्ते આવો પ્રયોગ થાય છે. અર્થ– બે પાદ[ચતુર્થ ભાગ] આપે છે.

प्रागुविधाविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્વવિધિમાં જ પરનિમિત્તક સ્વરાદેશને સ્થાનિવદ્ભાવ થાય છે. તેથી नैधेयः– અહીં नि+धा ધાતુને 'उपस० ५-३-८७' થી कि પ્રત્યય. 'इडेत्० ४–३–९४' થી धा ધાતુના आ નો લોપ થવાથી નિષ્પન્ન निधि નામને निधेरपत्यम् આ અર્થમાં [निधि નામને દ્વિસ્વરી માનીને] 'द्विस्वरा० ६-१-७१' થી एयण् [एय] પ્રત્યય સ્વરૂપ પરવિધિમાં પરનિમિત્તક સ્વરાદેશ आ લોપને આ સૂત્રથી સ્થાનિવદ્ભાવ થતો નથી. તેથી निधि નામ દ્વિસ્વરી હોવાથી ઉપર જણાવ્યા મુજબ एयण् પ્રત્યયાદિ કાર્ય થવાથી नैधेयः આવો પ્રયોગ થાય છે. અન્યથા આ લોપને સ્થાનિવદ્ભાવ થાત તો निधि નામ ત્રિસ્વરી થવાથી एयण् પ્રત્યય ન થાત. અર્થ–નિધિનું અપત્ય. ॥૧૧૦॥

**न सन्धि–ङी–य–क्वि–द्वि–दीर्घाऽसद्विधावस्क्लुकि ७।४।१११॥**

सन्धिविधि; ङीविधि; यविधि; क्विपूविधि, द्वित्वविधि; दीर्घविधि અને 'संयोग० २-१-८८' થી વિહિત स् તથા क् ના લુક્ને છોડીને અન્ય असद्विधि માં સ્વરાદેશને સ્થાનિવદ્ભાવ થતો નથી. 'लि–लौ १-३-६५' સુધી સન્ધિવિધિ મનાય છે.

सन्धिविधिः–वियन्ति અહીં वि+इण् [इ]+ अन्ति આ અવસ્થામાં 'ह्रिवणो० ४-३-१५' થી इ ધાતુના इ ને य् આદેશ થવાથી वियन्ति

આવો પ્રયોગ થાય છે. પરનિમિત્તક સ્વરાદેશ य् ને; वि ના इ ને 'समाना० १-२-१' થી સન્ધિસ્વરૂપ પૂર્વવિધિ દીર્ઘ ई કરવામાં 'स्वरस्य० ७-४-११०' થી સ્થાનિવદ્‌ભાવની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી य् ના સ્થાને इ નહિ મનાવાના કારણે ઉપર જણાવ્યા મુજબ वि ના इ ને દીર્ઘ ई આદેશ થતો નથી. અર્થ—નષ્ટ થાય છે.

ङीविधि :- बिम्बम्– અહીં बिम्ब्याः फलम् આ અર્થમાં बिम्बी નામને 'हेमादि० ६-२-४५' થી अञ् પ્રત્યય. તેનો 'फले ६-२-५८' થી લોપ. 'ङ्यादे० २-४-९५' થી बिम्बी નામના ङी નો લોપ વગેરે કાર્ય થવાથી बिम्बम् આવો પ્રયોગ થાય છે. અહીં ङी નો લોપ તદ્ધિત પ્રત્યયના લોપના કારણે થયો હોવાથી તે પરનિમિત્તક સ્વરાદેશ છે. તે સ્વરાદેશને; बिम्ब નામના અન્ત્ય अ નો 'अस्य० २-४-८६' થી લોપ કરવા સ્વરૂપ [ङी નિમિત્તક अ લોપાત્મક] ङी- વિધિમાં [પૂર્વવિધિમાં] 'स्वरस्य० ७-४-११०' થી સ્થાનિવદ્‌ભાવની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ થવાથી ङी ના લોપના સ્થાને ङी નહિ મનાવાના કારણે ઉપર જણાવ્યા મુજબ बिम्ब નામના અન્ત્ય अ નો લોપ થતો નથી. અર્થ—ગીલોડું.

यविधिः– कण्डूतिः અહીં कण्डूय ધાતુને 'स्त्रियां क्तिः ५-३-९१' થી ભાવમાં क्ति પ્રત્યય. 'अतः ४-३-८२' થી कण्डूय ધાતુના અન્ત્ય अ નો લોપ. 'य्वोः प्वय्० ४-४-१२१' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી कण्डूतिः આવો પ્રયોગ થાય છે. અહીં પરનિમિત્તક अ- લોપાત્મક સ્વરાદેશને; य्- લોપાત્મક પૂર્વવિધિ સ્વરૂપ य- વિધિમાં 'स्वरस्य० ७-४-११०' થી સ્થાનિવદ્‌ભાવની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ થવાથી अ- લોપના સ્થાને अ નહિ મનાવાથી य् નો ઉપર જણાવ્યા મુજબ લોપ થયો છે. અન્યથા य् નો લોપ ન થાત. અર્થ-ખજવાળવું.

क्विप्विधिः– द्यूः અહીં देवि ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી देवि ધાતુના इ (णि) નો લોપ. 'अनुना० ४-१-१०८' થી व् ને ऊ આદેશ વગેરે કાર્ય થવાથી द्यूः આવો પ્રયોગ થાય છે. અહીં પરનિમિત્તક સ્વરાદેશ

णिलोपने वू ने ऊ આદેશ કરવા સ્વરૂપ क्विब्विधि [क्विब्निमित्तक विधि] માં [तादृश पूर्वविधिमां] 'स्वरस्य० ७-४-११०' થી પ્રાપ્ત સ્થાનિવદ્ભાવનો આ સૂત્રથી નિષેધ થવાથી णि લોપના સ્થાને णि ન મનાવાના કારણે ઉપર જણાવ્યા મુજબ व् ने ऊ આદેશ થાય છે. અન્યથા व् ने ऊ આદેશ થાત નહિ. અર્થ–રમાડનાર.

द्वित्व-विधि :- दद्ध्यत्र અહીં दधि+अत्र આ અવસ્થામાં 'इवर्णादि० १-२-२१' થી इ ને य् આદેશ. 'अदीर्घा० १-३-३२' થી ध् ને દ્વિત્વ. 'तृतीय० १-३-४९' થી પ્રથમ ध् ને द् આદેશ થવાથી दद्ध्यत्र આવો પ્રયોગ થાય છે. અહીં इ ના સ્થાને થયેલા પરનિમિત્તક સ્વરાદેશસ્વરૂપ य् ને; દ્વિત્વવિધિસ્વરૂપ ध् ને દ્વિત્વ કરવા સ્વરૂપ પૂર્વવિધિમાં 'स्वरस्य० ७-४-११०' થી પ્રાપ્ત સ્થાનિવદ્ભાવનો આ સૂત્રથી નિષેધ થવાથી य् ના સ્થાને इ નહિ મનાવાના કારણે ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થાય છે. અન્યથા આ સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થાત તો य् ના સ્થાને इ માનીને દ્વિત્વ ન થાત. અર્થ-અહીં દહીં. અહીં દ્વિત્વવિધિ સન્ધિવિધ્યન્તર્ગત હોવા છતાં તેના પૃથગ્ ઉપાદાનનું કારણ બૃહદ્-વૃત્તિથી જાણવું...

दीर्घविधिः– शामंशामम् અહીં शम्+णि આ અવસ્થામાં शमि ધાતુને 'ख्णं चाभी० ५-४-४८' થી ख्णम् [अम्] પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી णि નો લોપ. 'शमोऽदर्शने ४-२-२८' થી शम् ના अ ને દીર્ઘ आ આદેશ. शामम् ને 'भृशाभी० ७-४-७३' થી દ્વિત્વ વગેરે કાર્ય થવાથી शामंशामम् આવો પ્રયોગ થાય છે. અહીં પરનિમિત્તક સ્વરાદેશ णिलोपने; अ ને દીર્ઘ आ આદેશ કરવા સ્વરૂપ દીર્ઘવિધિ– પૂર્વવિધિમાં 'स्वरस्य० ७-४-११०' થી પ્રાપ્ત સ્થાનિવદ્ભાવનો આ સૂત્રથી નિષેધ થવાથી णि- લોપના સ્થાને णि નહિ મનાવાના કારણે ઉપર જણાવ્યા મુજબ દીર્ઘ આદેશ થાય છે. અન્યથા આ સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થાત તો ઉપાન્ત્યમાં સ્વર નહિ હોવાથી દીર્ઘ થાત નહિ. અર્થ– શમાવી શમાવીને. [જિજ્ઞાસુઓએ સૂ.નં. ૪-૨-૨૪ ની બૃહદવૃત્તિ જોવી....]

असद्-વિધિ [સૂ.નં.૨-૧-૮૮ થી વિહિત स्-લોપ અને क्-લોપ વિધિથી ભિન્ન असद्विधि]- यायष्टि- यज् ધાતુને यङ् પ્રત્યય તથા यज् ધાતુને દ્વિત્વ વગેરે કાર્યથી નિષ્પન્ન यायज्य ધાતુને 'स्त्रियां० ५-३-९१' થી क्ति [ति] પ્રત્યય. 'अतः ४-३-८२' થી અન્ત્ય अ નો લોપ. 'य्वोः प्वय्० ४-४-१२१' થી અન્ત્ય य् નો લોપ. यायज्+ति આ અવસ્થામાં ज् ને 'यजसृज० २-१-८७' થી ष् આદેશ. 'तवर्ग० १-३-६०' થી त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી यायष्टिः આવો પ્રયોગ થાય છે. અહીં ज् ને ष् આદેશ કરવા સ્વરૂપ પૂર્વવિધિમાં તે असद्विधि હોવાથી; પરનિમિત્તક સ્વરાદેશ अ લોપને 'स्वरस्य० ७-४-११०' થી સ્થાનિવદ્ભાવની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી अ લોપના સ્થાને अ નહિ મનાવાના કારણે ज् ને ष् આદેશ થાય છે. અન્યથા આ સૂત્રથી अ લોપને સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થાત તો ज् ને ष् આદેશ થાત નહિ. અર્થ- વારંવાર યજ્ઞ કરવો.

अस्क्लुकीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सन्धि, ङी, य, क्विप्, द्वित्व અને दीर्घ-વિધિમાં તેમ જ સૂ. નં. ૨-૧-૮૮ થી વિહિત स् અને क् લોપ વિધિથી ભિન્ન જ અસદ્વિધિમાં તાદૃશ સ્વરાદેશને સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. તેથી 'संयोग० २-१-८८' થી વિહિત, स् અને क्-લોપ સ્વરૂપ અસદ્વિધિમાં આ સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ થતો નથી. તેથી सुकुस्मि અને काष्टतक्षि ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યય. અને णि [इ]નો લોપ. सुकुस्म् અને काष्टतक्ष् ના સંયોગના આદિભૂત स् નો અને क् નો 'संयोग० २-१-८८' થી લોપ કરવા સ્વરૂપ પૂર્વવિધિમાં णि-લોપને આ સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થવાથી 'स्वरस्य० ७-४-११०' થી સ્થાનિવદ્ભાવ. આથી स् અને क् નો લોપ થતો નથી. [કારણ કે પદના અન્તે હવે સંયોગ નથી; इ છે.] તેથી 'पदस्य २-१-८९' થી અન્ત્ય म् અને क् નો લોપ વગેરે કાર્ય થવાથી सुकूः અને काष्टतक् આવો પ્રયોગ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે સૂ. નં. ૨-૧-૮૮ અને ૨-૧-૮૯ થી વિહિત બંન્ને લુગ્વિધિ અસદધિકારમાં છે.

પરન્તુ આ સૂત્ર સૂ. નં. ૨-૧-૮૮ થી વિહિત જ લુગ્‌વિધિમાં સ્થાનિવદ્‌ભાવનો નિષેધ કરતું નથી. સૂ.નં. ૨-૧-૮૯ થી વિહિત લુગ્‌વિધિમાં તો આ સૂત્રથી સ્થાનિવદ્‌ભાવનો નિષેધ થાય છે જ. તેથી ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય म् અને ष् નો લોપ થાય છે. અન્યથા એનો પણ લોપ થાત નહિ– એ સમજી શકાય છે. અર્થ ક્રમશઃ– સારી રીતે મશ્કરી કરનાર. કાષ્ટ છોલાવનાર. ॥૧૧૧॥

## लुप्यय्वृल्लेनत् ૭।૪।૧૧૨॥

પ્રત્યયની लुप् [लुक् નહિ] થાય ત્યારે; તે लुब्‌भूत પ્રત્યય-નિમિત્તક પૂર્વકાર્ય થતું નથી. પરન્તુ તાદૃશ લુબ્‌ભૂત પ્રત્યય-નિમિત્તક પૂર્વકાર્ય य्वृत् [સમ્પ્રસારણ]; लृ આદેશ અને एनद् આદેશ સ્વરૂપ હોય તો તાદૃશ પૂર્વકાર્ય થાય છે. અર્થાત્ તે य्वृद्; लृ આદેશ અને एनद् આદેશ સ્વરૂપ કાર્યથી ભિન્ન તાદૃશ પૂર્વકાર્ય થતું નથી. तद्–અહીં तद् નામને सि પ્રત્યય. 'अनतो लुप् ૧-૪-૫૯' થી सि ની लुप् [લોપ.]આ લુપ્‌ને 'स्थानीवा० ૭-૪-૧૦૯' થી સ્થાનિવદ્‌ભાવની પ્રાપ્તિ હતી. તેનો तद् ના द् ને 'आद्वेरः ૨-૧-૪૧' થી अ આદેશ કરવા સ્વરૂપ પૂર્વકાર્યમાં આ સૂત્રથી નિષેધ થવાથી લુપ્‌ના સ્થાને सि ન મનાવાના કારણે द् ને अ આદેશ થતો નથી. અન્યથા द् ને ઉપર જણાવ્યા મુજબ अ આદેશ થાત. અર્થ–તે. गर्गाः અહીં गर्ग નામને गर्गस्यापत्यानि આ અર્થમાં 'गर्गादि र्यञ् ૬-૧-૪૨' થી यञ् પ્રત્યય. તેની 'यञञो० ૬-૧-૧૨૬' થી લુપ્. તેને 'स्थानीवा० ૭-૪-૧૦૯' થી સ્થાનિવદ્‌ભાવની પ્રાપ્તિ હતી.તેનો; 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ કરવાના પૂર્વકાર્યમાં આ સૂત્રથી નિષેધ થવાથી લુપ્‌ના સ્થાને यञ् પ્રત્યય નહિ મનાવાના કારણે गर्ग ના આદ્યસ્વરને ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિ થતી નથી. અન્યથા વૃદ્ધિ થાત. અર્થ– ગર્ગના અપત્યો.

लुपीत्युक्ते लुकि स्यादेव– આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રત્યયની લુપ્ હોય તો જ સ્થાનિવદ્‌ભાવનો નિષેધ થાય છે.

તેથી પ્રત્યયની લુક્ હોય તો સ્થાનિવદ્ભાવ થાય છે. જેથી गोमान्– અહીં गोमत्+ सि આ અવસ્થામાં 'दीर्घ० ૧-૪-૪૫' થી વિહિત सि-લુક્‌ને; 'नि दीर्घः ૧-૪-૮૫' થી न् ની પૂર્વેના अ ને દીર્ઘ आ આદેશ કરવાના પૂર્વકાર્યમાં સ્થાનિવદ્ભાવનો આ સૂત્રથી નિષેધ ન થવાથી 'स्थानीवा० ૭-૪-૧૦૯' થી સ્થાનિવદ્ભાવ થાય છે. તેથી सि-લુક્ ના સ્થાને सि મનાવાના કારણે ઉપર જણાવ્યા મુજબ अ ને દીર્ઘ आ આદેશ થયો છે. અર્થ–ગાયોનો સ્વામી.

अय्वृल्लेनदिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य्वृत् ल् આદેશ અને एनद् આદેશથી ભિન્ન જ પૂર્વકાર્યમાં પ્રત્યયલુપ્ ને સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. તેથી जरीगृहीति અને निजागलीति અહીં ग्रह् ધાતુને અને नि+गृ ધાતુને यङ् પ્રત્યય. તેની 'बहुलं० ૩-૪-૧૪' થી લુપ્. ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ॠ ને ગુણ अर् આદેશ. 'ग्रहव्रश्च० ૪-૧-૮૪' થી ग्रह् ના र ને य्वृत् ऋ આદેશ. 'सन्-यङश्च ૪-૧-૩' થી गृह् અને गर् ને દ્વિત્વ વગેરે કાર્યથી નિષ્પન્ન जगृह्+ति અને जगर्+ति આ અવસ્થામાં 'आ–गुणा० ૪-૧-૪૮' થી जगर् ના આદ્ય अ ને आ આદેશ. 'यङ्० ૪-૩-૬૪' થી ति ની પૂર્વે ई. 'रि-रौ च० ૪-૧-૫૬' થી जगृह् ના ज ની પરમાં री નો આગમ. 'ग्रो यङि ૨-૩-૧૦૧' થી जगर् ના र् ને ल् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી जरीगृहीति અને निजागलीति આવો પ્રયોગ થાય છે. અહીં यङ्-લુપ્‌ને; य्वृत् [ऋ આદેશ] કરવાના અને र् ને ल् આદેશ કરવાના પૂર્વકાર્યમાં આ સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ થતો નથી. તેથી 'स्थानीवा० ૭-૪-૧૦૯' થી સ્થાનિવદ્ભાવ થવાથી यङ् લુપ્‌ના સ્થાને यङ् માનીને ઉપર જણાવ્યા મુજબ ग्रह् ના र ને य्वृत् ऋ આદેશ અને गृ ના र् ને ल् આદેશ થાય છે; અન્યથા તે થાત નહિ– એ સમજી શકાય છે. આવી જ રીતે एनत् पश्य અહીં एतद् શબ્દથી પરમાં રહેલા अम् પ્રત્યયની 'अनतो० ૧-૪-૫૯' થી લુપ્ થાય છે. તેને; 'त्यदामे० ૨-૧-૩૩' થી एतद् ને एनद् આદેશ કરવા સ્વરૂપ પૂર્વકાર્યમાં આ સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થવાથી 'स्थानीवा० ૭-૪-૧૦૯' થી સ્થાનિવદ્ભાવ થાય

છે. તેથી अम् પ્રત્યયની લુપ્‌ના સ્થાને अम् મનાવાથી एतद् ને एनद् આદેશ થાય છે. અન્યથા एनद् આદેશ થાત નહિ. અર્થ ક્રમશઃ-વારંવાર ગ્રહણ કરે છે. વારંવાર ગળે છે. આને જો. ॥૧૧૨॥

## विशेषणमन्तः ७।४।११३॥

અભેદથી અર્થાત્ સમાન વિભક્તિથી જે અવયવભૂત વિશેષણનું ઉપાદાન સૂત્રમાં કરાય છે, તે વિશેષણ સ્વાન્ત સમુદાયને જ– વિશેષ્યને જ સમજાવે છે. 'नपुंसकस्य शिः १-४-५५' થી 'नपुंसकस्य' આ ષષ્ઠ્યન્તપદની અનુવૃત્તિ 'अतः स्यमोऽम् १-४-५७' માં આવે છે. ત્યાં अतः આ ષષ્ઠ્યન્ત પદ છે. જે અભેદસંબન્ધથી नपुंसक નું વિશેષણ છે. તેથી આ સૂત્રની સહાયથી अतः પદ અકારાન્ત નપુંસક નામને સમજાવે છે.જેથી અકારાન્ત નપુંસક कुण्ड નામથી પરમાં રહેલા सि તથા अम् ને 'अतः स्यमोऽम् १-४-५७' થી अम् આદેશ થાય છે. પરન્તુ અનકારાન્ત तद् નામને વિહિત सि તથા अम् ને अम् આદેશ થતો નથી. અર્થ– कुण्डम् = કુણ્ડ, કુણ્ડને. तद् = તે; તેને. ॥૧૧૩॥

## सप्तम्या आदिः ७।४।११४॥

સપ્તમ્યન્તપદબોધ્ય વિશેષ્યનું જે અભેદસંબન્ધથી [સમાન વિભક્તિથી]વિશેષણ હોય છે તે વિશેષણ; સ્વાદિ સમુદાયને જ સમજાવે છે. અર્થાત્ તે પદ બોધ્ય [વિશેષણબોધ્ય]વર્ણસમુદાયનો [વિશેષ્યનો]આદ્ય અવયવ હોય છે. 'वाष्टन आः स्यादौ १-४-५२' થી स्यादौ આ સપ્તમ્યન્ત વિશેષ્યવાચક પદની અનુવૃત્તિ 'इन् ङी-स्वरे लुक् १-४-७९' માં આવે છે. અહીં स्वरे આ સપ્તમ્યન્ત વિશેષણવાચક પદ છે. તે स्यादि આ વિશેષ્યના અભેદસંબંધથી વિશેષણનું વાચક છે. અર્થાત્ સ્યાદિનું અભેદસંબન્ધથી વિશેષણ 'स्वर ' છે. તેનો 'विशेषणमन्तः ७-४-११३' થી સ્વરાન્ત સ્યાદિ આવો અર્થ થવાનો સંભવ હતો, પરંતુ આ સૂત્રથી स्वरादि स्यादि

આવો અર્થ થાય છે. તેથી पथिन्+शस् (अस्) આ અવસ્થામાં સ્વરાદિ-સ્યાદિ પ્રત્યય પરમાં હોવાથી 'इन् ङी० १-४-७९' થી इन् નો લોપ વગેરે કાર્ય થવાથી पथः આવો પ્રયોગ થાય છે. પરન્તુ पथिन्+सु અહીં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી इन् નો લોપ થતો ન હોવાથી 'नाम्नो० २-१-९१' થી न् નો લોપ વગેરે કાર્ય થાય છે. જેથી पथिषु આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– માર્ગોને. માર્ગમાં. ॥૧૧૪॥

## प्रत्ययः प्रकृत्यादेः ७।४।११५॥

પ્રત્યય; પ્રકૃતિ– [જેને પ્રત્યય વિહિત છે તેને તે પ્રત્યયની પ્રકૃતિ કહેવાય છે.] નિષ્ઠાદ્યાવયવતા-નિરૂપક સમુદાયનું વિશેષણ મનાય છે. 'विशेषणमन्तः ७-४-११३' થી; પ્રત્યય 'स्व [प्रत्यय] निष्ठचरमावयवतानिरूपकसमुदाय નું વિશેષણ બને છે– આ અર્થ સિદ્ધ છે. તેથી પ્રત્યય, "प्रकृतिनिष्ठाद्यावयवतानिरूपक અને स्व [प्रत्यय]निष्ठचरमावयवतानिरूपकसमुदाय" નું વિશેષણ બને છે; ન્યૂન કે અધિકનું નહિ–આ ફલિતાર્થ છે. मातृभोगाय हितः આ અર્થમાં मातृभोग નામને 'भोगोत्तर० ७-१-४०' થી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. मातृभोगीन નામને सि પ્રત્યય. 'तदन्तं पदम् १-१-२०' થી मातृभोगीनस् ને આ સૂત્રની સહાયથી પદસંજ્ઞા. તેથી 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ થવાથી मातृभोगीणः આવો પ્રયોગ થાય છે. અહીં 'तदन्तं पदम् १-१-२०' થી માત્ર भोगीनस् ને પદસંજ્ઞા થાત તો ઉપર જણાવ્યા મુજબ न् ને ण् આદેશ [ભિન્નપદસ્થ ऋ અને न् થવાથી] થાત નહિ. मातृभोगीन નામને અહીં सि પ્રત્યય વિહિત છે. તે, सि પ્રત્યયની પ્રકૃતિ છે. તેના આદ્યાવયવતાનિરૂપક અને પ્રત્યયનિષ્ઠચરમાવયવતા નિરૂપક સમુદાય मातृभोगीनस् છે. તેને જ આ સૂત્રની સહાયથી પદસંજ્ઞા થાય છે. ન્યૂન भोगीनस् ને નહિ. અર્થ–માતૃભોગ માટે હિતકર. ॥૧૧૫॥

## गौणो ङ्यादिः ७।४।११६॥

ङी થી આરંભીને ष्य સુધીના [બીજા અધ્યાયના ચોથા પાદમાં કહેલા] પ્રત્યયો અહીં ङ्यादि પ્રત્યયો કહેવાય છે. ગૌણ ङ्यादि પ્રત્યય પ્રકૃતિનિષ્ઠાદ્યાવયવતાનિરૂપક અને સ્વ–પ્રત્યયનિષ્ઠ-ચરમાવયવતાનિરૂપક સમુદાયનું વિશેષણ થાય છે, ન્યૂન કે અધિકનું નહિ. યદ્યપિ આ સૂત્રથી વિહિત કાર્ય 'प्रत्ययः० ૭-૪-૧૧૫' થી સિદ્ધ જ છે; પરન્તુ મુખ્ય ङ्यादि પ્રત્યય અધિકનું પણ વિશેષણ થાય છે–એ દર્શાવવા આ સૂત્રનું પ્રણયન છે. 'प्रत्ययः० ૭-૪-૧૧૫' માં ङ्यादि પ્રત્યયભિન્નત્વેન સંકોચ કરવાથી વિવક્ષિતાર્થ પ્રતીત થાય છે. ङ्यादि પ્રત્યયાન્ત નામ; જ્યારે સમાસમાં મુખ્યાર્થનું પ્રતિપાદન કરતું ન હોય ત્યારે તે ङ्यादि પ્રત્યય ગૌણ કહેવાય છે. અર્થાત્ પૂર્વપદાર્થપ્રધાન સમાસમાં ङ्यादि પ્રત્યયાન્ત નામ પૂર્વપદ ન હોય અને ઉત્તરપદાર્થપ્રધાન સમાસમાં ङ्यादि પ્રત્યયાન્ત નામ ઉત્તરપદ ન હોય તો તે ङ्यादि પ્રત્યય ગૌણ કહેવાય છે.

कारीषगन्ध्यामतिक्रान्तोऽतिकारीषगन्ध्यः અને अतिकारीषगन्ध्यो बन्धुरस्य આ અર્થમાં બહુવ્રીહિસમાસાદિ કાર્યથી अतिकारीषगन्ध्यबन्धुः આવો પ્રયોગ થાય છે. અહીં 'बन्धौ बहुव्रीहौ ૨-૪-૮૪' થી ष्य ને ईच् આદેશ થતો નથી. અહીં આ સૂત્રની સહાયથી ष्य પ્રત્યયથી कारीषगन्ध्यનું જ ગ્રહણ થાય છે. તે પૂર્વપદ નથી. अतिकारीषगन्ध्य પૂર્વપદ છે પરન્તુ ष्य પ્રત્યયથી તેનું ગ્રહણ થતું નથી. કારણ કે પૂર્વપદાર્થપ્રધાન તે સમાસમાં અત્યર્થ પ્રધાન છે. તેથી ष्य પ્રત્યય ગૌણ છે; અને તે कारीषगन्ध्य સ્વરૂપ સમુદાયને જ આ સૂત્રની સહાયથી સમજાવે છે. તેથી પૂર્વપદ अतिकारीषगन्ध्य ના ष्य ને ઉપર જણાવ્યા મુજબ ईच् આદેશ થતો નથી. અન્યથા અધિકના વિશેષણથી अतिकारीषगन्धीबन्धुः આવો અનિષ્ટ પ્રયોગ થાત. અર્થ– કારીષગન્ધ્યાનું ઉલ્લંઘન કરનાર બન્ધુ છે જેને તે.

गौण इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગૌણ જ ङ्यादि પ્રત્યયો, પ્રકૃતિનિષ્ઠાદ્યાવયવતાનિરૂપક અને સ્વ-

પ્રત્યયનિષ્ઠચરમાવયવતાનિરૂપક સમુદાયનાં વિશેષણ બને છે. ન્યૂનાધિકનાં નહિ. તેથી મુખ્ય પ્રત્યયો [ङ्यादि]તો ન્યૂનાધિકનાં પણ વિશેષણ થાય છે. આથી परमकारीषगन्ध्या बन्धुरस्य આ વિગ્રહમાં બહુવ્રીહિસમાસાદિ કાર્ય થવાથી परमकारीषगन्धीबन्धुः આવો પ્રયોગ થાય છે. અહીં ઉપર જણાવ્યા મુજબ ष्य ને ईच् આદેશ થયો છે. કારણ કે અહીં ઉત્તરપદાર્થપ્રધાન કર્મધારય તત્પુરુષસમાસમાં [परमकारीषगन्ध्य માં] कारीषगन्ध्य પદ પ્રધાનાર્થબોધક હોવાથી ष्य પ્રત્યય મુખ્ય છે. તેથી તે ष्य પ્રત્યય, માત્ર कारीषगन्ध्य સ્વરૂપ જ સમુદાયને ન સમજાવતાં અધિક परमकारीषगन्ध्य ને પણ સમજાવે છે. જેથી ઉપર જણાવ્યા મુજબ ष्य ને ईच् આદેશ થાય છે. [करीषस्येव गन्धोऽस्य આ અર્થમાં બહુવ્રીહિસમાસથી નિષ્પન્ન करीषगन्ध નામને 'वोपमा० ७-३-१४७' થી સમાસાન્ત इ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. करीषगन्धेरपत्यं स्त्री આ અર્થમાં 'ङसोऽपत्ये ६-१-२८' થી करीषगन्धि નામને अण् [अ] પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ. कारीषगन्ध्+अण् આ અવસ્થામાં 'अनार्षे० २-४-७८' થી अण् ને ष्य [य] આદેશ. कारीषगन्ध्य નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી कारीषगन्ध्या આવો પ્રયોગ થાય છે.] અર્થ–શ્રેષ્ઠ કારીષગન્ધ્યા બન્ધુ છે જેને તે. ॥૧૧૬॥

## कृत् सगतिकारकस्यापि ૭।૪।૧૧૭॥

कृत् પ્રત્યય પ્રકૃતિનિષ્ઠાદ્યાવયવતાનિરૂપક અને સ્વનિષ્ઠ-ચરમાવયવતાનિરૂપક સમુદાયનું તેમ જ ગતિ અને કારક સહિત પ્રકૃતિનિષ્ઠાદ્યાવયવતાનિરૂપક અને સ્વ–પ્રત્યયનિષ્ઠચરમા-વયવતાનિરૂપક સમુદાયનું પણ વિશેષણ મનાય છે. તેથી भस्मनिहुतम् અહીં જેમ સમાસ થાય છે; તેમ उदकेविशीर्णम् અને अवतप्तेनकुलस्थितम् અહીં પણ સમાસ થાય છે. આશય એ છે કે ઉપર જણાવેલા પ્રયોગમાં कृत् क्त [त] પ્રત્યય અનુક્રમે પ્રકૃતિનિષ્ઠા-

ઘાવયવત્તા નિરૂપક; **गतिसंज्ञक** **वि** સહિત પ્રકૃતિનિષ્ઠા-ઘાવયવતાનિરૂપક અને કારક [કર્તૃકારક] સહિત પ્રકૃતિનિષ્ઠા-ઘાવયવતાનિરૂપક એવા સ્વ–પ્રત્યયનિષ્ઠચરમ-માવયવતાનિરૂપક સમુદાયનું આ સૂત્રની સહાયથી વિશેષણ મનાય છે. તેથી ઉપર જણાવેલાં ત્રણે સ્થાને 'क्तेन ૩-૧-૯૨' થી તત્પુરુષસમાસ થાય છે. અન્યથા આ સૂત્રની સહાયના અભાવમાં 'प्रत्ययः० ૭-૪-૧૧૫' થી **क्त** પ્રત્યય, **हुत** **शीर्ण** અને **स्थित** આ સમુદાયને જ સમજાવશે અને તેથી **विशीर्ण** અને **नकुलस्थित** નામની સાથે ઉપર જણાવ્યા મુજબ સમાસ નહિ થાય. અર્થ ક્રમશઃ– રાખમાં હોમ્યા જેવું નિષ્ફળ કર્યું. પાણીમાં વિખેરવા જેવું નિષ્ફલ કર્યું. તપેલી જગ્યામાં નકુલની સ્થિતિ જેવી કાર્યમાં અનવસ્થિતિ. ॥૧૧૭॥

**परः ૭।૪।૧૧૮॥**

પ્રત્યય; પ્રકૃતિની પરમાં જ થાય છે. **अज** નામને 'आत् ૨-૪-૧૮' થી **आप्** પ્રત્યય આ સૂત્રની સહાયથી પરમાં જ થાય છે. તેથી **अजा** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે આ સૂત્રની સહાયથી **वृक्ष** નામને 'नाम्नः० ૨-૨-૩૧' થી **सि** પ્રત્યય અને **गुप्** ધાતુને 'गुप्० ૩-૪-૫' થી **सन्** પ્રત્યય પરમાં જ થાય છે. તેથી **वृक्षः** અને **जुगुप्सते** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બકરી. વૃક્ષ. જુગુપ્સા કરે છે. ॥૧૧૮॥

**स्पर्द्धे ૭।૪।૧૧૯॥**

જે બે સૂત્રોથી વિહિત કાર્યોનો અન્યત્ર [એક બીજાના વિષયને છોડીને] અવકાશ હોય અને એક અથવા તો અનેક સ્થાને તે બે સૂત્રોથી વિહિત કાર્યનો પણ અવકાશ હોય ત્યારે સ્પર્ધ મનાય છે. સ્પર્ધ હોય ત્યારે સૂત્રપાઠના ક્રમ મુજબ જેનો પાઠ પર હોય તે જ સૂત્રથી વિહિત કાર્ય થાય છે. 'शसोऽता० ૧-૪-૪૯' અને 'नपुंसक० ૧-૪-૫૫' આ બંન્ને સૂત્રનો અવકાશ;

અન્યત્ર– એક બીજાના વિષયને છોડીને मुनीन् અને पयांसि અહીં છે. मुनि+शस् આ અવસ્થામાં 'नपुंसक० ૧-૪-૫૫' ની પ્રાપ્તિ નથી અને पयस्+शस् આ અવસ્થામાં 'शसोऽता० ૧-૪-૪૯' ની પ્રાપ્તિ નથી. તેથી બંન્ને સૂત્રો અન્યત્ર સાવકાશ છે. અને वनानि અહીં वन+शस् આ અવસ્થામાં તે બંન્ને સૂત્રની પ્રાપ્તિ છે. માટે અહીં સ્પર્ધ હોવાથી આ સૂત્રની સહાયથી બંન્ને સૂત્રોમાં જે પર સૂત્ર છે તે 'नपुंसक० ૧-૪-૫૫' થી वन+शस् આ અવસ્થામાં शस् ને शि આદેશ વગેરે કાર્ય થાય છે. પરન્તુ 'शसोऽता० ૧-૪-૪૯' થી પૂર્વ સમાનસ્વરને शस् ના अ ની સાથે દીર્ઘ आ આદેશ થતો નથી. અર્થ-વનોને. ||૧૧૯||

## आसन्नः ७|४|१२०||

આસન્ન અથવા અનાસન્ન કાર્યનો પ્રસઙ્ગ એકત્ર હોય તો; સ્થાન [કણ્ઠ વગેરે], અર્થ અને પ્રમાણ [માત્રાદિકૃત]...આદિકૃત આસન્ન જ કાર્ય થાય છે. दण्डाग्रम् અહીં दण्ड+अग्र આ અવસ્થામાં સમાનસ્વર अ ની સાથે સમાનસ્વર अ ને 'समानानां० ૧-૨-૧' થી દીર્ઘની પ્રાપ્તિ છે. એમાં आ ई ऊ...ઈત્યાદિ દીર્ઘમાંથી કોઈ પણ દીર્ઘનો પ્રસંગ હોવા છતાં અહીં આ સૂત્રની સહાયથી अ ના સ્થાને તેના કણ્ઠ સ્થાનનો જ દીર્ઘ आ આદેશ [સ્થાનકૃત આસન્ન] થાય છે. અર્થ-દણ્ડનો અગ્રભાગ. वतण्डी चासौ युवतिः આ વિગ્રહમાં કર્મધારયસમાસમાં वतण्डी નામને 'पुंवत् कर्मधारये ३-२-५७' થી પુંવદ્ભાવ કરવામાં वातण्ड्य અને वतण्ड સ્વરૂપ પુંવદ્ભાવનો પ્રસંગ હોવા છતાં वतण्डी નું અર્થકૃત આસન્નત્વ वातण्ड्यમાં હોવાથી આ સૂત્રની સહાયથી वातण्ड्य સ્વરૂપ જ પુંવદ્ભાવ થાય છે. જેથી वातण्ड्ययुवतिः આવો પ્રયોગ થાય છે. वतण्डस्यापत्यं स्त्री આ અર્થમાં वतण्डी શબ્દ બને છે. અને वातण्ड्य નામ પણ वतण्डापत्य નું બોધક છે. તેથી બંન્નેમાં અર્થકૃત આસન્નત્વ છે. वतण्ड નામ वतण्डी ના પિત્રર્થક હોવાથી તાદૃશ અર્થકૃત આસન્નત્વ वतण्डમાં નથી. અર્થ–વતણ્ડી યુવતિ.. अमुष्मै

અહીં [अदस्+ङे; अद+ङे, अद+स्मै] अम+स्मै આ અવસ્થામાં म् થી પરમાં રહેલા अ ને 'मादुवर्णोऽनु ૨-૧-૪૭' થી उ વર્ણ કરવાના પ્રસંગે માત્રાકૃત આસન્ન એકમાત્રિક જ उ આદેશ આ સૂત્રની સહાયથી થાય છે. અન્યથા ऊ અથવા ऊ३ આદેશ પણ થાત. અર્થ–આના માટે. ॥૧૨૦॥

## सम्बन्धिनां सम्बन्धे ૭।૪।૧૨૧॥

સમ્બન્ધિવાચક [मातृ पितृ श्वशुर...વગેરે] શબ્દને જે કાર્ય વિહિત છે તે કાર્ય તાદૃશ સંબન્ધપ્રવૃત્તિનિમિત્તક શબ્દને જ થાય છે. श्वशुर्यः અહીં श्वशुरस्यापत्यम् આ અર્થમાં श्वशुर નામને 'श्वशुराद् यः ૬-૧-૯૧' થી य પ્રત્યય વિહિત છે. તે य પ્રત્યય જામાતૃ-સમ્બન્ધિવાચક જ श्वशुर નામને આ સૂત્રની સહાયથી થાય છે. તેથી श्वशुर નામ છે જેનું તે વ્યક્તિના વાચક श्वशुर નામને ઉપર જણાવ્યા મુજબ य પ્રત્યય ન થવાથી 'अत० ૬-૧-૩૧' થી इञ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી श्वाशुरिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સસરાનું અપત્ય-સાળો. श्वशुर નામની વ્યક્તિનું અપત્ય. ॥૧૨૧॥

## समर्थः पदविधिः ૭।૪।૧૨૨॥

समर्थपदाश्रितत्व પદવિધિમાં હોવાના કારણે પદસમ્બન્ધી વિધિ समर्थ કહેવાય છે. અર્થાત્ સૂત્રસ્થ समर्थ પદ સમર્થપદાશ્રિતને સમજાવે છે. ''પદસમ્બન્ધી વિધિ સમર્થપદાશ્રિત હોય છે; અર્થાત્ સમર્થ પદોને જ પદવિધિ થાય છે.''–આ સૂત્રાર્થ છે. પદથી પરમાં રહેલાને વિધિ; પદથી પૂર્વમાં રહેલાને વિધિ; એક પદને વિધિ; બે પદને વિધિ અથવા અનેક પદને વિધિ– આ સર્વ પદવિધિ સમર્થ પદોને જ થાય છે. વ્યપેક્ષા અને એકાર્થીભાવ [ઐકાર્થ્ય]– આ બે પ્રકારનું પદસામર્થ્ય છે. જે પદસમુદાયના પ્રત્યેક પદથી પૃથક્ પૃથક્ પદાર્થની ઉપસ્થિતિ [સ્મરણ] થયા બાદ

વિશેષ્ય-વિશેષણભાવાપન્ન વિશિષ્ટ બોધ જે પદસમુદાયથી થાય છે; તે પદસમુદાયસ્વરૂપ વાક્યમાં **व्यपेक्षा** સ્વરૂપ સામર્થ્ય મનાય છે. અર્થાત્ તે વાક્યઘટક પદોમાં વ્યપેક્ષાસ્વરૂપ સામર્થ્ય મનાય છે. **राज्ञः पुरुषः** અહીં **राजन्** પદથી રાજાની, ષષ્ઠી વિભક્તિથી સ્વત્વની, **पुरुष** પદથી પુરુષની અને **सि** પ્રત્યયથી એકત્વ સંખ્યાદિની ઉપસ્થિતિ થયા બાદ **'राजनिरूपितस्वत्वविशिष्टैकत्ववान् पुरुषः'** આવો વિશેષ્ય-વિશેષણ-ભાવાપન્ન વિશિષ્ટ-બોધ થાય છે. તેથી **राज्ञः पुरुषः** અહીં વ્યપેક્ષા સામર્થ્ય મનાય છે. પરંતુ જે પદસમુદાયથી વિશિષ્ટની જ ઉપસ્થિતિ થયા બાદ વિશિષ્ટનો બોધ થાય છે ત્યાં પદસમુદાયમાં [તદ્ઘટક પદોમાં] એકાર્થીભાવસામર્થ્ય હોય છે. **राजपुरुषः** અહીં તાદૃશ વિશિષ્ટની જ ઉપસ્થિતિ થયા બાદ વિશિષ્ટબોધ થાય છે. તેથી અહીં એકાર્થીભાવસામર્થ્ય મનાય છે. વાક્યાવસ્થામાં પૂર્વ અને ઉત્તર પદમાં જે પરસ્પર આકાંક્ષા હોય છે તેને વ્યપેક્ષા કહેવાય છે. તેમ જ સમાસાદિ વૃત્ત્યવસ્થામાં પૃથગર્થક પદોના સામર્થ્યને એકાર્થીભાવસામર્થ્ય કહેવાય છે. **समास; नामधातु; कृत्, तद्धित; उपपदविभक्ति; युष्मदस्मदादेश** અને **प्लुत** સ્વરૂપ પદવિધિ છે. **धर्मश्रितः; पुत्रीयति; कुम्भकारः; औपगवः; नमो देवेभ्यः; धर्मस्ते स्वम् धर्मो मे स्वम्** અને **अङ्ग ! कूज३ इदानीं ज्ञास्यसि जाल्म !**—અહીં ક્રમશઃ આ સૂત્રની સહાયથી સમર્થપદોને જ **'श्रितादिभिः ३-१-६२'** થી તત્પુરુષસમાસ. **'अमाव्य० ३-४-२३'** થી **पुत्र** નામને **क्यन्** પ્રત્યય [નામધાતુસ્વરૂપ પદવિધિ.]. **'कर्मणोऽण् ५-१-७२'** થી **कृत्** પ્રત્યય સ્વરૂપ **अण्** પ્રત્યય. **'ङसोऽपत्ये ६-१-२८'** થી **अण्** પ્રત્યય સ્વરૂપ તદ્ધિત પ્રત્યય. **'शक्तार्थ० २-२-६८'** થી ચતુર્થી વિભક્તિ સ્વરૂપ ઉપપદવિભક્તિ. **'पदाद्युग्० २-१-२१'** થી **वस् नस्** આદેશ સ્વરૂપ **युष्मदस्मदादेश;** અને **'त्यादेः० ७-४-९१'** થી પ્લુત આદેશ સ્વરૂપ પદવિધિ વિહિત છે. અર્થ ક્રમશઃ-ધર્મમાં સ્થિત. પુત્રને ઇચ્છે છે. કુંભાર. ઉપગુનું અપત્ય. દેવને નમસ્કાર થાઓ. ધર્મ તમારું ધન છે. ધર્મ અમારું ધન છે. રે ! બોલ હમણાં ખબર પડશે ધૂર્ત !.

**समर्थ इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમર્થ જ પદોને પદવિધિ થાય છે. તેથી **पश्य धर्मं; श्रितो मैत्रो गुरुकुलम्, पश्यति पुत्रमिच्छति सुखम्, पश्य कुम्भं; करोति कटम्; गृहमुपगोरपत्यं तव; इदं नमो; देवाः ! शृणुत; ओदनं पच, तव मम वा भविष्यति; अङ्ग ! कूजत्ययमिदानीं ज्ञास्यति जाल्मः** અહીં **धर्मं श्रितः; पुत्रमिच्छति; कुम्भं करोति, उपगोरपत्यम्; नमो देवाः; पच तव मम वा** અને **अङ्ग ! कूजत्ययम् इदानीं ज्ञास्यति जाल्मः** આ વિગ્રહમાં પરસ્પર પદોને સામર્થ્ય ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે તત્પુરુષસમાસ, **क्यन्** પ્રત્યય, **कृत्-अण्** પ્રત્યય, તદ્ધિત પ્રત્યય **अण्**, ચતુર્થીવિભક્તિ, **वस्** અને **नस्** આદેશ; તથા પ્લુત આદેશ સ્વરૂપ પદવિધિ થતી નથી. આ દૃષ્ટાન્તોમાં સામર્થ્યનો અભાવ છે તે નીચે જણાવેલા અર્થથી સ્પષ્ટ જ છે. અર્થ ક્રમશઃ- ધર્મને જો. મૈત્ર ગુરુકુલમાં રહ્યો છે. પુત્રને જુએ છે. સુખને ઇચ્છે છે. ઘડાને જો. ચટઇ કરે છે. ઉપગુનું ઘર. તારું અપત્ય. આ નમસ્કાર છે. દેવો ! સાંભળો. ભાત રાંધ, તને અથવા મને થશે. રે ! આ બોલે છે ધૂર્ત્ત હમણાં જાણશે.

**पदोक्तवर्णविधिरसामर्थ्येऽपि-** આ સૂત્રમાં **'पद'** નું ગ્રહણ હોવાથી વર્ણવિધિ તો સામર્થ્યના અભાવમાં પણ થાય છે. તેથી **तिष्ठतु दधि अशान त्वं शाकेन** અહીં **दधि** અને **अशान** પદમાં પરસ્પર અપેક્ષા ન હોવા છતાં **'इवर्णादि० १-२-२१'** થી **दधि** ના **इ** ને **य्** આદેશ થવાથી **तिष्ठतु दध्यशान त्वं शाकेन** આવો પ્રયોગ થાય છે. અર્થ-દહીં ભલે રહ્યું; તું શાકની સાથે ખા. ॥ આ રીતે સમાસ, નામધાતુ અને તદ્ધિતપ્રત્યયસ્થળે વાક્યમાં વ્યપેક્ષાસામર્થ્ય અને વૃત્તિમાં એકાર્થીભાવસ્વરૂપ સામર્થ્ય હોય છે. અને શેષ ઉપપદવિભક્તિ, યુષ્મદસ્મદાદેશ અને પ્લુત-આદેશ સ્થળે વ્યપેક્ષા જ સામર્થ્ય હોય છે.....ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૧૨૨॥

**શ્લોકાર્થઃ- क्षितिधव !...** ઇત્યાદિ-હે રાજન્ ! તમારો અસિદંડ [તલવાર] દૂધની ધારા જેવા, શત્રુને જીતવાથી થયેલા

ઉજ્જ્વલ યશના કારણે સફેદ જ છે કે પછી માલવદેશની સ્ત્રીઓના તે પીધેલા કાજળથી પરિણત થયો છે મહિમા જેનો એવો અર્થાત્ બતાવ્યો છે પરચો જેનો એવો તમારો અસિદંડ કાલિમાને ધારણ કરે છે. આશય એ છે કે સ્વાભાવિક જ તલવાર પ્રકાશમાં ઉજ્જ્વલ દેખાય છે. અને પ્રકાશના અભાવમાં કાળી દેખાય છે. એની ઉજ્જ્વલતામાં અને કાલિમામાં અન્યહેતુઓ ઉપર જણાવ્યા છે. પતિના મરણથી માલવદેશની સ્ત્રીઓની આંખનું કાજળ, અશ્રુઓ સાથે નીચે વહેલું તે જાણે તલવારે પીધું ન હોય. એવી કલ્પનાથી कवलितैः આ પદનું ઉપાદાન છે....

इति श्रसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे सप्तमस्याऽध्यायस्य चतुर्थः पादः

॥ इति सप्तमोऽध्यायः ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

# શુદ્ધિપત્રક (ભાગ-૧ થી ભાગ-૭)

## ભાગ-૧

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૧૫ | इ | ई |
| ૬ | ૭ | ૯૬ય | ૯૬ |
| ૨૦ | ૮ | स् | र् |
| ૨૦ | ૯ | र् | स् |
| ૨૫ | ૬ | घि | धि |
| ૪૧ | ૧૧ | ओ | अ |
| ૫૬ | ૩ | पूर्वे | પરમાં |
| ૫૮ | ૫ | मौ | मो |
| ૫૮ | ૮ | નાસાસિ | નાસિ |
| ૭૦ | ૧૦ | र् य् | र् ह् |
| ૭૧ | ૨૩ | च् शेते | च् श्शेते |
| ૭૬ | ૧૭ | ...ને ને અ | ને અં |
| ૭૬ | ૧૭ | ...ને નેં ओ | ને ओ |
| ૧૩૦ | ૩ | जस् અને शस् | सि અને अम् |
| ૧૩૦ | ૬ | जस् અને शस् | सि અને अम् |
| ૧૩૦ | ૬ | जस् | सि |
| ૧૩૦ | ૭ | शस् | अम् |
| ૧૩૦ | ૭ | आ | अ |
| ૧૩૦ | ૧૦ | आ | अ |
| ૧૩૫ | ૪ | रि | रे |
| ૧૪૬ | ૧૭ | व् | व् |
| ૧૪૬ | ૧૮ | व् | व |
| ૧૫૨ | ૨૨ | डा | ड |
| ૨૧૪ | ૨૬ | ૮૦ | ૯૦ |
| ૨૨૯ | ૧ | गुह् | गुढ् |
| ૨૨૯ | ૧૭ | ૨વું | ૨વું) |
| ૨૩૦ | ૨૭ | दुग् | धुग् |
| ૨૪૭ | ૨૩ | થવાથી | થવાથી पुमान् અને भिस् પ્રત્યયાદિ કાર્ય થવાથી |
| ૨૫૧ | ૧૬ | द् | त् |
| ૨૬૪ | ૨૧ | ૧૧ | ૧૧૨ |
| ૨૬૭ | ૫ | धेनौ | साधौ |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૯ | ત | ત્ત |
| ૧૪ | ૨૨ | ૧ | ૨ |
| ૧૮ | ૯ | ट | ट् |
| ૧૮ | ૯ | थ | थ् |
| ૧૯ | ૯ | व्या | र्व्या |
| ૩૫ | ૧૧ | ઘ્ય | ઘ્યા |
| ૪૪ | ૫ | ઘ | ન્ઘ |
| ૭૫ | ૧૩ | રૂપિયા | રૂપિયાના ઋણે બંધાયેલો. |
| ૭૬ | ૭ | बद्धः | मुक्तः |
| ૭૬ | ૭ | बद्धः | मुक्तः |
| ૭૭ | ૧૮ | त्व | त्त्व |
| ૭૯ | ૩ | નામોને | નામો |
| ૮૪ | ૬ | सुघ्न | सुघ्नस्य |
| ૮૪ | ૧૩ | ध्न | घ्न |
| ૯૪ | ૮ | ષષ્ઠી | સપ્તમી |
| ૯૬ | ૧૬ | जां | जा |
| ૧૨૨ | ૬ | જણાવ્યા | જણાવ્યા મુજબ |
| ૧૨૫ | ૨૧ | कृ | क्रु |
| ૧૨૬ | ૧૯ | ન | ના |
| ૧૩૪ | ૨ | तृः | तुः |
| ૧૩૯ | ૨૧ | પરમાં | પરમાં રહેલા |
| ૧૪૧ | ૪ | स्सः | स्सोः |
| ૧૪૧ | ૧૧ | रु ના र् | दुर् ના र् ને |
| ૧૪૫ | ૨૬ | ધાતુને | ધાતુને છોડીને |
| ૧૪૭ | ૧૬ | षी | षि |
| ૧૪૭ | ૧૬ | थ्र् | व् |
| ૧૫૨ | ૧૧ | सेनि | अ+सेनि |
| ૧૫૩ | ૧૬ | ત્ત | ત્તી |
| ૧૬૪ | ૨૧ | પ્રત્યયપરક | પ્રત્યયાપરક |
| ૧૬૭ | ૧૭ | ष्क | स्क |
| ૧૭૬ | ૧૭ | ણાની | ણની |
| ૧૮૧ | ૭ | વિકલ્પથી થાય | થાય |
| ૧૮૮ | ૧૮ | पत | पत-पद |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૮૯ | ૪ | वद | वह |
| ૨૦૧ | ૨૨ | प्याय | याप्य |
| ૨૨૦ | ૬ | नू | अ |
| ૨૨૮ | ૧૮ | ણામ | માણ |
| ૨૩૧ | ૨૪ | નક્ષત્ર | નક્ષત્રવાચક |
| ૨૪૦ | ૮ | છે | છો |
| ૨૪૮ | ૨૨ | ली | लि |
| ૨૬૭ | ૧૨ | कुर | कुरु |
| ૨૬૮ | ૧૪ | ज्वा | ज्ज्वा |
| ૨૬૯ | ૨૦ | रु | रू |
| ૨૬૯ | ૨૧ | रुः | रूः |
| ૨૭૨ | ૧૨ | नोरू | नोरु |
| ૨૭૨ | ૨૫ | ङ | ङ् |
| ૨૭૭ | ૨૨ | આ સૂત્રથી...આ સૂત્રથી | આ સૂત્રથી |
| ૨૭૯ | ૧૨ | रू | रु |
| ૨૮૭ | ૧૪ | नू. | न |
| ૨૯૦ | ૩ | ङ | ङ् |
| ૨૯૦ | ૭ | ङ | ङ् |
| ૨૯૧ | ૯ | પ | બ |
| ૨૯૨ | ૧ | ष्य | स्य |
| ૩૦૪ | ૪ | द्वये | द्व्ये |
| ૩૦૪ | ૧૨ | ૧૩ | ૧૫ |
| ૩૦૫ | ૧૬ | आ | આ |
| ૩૦૭ | ૧૨ | आ | આ |
| ૩૦૮ | ૮ | पा | ण |

**ભાગ-3**

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૧૩ | ચક | રક |
| ૭ | ૨ | ૬ | ૬્ |
| ૯ | ૧૫ | તો | તો જ |
| ૧૦ | ૮ | તી | થી |
| ૧૨ | ૧ | ष्टं | ष्ट |
| ૧૫ | ૮ | એ ૧ | એ |
| ૧૫ | ૧૯ | રે | રે. |
| ૧૬ | ૨૦ | સાના | ના |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૧૭ | ૨૨ | ૭૫ | ૧૭૫ |
| ૨૩ | ૩ | વા | ર્વા |
| ૨૬ | ૨ | ને | ને. |
| ૨૬ | ૨૪ | घ्नूं | घ्नं |
| ૨૬ | ૨૫ | ध्न | घ्न |
| ૨૭ | ૧ | ध्न | घ्न |
| ૫૪ | ૧ | द्न | न्न |
| ૫૫ | ૪ | ર્થ | ર્થક |
| ૫૫ | ૧૮ | र्थ्ये | र्थ्य |
| ૫૭ | ૭ | શેષષ્ઠી | શેષષષ્ઠી |
| ૭૦ | ૧ | યા | યાન્ત |
| ૭૧ | ૨ | ले | ल |
| ૭૩ | ૩ | પૂર્વકાલાર્થક એવા | એવા પૂર્વકાલાર્થક |
| ૭૩ | ૯ | एका | एका सर्व |
| ૭૩ | ૧૦ | गो | गो कवि |
| ૭૫ | ૧૩ | उत्तर અને | उत्तर ૫૬ धन અને प्रिय ૫૨માં હોવાથી તેની પૂર્વેના गो નામની સાથે દિશાવાચક उत्तर અને |
| ૭૭ | ૬ | श्चव | श्चनाव |
| ૭૭ | ૨૭ | कर्मधारय સમાસાદિ | कर्मधारयसमास થાય છે. અને સંજ્ઞાનો વિષય ન હોય તો જ આ સૂત્રથી વિહિત આ સમાસને દ્વિગુસમાસ કહેવાય છે. તેથી पञ्चानाम् ऋषीणामिदम् આ વિગ્રહમાં તદ્ધિત પ્રત્યય अण् ના વિષયમાં સંખ્યાવાચક पञ्चन् નામને ऋषि નામની સાથે આ સૂત્રથી तत्पुरुषकर्मधारय સમાસાદિ |
| ૮૩ | ૧૧ | ध | घ |
| ૮૪ | ૧૫ | णी | णि |
| ૮૬ | ૭ | कृता | कृत |
| ૯૪ | ૨૪ | ડ્ગી | ડ્ગ |
| ૯૫ | ૧૧ | ર્ભિર્ણી | ર્ભિણી |
| ૯૭ | ૩ | श्म | शम |
| ૯૮ | ૧૧ | ન | નના |
| ૯૮ | ૨૦ | ए | ऐ |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૦ | ૧૫ | त्व | त्त्व |
| ૧૦૧ | ૧૫ | સથ | સ્થ |
| ૧૦૨ | ૧૨ | रि | र |
| ૧૦૩ | ૭ | क | कं |
| ૧૦૩ | ૮ | ઘટક | ઘટક પદોથી દરેક પદાર્થોનું એક કાલમાં જે અભિધાન છે તેને સહોક્તિ કહેવાય છે. દરેક |
| ૧૦૬ | ૧૯ | તો જ | તો |
| ૧૧૪ | ૧૯ | भ | भी |
| ૧૨૩ | ૩ | गौ | गो |
| ૧૨૬ | ૫ | તિય | તિ |
| ૧૨૭ | ૧ | સમાહારની વિવક્ષામાં સામાન્ય | સામાન્ય |
| ૧૨૮ | ૧૧ | રે | રેતર |
| ૧૨૮ | ૧૭ | નથી. | નથી. જેથી |
| ૧૩૧ | ૧૯ | કઠ | કઠ અને |
| ૧૩૭ | ૨ | નિષ્પન્ન | નિષ્પન્ન **गवाश्व** વગેરે નામોને એકવદ્ભાવ થાય છે. **गोश्चाश्वश्च** અને |
| ૧૪૨ | ૨ | થી | થવાથી |
| ૧૪૫ | ૧૨ | ण्ठ | ण्ठे |
| ૧૪૫ | ૧૩ | ध्य | ध्ये |
| ૧૪૭ | ૨૧ | નમિ | નામ |
| ૧૪૮ | ૧૧ | षै | षौ |
| ૧૫૦ | ૮ | र | रा |
| ૧૫૦ | ૮ | र | रा |
| ૧૫૦ | ૧૪ | र | रा |
| ૧૫૦ | ૧૮ | ગો | ગ |
| ૧૫૨ | ૧૭ | મનો | મોના |
| ૧૫૫ | ૨ | न्येतरत | न्येतरेतर |
| ૧૫૫ | ૧૫ | થાજય | થાય |
| ૧૫૬ | ૧૫ | न्ये | न्येतरे |
| ૧૫૬ | ૧૬ | न्ये | न्येतरे |
| ૧૫૬ | ૨૧ | કલ્પ | કલ્પે |
| ૧૫૬ | ૨૧ | रव्यौ | सख्यौ |
| ૧૬૧ | ૪ | ध्यवाः | ध्याः |
| ૧૬૫ | ૫ | પરમાં | પરમાં રહેલા |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૬૮ | ૧ | ह | ह् |
| ૧૬૮ | ૨ | ह | ह् |
| ૧૮૧ | ૧૮ | આ | અને बहुषु प्रकृष्टे शुक्ले આ |
| ૧૮૪ | ૨ | ત્પપુ | ત્પુ |
| ૧૮૫ | ૮ | રહેનાર અથવા ડાબું અંગ | રહેનાર |
| ૨૦૯ | ૨૫ | घ्व | घ्वा |
| ૨૨૧ | ૧૯ | षु | षु वा |
| ૨૨૨ | ૨ | ની | થી |
| ૨૨૩ | ૨૧ | पा | प |
| ૨૨૬ | ૧૩ | बु | ब्रु |
| ૨૨૭ | ૧૩ | द्द | द |
| ૨૨૮ | ૧૯ | न्धूरा | न्धू |
| ૨૩૪ | ૧ | ष्ट | ष्टा |
| ૨૩૫ | ૧૪ | નામા | નામ |
| ૨૪૦ | ૧૦ | सू | सु |
| ૨૪૫ | ૨૧ | આપ્યું | આપ્યું. આપ્યું. |
| ૨૫૨ | ૧૭ | નમા | નામ |
| ૨૫૮ | ૬ | र्स | र्ष |
| ૨૬૯ | ૨૬ | य | स्य |
| ૨૭૩ | ૩ | ૨૨’ | ૨૨’થી |
| ૨૭૪ | ૮ | तु | नु |
| ૨૭૫ | ૧૩ | य् | य |
| ૨૭૬ | ૨૫ | રહેલા નામના | રહેલા |
| ૨૭૭ | ૬ | सध्रि અને सम | सध्रि અને समि |
| ૨૮૧ | ૬ | न् | अन् |

**ભાગ-૪**

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮ | ૨૦ | अम | आम |
| ૧૭ | ૨૧ | त्र | त्रे |
| ૧૭ | ૨૧ | त्र | त्रे |
| ૧૮ | ૬ | નો ते | નો आनश् અને ते |
| ૨૪ | ૨ | स् | अस् |
| ૨૯ | ૧૯ | સાં | સો |
| ૩૦ | ૮ | વા | ધા |
| ૪૦ | ૮ | स | सर्ग |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૨ | ૧૩ | र्थ | र्थः |
| ૫૧ | ૧ | ધાતુને..પ્રત્યય વગેરે | વગેરે |
| ૬૪ | ૧૪ | णिगा | णिग |
| ૬૭ | ૨૮ | આ | आ |
| ૬૮ | ૩ | हते | हयते |
| ૭૧ | ૧૧ | નો | ના |
| ૮૨ | ૧૭ | તો તે | તે |
| ૯૫ | ૨૧ | च् | च |
| ૧૦૦ | ૨૫ | ती | ती- |
| ૧૦૨ | ૨૫ | कि | की |
| ૧૦૩ | ૧૩ | प्रति | प्रती |
| ૧૦૬ | ૧ | મ | જેમ |
| ૧૧૦ | ૯ | ड् | ङ् |
| ૧૧૩ | ૬ | त्र्य | त्र |
| ૧૧૩ | ૧૭ | त्र्य | त्र |
| ૧૧૪ | ૬ | त्र्य | त्र |
| ૧૧૪ | ૧૩ | त्र्य | त्र |
| ૧૧૫ | ૧ | त्र्य | त्र |
| ૧૧૬ | ૧૦ | त्र्य | त्र |
| ૧૧૬ | ૨૦ | त्र्य | त्र |
| ૧૩૦ | ૭ | 'आद्योऽश० ૪-૧-૨' | 'द्विर्धातु० ૪-૧-૧' |
| ૧૫૭ | ૬ | त्तिः | त्ति |
| ૧૫૭ | ૮ | तु | तृ |
| ૧૫૮ | ૫ | च् | ञिच् |
| ૧૬૩ | ૧ | श्या | श्र्या |
| ૧૬૬ | ૧૭ | ને | નો |
| ૧૮૧ | ૮ | चक्लि | चिक्लि |
| ૨૦૧ | ૧ | પ્રથમ...खन् અને | અને |
| ૨૦૬ | ૯ | यङ् પ્રત્યયાન્ત | यङ् પ્રત્યયાન્ત वञ्चु, स्रंस्, ध्वंस्, भ्रंश्, कस्, पत्, पद् અને स्कन्द् ધાતુસંબંધી દ્વિત્વના પૂર્વભાગની અન્તમાં 'नी' નો આગમ થાય છે. यङ् પ્રત્યયાન્ત |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૦૯ | ૩ | વારંવાર ખરાબ | ખરાબ રીતે |
| ૨૦૯ | ૬ | नोऽदुः | नोदुः |
| ૨૧૧ | ૬ | व्यञ्जनादे० | व्यञ्जनस्या० |
| ૨૧૨ | ૧૬ | ग् | ज् |
| ૨૧૫ | ૩ | કરે | કરે છે. |
| ૨૧૮ | ૧૬ | त्र्य | त्र |
| ૨૨૦ | ૨૭ | લોપ થાય છે તે | લોપ ન થાય તે |
| ૨૪૦ | ૩ | द्वित्व | प्लुत् |
| ૨૪૬ | ૨૧ | त | तस् |
| ૨૪૭ | ૧૭ | गुः | गूः |
| ૨૪૭ | ૧૭ | गु | गू |
| ૨૫૧ | ૧૪ | न | न् |
| ૨૫૪ | ૧૯ | ધાતુને ઉણાદિનો मन् | ધાતુને मन् |
| ૨૫૫ | ૭ | ધાતુને ઉણાદિનો मन् | ધાતુને मन् |
| ૨૫૫ | ૧૫ | ઉણાદિનો मन् | मन् |
| ૨૫૫ | ૨૨ | ઉણાદિનો मन् | मन् |
| ૨૫૬ | ૨ | ઉણાદિનો मन् | मन् |
| ૨૫૬ | ૭ | ઉણાદિનો मन् | मन् |
| ૨૫૬ | ૧૬ | ઉણાદિનો मन् | मन् |

## ભાગ-૫

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧ | ૩ | रु | रुह् |
| ૧૫ | ૧૨ | (सो सै) | सो (सै) |
| ૧૭ | ૧ | य्- | य् |
| ૩૨ | ૧૯ | त्र्य | त्र |
| ૪૦ | ૧૯ | ऊव् | उव् |
| ૪૧ | ૮ | बू | ब |
| ૪૪ | ૧૩ | न; નો | न् નો; |
| ૪૮ | ૮ | ञ्ज् | ज् |
| ૪૯ | ૨ | गे | गे- |
| ૫૦ | ૪ | वेग | वेग અર્થ |
| ૫૧ | ૧૨ | ઉણાદિનો मन् | मन् |
| ૫૪ | ૭ | ञ | ञः |
| ૬૦ | ૩ | ય | યાદિ |
| ૬૦ | ૧૦ | न ને | न् ને |

| પૃ.નં. | પંક્તિ નં. | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| ૭૧ | ૧૬ | ह्री | ऋ, ह्री |
| ૭૯ | ૨૧ | ને | નો |
| ૮૯ | ૧૨ | क्र | क्रृ |
| ૧૦૯ | ૧૧ | ह | ह्न |
| ૧૧૬ | ૫ | वा | र्वा |
| ૧૧૬ | ૧૫ | न | नॄ |
| ૧૧૬ | ૨૩ | ॠ | ॠ |
| ૧૨૯ | ૧૦ | ખરીદે છે. | ખરીદે છે. **अविदिति किम्** ? =આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુથી પરમાં રહેલા **वित्** જ પ્રત્યયને છોડીને અન્ય **शित्** પ્રત્યયને **ङिद्वद्** ભાવ થાય છે. તેથી **इ** ધાતુને વર્ત્તમાનાનો **ति (तिव्)** પ્રત્યય. '**नामिनो॰** ૪-૩-૧' થી **इ** ને ગુણ **ए** આદેશ વગેરે કાર્ય થવાથી **एति** આવો પ્રયોગ થાય છે. અહીં **इ** ધાતુની પરમાં રહેલો **ति (तिव्)** પ્રત્યય **शित्** હોવા છતાં અવિત્ ન હોવાથી તેને આ સૂત્રથી **ङिद्वद्** ભાવ થતો નથી. તેથી ગુણ વગેરે કાર્ય થાય છે. અર્થ-જાય છે. |
| ૧૨૯ | ૧૫ | चीष्ट | षीष्ट |
| ૧૩૪ | ૯ | ધૃણા કરીને. | ધૃણા કરીને, |
| ૧૩૪ | ૧૪ | ज्न | ज्ञन्न |
| ૧૩૬ | ૫ | धोरू | घोरु |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૬ | ૭ | र्दा | र्हा |
| ૧૩૬ | ૧૦ | ध | द्य |
| ૧૩૬ | ૧૧ | त् | न् |
| ૧૩૬ | ૧૪ | रू | रु |
| ૧૩૬ | ૨૨ | ऊ | उ |
| ૧૩૭ | ૪ | व् | उ |
| ૧૩૭ | ૧૭ | વ્યા | વ્યા મુજબ |
| ૧૩૯ | ૨૦ | क्ष | પક્ષ |
| ૧૪૧ | ૮ | यतिः | यितः |
| ૧૪૭ | ૨ | स् | स |
| ૧૪૮ | ૩ | न | न् |
| ૧૬૫ | ૯ | सः० | सः |
| ૧૬૭ | ૧૮ | त्र्य | त्र |
| ૧૭૫ | ૧૦ | [પ્રથમ] | [અન્ત્ય] |
| ૧૮૧ | ૧૦ | તુની | તુના |
| ૧૮૨ | ૨૧ | र्ति | र्त्ति |
| ૧૮૬ | ૧૨ | (इ) | (ई) |
| ૧૯૦ | ૧૨ | ल | ला |
| ૨૦૧ | ૧ | मौ | मो |
| ૨૦૪ | ૧૩ | ड्गि | ङि |
| ૨૨૦ | ૨૦ | ૨ | ૧ |
| ૨૨૧ | ૨ | मौ | मो |
| ૨૨૪ | ૨ | ए | एः |
| ૨૨૫ | ૩ | ૩ | ૧ |
| ૨૨૮ | ૮ | ૩ | ૧ |
| ૨૩૪ | ૨ | न | न् |
| ૨૪૭ | ૧૩ | ર્વ | સર્વ |
| ૨૬૬ | ૭ | ए | ऐ |
| ૨૭૧ | ૭ | ऋ | ॠ |
| ૨૮૪ | ૫ | ऋ | ॠ |
| ૨૮૭ | ૨૨ | उर् | उ |
| ૨૮૯ | ૨૩ | औ | ओ |
| ૨૯૦ | ૧૭ | ऋ | ॠ |
| ૨૯૬ | ૨૩ | कृ | कृत् |
| ૨૯૭ | ૧૪ | र्था | र्थ |
| ૩૦૧ | ૩ | श्रृ | शृ |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૦૧ | ૧૮ | न्स्य | न्त्स्य |
| ૩૦૩ | ૧૩ | આશ્રિત. તરીને. | તરીને. આશ્રિત |
| ૩૧૬ | ૫ | विरिब्ध; | विरिब्ध; मनस् અર્થમાં स्वान्त; |
| ૩૧૯ | ૨ | ધા | ધા |
| ૩૩૧ | ૧ | स्त्रो | स्रो |
| ૩૩૧ | ૩ | स्त्रु | स्रु |
| ૩૩૨ | ૮ | स्त्रा | स्रा |
| ૩૩૨ | ૯ | स्त्रु | स्रु |
| ૩૩૨ | ૧૧ | स्त्रो | स्रो |
| ૩૩૩ | ૪ | सृ | स्रु |
| ૩૪૨ | ૪ | ड्ग् | ङ |
| ૩૪૪ | ૮ | स्कृ | स्कॄ |
| ૩૪૫ | ૧૨ | ङ | ङें |
| ૩૪૫ | ૧૭ | ॠ ને | ऋ ને |
| ૩૪૭ | ૬ | ऋ | ॠ |
| ૩૫૧ | ૧૧ | ત્પન્ન | ૫૫ન્ન |
| ૩૫૧ | ૧૬ | પૂર્વે | પરમાં |
| ૩૫૧ | ૧૭ | પૂર્વે | પરમાં |
| ૩૫૨ | ૧૩ | પૂર્વે | પરમાં |
| ૩૫૪ | ૭ | द्याः | द्या |

## ભાગ-૬

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૦ | ૧૫ | शव् | आन |
| ૭૫ | ૧૪ | ला | ल |
| ૭૯ | ૧ | या | यो |
| ૮૦ | ૬ | र्त्ता | कर्त्ता |
| ૮૭ | ૧૨ | ण्य | ण्यग्न्य |
| ૧૪૫ | ૩ | खन | खनि |
| ૧૯૪ | ૧૬ | श्वादि | श्र्वादि |
| ૧૯૪ | ૧૭ | श्वादि | श्र्वादि |
| ૨૧૮ | ૪ | वा | वायः |
| ૨૧૮ | ૯ | दृ | दृ |
| ૨૨૧ | ૨૨ | આના | અના |
| ૨૨૧ | ૨૩ | આન | અના |
| ૨૨૨ | ૧૮ | र्षण | र्षणः |
| ૨૫૨ | ૧૭ | त्येव | त्येवं |
| ૨૫૨ | ૧૭ | त्येव | त्येवं |
| ૨૭૭ | ૫ | વ | ત્વ |
| ૨૮૪ | ૩ | મા | માટે |
| ૨૮૪ | ૧૭ | धु | धृ |
| ૨૮૫ | ૮ | ડ્ગ | ખડ્ગ |

## ભાગ-૭

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૬ | ૭ | क | क् |

| પૃ.નં. | પંક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૨ | ૧૦ | पाण्ड्या भार्यः | पाण्ड्याभार्यः |
| ૭૫ | ૩ | થી | થી ण |
| ૭૫ | ૪ | સ્વરાદિ | સ્વરાદિ ईय |
| ૭૫ | ૫ | પ્રત્ય | પ્રત્યયનો |
| ૮૮ | ૧૪ | ना | नां |
| ૧૦૦ | ૧૩ | ૧૮ | ૨૦ |
| ૧૦૧ | ૧૩ | ૧૮ | ૨૦ |
| ૧૩૮ | ૨૦ | न्द | द |
| ૧૫૫ | ૨૩ | ही | वाही |
| ૧૬૮ | ૪ | र्थां | र्थं |
| ૧૬૮ | ૨૧ | વાં | એવા |
| ૧૮૩ | ૨૧ | पा | प्रा |
| ૨૩૫ | ૧૭ | से | स |
| ૨૩૬ | ૧૯ | ने | ने |
| ૨૪૮ | ૯ | ૨કું | ૨. કું |
| ૨૪૯ | ૧૮ | म्वा | म्वा वर्त्तते |
| ૨૯૦ | ૨ | कः | का |
| ૨૯૨ | ૨ | न | न) |
| ૨૯૮ | ૨૨ | द्व | द्वि |
| ૩૦૧ | ૨૩ | વ | વા |